

૨

જાણ્યું છતાં અજાણ્યું

- મુનીન્દ્ર

Janyun Chattan Ajanyun-2
Mantravidya

by : Munindra

Published by : Navbharat Sahitya Mandir
Ahmedabad-1 & Bombay-2

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩

કિંમત : રૂ. ૬૫-૦૦

સેટનું મૂલ્ય : ૧૮૫-૦૦

પ્રકાશક :
ધનજીભાઈ પી. શાહ
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધીરોડ
અમદાવાદ-૩૮૦ ૦૦૧

ટાઈપ સેટીંગ
યોમિકો ટેકનોલોજીસ
જી, ત્રિજે માળ, ટ્રેડ સેન્ટર,
નવરંગપુરા, અમદાવાદ-૯.

મુદ્રક :
મહેશ મુદ્રણાલય
૩૬, અમૃત ઇ. એસ્ટેટ,
દૂધેશ્વર રોડ, અમદાવાદ-૧

સાદર સમર્પણ



સ્વ. પોપટલાલ ત્રિભોવનદાસ શાહ
(જાંબુવાળા)



સ્વ. શકરીબેન પોપટલાલ શાહ

આરંભે

'ગુજરાત સમાચાર' દૈનિકની રવિવારની પૂર્તિમાં પ્રગટ થતી આ લોકપ્રિય કટાર આજે તો લાખો વાચકો માટે આનંદ અને કુતૂહલનું સ્થાન બની ચૂકી છે. મહાન વિદ્વાનો, સાધુઓ, સિવિલ સર્જનોથી લઈ અમલદારો, વિદ્યાર્થીઓ અને સ્ત્રીઓમાં પણ એને વિશે ખૂબ ચાહના જોવા મળે છે.

દરેક માનવી જીવનમાં નિરંતર કેટલીક ઘટનાઓનો અનુભવ કરતો હોય છે. કાર્યને તે અનુભવતો હોય છે, પણ કારણને પિછાની શકતો નથી. આથી જ અગમ્ય, અગોચર તરફ માનવીની હંમેશાં ભારે ઈંતેજારી રહેલી હોય છે. જોકે આ ઈંતેજારીનો ક્યાંક ગેરલાભ પણ લેવાતો જોવા મળે છે. પાખંડ, ધૂર્તતા અને પાપ એની આડે પોષાતાં જોવા મળે છે.

અહીં રજૂ કરવામાં આવેલા કિસ્સા શ્રી 'મુનીન્દ્ર'ની માહિતી મુજબ સાચા છે. તે અનુભવ કરનારી વ્યક્તિઓની પાસેથી મેળવવામાં આવ્યા છે. માત્ર સ્થળ અને વ્યક્તિઓનાં નામમાં જરૂરી ફેરફાર કર્યા છે. જે વ્યક્તિ કે સામયિકમાંથી આમાંના કેટલાક અનુભવ લીધા છે તે સર્વના સૌજન્યનો સાદર સ્વીકાર કરીએ છીએ.

આ બનાવોની પાછળ કોઈ વિજ્ઞાન છે. માત્ર એને શોધવું જોઈએ. શુદ્ધ કરવું જોઈએ અને પછી સ્વીકારવું જોઈએ. આ રીતે આ અનુભવોનો વાચકો નીર-ક્ષીર ન્યાયે આસ્વાદ કરશે એવી અપેક્ષા રાખીએ છીએ.

મન કે નયન હજાર !

દેહ રથ છે.

આત્મા સારથિ છે.

ચિત્ત ચંચળ અશ્વ છે.

યોગ એ અશ્વને નાથવાની પ્રક્રિયા છે. જો મનચિત્ત સાધ્ય થઈ જાય તો અશ્વ સારથિના દોર્યા ચાલે છે : ને જે લક્ષબિંદુ છે, તેને પહોંચે છે.

ચિત્ત જડ છે, આત્મા ચેતન છે.

અજ્ઞાન અવિદ્યાને લીધે ચિત્ત એ આત્મા છે, એવો ભાસ થાય છે. યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ કરી ઈશ્વર અને આત્માને જોડનાર બળવાન પ્રક્રિયા ! સત્, ચિત્ ને આનંદને પામવાનો પ્રયત્ન !

એ પ્રયત્નના રાહમાં અનેક સિદ્ધિઓ, અનેક પ્રસિદ્ધિઓ, અનેક ચમત્કારો આવે છે. પ્રભુના રાહમાં માયા આડી આવે છે, એમ ઘણા સાધકો એ સિદ્ધિ-ચમત્કારોમાં ફસાઈ જાય છે; ને અડધે રસ્તે અટવાઈ જઈ આર્થિક લાભ ને લૌકિક કીર્તિના કૂવામાં ડૂબી મરે છે !

યોગ આત્માની ઉન્નતિનું સાધન છે. વેદ, ઉપનિષદ તથા તમામ ભારતીય દર્શનોએ યોગને મહત્ત્વ આપ્યું છે; ને તેની અધ્યાત્મ-પ્રક્રિયા પર ભાર મૂક્યો છે.

યોગ મનની શુદ્ધિ, ચિત્તની નિર્મળતા માટે ને મેલા થયેલા આત્મસુવર્ણને સ્વચ્છ કરવા માટે સર્વોત્તમ સાધન છે.

સ્વ. મ. ન. દ્વિવેદી કહે છે કે તમામ યોગોમાં હઠયોગ પ્રાણનું દમન કરીને ચિત્તને બ્રહ્મતત્ત્વમાં લીન કરવાનું સાધન છે, જ્યારે રાજયોગ વાસનાક્ષય દ્વારા ચિત્તશુદ્ધિ સાધી બ્રહ્મસાક્ષાત્કાર (મોક્ષ) કરવાનું સાધન છે.

જિંદગીની જુવાનીના દ્વારે અધ્યાત્મ તરફ રસ લાગેલો. એ

વખતે પરચા કે ચમત્કારો અધ્યાત્મજીવનની ફલશ્રુતિ સમા ભાસતા. યોગ એ સંસારની એટમબૉંબથીય અધિકી તાકાત લાગતી. યોગીઓ દેવ ભાસતા.

ઉત્તર પ્રદેશ ને મધ્ય પ્રદેશના નિવાસ દરમિયાન જંગલો, જૂના કિલ્લાઓ, ખંડેરો, વાવો ને સ્મશાનની સફરો કરેલી. આ વખતે કોઈ અગમ્ય જીવસૃષ્ટિના અસ્તિત્વથી મન ડોલાયમાન રહેતું. કોઈ વાર હિંમતથી એને નાણી જોવા મન થતું : કોઈ વાર નાહિંમત થઈ મન બેસી જતું. માણસનું બળ ને અબળ જાણે મનના સંજોગોને આધીન લાગતું.

એ પ્રસંગે વિદ્યા શીખવા જેમ વિદ્યાર્થી ગુરુને શોધે, એમ આ ચમત્કારિક ઘટનાઓ, આત્મિક દુનિયા, આધ્યાત્મિક શક્તિનો તાગ લેવા સાધુ, સંતો, મહંતો, ફકીરો, સાંઈઓ ને જાણકારોની જેવી બની તેવી ઉપાસના કરેલી.

નાનું શું મન મોટું થઈને આ બધા અગમ્ય ને અઘોર જેવા જગતને હજાર નયનથી નીરખતું હતું. કોઈવાર એકદમ ઇન્કાર કરી બેસતું, કોઈ વાર ખાતરીની સ્વાનુભવસિદ્ધ વાત લાગતી. પણ મનને તસલ્લી આપે એ રીતે કોઈ ઘટના ઘટી નહિ. કોઈ ગુરુ મળ્યો નહિ. ત્રીસ વર્ષ પહેલાંનો અસંતોષ આજે પણ ચાલુ જ છે.

ને ચમત્કારિક દુનિયામાં તો ભરપટ્ટે ચમત્કારો ચાલતા હતા. એક ચપટી ભભૂતથી રોગ દૂર થતા હતા, સંકલ્પથી ધારેલો માણસ કે વસ્તુ હાજર થતી : આપણા મનમાં ઊગેલી વાત બીજાના મનમાં પણ એ વખતે ઊગતી, પરોક્ષ ભૂતકાળ પ્રત્યક્ષ હોય એ રીતે કહેવાતો : ભાવિની લીલા પણ મનપ્રદેશને અભિભૂત કરી દેતી. માનવામાં ન આવે તોય ઇન્કાર ન કરી શકાય તેટલાં પ્રમાણો નજર સામે હતાં. જેટલું જાણવામાં આવે એનાથી વધુ અજાણ્યું સર્વ ઘટનાઓમાં રહેતું જ.

આ બધું શું ? એનો તાગ કઈ રીતે લેવો ? અધ્યાત્મ અંધારો કૂવો લાગ્યો. તત્ત્વ કરતાં ફેલફિતૂર વધુ ભાસ્યાં.

મન જે આંખે જુએ, એ આંખે એવું દેખાય. મંત્ર, તંત્ર ને

યંત્રની દુનિયામાં ડૂબકી ખાધી તો મોટા મોટા દાક્તર-વૈદોથી ન મટતા રોગો એનાથી ચૂટકી વગાડતાં મટી જતા જોયા. સંપાદકને જ નાનપણમાં એકાંતરિયો તાવ ને બરોલ હતાં. દવાઓ ખૂબ ખાધે ન મટ્યાં, ને એક સાંઈએ ક્ષણમાં મટાડ્યાં. રાંઝણના મંત્ર-પ્રયોગોથી સ્વસ્થ થયેલી વ્યક્તિઓ તો નજર સામે છે. સાપ–વીંછીના પ્રયોગો તો રસ્તે ચાલતાં જોવા મળે છે. આ બધું છે છે ને નથી. નથી નથી ને છે !

આ જ્ઞાન છે, સાથે કોઈ ગુપ્ત વિજ્ઞાન પણ છે : એટલી શ્રદ્ધા જરૂર છે; પણ એ શ્રદ્ધાને સચોટ રીતે પ્રત્યક્ષ કરાવનાર કોઈ વ્યક્તિ હજી મળી નથી. વિશાળ સાહિત્ય ને મબલખ પ્રયોગોથી શાસ્ત્રો ભર્યાં પડ્યાં છે. હિપ્નોટિઝમ, મેસ્મેરિઝમ, નજરબંધી, જાદુગરી - આ બધી વિદ્યાઓએ એમાં ગૂંચવાડો વધાર્યો છે.

એક વાત - આત્મસાધનાના આરંભ પછી આત્મસિદ્ધિ સુધીના પ્રલંબ રાહમાં ચમત્કારો થતા હોય છે. એ તો ચકમક ઘસતાં પડેલા તણખા જેવા છે. એ તણખાથી દીવો સળગાવી શકાય તો જ સાર્થક, નહિ તો ચમત્કારો મોટે ભાગે માણસને અધ્યાત્મ જીવનમાંથી પાછો પાડે છે, અધઃપતન ને અશ્રદ્ધાના માર્ગે દોરી જાય છે.

જેઓ ચમત્કારને પ્રસિદ્ધિ આપે અથવા હું આમ કરી આપીશ, દોલત આપીશ, દીકરા આપીશ, એવી વાતો કરે એ તો ઢોંગી ધુતારા જ છે. કર્મના લેખમાં મેખ ભાગ્યે જ મારી શકાય છે. કાગડાનું બેસવું ને ડાળને પડવું, આવો ઘાટ મોટે ભાગે એમાં જોવાય છે. વળી ગૂઢ શક્તિઓ દ્વારા આવી તાકાત જેને લાધે છે, એ તો ગૂઢ બની જાય છે. બોલતા નથી કે ચાલતાય નથી. રે, લોકકલ્યાણ એમના અંતરના દર્દની દવા બની જાય છે, સામા પગે નિષ્કપટ ભાવે એ સહાય કરવા ચાલ્યા આવે છે, નહિ તો દુનિયા સળગતી હોય તોય એ પોતાની મસ્તીમાં પડ્યા રહે છે !

સાચી દિલની લાગણી ને સાચો આત્માનો પ્રેમ અદ્‌ભુત ને અગમ્ય અસરો નિપજાવે છે. જીવનના તાણા-વાણામાં જાણ્યાના તાણા કરતાં અજાણ્યાનો વાણો મોટો છે. એ તાણા-વાણાથી જીવન વણાયું છે. પણ એથી કોઈ ભ્રમમાં કે ભયમાં ન પડે. દરેક વાતનું

મૂલ્યાંકન કરવા જેટલા આપણે નીડર થઈએ ને પ્રમાણિક રહીએ.

પ્રજ્ઞાપરાધ એ જેમ રોગોનું મોટું કારણ છે, એમ અગમ્ય હેરાનગતિ–બાધાઓનું પણ એ એક કારણ છે. સંસારમાં છેતરપિંડી, પરઘાત કે પારકાને દુઃખી કરવાનો પ્રયત્ન ન કરીએ, તો ગમે તેવું દુષ્ટ સત્ત્વ માણસને ડરાવી શકતું નથી. ને સત્ત્વશીલ માણસ હંમેશાં એ બધાંથી અસ્પૃશ્ય રહે છે.

અધ્યાત્મક્ષેત્ર, ગૂઢ અનુભવો ને ચમત્કારો આ બધાંને ઝીણી ચાળણીએ ચાળવા માટે આ લેખોનું પ્રયોજન છે.

'મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત.'

સાચાની સાબિતી નથી. ખોટાની ખાતરી નથી, એ બધાંને જ્ઞાન-વિજ્ઞાનનાં નવાં તોલાં ને નવાં ત્રાજવાં લઈને તોળીએ.

આ વખતે કેટલાંક ચરિત્રો આપ્યાં છે. અનુભવીઓના અનુભવ આપ્યા છે. ચવચવના મુરબ્બાની જાણે બરણી ભરી છે. ભારત અને ભારત બહારની વ્યક્તિઓ અને ઘટનાઓને પણ સ્થાન આપ્યાં છે. જ્યાંથી જે જાણવા ને નાણવા જેવું લાગ્યું તે પણ સંગ્રહિત કર્યું છે. સહુનો આભાર.

સો વાતની એક વાત એ છે કે -

પ્રાર્થના, જપ, મૌન, સ્તોત્ર-સ્તવન, સાકાર-નિરાકાર પ્રભુ-પૂજન, દાન અને દયા - આ સાથે ચારિત્ર્ય, નીડરતા ને સત્યનિષ્ઠા જરૂરી છે : આવો માણસ ભૂતડાંની ભાઈબંધી કરે તોય ડર નથી. આકાશી બલા સામે એ એકલો ખડો રહી શકે છે. કમનસીબીના અંધકારને એ પુરુષાર્થ ને શ્રદ્ધાના દીપથી આલોકિત કરે છે. સંસારના સમરમાં એ વિજયી સિપાહી તરીકે આગળ વધે છે, ને આખરે સેનાપતિ બની જાય છે — અપ્રતિમ આત્મશ્રદ્ધા ને આત્મશક્તિથી.

મનુષ્ય સાન્ત છે, ઈશ્વર કે આત્મા અનંત છે. એ અનંતને ઓળખવાનો આ આછોપાતળો પ્રયત્ન છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાત સમાચાર'માં "જાણ્યું

ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાત સમાચાર'માં "જાણ્યું છતાં અજાણ્યું" નામની લેખમાળાએ યોગીઓ, સંતો, સર્જનો, આચાર્યો ને નાનાવિધ વાચકોનું સારું એવું લક્ષ ખેંચ્યું છે. પ્રત્યુત્તર નહિ વાળવાના નિયમથી પત્રોનો મોટો ગંજ પણ સામે છે. એ પત્રોનો પ્રત્યુત્તર તો કોઈ પરમજ્ઞાની જ વાળી શકે. એવા જ્ઞાનનો આ લેખકનો દાવો નથી.

એ કટારમાંથી કેટલાક લેખો અહીં ઉદ્ધૃત કર્યા છે : એ માટે 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી શાંતિલાલ શાહનો હું ઋણી છું.

મુનીન્દ્ર

ચમત્કારો ને પ્રભુ

યોગાચરણથી ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત થઈ શકે છે. આ સિદ્ધિઓ, એ પ્રાપ્ત કરનારને ચમત્કારો સર્જવા સમર્થ બનાવે છે. કુદરતના કાયદાઓને નિરોધી શકે એવી વિસ્મયકારક આ શક્તિઓ છે. આ શક્તિઓ દ્વારા કેટલાક યોગીઓ એવાં કાર્યો કરે છે, કે જેના તરફ બીજાઓ, નવાઈથી જોઈ રહે છે. આ યોગીઓના શિષ્યો આ 'શક્તિઓ' અને 'ચમત્કારો'ની જાહેરાત કરતા ફરે છે.

ભગવાન રામકૃષ્ણ કહેતા કે આવી શક્તિઓ પ્રાપ્ત કરી એ દ્વારા લોકોને તાજ્જુબીમાં નાખવા એ યોગ્ય નથી.

કોઈ આવીને એમને કહેતું કે : 'પેલા ગામમાં એક જબરા ચમત્કારિક યોગી આવ્યા છે, એને મળવું જોઈએ.'

પરમહંસ જવાબ વાળતા : 'ત્યાં જશો નહીં. એમને જોવાથી તમને કશો લાભ થશે, એવી માન્યતાથી એમને મળવાનું ટાળજો.'

યોગીઓના આ ચમત્કારો ઠગારા છે એવું તેમણે કહ્યું નથી. એમણે તો માત્ર એટલું જ શીખવ્યું કે ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત કરવી એ પ્રભુને ભજવાનો સાચો માર્ગ નથી.

'બ્રહ્મના શોધનારના માર્ગમાં આ શક્તિઓ એ કાંટાળા ઘાસ સમાન છે. એમાં ગૂંચવાશો નહીં. તમારી માંદગીને મંત્રોથી દૂર કરનારા પાસે કે યોગની શક્તિથી તમારો મુકદ્દમો જીતી આપવાની વાત કરનાર પાસે જશો નહીં.

'સાચા ભક્તો પ્રભુની કૃપા સિવાય અન્ય કશું ઈચ્છતા નથી. અમુક ચોક્કસ શક્તિઓ ભક્તિ, યોગાચરણ તેમ જ શિસ્ત દ્વારા પ્રાપ્ત થઈ શકે. આમ છતાંયે આ શક્તિઓ બહુધા એમની મેળે જ આવતી હોય છે. સાચા ભક્તો એ શક્તિઓને પ્રાપ્ત કરવાના સભાન પ્રયાસો નહીં કરે.

'જો આપણે ખાઈએ છીએ તો આપણે મળમૂત્ર અને પરસેવાને બહાર ફેંકી દઈએ છીએ, પણ કેવળ મળત્યાગ માટે જ

કોઈ આહાર કરતું નથી. સાચા ભક્તો ભક્તિ કે યોગનું આચરણ સિદ્ધિઓ મેળવવા નહીં કરે. સિદ્ધિઓ મળ સમાન છે.'

સિદ્ધિઓ પ્રાપ્ત કરવાથી અહંકાર વધે છે. તેથી ભક્તિને એ અવરોધે છે અને પ્રભુપ્રાપ્તિના માર્ગમાં સહાયભૂત બનતી નથી. આથી શ્રી રામકૃષ્ણે સિદ્ધિઓને યોગની અવગણનારૂપે ઓળખાવી છે.

રામકૃષ્ણ કહેતા એ કથા અહીં રજૂ કરી છે : એક યોગી એના ગુરુ પાસે ગયા અને કહ્યું : "મેં ચૌદ વરસ સુધી એકાંતમાં તપ આચરી પાણી પર ચાલવાની શક્તિ પ્રાપ્ત કરી છે."

ગુરુએ પ્રત્યુત્તર વાળ્યો : "વત્સ, તેં આટલી મહેનત શા માટે લીધી ? તારાં ચૌદ વરસ પાણીમાં ગયાં ! કેવળ પચીસ પૈસામાં નાવિક તને પેલે કિનારે લઈ ગયો હોત. તેં પ્રાપ્તિ કરેલી સિદ્ધિનું મૂલ્ય પચીસ પૈસા જેટલું જ છે."


સિદ્ધિની શોધમાં કોઈએ દિવસો બગાડવા નહીં. પ્રભુની કૃપા પામવા સાચી ભક્તિનું આચરણ કરવું. તેમના ચમત્કારોથી તમને લલચાવવા ઈચ્છતા યોગીઓનો સથવારો જતો કરવો.

– રાજાજી

જાણ્યું છતાં અજાણ્યું - ૨

(મંત્રવિદ્યા)

અનુક્રમ



૧. અસાધ્ય દર્દ ને મંત્રશક્તિ

ઔષધ તરીકે મંત્રશક્તિનો પ્રયોગ એ આજે નવી નવાઈની વાત લાગે છે, પણ જમાનાથી આ પ્રયોગો અનુભૂત છે. એકાંતરિયો, ચોથિયો, આધાશીશી વગેરે રોગો ને સાપ-વીંછીનાં ઝેર આજે પણ ટુચકા દ્વારા મટે છે, પણ જ્યારે એક વાર પરદેશમાં લાંબી પ્રૅક્ટિસ કરી આવેલા અમારા એમ.ડી. ડૉક્ટર મિત્રે પોતાના દરદીને નીચે પ્રમાણે કહ્યું ત્યારે અમને આશ્ચર્ય થયું :

"આ રાંઝણનું દર્દ દવાઓ અને ઈન્જેક્ષનો દ્વારા મટે છે; પણ તે કરતાં મેં કેટલાક દરદીઓ પાસેથી જાણ્યું છે કે રાંઝણ મંતરાવવાથી બહુ જલદી મટે છે. પ્રયોગ કરી જુઓ. તત્ત્વ તો જાણ્યું છતાં અજાણ્યું છે."

રાંઝણ (સાયેટિકા) વાનો એક પ્રકાર ગણાય છે. તે પછી આ વિષે તપાસ કરતાં કેટલાકને મંતરાવવાથી ચમત્કારિક રીતે મટી ગયાના, કેટલાકને થોડો સમય રાહત મળ્યાના ને કેટલાકને ખાસ ફાયદો ન થયાના હેવાલો મળ્યા.

આ અંગે ગવાહી આપનાર કોઈ પ્રમાણભૂત અને નવીન દૃષ્ટિ સાથે સમન્વય કરનારી વ્યક્તિની ખોજમાં હતો, ત્યાં સુભાગ્યે હમણાં સુરેન્દ્રનગર ખાતે એક લગ્નમાં અમારો પરિચય થયો. તેઓ મુંબઈના જાણીતા વેપારી ને સુધારક સાથે સેવાભાવી છે. ગવાહીમાં તેમનો આખો પત્ર અહીં રજૂ કરું છું :

"આજથી અગિયાર વર્ષ પહેલાંની વાત છે. મારાં સ્વ. માતુશ્રીને વાનું દર્દ થયું. વા એટલો બધો ભયંકર હતો કે, બંને પગની નસો ખેંચાયા જ કરે. બિલકુલ હરીફરી શકે જ નહિ. પીડા એટલી બધી કે નાના બાળકની જેમ રાત્રિદિવસ રડ્યા જ કરે. ભાગ્યે જ કોઈ એવી પળ જતી કે તેઓ રડતાં ન હોય.

"સારામાં સારા ડૉકટરની સલાહ લેવામાં આવી. નિદાન થયું કે ઘણો જ ભયંકર સાયેટિકા નામનો વા છે. આ દર્દથી મુક્ત થવું અશક્ય જ છે, છતાં ઇન્જેક્ષનોથી રાહત રહેશે.

"મારા મિત્ર ડૉકટર કુંડલિયા તથા મિ. ડગલી અવારનવાર આવતા. ઇન્જેક્ષનો આપતા. પણ ભાગ્યે જ કલાક બે કલાકની રાહત લાગતી. ફરી પાછો હુમલો શરૂ થતો.

"મને યાદ નથી કે એ દિવસોમાં નિરાંતે મારાં માતુશ્રીએ ખાધુંપીધું હોય. નસો ખેંચાવાથી થતા દુઃખને માત્ર રડીને જ વ્યક્ત કરતાં. દરમિયાનમાં મારા એક મિત્રની બહેનને આવી જાતનો રોગ થયેલો. તેઓએ તેમનો ઇલાજ મારા મિત્ર ને લોકસેવક સ્વ. મનસુખલાલ રાઘવજી દોશી મારફત મને લખી મોકલ્યો.

"અમદાવાદ પાસે દહેગામ નજીક હાલીશા નામે એક ગામડું છે. ત્યાં પટેલ ફળીમાં આવો વા ઉતારવામાં આવે છે. ખેડૂતકુટુંબ છે. આખા કુટુંબના માણસોને વરદાન છે. ઝોળીમાં નાખીને લઈ ગયેલાને પણ આરામ થાય છે. આવી હકીકતો મેળવી અમે, એટલે કે હું, મારાં પત્ની, મારા મિત્ર મનસુખભાઈ તથા મારા એક કુટુંબીજન; આમ ચાર જણાં તથા મારાં માતુશ્રી અમદાવાદ ગયાં. માતુશ્રીને સ્ટ્રેચરમાં ઉપાડીને એક મિત્ર-સંબંધીને ત્યાં અમદાવાદમાં ઊતર્યાં.

"તરત જ એક મોટર કરી અમો હાલીશા જવા રવાના થયાં. રસ્તામાં પણ પીડાના અંગે રડવાનું તો ચાલુ જ હતું. તે એટલું કરુણામય હતું કે રસ્તામાં સહેજ થોભવાનું બને તો માણસો આજુબાજુ ભેગા થઈ જાય, વાત પૂછે, પછી બધા એકી અવાજે કહે કે હાલીશાથી જરૂર સાજાં થઈને જ આવશો.

"અમારી મોટર હાલીશા ગામને પાદર પહોંચતાં જ પટેલ ફળી બતાવવા એક ભાઈ સાથે આવ્યા. મોટી જબરદસ્ત ફળી. લગભગ દસ-બાર કુટુંબ એક જ ફળીમાં રહે છે. જે મુખ્ય માણસ તે તો સ્કૂલમાં માસ્તર હોવાથી ઘરે ન હતા, પરંતુ જાણે કે અમે તેમના મહેમાન જ ન હોઈએ તેમ આગતાસ્વાગતા કરી, ઢોલિયો ઢાળી, પટારામાંથી સારામાં સારી ઘડકી કાઢી પાથરીને અમોને બેસાર્યાં.

"પછી પૂછ્યું કે માજીને શું થયું છે ? અમોએ જે દર્દ થતું હતું તે વાત કરી. જવાબમાં તે ભાઈએ કહ્યું કે અમારા ગુરુનું વરદાન છે કે જો 'રાંઝણ વા' હશે તો જરૂર સારું થઈ જશે. બીજો કોઈ વા હશે તો કહેવાય નહિ.

"મારાં માતુશ્રીને તો ખાટલામાં સુવાડ્યાં હતાં. તેમને પગ નીચે મૂકવા કહ્યું. અમો બધાએ પકડી રાખી તેમને ઊભાં રાખ્યાં. પછી એક તાંબાના લોટામાં સાત પૈસા નાખી ખખડાવી પગ ઉપર ફેરવવા લાગ્યા. ચાર-છ વખત ઉતાર્યા બાદ પૂછ્યું કે કંઈ રાહત લાગે છે ?

"મારાં માતુશ્રીએ હા કહી.

"ત્યાર બાદ બેત્રણ વાર મંત્રો સાથે લોટાથી પગ ઉપર સાથળથી નીચે સુધી ઘસીને (પહેરેલાં કપડાં ઉપર જ) ઉતારવામાં આવ્યા બાદ અમોને કહેવામાં આવ્યું કે તમો મૂકી દો; એટલે મારાં

માતુશ્રી ટેકા વિના ઊભાં રહ્યાં. પછી ફરી એકાદબે વખત પ્રયોગ કરી મારાં માતુશ્રીને કહેવામાં આવ્યું કે સામે વાડામાં તમો ચાલીને પેશાબ કરવા જવું હોય તો જઈ આવો. અને ખરેખર માત્ર સામાન્ય ટેકાથી તેઓ વાડામાં ગયાં અને પાછાં આવ્યાં.

"અમારા દિલમાં જે આનંદ થયો તે તો અવર્ણનીય હતો. ચમત્કાર જ થયો તેવું લાગ્યા વિના ન રહે, તે સ્વાભાવિક જ હતું.

"અમને કહેવામાં આવ્યું કે પા (સવા પાંચ) શેરના રોટલા કૂતરાંને નાખજો, આ સિવાય કશું નહિ. તેમનો મનોમન કેટલો ઉપકાર માન્યો તે તો અમારાં મન જ સાક્ષી હતાં. હજારો રૂપિયા ખર્ચતાં જે અસાધ્ય દર્દમાં રાહત ન થાય તે માત્ર બેચાર મિનિટમાં આમ વીજળીના ચમકાર જેમ ચાલ્યું જાય તે પ્રત્યક્ષ જોયા સિવાય માન્યામાં જ ન આવે. આ નિમિત્તે એક લાલ પાઈની અપેક્ષા તો નહિ પરંતુ અમોને રોટલા ખાઈને જ જવાનો આગ્રહ કર્યો.

"અમે ત્યાંથી અમદાવાદ પાછાં ફર્યાં. રાત મારાં માતુશ્રીએ ખૂબ જ આનંદમાં ગાળી. પરંતુ બીજે દિવસે સવારથી દર્દ થવા લાગ્યું. શું ગઈ કાલનો આનંદ ક્ષણજીવી જ નીવડશે, એવી શંકા થવા લાગી.

"બપોરના દર્દ વધુ થયું.

"પહેલે દિવસે અમે જ્યારે હાલીશા જઈ રહ્યાં હતાં, ત્યારે કોઈ એક ભાઈએ સહજભાવે કહેલ કે આતવાર (રવિવાર) - મંગળવારના દિવસે ગયાં હોત તો વધુ સારું. આ સૂચન તરફ આ વખતે એટલે કે બીજા દિવસે દર્દ થવા લાગ્યું ત્યારે ધ્યાન ગયું.

"એક દિવસ રોકાઈ ફરી જવાનો નિર્ણય કર્યો. મોટી સ્ટેશન વૅગન ગાડીમાં ફરી અમો હાલીશા ગયાં. ત્યાં પહોંચતાં જ પેલા ખેડૂતકુટુંબના સભ્યો બધા ભેગા થઈ ગયા અને કહેવા લાગ્યા કે અમારા ગુરુનું વરદાન છે કે રાંઝણ વા હોય તો સારું થવું જ જોઈએ. ફરી લોટો ઉતાર્યો, અને પછી એક તાંબાનો કરડો આંગળામાં પહેરાવ્યો અને અમારા બધાના આશ્ચર્ય વચ્ચે જેને થોડી જ વાર પહેલાં સ્ટ્રેચરમાં અમે લઈ આવેલા તે આમ સહજમાં ચાલતાં થઈ ગયાં.

"ગામમાં એક દેરાસર છે. અમો બધાં – મારાં માતુશ્રી પણ – સાથે ચાલીને દેરાસરે ગયાં. આ દર્દ ત્યાર બાદ તેઓ જીવ્યાં ત્યાં સુધી સહેજ પણ દેખાયું ન હતું. માનવીનાં દુઃખનિવારણાર્થે જ આવાં ગુરુવરદાન પ્રાપ્ત થતાં હશે.

લિ. જાદવજી સોમચંદ મહેતા

"તા. ક. હાલીશામાં આ કુટુંબના ૬૦-૭૦ સભ્યો હશે. છોકરાંઓ, દીકરીઓ, વહુવારુઓ, જુવાનિયા કે બુઢ્ઢા બધાનો જે પ્રેમ જોવા મળ્યો છે તે ભાગ્યે જ બીજે જોવા મળે.

"નિઃસ્વાર્થતા પણ કેટલી ! તેનો પ્રસંગ કહું કે અમો બધા ખુશ થયા હતા કે જીવનમાં આવો અવર્ણનીય આનંદ મેં તો ક્યારેય માણ્યો હોય તે યાદ નથી. પછી ગામમાંથી જેટલાં પતાસાં મળ્યાં તે ભેગાં કર્યાં અને ગામમાં વહેંચ્યાં.


"તે વખતે આ પટેલ ફળીનાં મોટેરાંઓએ બાળકોને સૂચના આપેલી કે પતાસાં બહાર, ડેલા બહાર, ફળી બહાર, ખાઈને જ આવજો.

"છેલ્લો હું ડિસેમ્બર ૧૯૫૬માં ગયેલો, ત્યારે પણ તે જ પ્રમાણે હકીકત બની છે.

"પરંતુ આ વખતે તો એક જુવાન છોકરાએ કે જે સ્કૂલમાં નોકરી કરે છે તેણે વા ઉતારેલો. તદુપરાંત એક નવી વાત કરી કે આંખમાં ઝામર હોય તોપણ મંત્રથી ઉતારે છે.

"આ વાત અહીં મુંબઈમાં મેં કપૂરચંદ કું.વાળા કેવળચંદભાઈને કરેલી. તેઓ તો લગભગ ૨૫-૩૦ જણા આવા રોગો માટે એક મહિનામાં જઈ આવ્યા તેમ કહેતા હતા. ઝામર અંગે તો તેઓ કહેતા હતા કે ત્યાં ને ત્યાં આંખમાંથી ખળખળ પાણી નીકળી ગયું અને સારું થઈ ગયું. છતાં આ બાબત હવે હું કેવળચંદભાઈને રૂબરૂ મળી ઝામરવાળા દરદીનું સરનામું લઈ તેમને મળીને જ લખું તો વધારે સારું - મારું સરનામું : ૨૭-૪ સ્વાધીન સદન, સી રોડ, ચર્ચગેટ, મુંબઈ."

□



૨. સર્વતોભદ્ર યંત્ર

મણિ, મંત્ર અને ઔષધિ વિશે આ પાના પરનું લખાણ હજી લીલું હતું, અને મણિ, મંત્ર ને ઔષધિના પરમ અભ્યાસી પૂજ્ય કેસરીસિંહજી આંગણામાં આવીને ખડા રહ્યા.

"કેમ, છો કે ?" કચ્છના કેસરી સિંહ જેવી ડણક દેતા આ યતિરાજને અમે 'બાપા'ના વહાલસોયા ને માનવાચક નામથી બોલાવીએ છીએ. 'જાણ્યું છતાં અજાણ્યું' કટારનો આરંભ તેઓશ્રીની આવી એક સ્વાનુભવની મંત્રકથાથી શ્રી મુનીન્દ્રે કર્યો હતો અને ત્યારથી તેઓ કંઈ નવો અનુભવ હોય તો પહેલી ભેટ અમારી મંડળીને કરતા. મુનીન્દ્રના એ ખાસ મિત્ર છે.

કચ્છના સાગરખેડુ જેવી સ્વસ્થ ને સંયમી કાયા, રણશિંગા જેવો બુલંદ અવાજ ને આજીવન નૈષ્ઠિકતાએ આપેલું મુખનું અનેરું તેજ દ્રષ્ટાને વગર મંત્રે મંત્રમુગ્ધ કરતાં હતાં.

"એક નવો અનુભવ તમારા કાજે લાવ્યો છું," કેસરી બાપાએ પોતાની વાતનો આરંભ કર્યો. એમને પૃચ્છાની કે પ્રસ્તાવનાની આવશ્યકતા નહોતી.

અમે કૂદીને તેમની આજુબાજુ ગોઠવાઈ ગયા. કહ્યું, "બધી વાતો વિગતવાર કહો."

"હમણાં કચ્છમાં હતો. માંડવી, ભૂજ ને મારા વતનની પણ ખાખ છાણી આવ્યો. એ વખતે હું ઔષધ કરતો. ઔષધમાં પણ નિર્દોષ કાષ્ઠઔષધિ આપતો. કોઈ વાર કોઈ આવે કે હમણાં મારા ગ્રહો વિપરીત ચાલે છે, તો મણિ આદિ નંગ પહેરવાનું કહેતો. દુઃખી માણસો સાધુ પર શ્રદ્ધા રાખીને આવે છે. એમાંય જૈન યતિઓની આ બાબતમાં ખૂબ પ્રસિદ્ધિ છે. સંસાર આખો રોગ, દુઃખ ને અનિષ્ટોથી ઘેરાઈ ગયો છે. દુઃખોનો તો કહેતાં પાર આવે તેમ નથી. જાણે દુઃખની ગોદમાં માનવી બેઠો છે, ને સુખને સ્વપ્નામાં ઝંખે છે." યતિજીના અવાજમાં કરુણતા હતી.

એક દિવસ એક ભાઈ આવ્યા. બિચારા વહેલી પરોઢે આવ્યા હતા. બીતા બીતા આવ્યા હતા, જાણે કોઈ તેમનો પીછો લઈ બેઠું હતું.

"કોનાથી ડરો છો ?" મેં પૂછ્યું.

"એનાથી !" શૂન્યમાં આંગળી કરી આંખો ચકરવકર ફેરવવા લાગ્યા. "મારી સાથે કોઈ ચાલતું નથી. મારી પાસે કોઈ બેસતું નથી. હું દુકાન પણ ઉઘાડી શકતો નથી. ઘેર બકરી લાવીને બાંધું તો એ પણ લોહીલુહાણ થઈ જાય છે."

"શા કારણે લોહીલુહાણ થાય છે ?"

"અદૃશ્યમાંથી ચપ્પાના ઘા પડે છે."

ઘડીભર હું વિચારમાં પડી ગયો. શાસ્ત્રમાં મહાન ત્યાગી માણસોએ આવા લોકોના કલ્યાણ માટે મંત્રો લખેલા છે. મેં કહ્યું :

"મારી પાસે બેસી જા ! અંતરમાં ઉદાર વિચાર લાવ ! બધું ઠીક થઈ જશે."

એ ગૃહસ્થે કહ્યું : "જતિજી ! હવે પ્રયત્નોથી થાક્યો છું. કેટલાક ગાંડો ગણીને મને હસે છે, કેટલાક ગરજુ માની મને લૂંટે છે. આ છેલ્લો પ્રયત્ન છે. છેવટે કૂવામાં પડીને જીવનનો અંત લાવવાનો નિરધાર છે."

મેં એને આશ્વાસન આપ્યું. શુદ્ધ થઈને ચારેક દહાડા પ્રયત્ન કર્યા ને મારા અચરજ વચ્ચે મેં જોયું કે એ સાવ નરવો થઈ ગયો હતો. હવે રોજ ચાર ચાર કલાક દુકાન પણ ઉઘાડતો હતો. વેપાર પણ કરતો હતો.

આ ઘટના પર વિચાર કરતો હતો, ત્યાં કચ્છ બિદડાનો એક ગૃહસ્થ સમીસાંજે આવીને ઊભો રહ્યો. એણે કહ્યું :

"બાર વર્ષથી મારી પત્નીને ભાવાવેશ રહે છે. પહેલાં નાચે છે, પછી ગાય છે ને પછી મોં છૂટું મૂકીને રડે છે ! આમ થાય છે ત્યારે દિવસ ભયંકર બની જાય છે ને રાત ભેંકાર લાગે છે. કોઈ વાર દિવસમાં બે વાર પણ આવું કરે છે, મહારાજ ! વૈદ, દાક્તર ને ભૂવા-ગારુડી ઘણા અજમાવ્યા. પણ કંઈ વળ્યું નથી. બલ્કે કંઈક ઉપાય કરીએ ત્યારે બમણું થાય છે."

"કેટલી ઉંમર છે ?"

"પચાસની."

"કેટલાં વર્ષથી આવું થાય છે ?"

"બાર વર્ષથી. એ માટે ધંધો છોડી મુંબઈથી કચ્છમાં આવીને રહ્યો છું. ચાર દીકરા છે. ચારે સુખી છે. મુંબઈમાં રહે છે."

મેં કહ્યું : "મારે આ માટે નવરાત્રિની સાધના કરવી પડશે."

ગૃહસ્થે કહ્યું : "દરદી તો કાંઈ નહિ કરી શકે."

મેં કહ્યું : "સાધના હું કરીશ. દરદીએ ફક્ત નવ દિવસ થાળી પીવી પડશે."

"ભલે." ગૃહસ્થ તૈયાર થયો.

મેં એ દિવસે એ બાઈનો ભાવાવેશ જોયો.

નાચે, કૂદે ને મોં વાળીને એવું ભયંકર રડે કે ભલભલાના હાથમાં કોળિયો રહી જાય !

મેં ઈશ્વરની કરુણા માગી અને નવરાત્રિનો પ્રયોગ શરૂ કર્યો. મેં મનમાં ચિંતવ્યું :

"હે શક્તિ મા ! જે કરીશ તે તું કરીશ. હું તો માત્ર નિમિત્ત થઈશ."

અને તમને અચરજ થશે કે પહેલી થાળી પીતાં જ એ ખૂબ ચગી. થોડી ધાકધમકી આપીને પછી સાવ શાંત થઈ ગઈ.

આવેશનું દર્દ ગયું તે ગયું.

પૂ. કેસરી બાપાએ પોતાની વાત અટકાવી. પણ અમે જિજ્ઞાસુ બન્યા હતા. પ્રશ્ન કર્યો કે થાળી પીધી એટલે શું ? એ અમને કહો.

કેસરી બાપા બોલ્યા, : "હું ખાનગીમાં માનતો નથી. તલવાર માત્ર હાથમાં હોવાથી રક્ષણ મળતું નથી. એની વાપરવાની રીત ને હિંમત હોવી ઘટે. કોઈ વાર અડપલું કરવા જતાં ડાકલી ફાટી રહે છે. પૉઝિટિવ ને નેગેટિવ બે તાર એકત્ર મળે તો શું થાય ! અસ્તુ. મારી રીત સ્પષ્ટ કહું :

જૈન સ્તોત્રોમાં વિજયમુહૂર્ત નામનું સૂત્ર છે. એમાં સર્વતોભદ્ર યંત્ર આપેલું છે.

આ યંત્ર ૧૭૦ના આંકનું છે. સીધી કે આડી સંખ્યા એવી રીતની હોવી જોઈએ કે જેનો સરવાળો ૧૭૦ આવે. એના ચાર ચોરસ પણ એવા હોવા જોઈએ, જેનો સરવાળો પણ ૧૭૦ થાય.

આ સર્વતોભદ્ર યંત્ર પિત્તળની થાળીમાં દોરવાનું હોય છે. થાળી પર બીજું કોઈ નામ કે આંકડા હોવા ન જોઈએ.

એ યંત્રને દાડમના ઝાડની લેખણથી લખવું પડે છે.

લખવા માટે કેસર અને ચંદનમાંથી શાહી બનાવવી પડે છે.

નવરાત્રિનો આ પ્રયોગ છે.

મંત્રપાઠ માટે ઘરમાં એકાન્ત સ્થળ પસંદ કરી ત્યાં લાલ કપડાના પડદા ને ચંદરવો બાંધવો પડે છે.

પ્રથમ કુંભસ્થાપના કરવી પડે છે.


પછી અખંડ દીપ પ્રગટાવવો પડે છે.

રાતી માળા લઈને જાપ કરવા પડે છે. પૂજા માટે લાલ ફૂલ રાખવાં પડે છે. આ મંત્ર એક લાખ વાર જપ્યા પછી સિદ્ધ થાય છે, ને પ્રયોગ ચાલતી વખતે સાડા બાર હજાર વાર જાપ જપવા પડે છે.

પ્રથમ દિવસે પિત્તળની થાળીમાં આ સર્વતોભદ્ર યંત્ર ચીતરી પછી પાણીથી ધોઈને દરદીને પાવાનું હોય છે."

કેસરી બાપા સ્પષ્ટવક્તા છે. તેઓ બોલ્યા : "શું ફળે છે તે હું જાણતો નથી; પણ એક વાર, બે વાર કે પાંચ વાર થાળી પિવરાવતાં ધાર્યું પરિણામ આવે છે."

□



૩. ઓમકારની સાધના

રોગ હજાર, ઔષધ બાર – એમ સંસારમાં ડગલે ને પગલે ડર છે, જોખમ છે, વેર છે, શક છે, શિકોતરાં છે; દુશ્મનનો કંઈ પાર નથી. નાનો શો માનવી અને પહાડ જેવડા રોગ, શોક ને સંતાપ છે. એ બધામાંથી બચવું કેમ ? ગામમાં રહીએ તો સાપનો ડર, જંગલમાં જઈએ તો વાઘનો ડર, જોયા વગર જમીએ તો ઝેરનો સંભવ, જોઈને જમીએ તો રોગની શક્યતા. હજાર રોગ, હજાર જોખમ, હજાર ભય – એમાંથી બચવું કેમ ? એક જીવ, લાખ મુસીબત. કેમ જીવે સંસારી ?

બચવાનો ઉપાય સાવ સામાન્ય. ૐકારની સાધના. માણસને હજાર આધિ, વ્યાધિ ને ઉપાધિમાંથી એ બચાવે છે. નાનો શો માનવી ઓમકારની સાધનાથી પહાડને પણ ધ્રુજાવી શકે છે.

માટે પૂર્વજોએ હજાર આપત્તિઓનું એક ઓસડ ઓમકારને માન્યું છે.

એ ઓમકારની સાધનાનો ચિતાર રજૂ કરતો એક પત્રમિત્રનો પત્ર અહીં રજૂ થાય છે :

ગામના સીમાડે મારી વાડી હતી. વાડીમાંથી રોજ ફળ, ફૂલ અને શાક આવતાં. આજે બે દિવસથી આવ્યાં નહિ, તેથી વાડીએ જવા હું નીકળ્યો.

વાડીનો માર્ગ ગામના સ્મશાનને માર્ગે જ હતો. એ માર્ગે હું જતો હતો ત્યાં એક અવાજ આવ્યો : 'બચ્ચા, ઊભો રહે.'

મેં આસપાસ જોયું. પણ અવાજ ક્યાંથી આવ્યો તેની ગમ પડી નહિ. હું આગળ ચાલવા લાગ્યો, ફરી અવાજ આવ્યો : 'બચ્ચા, ઊભો રહે !'

એમ કહેતાં જ મારી સામે એક આકૃતિ ઊભી રહી. એ તેજસ્વી આકૃતિ સામે મીટ માંડી શકાય એમ નહોતું. આકૃતિ જઈફ ઉમરની હતી. આખા શરીરે ભસ્મ ચોળી હતી. શરીરે માત્ર લંગોટી હતી. મસ્તકે ત્રિપુંડ્ર હતું. માથાના સફેદ વાળ છાતી સુધી લંબાતા હતા. પૂણી જેવી શ્વેત દાઢી હતી. વાન ગૌર હતો. હાથમાં ચીપિયો હતો.

એ આકૃતિ સામે એકાદ પળ જોઉં ને ડરના માર્યા આંખ નીચી નમાવી દેતો. એની આંખનું તેજ એટલું બધું હતું કે લાંબો વખત તેની સામે જોઈ ન શકાય.

આકૃતિએ મારો ડર દૂર કરવા કહ્યું : 'બચ્ચા, ગભરાઈશ નહિ. તું મારી રોજ ભક્તિ કરે છે તેથી પ્રસન્ન થયો છું. બોલ, શું ચાહે છે ?'

એમ કહેતાં જ એ આકૃતિએ રૂપરંગ બદલવા માંડ્યાં. એ જ આકૃતિ એક પચીસ વર્ષના યુવાન જેવી બનતી ગઈ. શ્વેત વાળ

કાળા બની ગયા. આંખનું તેજ એવું જ રહ્યું અને વાન એવો જ ગૌર રહ્યો. એના સ્મિતથી આસપાસનો પ્રદેશ આલોકિત લાગતો હતો.

'દેવ ! માથે ચિંતાનાં ઝાડ ઊગ્યાં છે. એ દૂર થાય, મનને શાંતિ મળે એવી ઈચ્છા છે, બીજું કાંઈ ચાહતો નથી.' મેં ઉત્સાહથી જણાવ્યું.

'જો, એક મંત્ર આપું છું. એની એક મહિનો સાધના કરજે. એ મંત્રના ધ્યાનમાં મનને વાળવાનો પ્રયત્ન કરજે. મહિના પછી તારા જીવનમાં શાંતિ પથરાશે.' આકૃતિએ શિખામણ આપી.

'દેવ ! એ જ મુશ્કેલ છે. મનને વાળવાનું કામ કઠણ છે. અર્જુન જેવા ગુડાકેશને પણ આવી જ મૂંઝવણ હતી. શ્રીકૃષ્ણે મનને વાળવા માટે 'અભ્યાસ'ની રીત બતાવી. પણ એ રીતનો કોઈ ખુલાસો કર્યો નહિ.' મેં મજબૂત મનથી જવાબ વાળ્યો.

'એ અભ્યાસની રીત હું બતાવું. મંત્રની સાથે સાધનાનો જે માર્ગ છે તે જ અભ્યાસ. એ એક મહિનો બરાબર કરતો રહીશ તો સાધના ફળશે.' આકૃતિએ જવાબ આપ્યો.

એ આકૃતિ અને હું સ્મશાન પાસેના એક છાપરા નીચે બેઠા. આકૃતિએ વ્યાઘ્રચર્મ ઉપર આસન જમાવ્યું અને હું તેમની સામે બેસી ગયો. આકૃતિએ ખૂબ મીઠાશથી કહેવા માંડ્યું :

'ૐ એ મંત્રબીજ છે. આ બીજાક્ષરમાં એવી શક્તિ છે કે એનાથી દેવતાને ઉત્તેજિત કરી શકાય છે.'

'દેવ, બીજમંત્ર એટલે શું ?' એક વિદ્યાર્થીની જિજ્ઞાસાથી મેં પૂછ્યું.

'હા, એ જ જણાવું. તંત્રશાસ્ત્રમાં શબ્દોને સંક્ષિપ્ત કરવામાં આવે છે. એવા શબ્દોને બીજાક્ષર કે બીજમંત્ર કહેવામાં આવે છે. બીજમાંથી ફણગો, અંકુર અને ફળની પ્રાપ્તિ થાય છે. જેમ દૂધનું વિશ્લેષણ કરતાં તેના સારરૂપ ઘીનું તત્ત્વ કાઢવામાં આવે છે તેમ બીજાક્ષરને પણ મહાશક્તિશાળી અને રહસ્યમય બનાવવાનું પ્રયોજન તંત્રશાસ્ત્ર બતાવે છે, અને તેની સાધના જપ દ્વારા કરવામાં આવે

છે. મંત્રનું વારંવાર રટણ કરવાથી દેવ જાગ્રત થાય છે.' આકૃતિએ જણાવ્યું.

'મંત્રના બીજ વિશે સમજ પડી. પરંતુ મંત્ર શું છે તે જણાવો.' મેં પ્રશ્ન કર્યો.

'આપણા મસ્તકમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત જીવનનો સ્ત્રોત ઊમટી રહ્યો છે. તેના અવરુદ્ધ માર્ગનું ઉદ્ઘાટન મંત્ર કરે છે. જેમ શાંત અને નિશ્ચળ સરોવરમાં પથ્થર નાખતાં વમળોની હારમાળા રચાઈ જાય છે તેમ આપણી અવ્યક્ત શક્તિઓને જાગ્રત કરવા માટે શબ્દો દ્વારા સ્પંદન પેદા કરવામાં આવે છે. એ સ્પંદન અવ્યક્ત શક્તિને પ્રગટ કરે છે.' આકૃતિએ સ્પષ્ટીકરણ કર્યું.

'અવ્યક્ત શક્તિ બીજમંત્ર દ્વારા પ્રગટ થાય તેનું શું કારણ ?'

'પ્રશ્ન મહત્ત્વનો છે. પ્રત્યેક બીજાક્ષર પંચમહાભૂતથી યુક્ત છે. તેમાં બિંદુ હોય છે તે આકાશ કહેવાય છે. ચંદ્રરેખા હોય છે તેને વાયુ કહે છે. શિરોરેખાને અગ્નિ કહે છે. અક્ષરના આકારને જળ અને તેના આધારસ્થાનને પૃથ્વી કહે છે. આ પંચમહાભૂતથી ઘડાયેલા મંત્રબીજમાંથી ચેતનાશક્તિ પેદા થાય છે.'

'એનું ધ્યાન કઈ રીતે કરાય ?'

'ૐકારનું ધ્યાન કરતી વેળા આંખોની કીકીઓને નિશ્ચળ બનાવવી. આંખોની પાંપણો નાકના અગ્રભાગ ઉપર સ્થિર કરવી. ઉદરમાં જતા પવનનો કુંભક પ્રાણાયામથી નિરોધ કરવો. ઈન્દ્રિયોના સમૂહને પોતપોતાના વિષયની શક્તિથી વિરામ આપી શાંત કરવો.

'આ રીતે ધ્યાનમાં એકાગ્રતા આવી જાય પછી પરમાત્માના ચિંતનની સ્થિતિએ પહોંચાય છે. છેવટે ધ્યાન કરનાર પોતે જ દેવ જેવો બની જાય છે.' 'દેવો ભૂત્વા દેવં યજેત્' એટલે દેવ થઈને દેવની ઉપાસના કરાય છે.

'વળી, સાંભળ. આ પ્રકારનું ધ્યાન નિશ્ચળ બને ત્યારે એમ વિચારવું કે હું અમૃતથી સિંચાઈ રહ્યો છું. કોઈએ મારા સમગ્ર અંગના અવયવોને પુલકિત બનાવી દીધા છે.

'આવું ધ્યાન કરતાં ગંભીર મહાનાદ ઉત્પન્ન થાય છે. ૐકારનો અક્ષર ચંદ્રમા જેવો હોવાથી તેમાંથી અમૃતનો વિશાળ પ્રવાહ વહેવા માંડે છે. એ પ્રવાહ જાણે લોકોનાં દુઃખરૂપ મહાદાવાનળને બુઝાવવા માટે જ ઉત્પન્ન થાય છે. અને લાખો સૂર્યના તેજ કરતાં વધારે ઝળહળતો પ્રકાશપુંજ ફેલાઈ રહ્યો છે એવું ધ્યાન કરવાથી લોકોની શત્રુ એવી ભૂતપ્રેત વગેરે યોનિઓ ચીસ પાડીને ભાગી જાય છે. '

'આ ૐકારનો જપ કેટલો કરવો જોઈએ ?'

'તે હવે તને જણાવું. સાધારણ રીતે આ ૐનો રોજ ૧૨૦૦૦ પ્રમાણે જાપ કરવો જોઈએ. આ ૐકાર ૩૬૦ વાર ગણવામાં આવે તો એક પળ થાય. ને ૬૦ પળોની એક ઘડી થાય. તેથી ૩૬૦૦ની સંખ્યામાં જાપ થાય.

'એક ઘડીમાં ૩૬૦ ઉચ્છ્વાસ થાય. તેમાં એકેક ઉચ્છ્વાસે એ પ્રાણાયામમાં ૧૦ ૐકારનો જાપ કરી શકાય. આ રીતે એક ઘડીમાં ૩૬૦૦નો જાપ થઈ શકે.

'આ રીતે ૩૧ ઘડીમાં ૧૨૦૦૦ જેટલો જાપ કરી શકાય.'

'આ મંત્રના અધિષ્ઠાયક દેવો કોણ છે ? વળી, જુદા જુદા ધર્મના લોકો તેનો જાપ કઈ રીતે કરી શકે ?'

'વસ્તુતઃ મંત્રો કોઈ એક ધર્મની મૂડી નથી. એનો જાપ સૌ કોઈ પોતપોતાના ઈષ્ટ આરાધ્ય દેવને સમજીને કરી શકે છે. આ ૐકારમાં ત્રણ વર્ણો છે : અ, ઉ, મ. 'અ'થી બ્રહ્મા, 'ઉ'થી વિષ્ણુ અને 'મ'થી મહેશનું આરાધન કરાય છે. એમાં ક્રમશઃ સત્ત્વ, રજસ અને તમસ શક્તિઓ માનવામાં આવી છે.

'જૈનોએ આ ૐકારમાં પોતાના પાંચે પરમેષ્ઠીઓને અધિષ્ઠિત કર્યા છે.

'અ'થી અરિહંત, અશરીરી (સિદ્ધ), અને આચાર્ય સમજાય છે, 'ઉ'થી ઉપાધ્યાય અને 'મ'થી મુનિ; એમ પાંચે પરમેષ્ઠીઓની સ્થાપના કરી છે.

'આ પાંચે પરમેષ્ઠીઓનું એકીસાથે ધ્યાન કરવા આવા એકાક્ષરી મંત્રબીજ ૐનો ઉપયોગ થાય છે.

'એ રીતે ચોવીસ તીર્થંકરોને પણ તેમણે આ ૐકારમાં સમાવ્યા છે.

'ચોવીસ તીર્થંકરોના વર્ણ, પાંચે પરમેષ્ઠીઓના વર્ણ અનુસાર માની ચોવીસે તીર્થંકરોનો સમાવેશ થઈ જાય છે.


'આ રીતે જોઈએ તો જૈનોએ ૐકારમાં પાંચ પરમેષ્ઠી અને ચોવીસે તીર્થંકરોનો સમાવેશ કરીને એનો વાચક જ ૐને માન્યો છે.

'આ ૐકાર મોહરૂપી હાથીને વશમાં કરવા માટે અંકુશ જેવો ગણાય છે. આનું ધ્યાન ભવનાં દુઃખોને છેદી શકે છે. એનાથી જીવનમાં શાંતિ પ્રાપ્ત થાય છે.'

આટલું વિવેચન કરી પેલી આકૃતિ મારી સામેથી અદૃશ્ય બની ગઈ.

હું એ આકૃતિ અને તેણે કરેલા વિવેચનનું સ્મરણ કરતો કરતો વાડીએ પહોંચ્યો. વાડીમાંથી સારાં ફળો આરોગ્યાં ને બીજાં ફળો તેમ જ શાક વગેરે માણસ દ્વારા ઘેર પહોંચતું કર્યું.

□



૪. ગ્રહ-નક્ષત્રોનો પ્રભાવ

મુનીન્દ્ર આજે સાગરના તરંગોની શીતળતાનો આસ્વાદ લેતા હતા. હાથમાં એક પુસ્તક હતું. મૂળ એ ઉર્દૂમાં લખાયેલું હતું. નામ હતું 'નાકાબિલે ફરામોશ'. એનો હિંદીમાં 'ત્રિવેણી'ના નામે તરજુમો થયો હતો.

આ પુસ્તકના લેખક લાલા દીવાનચંદ છે. રજવાડાં સામે સતત લડનાર શ્રી અમૃતલાલ શેઠ સૌરાષ્ટ્રમાં થઈ ગયા, એમ ઉત્તર પ્રદેશમાં તેઓ છે. 'રિયાસત' નામનું રજવાડાની પોલ ખોલનારું પત્ર તેઓ ચલાવતા ને અનેક વાર જેલવાસ, દંડ, જપ્તી વગેરેનો અનુભવ કરી ચૂકેલા છે.

તેઓએ પોતાની 'નાકાબિલે ફરામોશ' અર્થાત્ 'અવિસ્મરણીય' નામની લેખમાળામાં 'ગ્રહ–નક્ષત્રોનો પ્રભાવ' એ વિષે પોતાની જાતમાહિતી આપી છે, તેનો સાર મુનીન્દ્રે જાણી લેવા કહ્યું.

લાલા દીવાનચંદ લખે છે કે એ દિવસોની આ વાત છે, જ્યારે પત્રકારત્વમાં ઝુકાવ્યે મને થોડો જ સમય થયો હતો. હું લાહોરમાં હતો, ને જુદાં જુદાં અખબારોમાં બબ્બે ચાર ચાર કલાક છૂટક કામ કરતો. આર્થિક હાલત સારી નહોતી. મને જીવન નિરર્થક લાગ્યા કરતું હતું. નિરાશાનો સાગર મને ગળી જવા માગતો હતો.

હું એક દિવસ મારા બે મિત્રો સાથે વાતચીત કરતો હતો, ને પં. રાજનારાયણ મળવા આવ્યા. માણસનું ભૂત અને ભાવિ જાણવાના વિષયમાં ભૃગુસંહિતાની વાત નીકળી.

ભૃગુસંહિતા એ જ્યોતિષવિદ્યાના પ્રવર્તકની રચના છે. આની રચનાને સેંકડો વર્ષ થયાં છે. આ પુસ્તક બે નદીઓના મધ્યમાં રહેનારા લોકો માટે – પ્રત્યેક દોઆબ માટે – જુદું જુદું લખાયેલું છે. આ સંપૂર્ણ પુસ્તકનું વજન ન જાણે કેટલા મણ છે. આજે જુદા જુદા લોકો પાસે જુદા જુદા ભાગો છે.

ભૃગુસંહિતાના કેટલાક ભાગ પં. મૅક્સમૂલર ખરીદીને જર્મની લઈ ગયા હતા, ને ત્યાંના સરકારી પુસ્તકાલયમાં રાખ્યા છે.

આ પુસ્તકમાં અત્યારે પેદા થયેલી ને ભવિષ્યમાં પેદા થનાર દરેક વ્યક્તિના જીવનની કુંડળી અને તેનો વર્તારો (જીવનવૃત્તાંત) આપેલાં છે. વિશેષમાં આ પુસ્તકમાં પ્રત્યેક વ્યક્તિ પૂર્વભવમાં ક્યાં હતી, ને આગામી જન્મમાં ક્યાં હશે, તે પણ બતાવેલું છે.

અમને ભૃગુસંહિતા જોવાની આકાંક્ષા થઈ, અને પંડિતજીનું નિમંત્રણ મળતાં બીજે દિવસે તેમના ઘેર ગયા.

પંડિતજી સાથે પ્રારંભિક વાતચીત પછી અમે ભૃગુસંહિતા જોવાની ઇચ્છા દર્શાવી, તેમ જ અમારી જન્મકુંડળીઓ જે અમારી પાસે હતી, તે પણ આપી.

પંડિતજી પાસે ભૃગુસંહિતાનો એક ભાગ હતો. તેઓએ ભૃગુસંહિતાની હજારો કુંડળીઓ સાથે મારી જન્મકુંડળી મેળવવા માંડી. થોડી વારમાં બરાબર મારી કુંડળીને મળતી એક કુંડળી કાઢી ને તેમાં લખેલો ફલાદેશ વાંચવા માંડ્યો. એ પાનામાં લખ્યું હતું :

'આ વ્યક્તિ પોતાના પિતા માટે હાનિકારક થશે. ગર્ભમાં હશે ત્યારથી પિતાની તબિયત ઢીલી પડતી જશે, ને જન્મ પછી પિતાનું તરતમાં મૃત્યુ થશે. આ માણસને વિદ્યા બહુ નહિ પ્રાપ્ત થાય, પણ ચતુર થશે. સત્તર વર્ષની ઉંમર થતાં એક બાલિકાના પ્રેમમાં પડશે, ને ખૂબ કષ્ટ ભોગવશે. અઢાર વર્ષે એને જમીન-જાયદાદ મળશે. આ માણસ પૂર્વજન્મમાં બનારસમાં બ્રાહ્મણકુળમાં હતો. આ જન્મમાં પણ મરીને બનારસમાં જન્મશે. જે બાલિકાના પ્રેમમાં એ કષ્ટ ઉઠાવશે, એ બાલિકાને ગયા જન્મમાં એણે બહુ પરેશાન કરેલી છે.

'વધારામાં આ વ્યક્તિ બહુ સૌભાગ્યશીલ અને શુભ નક્ષત્રોના બળવાળી છે. જીવનમાં લાખો માણસોની મનબુદ્ધિ પર એ રાજ કરશે. એને વાહનસુખ છે. લાખો પેદા કરશે અને લાખો ખર્ચ કરશે, સદા દેવાદાર રહેશે. જીવનભર શત્રુઓનો મુકાબલો કરવાનો રહેશે, ને તેઓને પરાજય આપશે. રાજા-મહારાજાઓ માટે એ ભયપ્રદ સિદ્ધ થશે. એની આજીવિકા જન્મભૂમિની પૂર્વમાં થશે. એંશી વર્ષે હૃદયરોગથી મૃત્યુ થશે.'

લાલા દીવાનચંદ કહે છે કે જ્યારે મેં ભૃગુસંહિતાના પાનામાં મારી જન્મકુંડળી જેવી જન્મકુંડળીના ફલાદેશમાં આ વાતો સાંભળી ત્યારે અત્યંત આશ્ચર્ય થયું. હું એ વખતે એવી નિરાશામાં હતો કે મારા ભાવિ જીવનની વાતોને સાચી પ્રમાણિત ન કરી શક્યો, પણ ભૂતકાળ તો જાણે આયનામાં જોતો હોઉં એટલો સ્પષ્ટ હતો.

હું ચાળીસ દિવસનો હતો ને મારા પિતા ગુજરી ગયેલા. કેળવણી પાંચ ધોરણ સુધી જ પ્રાપ્ત કરી હતી, અને આ વિદ્યા-પૂંજી પર લાહોરનાં પત્રોનું સંપાદન કરતો હતો. ભાઈઓમાં ભાગ વહેંચાયા, એ વખતે મારી સત્તર વર્ષની ઉંમર હતી. થોડીએક જમીન

મને ભાગમાં મળી. હું સત્તર વર્ષની ઉંમરે ધર્મકોટમાં હતો, ત્યારે એક છોકરી સાથે પ્રેમ થયો. જિંદગીમાં મેં કદી એની સાથે વાત કરી નથી, પણ એના વિચારમાં એક વર્ષ સુધી તો નિદ્રા આવી નહિ. આ વખતે મને સ્ત્રી અને પુરુષોના સંબંધોનું લેશ માત્ર જ્ઞાન નહોતું. છતાં પ્રેમમાં હતો. બે વર્ષ બાદ છોકરીનું મૃત્યુ થયું. આ વખતે મને ઘણો આઘાત થયો અને ભાવિમાં પણ ઘણા વખત સુધી કષ્ટ થતું રહ્યું.'

ભૃગુસંહિતાના આ બનાવ પછી લાલા દીવાનચંદ લખે છે કે મને જ્યોતિષ પર શ્રદ્ધા થઈ અને જુદા જુદા જ્યોતિષીઓ પાસે જન્મપત્રિકા તથા ફલાદેશ કઢાવવા લાગ્યો. એમાંની કેટલીક ઘટનાઓ મને અનુભવવા મળી, તે અહીં આપું છું.

એ દિવસોમાં હું નાભા સ્ટેટના મહારાજાની નોકરીમાં હતો. નાભા સ્ટેટ અને પતિયાળા સ્ટેટ વચ્ચે શત્રુભાવ જાગ્યો હતો. પતિયાળા મહારાજા એક જાણીતા અખબારનવીસ દ્વારા મારી પાસેથી નાભા સ્ટેટની ખાનગી માહિતી મેળવવા માગતા હતા, ને તેઓની નોકરી છોડાવી મને પોતાની નોકરીમાં લેવા ચાહતા હતા.

આ માટે તેઓએ એક તંત્રી મારફત રૂપિયા ચાળીસ હજારની ભેટ મને મોકલી હતી. મારા જેવા નાના માણસ માટે આ ભેટ દેવપ્રસાદ હતો : પણ મેં ચાળીસ હજાર લેવાનો ચોખ્ખો ઈન્કાર કરી દીધો.

આ વાત મેં નાભાનરેશને કહી નહિ, કારણ કે એ શંકિત માનસવાળા જીવ હતા. કદાચ તેઓને મારા ઉપર પણ સંદેહ પેદા થઈ જાય. છતાં આ વાત ધીરે ધીરે તેમના જાણવામાં આવી, અને તેઓએ મારા પર કૃપા વરસાવવી શરૂ કરી. પગાર બમણો કરી દીધો. જમીન તથા મકાન આપી નાભાની રૈયત બનાવવાની પણ તૈયારીઓ કરી. બધી રીતે શુભની આગાહીઓ મારા માટે હતી.

આ વખતે શ્રી રંગા આયરના સસરા દ્વારા બનાવરાવેલી એક જન્મપત્રિકા મારી પાસે હતી. કોચીન રાજ્યના એક જ્યોતિષીએ તે બનાવી હતી.

એ જન્મપત્રિકા કાઢીને મેં વર્ષફળ વાંચ્યું. એમાં લખ્યું હતું કે, ચાલુ વર્ષમાં જ નોકરીમાંથી રુખસદ મળશે, ને જેલનિવાસ કરવાનો પ્રસંગ આવશે.

હવે આ વાત ઉઘાડી આંખે જોતાં તદ્દન ખોટી લાગતી હતી. નાભા રાજ્યની નોકરી અને નાભાનરેશની કૃપાનાં વાદળ વરસવા માટે ઘડીપળની રાહ જોઈ રહ્યાં હતાં. માગું તે આપે એવી પરિસ્થિતિ હતી – એમાં નોકરી છૂટવી કેમ બને ? અને વળી જેલમાં જવાનું કેમ બને ? અશક્ય – અસંભવ !

કેટલા – એક દિવસો પસાર થયા.

એકદમ અંગ્રેજ સત્તાધીશોની આંખો નાભાનરેશ પર લાલ થઈ. ખૂબ ધમાલ ચાલી.

નાભાનરેશને બે માસમાં ગાદી છોડવી પડી.

અંગ્રેજ વહીવટદાર મિ. ઓગલ્વીના હાથમાં સત્તાનાં સૂત્રો આવ્યાં. તેઓએ મને નોકરી પરથી હઠાવી દીધો, એટલું જ નહિ બલકે વગર તપાસે જેલમાં પૂરી દીધો.

કેટલું જાણ્યું છતાં અજાણ્યું !

એ વખતે ભોપાળના નવાબે મારા પર કેસ માંડ્યો હતો. થોડાક વખત પછી એનો ચુકાદો આવ્યો. ન્યાયાધીશે મને ત્રણ વર્ષનો કારાવાસ આપ્યો.

આ કેસ સેશન્સ કોર્ટમાં ગયો. એ કોર્ટના જજે ત્રણ વર્ષની સજા ઘટાડી નવ મહિનાની કરી.

કેસ હાઈકોર્ટમાં ગયો. હાઈકોર્ટે આ કેસ નવેસરથી ચલાવવા હુકમ કર્યો.

કેસ નવેસર ચાલ્યો, અને મને ફરીથી નવ મહિનાની કેદની સજા થઈ. આ ચુકાદા સામે હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી. આ અંગે વકીલોની સલાહ લેવા હું નાગપુર ગયો.

આ વખતે સાંભળ્યું કે, પ્રસિદ્ધ જ્યોતિષી શ્રી ગિરગે હાલ નાગપુર સીતાબલ્દીમાં રહે છે. તેઓ પહેલાં સરકારના એકાઉન્ટ

ખાતામાં ઉચ્ચ પદના અધિકારી હતા, ને હાલમાં ફક્ત મનોરંજન ખાતર જ્યોતિષનું કામ કરી રહ્યા છે.

શ્રી ગિરગેની ખ્યાતિ ઘણી હતી. એક સવારે હું તેમની મુલાકાત માટે તેમના મકાને પહોંચી ગયો. મારી જન્મકુંડળી મારી પાસે હતી.

શ્રી ગિરગેના મકાન પર જઈ મેં ઓળખપત્ર મોકલ્યું. લગભગ છ મહિનાથી મારો અને ભોપાળ રાજ્યનો કેસ ચાલતો હતો. વર્તમાનપત્રો એમાં સારી દિલચસ્પી લેતાં હતાં.

મારું ઓળખપત્ર મળતાંની સાથે શ્રી ગિરગે સામા મને લેવા આવ્યા, ને આદરની સાથે અંદર લઈ ગયા.

મેં કહ્યું કે, આપની ખ્યાતિ સાંભળીને આવ્યો છું. હું મારી કુંડળી બતાવવા ચાહું છું.

શ્રી ગિરગેએ મારી કુંડળી લીધી ને કહ્યું કે, આપ ત્રણ દિવસ પછી આવજો.

હું નમસ્કાર કરીને પાછો ફર્યો.

ત્રીજે દિવસે ફરી તેમને ત્યાં જઈને સમયસર હાજર થયો. તેઓ કુંડળી વાંચીને તૈયાર હતા, ને ચાલતા પ્રકરણ વિષે જ બોલતાં કહ્યું :

'ભોપાળ રાજ્ય સામેનો આપનો કેસ આપ ૨૧મી ફેબ્રુઆરી સુધી લંબાવો. જો ૨૦ ફેબ્રુઆરી પહેલાં એનો ચુકાદો આવશે તો આપને નક્કી કારાવાસ મળશે. જોકે કારાવાસમાં આપના શરીર કે આત્માને કંઈ પણ કષ્ટ પહોંચશે નહિ. ફક્ત આપની સ્વતંત્રતા એક સ્થાને સીમિત થઈ જશે, અને જો આ કેસનો ચુકાદો ૨૦મી ફેબ્રુઆરી પછી આવ્યો તો સંસારની કોઈ શક્તિ આપને દંડ દઈ શકશે નહિ.'

શ્રી ગિરગે આટલું બોલીને થોભ્યા, ને પછી પોતાનું વક્તવ્ય પૂરું કરતાં કહ્યું :

'આ તારીખ પછી આપનો વાળ પણ કોઈ વાંકો કરી શકશે નહિ. જેલમાં હશો તોપણ એ દહાડે મુક્ત થઈ જશો.'

નવેમ્બરનો મહિનો ચાલતો હતો. મેં શ્રી ગિરગેને કહ્યું કે, આ કેસ છ વર્ષથી ચાલે છે. હાઈકોર્ટમાં ઘણી વાર જુબાનીઓ થઈ. આ અંતિમ જુબાની છે. ખુદ જજ આ કેસનો જલદી નિપટારો કરવા ઇન્તેજાર છે. આ માટે હવે મુદત મળવી અસંભવિત છે, અને મુદત ન મળે તો કેસ લંબાવી શકાય કેમ ?'

શ્રી ગિરગેએ શાંતિથી કહ્યું :

'જો મુદત મળવી અસંભવ છે તો તમારી મુક્તિ પણ અસંભવ છે. તમને જરૂર જેલ થશે. પણ તા. ૨૦મી ફેબ્રુઆરી પછી તમને કોઈ જેલમાં રાખી શકશે નહિ.'

હું પાછો ફર્યો.

કેસ ચાલુ થયો.

મારી સામે ભોપાળ નવાબ તરફથી સર તેજબહાદુર સપ્રુ, સર સી. પી. રામસ્વામી આયર વગેરે હતા.

જજમાં એક ગોરો અને એક દેશી એમ બે જણ હતા.

ઠીક ઠીક સમય સુધી બહસ ચાલી. આખરે જજે કહ્યું કે આ કેસનો ફેંસલો પાછળથી આપવામાં આવશે. તમારે બીજી ડિસેમ્બરે હોશંગાબાદની અદાલતમાં ફેંસલો સાંભળવા માટે હાજર થવું.

હું દિલ્હી પાછો ફર્યો. મને અને મારા નિષ્ણાત કાયદાશાસ્ત્રીઓને પૂરો વિશ્વાસ હતો કે, હું જીતી જઈશ. મુખ્ય એક વાતનો ઉત્તર નવાબના વકીલો આપી શક્યા નહોતા કે અખબાર દિલ્હીમાં છપાયું ને દિલ્હીમાં પ્રગટ થયું. ત્યારે હોશંગાબાદની અદાલત જેનો હોશંગાબાદ જિલ્લા પૂરતો અધિકાર મર્યાદિત હતો, એ દિલ્હીના પત્રકારને સજા કઈ રીતે કરી શકે ? એની મર્યાદામાં એ આવતું નથી.

હું ઉત્સાહમાં હતો, ત્યાં ત્રીજી ડિસેમ્બરે મને મારા વકીલ ડૉ. કેદારનો તાર મળ્યો :

'ત્રણ મહિનાનો કારાવાસ મળ્યો છે. ૫મી તારીખે હોશંગાબાદ અદાલતમાં હાજર થઈ જાઓ.'

હું તરત રવાના થયો. નાગપુરમાં મારા વકીલને મળ્યો. વાતચીત કરી, ને હોશંગાબાદ પહોંચ્યો. બપોરે અદાલતમાં હાજર થયો. જજ યુરોપિયન હતો, એણે જરૂરી કાગળિયાં કરી મને ત્રણ માસની સજા ભોગવવા જેલમાં મોકલી આપ્યો.

એ હતી તા. ૫મી ડિસેમ્બર.

જેલમાં દસ દિવસ રહ્યા બાદ ત્યાંના જેલરે સરકારને લખ્યું કે દીવાનસિંહ 'એ' ક્લાસના કેદી છે. આ જેલમાં તેટલી સગવડ નથી.

મને તરત નાગપુર જેલમાં બદલવામાં આવ્યો. આ જેલમાં ડૉ. ખરે તથા મધ્ય પ્રદેશના અન્ય નેતાઓ અને હૂરોના પીર પગાડુ રહ્યા હતા.

અહીં હું આરામમાં હતો. જેલના અધિકારીઓ ખૂબ સારો વર્તાવ કરતા હતા. સાંજની ચા મારે ત્યાં જ પિવાતી. આ ચા પીતાં પીતાં એક વાતની એ શોધ થઈ કે આ કેસમાં મારી બે વખત ધરપકડ થઈ હતી. બંને વખત જામીન તરત આપી નહિ શકવાથી એક એક અઠવાડિયું મારે જેલમાં રહેવું પડ્યું હતું. શા માટે ત્રણ મહિનાની જેલમાં બે અઠવાડિયાં મજરે મળે નહિ ?

મેં એક આવેદનપત્ર ઘડ્યું. જેલ સુપરિન્ટેન્ડેન્ટને મોકલ્યું. તેમણે કહ્યું કે, 'આમાં તમારું કંઈ વળશે નહિ, છતાં મોકલું છું.'

હોશંગાબાદના જજને આ વિનંતીપત્ર મળ્યું. એણે આ જોખમ પોતાના માથે ન રાખતાં, હાઈકોર્ટના નિર્ણય માટે મોકલી આપ્યું.

બીજી તરફ મારા કેસનાં કાગળિયાં ભારત સરકારના લૉ મેમ્બર અને પોલિટિકલ એજંટ પાસે પહોંચ્યાં હતાં, ને તેઓએ વાંચીને રિપોર્ટ કર્યો કે હોશંગાબાદની અદાલતને આ કેસ ચલાવવાનો ને ફેંસલો આપવાનો અધિકાર નહોતો.

હાઈકોર્ટમાં મારા વિનંતીપત્ર સાથે પોલિટિકલ ખાતાની નોંધ પણ પહોંચી. સો રોગનું એક ઔષધ નક્કી થયું. બે અઠવાડિયાંની ભોગવેલી સજા એ સજામાં ગણી લેવામાં આવી અને મને છોડી મૂક્યો.


મને આશા જરા પણ નહોતી, પણ હું મુક્ત થયો.

એ હતો શ્રી ગિરગે જ્યોતિષીએ કહેલો ૨૧મી ફેબ્રુઆરીનો પ્રાતઃકાલનો સમય !

જ્યોતિષ ખોટું નથી. એના દ્વારા વાસ્તવિક હાલત જાણવા માટે સહુથી પ્રથમ એ જરૂરી છે કે, જન્મસમય સુનિશ્ચિત હોવો જોઈએ. એમાં એક મિનિટનો પણ ફેર ન હોવો જોઈએ. તિથિ, દિન ને સ્થાન બરાબર જોઈએ.

આ બધાં જેટલાં અચોક્કસ એટલી કુંડળી અચોક્કસ ને અશુદ્ધ, અને કુંડળી અચોક્કસ અને અશુદ્ધ હોય તો ફલાદેશ ક્યાંથી શુદ્ધ ને ચોક્કસ હોય ?

□



૫. નવકારમંત્ર

સૂવાનો સમય થઈ ગયો હતો.

અમારા પડખે એક જાણીતા પ્રોફેસર રહેતા હતા. તેમનાં માતુશ્રી ઊઠીને બાથરૂમ ગયાં કે તીણી ચીસ પાડી.

બત્તી કરી જોયું તો જબ્બર વીંછી !

વીંછીની વેદના !

ભયંકર.

સાત સાપ સાર, એક વીંછીની વેદના અપાર.

અમે તરત દવા-ઉપચાર કર્યાં, પણ ત્યાં તો બાજુમાં રહેતા ચીનુભાઈ આવ્યા. તેઓએ કહ્યું કે હમણાં મંત્રથી વીંછી ઉતારી દઉં.

તેઓએ કહ્યું કે પગ ખખડાવો. ને રાખ લઈને જ્યાં સુધી વીંછી ચડ્યો હતો, ત્યાં સુધી રાખ ચોળી વીંછી ઉતારવા માંડ્યો.

પા કલાકમાં ઊતરી ગયો.

વીંછી મંત્રથી ઊતરે છે પણ ડંખમાં રહી જાય છે, પણ ચીનુભાઈએ તો ડંખમાંથી પણ કાઢ્યો.

મેં પૂછ્યું : 'મંત્ર બતાવશો ?'

તેઓએ કહ્યું : 'મંત્ર વળી બીજો ક્યો ? નવકારમંત્ર !'

નવકારમંત્રનો અચિંત્ય પ્રભાવ જાણ્યો હતો, પણ અત્યારે તો કંદોઈની દુકાને જેટલી મીઠાઈઓ એટલાં પોથીપાનાંમાં મંત્રો થઈ ગયા છે.

આ પછી નવકારમંત્ર વિશે વિશેષ જાણવા ઇચ્છનાર માટે કોઈ યોગ્ય પુસ્તક હોય તો સારું એમ લાગ્યા કરતું હતું. ત્યાં એક દહાડો શતાવધાની શ્રી ધીરજલાલ ટો. શાહનું પુસ્તક જોવા મળ્યું.

નામ છે નમસ્કારમંત્રસિદ્ધિ. આ પુસ્તક જોતાં એમાં નવકારમંત્રના ચમત્કારના કેટલાક કિસ્સા આપ્યા છે, જે અહીં આપવામાં આવે છે.

એક જૈન ગૃહસ્થ હતા. તેમની સ્થિતિ સામાન્ય અને માથે વ્યવહારનો બોજો વધારે, એટલે તેઓ ઘણા કષ્ટમાં પોતાનું જીવન વ્યતીત કરતા હતા.

તેઓ પ્રયાસ કરવામાં બાકી રાખતા નહિ, પણ 'એક સાંધે ત્યાં તેર તૂટે' એવો અનુભવ થતો હતો.

આખરે એક દિવસ તેમણે પોતાની આ સ્થિતિનું ગુરુમહારાજને નિવેદન કર્યું અને સ્થિતિ સુધરે એવા ઉપાયની માગણી કરી.

ગુરુએ કહ્યું કે 'પંચપરમેષ્ઠીનમસ્કાર કલ્પતરુ, કામકુંભ કે ચિંતામણિરત્ન જેવો છે. તેનું સતત સ્મરણ કર્યા કરો, એટલે તમારો મનોરથ પૂરો થશે. પણ એક વાત યાદ રાખજો કે કોઈ વાર ચોરી-છિનાળી કરવી નહિ કે માલિકનો વિશ્વાસઘાત કરવો નહિ. મનથી આટલી ટેક રાખશો તો એનું ફળ તરત જણાશે.'

પેલા ગૃહસ્થે ગુરુનાં આ વચનો શિરસાવંદ્ય કર્યાં અને નમસ્કારમંત્રની નિયમિત ગણના કરવા માંડી.

હવે થોડા દિવસ થયા કે તેમને એક ગૃહસ્થનો મેળાપ થયો અને તે એમને મુંબઈ લાવ્યા. તેમને થોડા દિવસ પોતાની પેઢીએ બેસાડી ઝવેરાતની દલાલી કરવાનું કામ સોંપ્યું.

નમસ્કારમંત્રના પ્રભાવે આ કામ બરાબર ચાલવા લાગ્યું અને તેઓ ઓરડી લઈ મુંબઈમાં સ્થિર થયા.

એક દિવસ તેઓ શેઠની દુકાનેથી રૂપિયા પંદર-સોળ હજારની કિંમતનું એક પડીકું લઈ કોઈ શ્રીમંતને બતાવવા ગયા. ઘરે પાછા ફરતી વખતે તે પડીકું રસ્તામાં કોઈ સ્થળે પડી ગયું, તેની તેમને ખબર રહી નહિ. ઘરે પહોંચી, જમી-પરવારી, એકાદ કલાક આરામ લઈ તેઓ પેલું પડીકું શેઠને પાછું આપવા જવા તૈયાર થયા, પણ જોયું તો ગજવામાં પડીકું મળે નહિ. એટલે તરત નમસ્કારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા અને જે રસ્તે ઘરે આવ્યા હતા તે રસ્તે જ પાછા ચાલ્યા.

મુંબઈના ભારે અવરજવરવાળા રસ્તા પર પડી ગયેલી કોઈ પણ વસ્તુ બે કલાક પછી પાછી મેળવવાની આશા રાખવી એ વ્યર્થ જ ગણાય, પણ શ્રદ્ધા કોઈ અજબ ચીજ છે !

આ ગૃહસ્થ જ્યારે પણ નવરા પડતા ત્યારે નમસ્કારમંત્રનું સ્મરણ કર્યા જ કરતા અને તેના પ્રભાવથી પોતાનું કોઈ પણ કામ નહિ બગડે એવી દૃઢ શ્રદ્ધા ધરાવતા હતા.

તેઓ મુંબાદેવીના પાછલા દરવાજે કાપડની દુકાનો આગળ આવ્યા ત્યાં કોઈ પુરુષે તેમને આંગળી બતાવીને કહ્યું કે આ રહ્યું તારું હીરાનું પડીકું. તે વખતે ત્યાં ઘણો કાદવ હોવાથી પડીકાનો સફેદ કાગળ જરાક દેખાતો હતો. પેલા ગૃહસ્થે તે પડીકું ઉપાડી લીધું. જ્યારે તેમણે એ પડીકામાં બધા હીરા સલામત જોયા ત્યારે તેમને કેવો હર્ષ થયો હશે એ કહેવાની જરૂર ખરી ?

બે મિનિટ એ જ હાલતમાં ઊભા રહ્યા પછી તેમને ખ્યાલ આવ્યો કે જે પુરુષે મને આ પડીકું બતાવ્યું તેનો આભાર માનવો

જોઈએ અને તેમને કંઈક પુરસ્કાર પણ આપવો જોઈએ. એટલે તેઓ આજુબાજુ જોવા લાગ્યા. પણ ત્યાં કોણ મળે ? એ આ જગતનો દૃશ્ય માનવી ન હતો.

પડીકું શેઠને પાછું મળ્યું અને તે દિવસથી નવકારમંત્રની ગણના વધારે પ્રમાણમાં કરવા માંડી. થોડા વખત પછી તે ગૃહસ્થ ઝવેરાતના એક મોટા વેપારી બન્યા અને લાખો રૂપિયા કમાયા પરંતુ તે વખતે તેઓ નમસ્કારમંત્રને ભૂલ્યા ન હતા.

*

મોટર અને વિમાનનો પ્રવાસ આજે ખૂબ થવા લાગ્યો છે. તેમાં કેટલીય વાર ગમખ્વાર અકસ્માતો બને છે અને અનેક માણસોની જાનહાનિ થાય છે. પરંતુ નમસ્કારમંત્ર તેના આરાધકનો આવા સમયે અદ્‌ભુત બચાવ કરે છે.

શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના બેંગલોરના ચાતુર્માસમાં મદ્રાસની સાઉથ ઈન્ડિયન ફ્લોર મિલવાળા શેઠ પૂનમચંદ રૂપચંદ તેમની પાસે પર્યુષણ પર્વની આરાધના કરવા આવેલા. પર્યુષણ પછી તેઓ બેંગલોરના એક ભાઈ સાથે મૈસૂર જવા માટે મોટરમાં રવાના થયા. રસ્તામાં એ મોટરને અકસ્માત થયો. એ જ વેળા એમના મુખમાંથી 'નમો અરિહંતાણં' એ બે શબ્દો નીકળી પડ્યા. જેમને નવકારમંત્રમાં શ્રદ્ધા હોય, જેઓ રોજ નવકારમંત્રની નિયમિત ગણના કરતા હોય, તેમના મુખમાંથી જ અણીના સમયે આવા શબ્દો નીકળી શકે.

પછી શું થયું તેની તેમને ખબર પડી નહિ. જ્યારે આંખો ખોલી ત્યારે તેઓ મોટરની બહાર ઊભેલા હતા અને તેમને કંઈ પણ ઈજા થઈ ન હતી. માત્ર બેંગલોરવાળા ભાઈના એક પગે ઉઝરડો થયો હતો. કોઈ એમ માનતું હોય કે એ તદ્દન સામાન્ય અકસ્માત હશે તેથી આમ બન્યું હશે. પણ વસ્તુસ્થિતિ તેથી જુદા જ પ્રકારની હતી. મોટર તૂટી ગઈ હતી અને તે બાજુએ પડી હતી. તેનો દરવાજો ક્યારે ખૂલ્યો ? કેમ ખૂલ્યો ? ફરી પાછો બંધ કેમ થઈ ગયો ? તે વિષે કોઈને કંઈ ખબર ન હતી. એટલે આ

ચમત્કારિક બનાવ નમસ્કારમંત્રના સ્મરણના પ્રભાવે બન્યો એમ માનવું જ પડે. આપણે તેનો બુદ્ધિગમ્ય બીજો ખુલાસો શો કરી શકીએ ?


*

થોડાં વર્ષ પહેલાં જામનગરના એક જૈન ગૃહસ્થને કૅન્સરનો વ્યાધિ લાગુ પડ્યો હતો. તે અંગે કેટલાક ઉપચાર કર્યા, પણ તેમાં કંઈ સફળતા મળી નહિ. આખરે તેમણે નમસ્કારમંત્રનો આશ્રય લીધો અને તેનું સતત સ્મરણ કરવા માંડ્યું. આથી તેમનો વ્યાધિ મટી ગયો. આ હકીકત દિવ્યદર્શન આદિ પત્રોમાં પ્રગટ થઈ હતી.

અમારી સુલોચના નામની યુવાન પુત્રીને કૅન્સરનો રોગ લાગુ પડ્યો હતો અને ધીમે ધીમે તેણે જાલિમ રૂપ પકડ્યું હતું. વેદના અપાર થતી હતી. તે વખતે અમે નમસ્કારમંત્રાદિયુક્ત શાસ્ત્રસ્વાધ્યાય અને પ્રાર્થના ચાલુ કરતાં તેને ઘણી જ શાંતિ મળી હતી. જ્યાં સુધી આ શાસ્ત્રસ્વાધ્યાય તથા પ્રાર્થના ચાલતાં ત્યાં સુધી તેની વેદના શાંત થઈ જતી હતી. આખરે નમસ્કારનું સ્મરણ વધતાં તેનો સર્વ વસ્તુઓ પરથી મોહ ઊતરી ગયો હતો અને તેના મુખમાંથી છેવટના શબ્દો પણ 'અરિહંત અરિહંત' જ નીકળ્યા હતા.

તાત્પર્ય કે નમસ્કારમંત્ર અચિંત્ય પ્રભાવશાળી છે તેથી તેના સ્મરણમાં જરા પણ પ્રમાદ કરવો નહિ.

□



૬. મીનારખ

કર્યું તે કામ.
વીંધાણું તે મોતી.
ધરમના કામમાં ઢીલ કેવી ?

મુંબઈના એક શાહસોદાગરે આબુ દેલવાડા જેવાં દેરાં નિર્માણ કરવાની ઉત્કટ ભાવના પ્રગટ કરી, અને પોતાના રામજીભાઈ નામના સૂત્રધારને લઈ વહાણ હાંક્યાં.

એ વખતે મુંબઈથી મહુવા સુધી વહાણમાં આવવું પડતું. મહુવાથી શત્રુંજયની યાત્રા માટે ગાડારસ્તો હતો.

મુંબઈના એ શાહસોદાગર અજબ તમન્ના સાથે શત્રુંજય આવ્યા. શત્રુંજય પહાડ બે ટેકરીઓમાં વહેંચાયેલો હતો, ને નવટૂક

જે કહેવાય છે ત્યાં ફક્ત ત્રણ ટૂકો જ હતી. બીજી ટેકરી પર આદિનાથનું એક મંદિર અને મંદિરના કોટ બહાર થોડાંશાં દેરાં હતાં.

બે ટેકરીઓની વચ્ચે ઊંડી ગાળી (ખીણ) હતી ને કુંતાસર નામની તળાવડી હતી. ખીણ લગભગ બસો ફૂટ ઊંડી હતી.

શાહસોદાગરને સ્વપ્ન આવતાં હતાં અદ્ભુત મંદિરાવલિનાં, અજબ શિલ્પસ્થાપત્યનાં ! તેઓએ સૂત્રધારને કહ્યું કે જમીન બહોળી પસંદ કરો !

સહુએ કહ્યું : "કુંતાસરની આ તળાવડી પુરાવો તો ઘણી જગા મળે, પણ ખર્ચનો અંદાજ ન રહે."

શાહસોદાગરે કહ્યું : "મારે તો યુગો સુધી અમર રહે એવાં મંદિર બાંધવાં છે. માટી મળે તો ઠીક, નહિ તો મારી વખારોમાં સાકર ભરેલી છે. આ ખાડો એનાથી ભરી દઈશ."

અમદાવાદના નગરશેઠ હેમાભાઈ ત્યાં હાજર હતા. શેઠ આણંદજી કલ્યાણજીની પાલિતાણાની પેઢી પર નિર્ણય થયો, ને મુંબઈના એ શાહસોદાગરે રામજીભાઈ સૂત્રધારને બોલાવીને કહ્યું :

"ખાતમુહૂર્ત કાઢો."

એ વખતે વિક્રમ સંવત ૧૮૮૬ના માગશર માસનો પ્રારંભ હતો. માગશર માસમાં મીનાર્ક હોય છે. મકરસંક્રાંતિ પહેલાંના એક મહિનામાં સૂર્ય મીન રાશિનો થાય છે. તેથી એ વખત દરમિયાન કોઈ શુભ કાર્ય થતાં નથી. લગ્ન કે ખાતમુહૂર્ત તો ખાસ કરીને થતાં નથી. એ સમયને 'મીનારખ' કહેવામાં આવે છે.

સ્થપતિ રામજીભાઈ કુશળ શિલ્પી હતા. પણ એ વખતના શિલ્પીઓ શિલ્પ સાથે જ્યોતિષમાં પણ નિષ્ણાત રહેતા. તેઓ જાણતા કે અમુક મંદિરો કે મકાનો યોગ્ય મુહૂર્તમાં ન બંધાય તો બંધાવનારને ઘણા ઉપદ્રવ થાય છે.

રામજીભાઈ શિલ્પીએ કહ્યું : "મુહૂર્ત પોષ વદમાં આવે છે. ગુરુ કે શુક્રનો અસ્ત થાય ત્યારે અથવા સૂર્ય મીન રાશિનો થયો હોય ત્યારે મોટા કામનું મુહૂર્ત ન થાય."

શાહે કહ્યું : "મનની ભાવના એ મુહૂર્ત. ધર્મનાં કામ તો જેટલી ત્વરાથી થાય તેટલાં સારાં."

શિલ્પીએ જવાબ વાળ્યો : "પણ શેઠ ! વહેવાર તો સર્વ જાળવવા ઘટે. મહિના-પંદર દિવસમાં શું મોડું થાય છે ?"

"રામજીભાઈ, તમને એક પ્રશ્ન પૂછું. આ જ્યોતિષશાસ્ત્ર કોણે બનાવ્યું ?" શાહે પૂછ્યું.

"મહાપુરુષોએ પોતાની બુદ્ધિથી એ શાસ્ત્ર રચ્યું છે." શિલ્પીએ જવાબ વાળ્યો.

"તો મોટાઓએ કર્યું હોય તે બાબતમાં, મોટા કહે તેમ કરવું, તે તો સાચી વાત ને ?"

"હા જી." શિલ્પી પાસે ટૂંકો જવાબ હતો.

"તો પછી આપણામાં મોટું કોણ ?"

આ પ્રશ્ન સૂરજને સૂરજ ન કહેવા બરોબર હતો.

નગરશેઠ હેમાભાઈએ કહ્યું : "આપ મોટા."

"બસ, તો." શાહે કહ્યું : "જો હું મોટો લાગતો હોઉં તો હું કહું તેમ કરો. હું કહું છું કે ખાતમુહૂર્ત કાલે જ કરો. હું મારા અનુભવથી કહું છું કે મનની દૃઢતા સાથે શંકા વગર કોઈ પણ કામ કરવામાં આવે અને સાથે એ કામ કરતાં અંતરમાં આનંદના ઓઘ ઊમટે, તો શાસનદેવો ધારેલું કામ અવશ્ય પાર પાડે છે."

આ વાત સહુના મનને ન રુચી, પણ વાઘની સામે કોણ બાકરી બાંધે ? બધા હા હા કરીને વીખરાયા.

રામજીભાઈ સ્થપતિને હૈયે ભારે ચિરાડો પડ્યો. એ વખતે શેઠ-નોકર વચ્ચે હૃદયની પ્રીત રહેતી. શાહસોદાગર સામે તો બોલવાની હિંમત નહોતી, પણ ખાનગીમાં શેઠના ધોલેરાવાળા મુનીમને ગદ્‌ગદ કંઠે કહ્યું :

"આ ઠીક થતું નથી. જ્યોતિષ દીવો છે. દીવો લઈને કૂવામાં

પડાય નહિ. શેઠ મમત કરીને ખાતમુહૂર્ત કરાવશે, તો એ મહામંદિર જોશે કે નહિ તેની મને શંકા છે."

મુનીમ વ્યવહારકુશળ હતા. તેઓએ કહ્યું :

"મુંબઈના શાહસોદાગર મોતીશા આજે ભારતના ગણ્યા-ગાંઠ્યા શ્રીમંતોમાંના એક છે. પોતાની મક્કમતાથી એ અપાર લક્ષ્મી પ્રાપ્ત કરી શક્યા છે. એમના જેવા દરિયાના ખેડનારાઓના નિર્ણયો વજ્જરના હોય છે."

"પણ મુનીમજી !" રામજીભાઈ સૂત્રધાર જાણે ભાવિના લેખ વાંચતા હતા, જીભ બોલતાંય અચકાતી હતી.

"પણ ને બણ ! જુઓ ! કાલ તો નહિ. બે દિવસનો હું ફેર કરાવી શકીશ. પણ શેઠ પોષ વદ સુધી રાહ જુએ; અત્યારે મુંબઈ જાય ને ફરી અહીં આવે એ વાતમાં કંઈ માલ નથી."

"તો ભાવિ બળવાન છે." રામજીભાઈથી બોલાતું નહોતું.

"જુઓ, રામજીભાઈ ! બહુ ચોળીને ચીકણું ન કરશો. વસિષ્ઠે રામચંદ્રના રાજ્યાભિષેકનું મુહૂર્ત જોયું ને એ મુહૂર્તે રામ વનવાસ ગયા. એટલે બહુ ચિંતા ન કરવી. પુણ્યનું કામ છે. પરમાત્મા સહુ સારાં વાનાં કરશે. આ ક્યાં દીકરાદીકરી પરણાવવાં છે ! ઘરમના કામમાં ઢીલ નહિ."

હવે આગળ કોઈ માર્ગ નહોતો.

રામજીભાઈએ મુહૂર્ત કાઢ્યું. પૂજાપો તૈયાર થયો.

નગરશેઠ હેમાભાઈએ શેઠને કહ્યું :

"કામ કપરું છે."

"ચિંતા નથી. જે સાહસથી રળી જાણ્યું, તે સાહસથી ખરચવું છે. ખાડો ઊંડો છે. માટી રૂપિયાની રૂપિયાભાર થશે, પણ શિલ્પકળા ને સ્થાપત્યના નમૂના જેવી મંદિરાવલિ સર્જવા જગા વિશાળ જોઈએ."

સં. ૧૮૮૭ના માગશર વદમાં ખાતમુહૂર્ત થયું. પણ એ રાતે અનિષ્ટસૂચક એક બનાવ બન્યો.

આદિપુર ગામના કોળીઓ એ ખાત બધું ખોદીને ચોરી ગયા. એમાં નાખેલાં સોનાંરૂપાં ઉઠાવી ગયા. પણ આ ઘટના શાહસોદાગર મોતીશાહના કાન સુધી પહોંચવા દેવામાં આવી નહિ.

મોતીશાહ શેઠના દિલમાં મીનારખની શંકા હતી જ નહિ. મીનારખમાં શુભ કાર્ય ન થાય એ સૌરાષ્ટ્રની માન્યતા હતી. મુંબઈમાં મીનારખને કોઈ મહત્ત્વ આપતું નહોતું.

મોતીશાહ શેઠે શત્રુંજય પરથી વિદાય લેતાં કહ્યું :

"મારા માટે આ પુત્રના લગ્ન જેવો પ્રસંગ છે. મારા જીવનસ્વપ્નની સિદ્ધિ છે. સ્વર્ગનાં વિમાનો સાથે હરીફાઈ કરે એવી આ રચના કરજો. અદ્‌ભુત સ્થાપત્ય સર્જજો. શિલ્પના નમૂના ખડા કરજો. યાદ રાખજો, કામ જલદી પૂરું કરવું છે, સાથે સાથે મજબૂત પણ કરવું છે. ખરચ સામે જોશો નહિ."

છેલ્લે છેલ્લે મહુવા બંદરથી વહાણમાં બેસતાં તેમણે રામજીભાઈને તથા અન્ય સંચાલકોને કહ્યું :

"માટીગારાના મકાનનું આયુષ્ય ૫૦ વર્ષનું, ઈંટ-ચૂનાના મકાનનું ૧૦૦ વર્ષનું ને પથ્થરનું બસોથી વધુ વર્ષનું ગણાય છે. વળી એમાં દેવોનો વાસ થવાનો – માટે પાયો ખૂબ ઊંડો – પાણી ફૂટે તેવો ને તેમાં એકે વાળ કે હાડકું ન રહેવું જોઈએ. આ પાતાળભેદી બ્રહ્મરંધ્ર જમીનમાંથી નીકળી મૂળ પ્રતિમાની નીચે થઈ મસ્તકના મધ્યભાગને સ્પર્શે છે. રામજીભાઈ ! તમે તો નિષ્ણાત છો."

"હા, શેઠજી ! મંદિરોમાં તો ખાસ 'વેધ' સંભાળવાનો હોય છે. દ્વાર સામે દ્વાર આવવું જોઈએ. એક દોરા જેટલો તફાવત ચાલે નહિ. મુખ્ય પ્રતિમાની નાસિકા પ્રવેશદ્વારના આઠ ભાગ કરી સાતમો ભાગ લેવો જોઈએ. એ સાતમા ભાગના આઠ ભાગ કરી તેના પણ સાતમા ભાગે રાખવી જોઈએ."

"મંદિરમાં વેધ થાય તો શું થાય ?" કેટલાક જૈનેતર વેપારીઓએ પ્રશ્ન કર્યો.

"પ્રત્યેક વેધ-ભૂલ સાથે સાંસારિક સંપત્તિનો આધાર રહે છે. જો ભીંત ગળે કે દ્વારની સાખ ગળે તો નિર્વંશ જાય, ધનહાનિ થાય, સગાંસ્નેહી ગરીબ થઈ જાય. આબરૂ જાય." રામજીભાઈએ કહ્યું.

સાગરના તરંગો પર નાવ ઊછળતું હતું. ધર્મકાર્યનું રસિયું મન આત્માના આનંદમાં મસ્ત હતું. શાહસોદાગરે કહ્યું : "સાચી વાત છે. રાજાને ઘેર આમંત્રી અપમાન કરીએ કાં અવ્યવસ્થા દાખવીએ તો જેમ સજા થાય છે, તેમ આ રાજાના રાજા દેવનાં નિવાસસ્થાન રચવાનાં છે. એમાં બેદરકારી કેમ ચાલે ?"

થોડી વારે વહાણ દરિયામાં ચાલ્યાં.

અંતરની આરજૂ પાસે નજૂમીઓનો ઇન્કાર ક્યાં સુધી ચાલે ? રણે ચડ્યો રજપૂત કે દાને ચડ્યો દાનવીર દુન્યવી આફતોથી બેપરવા હોય છે.

શત્રુંજયના પહાડ પર તમન્નાનો તાજમહેલ તૈયાર થવા માંડ્યો !

તાજમહેલ કરતાંય આ કાર્ય વિશેષ મહત્ત્વનું હતું. તાજમહેલ તરુણી ભાર્યાનું સ્મારક હતું : આ મંદિરો તારણહાર પ્રભુઓનું ધામ હતું.

એકમાં ઇશ્કે મિજાજી હતી.

બીજામાં ઇશ્કે હકીકી હતી.

એક કામની પાછળ સત્તાનો રાજદંડ ઉગામાયેલો હતો, બીજા કામની પાછળ માત્ર હૈયાની પ્રીત ને પૈસા આપવાની ઉદાર રીત હતી.

કુંતાસરનું તળાવ સાકરના ભાવની માટીથી પૂરવામાં આવ્યું. ઊંડા ખાડાને પૂરીને જમીન સમતલ કરવામાં આવી.

હજારો શિલ્પીઓ, હજારો મજૂરો ને મિસ્ત્રીઓ મંદિરાવલિ માટે કામે લાગી ગયા. મોટા મોટા પથ્થરો પહાડ પર બેથી અઢી માઈલની ઊંચાઈએ પહોંચાડવા મજૂરોની હારમાળા સવારથી સાંજ સુધી મથવા લાગી.

એક તરફ મંદિરો રચાવા લાગ્યાં.

બીજી તરફ મૂર્તિઓ ઘડાવા લાગી.

મુંબઈના શાહસોદાગર મોતીશાહ શેઠ અનેક વાર મુંબઈ-પાલિતાણા વચ્ચે આવજા કરવા લાગ્યા. એ વેળા મુંબઈથી પાલિતાણા આવવા માટે મહુવા કે ઘોઘા બંદર સુધી સ્ટીમરમાં આવવું પડતું, ને ત્યાંથી ઘોડાગાડી કે બેલગાડીઓ મળતી.

લગભગ રોજના ત્રણ હજાર મજૂરો ને મિસ્ત્રીઓ કામ કરતા. પથ્થરોને પર્વતની તળેટીથી ઉપર પહોંચાડવાના કામમાં એ વખતે દોરડાં પાછળ રૂ. એંશી હજાર ખર્ચવામાં આવ્યા !

કામ તો જેટલું દિવસે થતું તેટલું રાતે થતું. પણ આ તો ગંગા લાવવા જેવું ભગીરથ કામ હતું. વચમાં એક વર્ષ પાણી ખૂટ્યું. શેઠે હુકમ કર્યો કે પાણી તળેટીમાંથી મગાવો, ને પાણીના એક ડબ્બા દીઠ ચાર આના આપો !

મોતીશાહ શેઠની પેઢીઓ મુંબઈ, અમદાવાદ ને કલકત્તામાં હતી. શેઠની પચાસમી વર્ષગાંઠને થોડા દિવસો બાકી હતા, ને એક દહાડો શેઠની તબિયત બગડી.

દેહ તો નશ્વર છે : દેવ શાશ્વત છે; એમ સમજી રોગને પ્રગટ થવા દીધો નહિ. કામ ધમધોકાર ઉપાડવા આદેશ આપ્યો. ઇચ્છા માત્ર એક હતી કે પોતાની કલાસ્થાપત્યથી સરજાયેલી મંદિરાવલિ સંપૂર્ણ થયેલી જોઈને જાઉં; ને બને તો પ્રભુમૂર્તિ પણ પધરાવતો જાઉં !

મોતીશાહ નજૂમીના લેખમાં મેખ મારવા ઇચ્છતા હતા : પણ કંઈ થઈ શક્યું નહિ ! એમને રામજી સલાટના શબ્દો યાદ આવ્યા કે ખાતમુહૂર્ત તો થશે, પણ કદાચ પૂરું કામ શેઠજી નહિ જોવા પામે !

અષાઢનું આભ વારિ વરસાવી રહ્યું ને શેઠે પોતાની જીવનઘટિકામાંથી સમય-જળ પૂરું થતું અનુભવ્યું. એમણે મુંબઈના વિદ્વાન જોશીઓને એકઠા કર્યા, એમને કહ્યું :

"મને ઉતાવળ છે. પ્રતિષ્ઠાનું મુહૂર્ત જલદીમાં જલદી કાઢી આપો ! શ્રાવણ આવે તો શ્રેષ્ઠ !"

જોશીઓએ ઘણી ઊથલપાથલ કરી. બીજા જોશીઓને મદદમાં લીધા. ખૂબ વિચારણા કરીને સ્પષ્ટ નિર્ણય આપ્યો :

"કોઈ પ્રતિષ્ઠા આદિ ધર્મકાર્યનું મુહૂર્ત ચોમાસામાં આવે નહિ. લગ્નાદિક સમારંભો પણ મોટે ભાગે ચાતુર્માસમાં વર્જ્ય લેખાય છે.

"બીજી વાત એ છે કે કાઠિયાવાડમાં ઉત્તરાયન પહેલાં એક માસ સુધી ધન રાશિનો સૂર્ય હોય છે. આવે વખતે પણ મુહૂર્ત નીકળે નહિ.

"નજીકમાં નજીક મુહૂર્ત – અમારા મતે – માઘ સુદ ૧૦ ને માઘ વદ બીજ છે.

"અમે જાણીએ છીએ કે વનરાજને વનનો (ચોપન-પંચાવન) પ્રવેશ છે : પણ પ્રભુ આપને સો વર્ષના કરે !"

મોતીશાએ મહાન યતિઓનો મેળાપ કર્યો. તેઓએ પણ કહ્યું :

"મૂર્તિ એ તો મૂળે પથ્થર છે : અને નાચીજ કારીગરે ઘડેલી મૂર્તિ છે. એ મૂર્તિની જ્યાં સુધી મંત્રોથી ને તંત્રોથી પ્રતિષ્ઠા ન કરવામાં આવે ત્યાં સુધી એ પથ્થર જ રહે છે. એમાં પ્રભુપણું ને પૂજનિકતા આવતી નથી.

"આ પૂજનીયતા આણવા માટે મંત્રો ને તંત્રોનું પ્રતિષ્ઠાપન કરવામાં આવે, પછી મૂર્તિમાં દેવપણાનો વાસ થાય ને પછી જ તેની પૂજા, ભક્તિ કે સ્તુતિ ફળે છે.

"આ પ્રતિષ્ઠાની વિધિમાં મૂર્તિની આંખમાં એક દિવ્ય અંજન આંજવામાં આવે છે. એ સોનાની શલાકાથી (સળી વડે) આંજવામાં આવે છે : માટે અંજનશલાકા કહેવાય છે : ને આ અંજનશલાકા મંત્ર, તંત્ર ને યંત્રના પારગામી આચાર્યને હાથે કરાવવામાં આવે છે.

આ માટે અઢાર અભિષેકની વિધિ છે. અનેક નદીઓનાં જળ મંગાવવામાં આવે છે. અનેક દેવોને આમંત્રણ આપવામાં આવે છે.

"નવ ગ્રહ અને દસ દિક્પાળને બોલાવીને પૂજવામાં આવે છે. શરૂઆત સૂર્યપૂજાથી થાય છે. તેનો મંત્ર ચંદનની શાહીથી ને અઘેડાની કલમથી લખવામાં આવે છે. સૂર્યની પૂજામાં લાલ વર્ણનું વસ્ત્ર, કર્ણવીરનાં ફૂલ, દ્રાક્ષનાં ફળ ને નૈવેદ્યમાં ગોળધાણા કે ચૂરમાનો લાડવો મૂકવામાં આવે છે. નીરવ શાંતિ સાથે મંત્રોચ્ચાર ચાલે છે ને એ દેવના આવાહન (બોલાવવા) વખતે ઢોલ, શરણાઈ, નગારાં વાગે છે.

"આ રીતે દરેક ગ્રહનું પૂજન હોય છે. એ પછી દશ દિક્પાળ (પૂર્વમાં ઈંદ્ર, દક્ષિણમાં યમ, પશ્ચિમમાં વરુણ, ઉત્તરમાં ધનદ, ઊર્ધ્વમાં બ્રહ્મનુ, અધોમાં નાગ, અગ્નિ ખૂણામાં અગ્નિ, નૈર્ઋત્યમાં નૈર્ઋત્ય, વાયવ્યમાં વાયુ ને ઈશાનમાં ઈશાન)ની પૂજા થાય છે. એ પછી અષ્ટ મંગળ (સાથિયો, કળશ, બે શકોરાં, બે મત્સ્ય, નંદાવર્ત સાથિયો, ભદ્રાસન, શ્રીવત્સ ને દર્પણ)નું પૂજન થાય છે. આ વખતે ૧૬ દેવદેવી, ૨૪ દેવદેવી ને ૬૪ દેવદેવીઓની સ્થાપના થાય છે, અને આ વિધિ તેર દિવસ ચાલે છે.

"આ વખતે વ્યંતર દેવોને બલિ-બાકુળા આપવાના હોય છે; અને જો સાચા મંત્રોથી એ આપવામાં આવ્યા હોય તો એ બલિ-બાકુળા આકાશમાં ઉછાળ્યા પછી નીચે પડતા નથી. અંતરિક્ષમાં આવેલા દેવો અધ્ધરથી જ ઝીલી લે છે !

"શેઠજી ! પથ્થરમાં પ્રભુ પ્રગટાવવા એ સહેલી વાત નથી, માટે ઉતાવળ ન કરવી ઘટે. આ દેવદેવીનાં કામ છે !"

યતિરાજોના આ અભિપ્રાય પછી મોતીશાહ શેઠે કહ્યું કે અમારી જિંદગીનો કાંઠો દેખાય છે. નશ્વર દેહનો શો ભરોસો ! આ માટે અમે એક વીલ કરીએ છીએ !

વીલમાં લખ્યું : "અમારા પિતા અને ભાઈઓનું દેવું અમે વ્યાજ સાથે આપ્યું છે. અમારી લક્ષ્મી પ્રામાણિક છે ને અમારો આદર્શ શત્રુંજય પર્વત પર રચાયેલી અમારી ટૂકની પ્રતિષ્ઠા છે."

પણ મૃત્યુના ઓળા વધુ નજીક આવ્યા. મોતીશાહ શેઠે પોતાના પુત્ર ખીમચંદભાઈને અને સગાંવહાલાંને બોલાવીને છેલ્લો આદેશ આપ્યો :

"મારે પ્રતિષ્ઠા જરૂર કરવી છે, પણ પ્રભુજીનો હુકમ હશે તેમ થશે. કદાચ મારું શરીર પડી જાય તો તમારે શોક કરવો નહિ. શોક પાળવો નહિ. માઘ મહિનામાં પ્રતિષ્ઠાનું લીધેલું મુહૂર્ત ફેરવવું નહિ. મંદિરમાં રૂ. ૨ા લાખ હજી ખર્ચવાના બાકી છે તે ખર્ચવા. સારું ખરચ કરી મારા મનની મુરાદ પૂરી પાડવી. મારી ખોટ જણાવા દેવી નહિ."

વિ. સં. ૧૮૯૨ના ચાતુર્માસનો શ્રાવણ મહિનો અધવાર્યો. જૈનોનાં પર્યુષણ આવ્યાં. ભાદરવા સુદ એકમનો મહાવીર જન્મવાચનનો દિવસ આવ્યો.

વનરાજ વનમાં જ રહ્યો !

મોતીશાહ શેઠ એકાએક ગુજરી ગયા.

આખી મુંબઈ નગરીએ પોતાના શાહસોદાગરના માનમાં હડતાળ પાડી, શોક પાળ્યો.

મોતીશાહ શેઠનાં પત્ની ગુલાબબાઈએ (બીજું નામ દિવાળીબહેન) જાહેરમાં કોઈ શોકવ્યવહાર ન કર્યો. કાણકૂટણ બંધ કર્યું. પવિત્ર આત્માના મૃત્યુ પાછળ શોક કરવા આવનારને માળા આપી ઈષ્ટદેવનો જાપ કરવા કહ્યું.

અને . . . . પછી . . . . માઘ મહિનો પાસે આવ્યો. બે મહિના પહેલાં તૈયારીઓ કરવી જોઈએ. નક્કી થયું કે પોષ માસમાં પરિયાણ કરવાં, ને માઘમાં શત્રુંજય પર મંદિરોમાં પ્રભુમૂર્તિઓની પ્રતિષ્ઠા કરવી.

મોતીશાહના મૃત્યુના ત્રીજા માસે શોકનાં ચિહ્નો દૂર કર્યાં. પાઘડીઓ ધોળી કાઢી લાલ ધારણ કરી.

સહુ પરિયાણ કરી પાલિતાણા પહોંચ્યાં. ત્યાં શેઠાણી ગુલાબબાઈને મૃત્યુદેવનાં તેડાં આવ્યાં. પ્રતિષ્ઠા દૂર રહી ને પોતે પરિયાણ કરતાં કહ્યું :

"ઉત્સવ સારી રીતે ઊજવજો. હું આ શુભ પ્રસંગની કંકોતરી આપવા શેઠશ્રી પાસે દેવલોકમાં જાઉં છું."


શેઠાણી ગુલાબબાઈ પણ ગુજરી ગયાં. છતાં પ્રતિષ્ઠા સુંદર રીતે, લીધે મુહૂર્તે થઈ. દેવ પધરાવ્યા.

કહેવાય છે કે, આ પછી કેટલાંક વર્ષે શ્રી મોતીશાહ શેઠના પુત્ર ખીમચંદ શેઠે દેવાળું કાઢ્યું. ધન, લક્ષ્મી ને જીવન તો ચંચળ છે. પણ નજૂમીઓના ઈન્કાર સામે કળાશિલ્પભર્યાં મંદિરો સર્જનારે કાળના માથે અમરતાની ખીલી મારી.

શૂરવીર ગમે તેવા શત્રુથી ડરતો નથી.

દાનવીર ગમે તેવા દુર્દૈવથી પાછા પગ ભરતો નથી.

□



૭. ઘંટાકર્ણ

"જાર-બાજરીની જેમ ભૂતપ્રેતનો પણ વેપાર ચાલે છે. પૈસો જ ભૂત છે – ખૂબસૂરત બલા છે."

મુનીન્દ્ર આજે શાન્ત હતા, ને સિંહ ડણક નાખે એવા અવાજે બોલી રહ્યા હતા. એ શાન્તિ ભયંકર હતી. તેઓ કોઈ જૂની વાત યાદ કરી રહ્યા હતા.

"હું કહું છું કે મુનીન્દ્ર કાંઈ નથી; એક હવા છે. તમે કાંઈ નથી; ફક્ત હવાની એક લહર છે. ખાતરના ઉકરડામાંથી બૂરી હવા આવે છે. ગુલાબની વાડીમાંથી સુગંધદાર હવા મળે છે. મુદ્દે તો બન્ને હવા છે."

મુનીન્દ્ર આવી વાતો કરે ત્યારે તેમના દિલમાં કોઈ વાત ઘોળાતી હોવાની અમે કલ્પના કરી લેતા. હવાની વાત આવતી કે વાવાઝોડાની આગાહી થઈ જતી.

"મદારીના કરંડિયામાં ઝેરી સાપ ખદબદે એમ એ વાત યાદ આવે છે; ને એક ચિત્ર મારી નજર સામે દોરાઈ જાય છે. આજનું મહુડી તીર્થ એ વખતે પૂરેપૂરું સ્થાપન થયું નહોતું. એના સ્થાપક કોઈ પ્રબળ દેવની શોધમાં હતા, જે સંસારનાં કમજોર – રોગિયાં – શોગિયાંને માગ્યો હોંકારો આપે."

મુનીન્દ્રનું મોં અમાસની રાત જેવું ઘનગંભીર થઈ ગયું ને શુક્રતારક જેવી બે આંખો તેજ વેરી રહી.

"અમદાવાદથી વિજાપુર લાઇન જાય છે. એ લાઇનમાં વિજાપુર પહેલાં પીલવાઈ નામનું ગામ આવે છે. એ ગામના નાકે ત્રણ રસ્તા એકઠા થાય છે. થોડાં વરસ પહેલાં એ ત્રિભેટે એક આંબલી હતી. ઘેઘૂર આંબલી હતી. એની છાયામાં કોઈ બાવાએ મઢી બનાવી હતી. કરેણના થોડા છોડ વાવ્યા હતા. પણ એક દિવસ પીલવાઈ સ્ટેશને બાવાનું પગેરું શોધતી પોલીસ ઊતરી ને બાવા પલાયન થઈ ગયા.

એ મઢીના ઓટલે આંબલીની છાયા નીચે એક સાધુએ સમીસાંજે આવીને ઉતારો કર્યો. રાત થઈ હતી. મૂઠીઓ વાળીને પસાર થતા એક ખેડૂતે કહ્યું :

"મહારાજ, આ દેવાની આંબલી છે, રાત કાઢવી ભારે થઈ જશે. ગામભેગા થઈ જાઓ."

ભયંકરતાનો પહેલો ઉપાસક સાધુ. એ આ સાંભળી ત્યાં જ બેઠો રહ્યો. મનમાં વિચાર્યું કે જોઈએ, રાતે શું બને છે ?

અને થોડી વારમાં તો ત્યાં નિઃસ્તબ્ધતા વ્યાપી ગઈ. પાસે જ રજપૂતો રહે, પણ કોઈ આ તરફ ઢૂંકે શું કામ ?

સાધુએ મધરાત સુધી કોઈ અણધારી વ્યક્તિના આગમનની રાહ જોઈ, પણ પીપળનાં પાનના ખડખડાટ સિવાય કંઈ સંભળાયું નહિ. દોડતાં શિયાળ કે ભસતાં કૂતરાં સિવાય કંઈ દેખાયું નહિ.

સાધુએ મઢીના ઓટા પર કંબલ પાથરી, જરા દેહ લાંબી કરી ને આંખ મીંચી ન મીંચી કે કોઈના પગ છાતી પર અડ્યા. જોયું તો લગભગ વીસેક ફૂટ લાંબા પગવાળી એક વ્યક્તિ નીચે ઊતરી રહી હતી.

થોડી વારમાં કડાકો બોલ્યો : આખી આંબલી મૂળથી હચમચી રહી : ને પછી એક ભયંકર હાસ્ય સંભળાયું.

સાધુએ સામે મીટ માંડી ને નિર્વિકાર હાસ્ય કરીને કહ્યું :

"દેવા ! ભય સામે અભય છું. કોઠામાં વિદ્યા છે. હૈયામાં હિંમત છે. બાહુમાં કૌવત છે. તારી મુક્તિ માટેનો મેં નિરધાર કર્યો છે."

"મારી મુક્તિ ? તું કરીશ ? હા હા હા." હસવું વિશેષ ભયંકર બન્યું. ડાકલાં વાગતાં સંભળાયાં.

"હા, હું કરીશ, દેવા ! તારા અજંપાનો અંત આણ ! વેરનો કાંટો મનમાંથી કાઢી નાખ."

"વેરનો કાંટો કાઢી નાખું ? ન બને. સાધુ ! તારી પાસે શક્તિ બતાવવાનું મન થતું નથી, તારી ભક્તિ કરવાનું મન થાય છે. પણ એક તો બ્રાહ્મણનો હું દીકરો, વળી એક બાઈનો હું આશક ! મને દગાફટકાથી પકડાવીને ફાંસીએ પહોંચાડ્યો. કેટલું ભયંકર કૃત્ય ! ઓહ ! હું કોઈને સુખે નહિ રહેવા દઉં. ધનોતપનોત કાઢી નાખીશ. "

"શાન્તમ્ પાપમ્ ! દેવા ! ભઈલા ! એક બ્રાહ્મણ, બીજો કામી, ત્રીજું કમોત. તારો આત્મા નિશ્ચયે અવગતિ જ પામ્યો હોય, પણ હવે છૂટકો કર !"

"નહિ કરું ! સાધુ ! તને ખાઈ જઈશ."

"મને ખાવા જોગ દાંત તારી પાસે નથી. હું શાંતિમંત્ર ભણું. તું સાંભળ !"

"નહિ સાંભળું." ને ભયંકર પ્રાણપોક પડી.

"દેવા ! તારા જેવાના ઉપદ્રવથી તો મેં તપ કરી વીર સાધ્યા છે. એ વીર મહુડીમાં સ્થાપ્યા છે."

"એનું નામ ?"

"ઘંટાકર્ણ વીર. તારો ગજ ત્યાં નહિ ચાલે. દેવા ! શેરને માથે સવા શેર આવી પહોંચ્યા છે. વળી તેં ક્યાં સારાં કામ કર્યાં છે ? વેરાવાસણા તારું ગામ. તારો પિતા કેવો આદર્શ બ્રાહ્મણ ! વેદવાન શિવશંકર ગોરનો સાત ખોટનો તું દેવશંકર. કોળી લોકોની તમારી યજમાનવૃત્તિ !

"તે બ્રાહ્મણે કોળી લોકોને રંગ ન લગાડ્યો. કોળી લોકોનો રંગ તને લાગ્યો. સોનાનો ને સુંદરીનો, શરાબનો ને શેતાનિયતનો તું બંદો બન્યો. ગુના કરતો થયો ને બહારવટે ચડ્યો."

ઊંચું તાડ જેવું દેવાનું પ્રેત ધીરે ધીરે ટૂંકું થતું જતું હતું. વચમાં ભયંકર વંટોળ આવી જતો.

"દેવા ! તેં એક બાઈ સાથે પ્રેમ કર્યો. એના પતિને કૂવામાં ઝીંક્યો. અને પછી તારાં પાપનો આરોઓવારો ન રહ્યો. પોલીસ તારી પાછળ થઈ. પકડાયો અને તને તારા ગુનાઓ બદલ આ આંબલી નીચે ફાંસી મળી. અરમાનભર્યો તું જીવથી ગયો. પણ જીવ અહીંથી આઘે જઈ શક્યો નહિ. તારી અવગતિ થઈ. તું વેરવૃત્તિ તરફ વળી ગયો."

"સાધુ ! તારી વાત સાચી છે. હું લોકોને દઝાડું છું, પણ હું ખુદ પહેલો દાઝું છું. ઘણા લોકોને હેરાન કરું છું. પણ મને શાન્તિ મળતી નથી. હવે તો એવું થઈ ગયું છે કે કરેણનાં સફેદ ફૂલ જોઈ લોકો મને હસતો ને દાંતિયાં કરતો કલ્પે છે ! લોકો નબળા છે. પથારીમાં પડ્યા પડ્યા મારી કલ્પનાથી ફાટી પડે છે !"

"દેવા ! કર્મ કોઈને છોડતાં નથી. ભૂત હોય, પ્રેત હોય, દેવ હોય કે માનવ હોય. હવે ઘણું થયું. ખમૈયા કર, મારા ભાઈ ! લે હું શાંતિસ્તોત્ર ભણું !"

સાધુએ શાંતિસ્તોત્ર શરૂ કર્યું.

દેવાનું પ્રેત થોડી વાર શાંત રહ્યું, પછી એકદમ ધૂણી ઊઠ્યું.

"ઓહ ! મને કબજે કરવા અનેક આવ્યા. કોઈ તાંબાની ગાગરમાં મને કેદ કરવા આવ્યા. મેં બધાના બૂરા હાલ કર્યા છે.

પણ સાધુ ! તારી વાતો શાંતિની છે. મને નથી ગમતી, પણ હું તારાથી ભાગી શકતો નથી. મારા ગૂડા (પગ) ગળી રહ્યા છે."

"દેવા, ગંગાસ્નાન કરવા જા ! યમુના તરફ કદમ માંડ ! હિમાલય જા ! . . . ત્યાં અવગતિમાંથી તારો ઉદ્ધાર થશે. માનવીમાત્ર ભૂલને પાત્ર. કોઈની ભૂલ ગણીને ગાંઠે બાંધીએ નહિ. મેં દેવ સ્થાપન કર્યા છે. એ નિર્દોષની રક્ષા કરશે, પણ તું પૂરા માનપાન સાથે અહીંથી વિદાય લે, એ મારી ઈચ્છા છે. હાર સ્વીકારવામાં જે બળ છે, જીતવામાં એ નથી !"

"સાધુ, શાંતિ, શાંતિ !" એકદમ આંબલી હાલી, કાતરા ખર્યા ને અંધારિયું આભ વીજળીના લિસોટાથી પ્રકાશમાન બની રહ્યું.

□



૮. મંત્રશક્તિ ને સુલતાન

સંસાર આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલો છે. જીવ એક છે ને જંજાળ અનેક છે. આ અનેક જંજાળોમાંથી છૂટવા માટે મંત્ર, તંત્ર અને યંત્ર એ ટૂંકામાં ટૂંકો માર્ગ છે. આ ત્રણમાં ઈંદ્રજાળવિદ્યા, જાદુકળા કે વિજ્ઞાનની તમામ છૂપી કરામતો સમાયેલી છે. આ બધી વિદ્યાઓ સ્વાર્થ કરતાં પરમાર્થ માટે અનિવાર્ય પ્રસંગે વાપરવી એવી જૂના પુરુષોની નીતિ હતી. સ્વાર્થ માટે વાપરતાં એ પાખંડ બની જવાનો સંભવ રહેતો. અને તે માટે ધર્મના ધુરંધરો તે વિદ્યાનો અભ્યાસ કરી પોતે તેમાં પારંગત રહેતા. આ ચમત્કારી વિદ્યાઓ દ્વારા તેઓએ ધર્મ ને માનવજાતનું ઘણું રક્ષણ કરેલું.

આ વિદ્યાઓનો વધુ ઉપયોગ પરદેશી આક્રમણકારોના સમયમાં થયો. વિધર્મી રાજકર્તાઓથી પોતાના ધર્મનું રક્ષણ કરવા માટે એ સર્વ કાંઈ વપરાયું. અલબત્ત, આ મંત્રતંત્રને અને ઇંદ્રજાળને તેઓ આત્માને ઉપકારી વિદ્યાઓ લેખતા નહિ, પણ ધર્મના સંરક્ષણ પૂરતી ઉપયોગી માનતા ને અનિવાર્ય લેખી વાપરતા.

વિક્રમની તેરમી અને ચૌદમી સદી પરદેશી આક્રમણોથી ભરેલી હતી, અને એ વખતમાં આ પ્રકારની વિદ્યાઓનું વિશેષ ચલણ જોવામાં આવે છે. આ વખતે મંદિરો નષ્ટ થતાં, મૂર્તિઓ તૂટતી, યાત્રાળુઓ હેરાન થતા ને ધર્મી લોકો પર અનેક જાતના ત્રાસ ગુજરતા.

આ સામે સાધુઓ આત્મિક બળથી ખડા રહેતા, ને ક્યાંક મંત્રતંત્રથી તો ક્યાંક ઇંદ્રજાળ કે બીજી વિદ્યાઓથી ધર્મનું રક્ષણ કરતા. સુલતાનો કે બાદશાહોને આંજી નાખતા, ને પછી ધાર્યું કરાવતા.

આ સમયે જૈનોમાં એવા ઘણા સાધુઓ થઈ ગયા, જેઓએ આ પ્રકારનાં કાર્યો દ્વારા સમાજની ને ધર્મની સેવા તથા રક્ષણ કર્યાં છે. આમાં આચાર્ય જિનપ્રભસૂરિજીનું નામ ખૂબ ગણનાપાત્ર છે.

આ જિનપ્રભસૂરિ તઘલખ વંશના સુલતાન મહમદ તઘલખના વખતમાં થઈ ગયા. આ સુલતાન મહા વિદ્વાન હતો. અરબી, ફારસી ને હિન્દી ભાષાઓ સારી રીતે જાણતો. વૈદકનો તેને સારો શોખ હતો ને તત્ત્વજ્ઞાનની ચર્ચાનો એ રસિયો હતો. એનો સમય ઈ. સ. ૧૩૨૫થી ઈ. સ. ૧૩૫૧નો હતો.

તઘલખ બાદશાહ એક વાર ચર્ચાસભા ભરીને બેઠો હતો. વિદ્વાનો પરસ્પર ચર્ચા કરતા હતા. ત્યાં બાદશાહે પ્રશ્ન કર્યો :

'સાકર શેમાં નાખતાં મીઠી લાગે ?'

કોઈએ કહ્યું : 'દૂધમાં !'

કોઈએ કહ્યું : 'પાણીમાં !'

સૂરિજીએ કહ્યું : 'મોંમાં નાખતાં એ મીઠી લાગે. શીરામાં પણ ન લાગે ને દૂધમાં પણ નહિ.'

સુલતાન આ જવાબથી ખૂબ પ્રસન્ન થયો. એણે કહ્યું :

'આટલા કાબેલ છો તો શું તમે ભાવિ વાંચી શકો છો ?'

'હા. જેઓ અમારા પૂજ્યોને માન આપે એનું ભાવિ વાંચી શકીએ છીએ.'

સુલતાન ઉત્સાહમાં હતો. એણે કહ્યું :

'હું માન આપીશ. મને કહો કે આજે હું ક્યા દરવાજેથી શહેરની બહાર ફરવા જઈશ ?'

સૂરિજીએ એક કાગળનો કકડો લીધો. તેના પર લખ્યું ને તે બંધ કરીને સુલતાનને આપતાં કહ્યું :

'નગરની બહાર નીકળ્યા પછી આ ચિઠ્ઠી વાંચજો.'

સુલતાન બપોરે નગરની બહાર નીકળ્યો. એ વખતે સૂરિજીએ લખેલી ચિઠ્ઠી વાંચી. એમાં જે દરવાજેથી એ નીકળ્યો, એ દરવાજાનું નામ લખ્યું હતું. સુલતાન ઘણો પ્રસન્ન થયો.

હવે સુલતાન સૂરિજીને પોતાની સાથે બહાર લઈ જવા લાગ્યો. એક સવારે તેણે પ્રશ્ન કર્યો :

'આજે હું શું ખાઈશ તે કહો.'

સૂરિજીએ એક ચિઠ્ઠી લખી અને જમ્યા પછી વાંચવા સૂચન કર્યું.

સુલતાન માર્ગમાં એક તલના ખેતરમાં ગયો. ત્યાં તલ અને તેનો ખોળ પડ્યો હતો. ખેડૂતે તલ ને ખોળ સુલતાન પાસે રજૂ કર્યાં. પણ બાદશાહે આશ્ચર્યથી ખોળને નવીન વસ્તુ લેખીને ખાધો.

સૂરિજીએ તરત ચિઠ્ઠી વાંચવા કહ્યું.

સુલતાને ચિઠ્ઠી ખોલી તો એમાં લખ્યું હતું કે બાદશાહ આજે ખોળ ખાશે.

બાદશાહ ખૂબ હસ્યો, ને પ્રસન્ન થઈને કહ્યું કે મને આપનો સેવક માનજો ને કામ ફરમાવજો.

સૂરિજીએ કહ્યું: 'સમયે વાત. અમે સ્વાર્થની વાત કરતા નથી. સમયે પરમાર્થનું કામ બતાવીશ.'

એક દહાડો એક મોટા સરોવર પર સૂરિજી અને સુલતાન ફરતા હતા. સાથે વિવિધ દરબારીઓની મંડળી પણ હતી.

સુલતાને પૂછ્યું : 'ધૂળ નાખ્યા વિના આ સરોવર નાનું કેમ થાય ?'

કોઈએ કંઈ તો કોઈએ કંઈ જવાબ આપ્યા.

સૂરિજીએ કહ્યું : 'પડખે એક મોટું તળાવ બંધાવો. નિંદા કરીને કોઈને નાનો બનાવવા કરતાં સારાં કામ કરીને મોટા બનવું જોઈએ.'

સુલતાન ખૂબ પ્રસન્ન થયો, ને નવરાશનો વખત સૂરિજી સાથે ગાળવા લાગ્યો.

એક વાર સુલતાન ગુજરાત તરફ જતો હતો. એક વડ નીચે સૂરિજી બેઠા હતા. સુલતાને થોડી વાર ત્યાં વિશ્રામ કર્યો.

ઉનાળાનો દિવસ હતો. તાપ સખત હતો. ઘેઘૂર વડલાની છાયામાં શીતળતા હતી. સુલતાને કહ્યું :

'આ વડની છાયા કેવી મીઠી છે !'

સૂરિજી બોલ્યા : 'જો ઇચ્છા હોય તો પોતાની છાયા લઈને વડ તમારી સાથે ચાલે.'

સુલતાને અચરજની સાથે કહ્યું : 'તેમ કરો.'

થોડી વારે સુલતાન અને સૂરિજી ચાલ્યા. વડ પણ તેમની પાછળ સેવકની જેમ છાયા ઢોળતો ચાલ્યો.

સૂરિજીએ સુલતાનને કહ્યું : 'ઝાડમાં પણ અમે જીવ માનીએ છીએ. એને પણ સુખદુઃખ છે, બુદ્ધિ છે. તમે પાછળ નજર કરશો નહિ. છાયા ઢોળતો વડ તમારા સેવકની જેમ પાછળ છે.'

ઘણો વખત આ રીતે છાયા ઢોળતો વડ ચાલ્યો. આખરે સૂરિજીએ કહ્યું : 'ભાઈ વડ ! તને બહુ ફેરો થયો. લીલાં ઝાડ નહિ કાપવાનો સુલતાન હુકમ કાઢશે. તમે સહકુટુંબ રાજી થઈને રહેજો.'

સુલતાને લીલાં ઝાડ ન કાપવાનો હુકમ કાઢ્યો, ને વડ પોતાની છાયા સમેટી પાછો ફર્યો.

રાજાઓના દરબાર હંમેશાં ખટપટિયા લોકોથી ભરેલા હોય છે. કેટલાક વિરોધીઓએ એક મંત્રવાદી મૌલાનાને બોલાવ્યો, સુલતાનને ચમત્કાર બતાવવા કહ્યું.

બધા ઝરૂખા પર બેઠા હતા.

એક પનિહારી પાણીનો કુંભ ભરીને જતી હતી. મૌલાનાએ એક સળી મંત્રીને ફેંકી. ઘડો પનિહારીના માથા પર અધ્ધર લટકી રહ્યો.

સુલતાને વાહ વાહ કરી.

સૂરિજીએ કહ્યું : 'ઘડો તો સામાન્ય મંત્રવાદીઓ આકાશમાં અધ્ધર રાખી શકે છે. ઘડાને ફોડી નાખો અને પાણીને અધ્ધર રાખો.'

મંત્રવાદી મૌલાના એ કરી શક્યો નહિ.

સૂરિજીએ એક કાંકરી લઈ ઘડા પર મારી. ઘડો ફૂટી ગયો, અને પાણી હિમની જેમ આકાશમાં અધ્ધર તોળાઈ રહ્યું.

સુલતાને જોરથી તાળીઓ પીટી.

એક વાર સૂરિજી અને સુલતાન સાધુઓના એક મોટા મઠમાં ગયા. સાધુઓ બીજી રીતે સુખી હતા, પણ ઉંદરોથી ખૂબ ત્રાસેલા હતા. એમનાં કપડાં, પોથીપાનાં કે ભોજન આદિ કંઈ ઉંદરો રહેવા દેતા નહિ. રાતે ધાડાનાં ધાડાં આવતાં. છેલ્લે તો એક ઉંદરે સાધુને બટકું પણ ભર્યું હતું.

સાધુઓએ સૂરિજીને ઉંદરના ત્રાસ વિષે ફરિયાદ કરી.

સૂરિજીએ કહ્યું : 'સર્વ પ્રકારના અપરાધીઓનો ન્યાય કરનાર સુલતાન અહીં છે. તેઓ ગુનેગારોને પકડી મંગાવશે, અને સજા કરશે.'

આ સાંભળી સુલતાન બોલ્યો :

'માણસ પર મારું જોર ચાલે. જાનવર પર કંઈ ચાલે નહિ, સૂરિજી ! આપ ન્યાય કરો.'

સૂરિજીએ થોડા દાણા હાથમાં લીધા. મોંમાંથી મંત્ર ભણ્યો ને ચાર દિશામાં દાણા ફેંક્યા, દાણા તડાતડ કરી રહ્યા.

થોડી વારમાં ઉંદરનાં ટોળાં ત્યાં આવી પહોંચ્યાં : ને મોં ઊંચે નમાવી, આગળના બે પગ હાથની જેમ જોડી સામે હારબંધ ઊભા રહ્યા.

સૂરિજીએ તમામને ઉદ્દેશીને કહ્યું : 'જે ઉંદર સાધુને કરડ્યો હોય તેના સિવાય સર્વે જણા સાધુનો મઠ છોડીને અન્યત્ર ચાલ્યા જાય.'

એક ઉંદર સિવાય તમામ ચાલતા થયા.


એ ઉંદરને ઉદ્દેશીને સૂરિજીએ કહ્યું :

'તેં ગુનો કર્યો છે. તને નગર-નિકાલની સજા કરું છું.'

પેલો ગુનેગાર ઉંદર અર્ધમરેલા જેવો ત્યાંથી ચાલ્યો ગયો. તે પછી સાધુઓના મઠમાં કદી ઉંદરો દેખાયા નહિ.

સુલતાન મહમદ તઘલખ ખૂબ ધૂની હતો. એણે સારા સારા હોદ્દાઓ હિંદુઓને આપવા માંડ્યા. સૂબાઓને ફરમાન કર્યું કે હિન્દુ રાજ્યો હડપ કરવાં, પણ બીજી ઝાઝી હરકત કરવી નહિ.

□



૯ ચમત્કારી મંત્ર : ગાયત્રી

"ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યમ્ . . .'

બુલંદ સ્વરે મુનીન્દ્ર મંત્રોચ્ચાર કરી રહ્યા હતા.

'આજે તો આપ કોઈ આર્ષ સૃષ્ટિમાં વિહરી રહેલા દેખાઓ છો, મુનીન્દ્ર !' મંડળીમાંથી એક જણે કહ્યું.

મુનીન્દ્રે ઘડીભર આંખો મીંચી દીધી. જાણે કશોક સાક્ષાત્કાર કરી રહ્યા હોય તેમ એમના મુખ પર સંતોષનું તેજ ફેલાયું. પછી આંખો ખોલીને કહે : રે ! મંત્રમાં કેવી અદ્ભુત શક્તિ છે, એનું તો આજે માત્ર સ્મરણ જ કરવાનું રહે છે. આજે તો જે મંત્રોચ્ચાર કરે છે તે ઘણુંખરું આદતના જોરે જ કરે છે. ને છતાં ગાયત્રીમંત્ર

– પ્રણવમંત્ર જેવા મંત્રો જો શ્રદ્ધા સહિત ઉચ્ચારાય તો ચમત્કાર સર્જી શકે છે.'

'ઉદાહરણ વિનાની વાતો પોકળ ગણાય છે, મુનીન્દ્ર !' એક ટીખળીએ મુનીન્દ્રને ચગવવા માટે જરા મમરો મૂક્યો.

મુનીન્દ્ર એ ટીકાની પાછળ રહેલ હેતુ સમજી જતાં મરક મરક હસ્યા; અને પછી પોતાના હાથમાં રહેલ એક પત્ર મંડળી સામે ધરતાં બોલ્યા : 'રાજકોટના એક પત્રકાર મિત્ર નંદલાલ દવેનો આ પત્ર જુઓ. કલિયુગમાં પણ મંત્રશક્તિ કેવા અજાણ્યા ચમત્કાર બતાવે છે, તેના સ્વાનુભવનો એમાં એક દાખલો છે.'

પત્ર હતો :

૧૯૫૫-૫૬ની આ વાત છે.

મારા એક મિત્ર એક અખબારની ઑફિસમાં સર્વિસ કરતા હતા. નોકરીની શરૂઆત તેમણે આ લાઇનમાં જ કરેલી. શરૂઆતમાં નાની જગા પરથી કામની આવડત અને આપસૂઝના હિસાબે તેમણે ઠીક પ્રગતિ સાધેલી. મહેનતુ અને સશક્ત માણસ હોવાથી તેઓ ઑફિસમાં ૧૦થી ૧૨ કલાક કામ કરતા હતા. રાત કે દિવસ તેમના માટે સરખું હતું.

આવી રીતે નોકરી કરતાં કરતાં તેમની તબિયત બગડવા લાગી. શરીર નબળું થતું ગયું. દવા કરાવવા છતાં ઝીણો તાવ શરીરમાંથી દૂર થતો જ નહોતો. છતાં તેમણે પોતાના શરીરની દરકાર કર્યા સિવાય નોકરીને મહત્ત્વ આપ્યું.

સમય પસાર થતો રહ્યો.

મારા મિત્રે આવી સ્થિતિમાં પણ સવાર ને રાત ઑફિસમાં હાજરી આપ્યે રાખી. છતાં તેમની ખબરઅંતર પૂછવાની કોઈને પડી ન હતી. નબળાઈ વધવા માંડી. તેમને એમ લાગ્યું કે કોઈ સારા ડૉક્ટર પાસે જઈ તબિયત બતાવી દવા લઈ આવું, તો તાવ મટી જશે. તેઓ સરકારી દવાખાને ગયા. ડૉક્ટરે તેમને તપાસ્યા. ઘણી વાર તપાસીને ડૉક્ટર બોલ્યા :

'ભાઈ, તમે શું કરો છો ? કેવી નોકરી કરો છો ?'

'હું અખબારની ઑફિસમાં સર્વિસ કરું છું.' મારા મિત્રે જવાબ આપ્યો.

ડૉક્ટરે કહ્યું : 'તમે વ્યાધિથી ઘેરાઈ ગયા છો. તાત્કાલિક સારવાર લેવાની ખૂબ જ જરૂર છે, અને અત્યારે જ તમે તમારો 'ઍક્સ-રે લઈ આવો.'

ડૉક્ટરના સૂચન મુજબ મારા મિત્રે ઍક્સ-રે લેવરાવ્યો. ત્યાર બાદ ડૉક્ટરે તેમના હાથમાં કેસ મૂક્યો. તેમાં લખ્યું હતું : Both side T.B. (બન્ને તરફ ટી.બી. છે.)

કેસ વાંચી મારા મિત્ર વિચારમાં પડી ગયા. 'અરે, આ સ્થિતિ ! હવે હું શું કરીશ ?' દવાખાનામાંથી દવા લીધા સિવાય કેસ ખિસ્સામાં મૂકી તેઓ ઑફિસે આવ્યા અને ઑફિસમાં કેસ બતાવીને તેમણે દર્દની સ્થિતિ દર્શાવી, ને નોકરીમાંથી રજા લીધી. સાંજે ફરી એક પ્રખ્યાત સિવિલ સર્જન પાસે જઈને તેમને કેસ બતાવી સલાહ માગી. સર્જને દવા, ઇન્જેક્શનો, પેટંટ ઔષધો વગેરે આશરે ૧૦૦થી ૧૫૦ રૂપિયાની દવાઓ લખી આપી. એ દવાની યાદી સાથે તેઓ ઘેર ગયા.

મારા મિત્રને મળતા ટૂંકા પગારમાં આ દવાઓ ખરીદવાની શક્તિ જ ન હતી. એટલે કામચલાઉ ત્રણચાર દિવસ પૂરતી દવા, ઇંજેક્શન તથા ટેબલેટ્સ તેઓએ મગાવી. ટ્રીટમેન્ટ શરૂ કરી. દશથી બાર મહિનાના રોગથી ઘેરાયેલા મારા મિત્રને ત્રણચાર દિવસની દવાએ કશી અસર ન કરી. તેઓ ખૂબ જ વ્યથિત અને ચિંતાગ્રસ્ત થઈ ગયા.

છેવટે જેનું કોઈ ન હોય તેનો ભગવાન હોય છે, એ સત્ય નજર સમક્ષ રાખી તેમણે ભગવાનનું શરણું લીધું.


ડૉક્ટરની કડક સૂચના હતી કે, પથારીમાં બેઠા થવું નહિ, નાહવું નહિ. છતાં એ સૂચનાનો પ્રભુ પર શ્રદ્ધા રાખી ત્યાગ કર્યો, અને વહેલી સવારમાં અશક્ત શરીરે નવશેકા પાણીથી શરીર કપડાથી લૂછતા. ત્યાર બાદ ભગવતી જગદંબા પાસે ઘીનો દીવો કરી માળા લઈ ગાયત્રીમંત્રનો આશ્રય લીધો.

ત્યાર પછી ૧૭ દિવસ સુધી શરીરમાં ઝીણો તાવ ચાલુ હતો છતાં, તેઓએ આ ક્રમમાં ત્રુટિ પડવા ન દીધી. અઢારમા દિવસે શરીરમાં કંઈક સ્ફૂર્તિ દેખાણી. અને સતત એકત્રીસ દિવસ સુધી ગાયત્રીમંત્રનો રોજનો ત્રણ કલાક મુજબ જપ કરવાથી તેમને તદ્દન આરામ થઈ ગયો.

વ્યાધિથી ઘેરાયેલા અને જિંદગીથી હતાશ થઈ ગયેલા માણસોને માટે દવા કામ કરી શકતી નથી ત્યારે મંત્રોમાં સર્વશ્રેષ્ઠ મંત્ર ગાયત્રીમંત્ર એક અમોલ ઔષધ છે. શ્રદ્ધા રાખનારને એ કદી છેહ દેતો નથી.

આ ભાઈ અત્યારે પણ સશક્ત છે, અને એક અખબારી ઑફિસમાં સર્વિસ કરી રહ્યા છે.

□



૧૦. ભોમિયા દેવ

પારસનાથની ટેકરી નામે પ્રખ્યાત સમેતશિખર પહાડને અમાવાસ્યાનાં અંધારાં વીંટળાઈ વળ્યાં હતાં.

૨૭મી એપ્રિલ ને શનિવાર હતો. વૈશાખી વાયરા અહીં પ્રચંડ હોય છે; ને હરિયાળા પહાડનાં ઝરણાંમાં ભિલામાનો ભયંકર રસ ભળે છે, એટલે યાત્રીઓ ઓછા હોય છે.

પૂર્વ દેશના આ છ માઈલના પવિત્ર પહાડ પર અગિયારેક જણની એક મંડળી ચડી રહી હતી.

'આ વન-જંગલમાં વાઘ ખરા કે ?' એક જણે પૂછ્યું.

'ખરા.'

'દીપડા પણ ખરા ? વાઘથી એ વધુ ખતરનાક હોય છે.'

'દીપડા પણ ખરા.'

'ને સાપ ?'

'આવા મહાન પહાડ પર ને આવી ઘાટી વનરાજિમાં સાપ જરૂર હોય.' ઉત્તર મળ્યો.

'તો રાતના ત્રણ વાગ્યે ઉઠાડીને માણસોને જાત્રા કરવા મોકલવા તે જોખમનું કામ નથી લાગતું ?' પ્રશ્નકારે કહ્યું.

'સહુની ભોમિયા દેવ રક્ષા કરે છે.' એક પ્રૌઢ વયનાં ધર્મવૃત્તિવાળાં બહેને વચ્ચે કહ્યું.

'અમે એ જાણીએ છીએ કે જૈનોના ભગવાન કંઈ કરતા નથી : કારણ કે રાગ કે દ્વેષ વગરના છે, વીતરાગ છે : પણ દરેક ભગવાનને પોતાનાં દેવદેવી હોય છે, યક્ષ-યક્ષિણી હોય છે. સહુને અધિષ્ઠાયક કે સેવક આત્માઓ હોય છે. એ આત્માઓ પોતાના ઈષ્ટ પ્રભુના સેવકોની સુરક્ષા કાજે ઘૂમ્યા કરે છે : અને પ્રભુસેવકોનાં વિઘ્ન હરે છે ને ઈષ્ટ કરે છે. પણ આ ભોમિયા દેવ છે કોણ ?'

'ઇતિહાસની તો અમને ખબર નથી : પણ હાજરાહજૂર દેવ છે. અહીં તો ગા વાળે એ ગોવાળ. અમે એમના પરચાનો અનુભવ કર્યો છે. જાતે અનુભવેલી, હજારોની સંખ્યા જેમાં સાથે હતી, એવી એક આ વાત છે. માનો યા ન માનો, પણ સાવ સાચી છે : ને આજે તમને કહું છું.' એક નિઃસ્વાર્થ ધર્મપ્રેમી ગૃહસ્થે ઉત્સાહપૂર્વક પોતાની વાત આરંભી. એમને જૂઠું બોલતા જાણ્યા નહોતા. કોઈ વાતને ફેરવીને કહી શકે તેવા માણસ નહોતા.

એક તરફ મહાકવિ કાલિદાસની મેઘદૂતની કલ્પનાને સાકાર કરે તેવી પાર્શ્વનાથની ટેકરીએ પહોંચવાની તાલાવેલી, બીજી તરફ અંધારાનાં પડ ભેદીને આગળ કદમ ભરવા તત્પરતા ને ત્રીજી તરફ ભોમિયા દેવની વાત સાંભળવાનું આકર્ષણ : એમ ત્રિવિધ આકર્ષણ સાથે સહુ આગળ વધ્યા.

વાત શરૂ થઈ :

"અમે વર્ષોથી કલકત્તામાં રહીએ છીએ.

"કલકત્તામાં રહીએ એટલે આ પવિત્ર પહાડની યાત્રાએ વારંવાર આવવાનું બન્યા કરે. તબિયત ખરાબ હોય, પહાડ ચડાય તેવી સ્થિતિ ન હોય, બીજાં કંઈ વિઘ્નો હોય અને ભોમિયા દેવની બાધા રાખી કે યાત્રા સુખરૂપ થઈ જાય. અમે બધા ભોમિયા દેવમાં ભારે શ્રદ્ધા રાખીએ. એ દેવનું મંદિર શ્વેતાંબર ધર્મશાળાના પ્રવેશદ્વાર પાસે છે. આજે તો એ દેવનો મહિમા ગજબ વધી ગયો છે : પણ અમે જ્યારની વાત કરીએ છીએ ત્યારે તો દેવની થતી ભક્તિ હતી.

"આઝાદી મળી તે પહેલાંના દિવસો હતા. અંગ્રેજ સત્તા હિંદુ-મુસ્લિમોને લડાવવામાં પોતાનું શ્રેય માની એને લડાવી રહી હતી. કોમવાદીઓમાં એક છૂપો વર્ગ એવો છે કે જે શિકારની રાહ જોઈને દીપડાની જેમ બેઠો હોય છે : ને કેટલાક ઊકળતા ચરુ જેવા લોકો હોય છે જે નિર્દોષ માનવોની હત્યા માટે કસાઈની જેમ તત્પર હોય છે. આ બધું ધર્મને નામે ચાલે છે : એનો અમને અફસોસ છે : ને મોટા કહેવાતા લોકોના છૂપા ટેકાથી ચાલે છે એનો અમને રંજ છે : પણ અત્યારે એ વાતની ચર્ચામાં હું નહિ ઊતરું.

"જાતે અનુભવેલી ને આંખે જોયેલી વાત કહીશ. સરકાર જેવી સરકાર જ્યારે રક્ષા ન કરી શકી, ત્યારે દેવે રક્ષા કરી.

"મેં પહેલાં કહ્યું ને કે આઝાદી પહેલાંના દિવસો હતા.

"આઝાદી આવું આવું કરતી હતી : ને અંગ્રેજો એને કળથી, બળથી કે હિકમતથી થામી રહ્યા હતા.

"એક અખતરા તરીકે તેઓએ બંગાળને લીગી મિનિસ્ટ્રીની ભેટ ધરી હતી. કોમવાદીઓનું ચડી વાગ્યું હતું. ઘર્ષણ અને પ્રતિઘર્ષણ, સંઘર્ષ ને પ્રતિસંઘર્ષ ચાલુ હતા.

"સાચા દેશભક્તો ચિંતામાં હતા. એમાં હિંદુ હતા ને મુસ્લિમ હતા : પણ કેટલાક કોમવાદીઓને પોતપોતાના લત્તામાં લાટશાહી મળી ગઈ હતી. કલકત્તામાંથી જાણે કાયદો અને વ્યવસ્થા ખોરવાઈ ગયાં હતાં.

"એ હૈયાવિદારક દિવસ પણ યાદ છે.

"૧૯૪૭ના ઑગસ્ટ મહિનાની ૧૬મી તારીખ હતી.

"એ દિવસે સવારથી તોફાનના ભણકારા વાતાવરણમાં વાગતા હતા. હિંદુઓના લત્તા વચ્ચે મુસલમાનો હતા. મુસલમાનોના લત્તા વચ્ચે હિંદુઓ હતા. સામાન્ય રીતે આજ સુધી ભાઈબંધ હતા, પણ અંગ્રેજ જાદુગરે દાણા મંત્રીને એવા નાખ્યા કે સાપ ને નોળિયાનાં યુદ્ધ ચાલુ થઈ ગયાં. જેને લાગ ફાવ્યો એ બાજી મારી ગયો.

"તોફાનના કારણે બજારોમાં હડતાળ હતી, અને હડતાળના લીધે મોટો ભાગ ઘેર હતો. જેઓ બહાર હતા તેઓને તોફાનના સમાચાર જેમ મળતા ગયા, તેમ ઘર તરફ દોડીને આવતા ગયા.

"દસ વાગ્યે મોટો ભાગ ઘેર પહોંચ્યો : ને અગિયાર વાગ્યે કોમી દાવાનળ પ્રગટ્યો.

"છરા-લાકડીઓવાળા ગુંડાઓ ગલીઓમાં કાબૂ કરી બેઠા; ને મારો-કાપોના નાદથી દિશાઓ ભયંકર બની ગઈ.

"ત્યારે અમારો લત્તો મુસ્લિમ ગણાતો. એ વખતે કલકત્તામાં ભેંસાગાડીઓ ઘણી હતી : ને તેના માલિકોમાં મોટો ભાગ અજ્ઞાની કોમવાદીઓનો હતો.

"અમારા મકાનની આજુબાજુ ભયંકર માણસોનો ઘેરો થતો ગયો. અમારો જીવ ફફડે નીકળવા લાગ્યો. ને એ સ્થિતિમાં ચોવીસ કલાક વીતી ગયા.

"પ્રત્યેક પળ જોખમની હતી. ગુંડાઓ ચાલી ઉપર ચડવા મથતા હતા. કોઈને ડરથી તો કોઈને પૈસાની લાલચ આપી અમે નીચે ઉતારતા હતા.

"અમારાં થોડાં સગાં બહાર હતાં. કોઈએ ખાધુંપીધું નહોતું, ને તરફડ્યા કરતાં હતાં. હિંમતવાન સ્ત્રીઓએ તેલ ઉકાળ્યાં હતાં, મરચાં તૈયાર રાખ્યાં હતાં; ગાદલાંગોદડાં એક રૂમમાં ભર્યાં હતાં; ને ચારેક કેરોસીનના ડબ્બા તૈયાર રાખ્યા હતા. જો અણીની પળે મદદ ન આવે તો જૌહર કરવાની ધારણા જેવું હતું.

"દૂર બીજા લત્તામાં રૂપિયાની ખૂબ લાલચો મોકલી, પણ તેઓ અમારા લત્તામાં આવી શકે તેવું નહોતું. ખુલ્લા છરા ભલભલાની હિંમત તોડી નાખતા હતા.

"સૂર્યોદયની સાથે કોમવાદી લોકો હથિયારો સાથે આવી પહોંચ્યા. લોખંડના દરવાજા તોડવા શરૂ કર્યા. અમે માની લીધું કે કલાકથી દોઢ કલાકના મહેમાન છીએ. સહુ ઈષ્ટ દેવનો જાપ કરવા બેસી ગયા. અમે પણ નવકારમંત્રનું ધ્યાન ધર્યું.

"અમે સાથે ભોમિયા દેવનું સ્મરણ કર્યું ને હાકલ કરી કે હવે તમે રક્ષા નહિ કરો તો અમારી રક્ષા કરનાર કોઈ નથી.

"બેક મિનિટ અમે જાપ જપી રહ્યા, ત્યાં લોખંડના દરવાજા પર પડતા ઘણના ઘા બંધ થયા.

"અમે તો ધૂન શરૂ કરી દીધી.

"તરત નીચેથી અવાજ આવ્યો :

"બે જણા નીચે આવો."

"અમે નીચે બોલનાર તરફ જોયું તો કોઈ અડીખમ સારજંટ જેવો માણસ બે હાથમાં બે બંદૂક હિલોળતો ઊભો હતો. આવા સમયમાં કોઈ ઉપર વિશ્વાસ આવે નહિ, પણ એ રક્ષક મૂર્તિ પર ભરોસો બેઠો. અમે બે જણ નીચે આવ્યા.

"સારજંટ જેવા માણસે પૂછ્યું :

"કોઠીમાં કેટલા જણ છો ?"

"અમે કહ્યું : "ચારસો જણા."

"જાઓ, તમને બચાવી લેવામાં આવે છે. મારા એક મિત્રને બોલાવું છું, તમે નીચે ઊતરો."

"છાતી તો ધમણનું કામ કરતી હતી : પણ કોઈ માર્ગ નહોતો. થોડી વારે પેલો સારજંટ એક બીજા પોલીસને લાવ્યો. બંનેએ ફરતા ગુંડાઓને આઘા કર્યા, ને અમને કહ્યું :

"ચાલ્યા આવો, ડરશો નહિ."

"બે પડખે, બે ફૂટને છેટે જીવતાં મોત છરા લઈને ખડાં હતાં, પણ એ બધા ન જાણે કેમ સ્તબ્ધ હતા, અને તેઓ સ્તબ્ધ હતા એટલે કોમવાદીઓમાં જે સારા લોકો હતા તેઓ અમારી મદદે આવી ગયા.

"મારાં પત્નીએ મને એકાએક કહ્યું, 'આ સારજંટ નથી. દેવ લાગે છે. એના પગ તો જુઓ, નીચે અડતા નથી.'

"પણ આ વાત કેટલાકે સાંભળી ન સાંભળી, જોઈ ન જોઈ ને બહાર નીકળી ગયા – પાછળ મોત ખડું હતું ને !

"એક ગલી સામે અમારા હમદર્દો મદદ માટે સજ્જ ખડા હતા. અમે સારજંટના ભરોસે વૈતરણી તરી ગયા. સામી ગલીવાળા હમદર્દોએ અમને સહુને વધાવી લીધા.

"અમારી પાસે બચાવફંડ હતું. અમે પેલા સારજંટને સારી રકમ આપવા હાથ લંબાવ્યો, પણ એ તો મળે જ નહિ. બીજો એક પોલીસ હતો, અમે એને થોડી રકમ આપી રાજી કર્યો.

"અમે અમારા તારણહારને ઘણો શોધ્યો પણ એ તો પછી ન દેખાયો તે ન જ દેખાયો.

"અમે સહુએ કહ્યું કે એ તો ભોમિયા દેવ !

"મારાં પત્નીએ કહ્યું કે મેં તો તેમના પર ચાંપતી નજર રાખી હતી. એમના પગ નીચે અડતા જ નહોતા.

"આ છે ભોમિયા દેવનો ઈતિહાસ. સાવ સાચો. ખોટું કહેવાનું કંઈ કારણ ન હોય.

"માનો યા ન માનો ! આસ્થા બડી માનો કે દેવ બડા !"

□



૧૧. ઇંદ્રજાલ વિદ્યા

હું અને મારા એક મૌલવી મિત્ર સૅન્ડહર્સ્ટ રોડ દવાખાનામાં બેઠા હતા.

વાતો ચાલતી હતી. એવામાં કમરથી વળી ગયેલા, ફેઝ ટોપી પહેરેલા એક વૃદ્ધ મૌલવી હાથમાં લાકડી લઈને ત્યાંથી પસાર થયા. તેમને જોતાં જ મારા મૌલવી મિત્રે કહ્યું :

'બાવા સાહેબ જાય છે, તેમને બોલાવો.' એટલે મેં તેમને બોલાવ્યા અને સત્કાર કર્યો.

થોડી વાર આડીઅવળી વાતો થઈ. પછી મેં જણાવ્યું કે બધું તો ઠીક પણ અમેરિકન ભાવતાલ બરાબર કહેવાનું કામ સહેલું નથી. તેમાં ભાગ્યે જ કોઈ પાર ઊતરે છે.

બાવા સાહેબે કહ્યું : 'એમાં કંઈ મોટી વાત નથી. દિવસો સુધીના ઊઘડતા અને બંધ આંકડા આપી શકાય છે. કોઈ વાર તેની ખાતરી કરી આપીશ.'

પછી તેમનું સરનામું આપી બાવાસાહેબ ચાલ્યા ગયા.

જામલી મહોલ્લામાં તેમની ઑફિસ જેવું હતું. અંદર સાદડીઓ તથા એક ડેસ્ક સિવાય કંઈ ફર્નિચર ન હતું. મારી જિજ્ઞાસા તીવ્ર થતાં હું થોડા દિવસ બાદ તેમને મળ્યો અને યંત્રના પ્રભાવ વિષે વાત થઈ.

બાદ બીજા દિવસે સવારે મળવાનું કહ્યું. અને આવો ત્યારે અગરબત્તીનું એક પૅકેટ તથા કાળી શાહી લેતા આવવાનું જણાવ્યું. બીજા દિવસે એ રીતે હું તેમની પાસે ગયો. તે દિવસે ગુરુવાર હતો.

ત્યારે તેમણે ફૂલસકૅપ કાગળનું ઊભું એક ચોથિયું કરીને મેં આણેલી કાળી શાહીથી એક યંત્ર લખ્યો. તે અરબી ભાષામાં હતો.

તેની નીચે

શનિ . . . . .

સોમ . . . . .

મંગળ . . . . .

એટલા અક્ષરો લખ્યા અને સામેની જગા ખાલી રાખી. એ કાગળમાં પાછળ મને સહી કરવા જણાવ્યું. એટલે મેં તેની પાછળ કર્ણરેખાએ એક છેડેથી સામેના છેડે પહોંચે એ રીતે સહી કરી, જેથી કોઈ પણ સંયોગોમાં કાગળ બદલી શકાય નહિ.

પછી તેમણે એ ચિઠ્ઠી મને આપીને જણાવ્યું કે કોઈ સારી જગામાં રાખશો અને રજસ્વલા સ્ત્રીનો પડછાયો ન પડે તે જોશો.

એટલે હું ચાલતો જ મારા દવાખાને પાછો ફર્યો અને એ ચિઠ્ઠીને લાકડાની ડબ્બીમાં મૂકી રાખી. તે ન ખોલવાની ખાસ સૂચના હતી.

ચાર દિવસ ખૂબ કુતૂહલમાં મેં પસાર કર્યા અને બુધવારે સવારે દસ વાગ્યે પેલી ડબ્બી લઈ તેમની ઑફિસે પહોંચ્યો. કોઈ

રીતે છેતરાઈ ન જાઉ તેની તકેદારી રાખી. સાથે અગરબત્તીનું પૅકેટ લઈ ગયો હતો.

તે વખતે મૌલવીથી થોડે દૂર બેઠો હતો. તેમણે કહ્યું કે, અગબત્તીનો ધૂપ આપો.

મેં ધૂપ આપ્યો.

પછી મને મારા હાથે જ એ ચિઠ્ઠી ખોલવા જણાવ્યું એટલે મેં રાહતનો દમ ખેંચ્યો, કારણ કે તે ખોલતી વખતે કંઈક ચાલાકી કરે એવો ડર હતો.

ચિઠ્ઠી મેં જાતે જ ખોલીને જોયું તો મારા આશ્ચર્યની વચ્ચે શનિવારના, સોમવારના તેમ જ મંગળવારના એમ ત્રણેય દિવસના ખૂલતા અને બંધ બજારના ભાવો તેમાં લખાયેલા હતા અને તે બરાબર હતા.

કલ્પનાને માત કરે એવું આ કાર્ય હતું ! એ કેમ થયું હશે, તે સમજાયું નહિ.

હવે આ પ્રમાણે ભાવ મેળવી કમાવાનો પ્રશ્ન આવ્યો. ત્રણ દિવસમાં જ ૧ના ૭૨ના હિસાબે લાખ રૂપિયા ઉપરાંત મળે. એક સોનેરી સ્વપ્નસૃષ્ટિ નજર સામેથી પસાર થઈ ગઈ.

તે મૌલવીએ કહ્યું કે, આ કાર્ય તો તમને બતાવવા માટે કર્યું. પણ તમારે ખરેખર કરવું હોય તો જે કેટલાંક વિઘ્નો નડે છે, તે અંગે ક્રિયા કરવી પડશે. અને તે માટે ત્રણ દિવસ સુધી મવક્કલોને, ફિરસ્તાઓને વસ્તુઓની ભેટ આપવી પડશે. તેમાં ઉંદરની બોટેલી ઘીની મીઠાઈ ચાલે નહિ, વગેરે.

મેં તેમને જ રૂ. ૪૦૦ આપી, તે અંગે બધી વ્યવસ્થા કરવાનું કહ્યું.

નિર્ધારિત દિવસે રાત્રિ પડ્યા પછી તેમની ઓરડી પર ગયો, તો ત્યાં પાંચ મોટાં માટીનાં માટલાં મૂકેલાં હતાં.

એકમાં ઘઉ ભર્યા હતા.

બીજામાં ચોખા હતા.

ત્રીજામાં મીઠાઈ હતી.

ચોથામાં પણ મીઠાઈ અને પાંચમામાં દૂધ હતું. તેમણે મારી પાસે અમુક પ્રાર્થના કરાવીને દરેક માટલામાં મારા હાથે સોટી ખોસાવી.

તે દ્વારા એમ બતાવ્યું કે આખું માટલું વસ્તુથી ભરેલું છે. પછી તેમાં થોડું થોડું મોરથૂથું નખાવ્યું અને જણાવ્યું કે સવારે આનું સમુદ્રમાં વિસર્જન થઈ જશે.

વળી કાલે સાંજે તથા પરમ દિવસે સાંજે પણ આ જ પ્રમાણે આવવાનું.

હું ત્રણ દિવસ એ રીતે ગયો. પણ મન શંકાશીલ હોવાથી તપાસ કરવા લાગ્યો. તો મૌલવીને ત્યાંથી કોઈ માટલાં દરિયામાં પધરાવવામાં આવ્યાં ન હતાં.

એક નાનો છોકરો તેમને ત્યાં કામ કરનારો હતો. તેને પણ પૂછી જોયું હતું.

એ ગમે તે હોય પણ બીજા દિવસે પાછાં માટલાં નવાં અને તાજાં મૂક્યાં હોય તેવાં દેખાતાં હતાં. તેમાં કંઈ ફેર ન હતો તે ખરેખર દેખાતું હતું. અને તેના ઉપર હું ક્રિયા કરતો હતો, પણ તે સાચું હતું કે ઇંદ્રજાળરૂપ હતું, તેનો નિર્ણય કરી શક્યો નથી.

ત્યાર બાદ તંત્રવિદ્યામાં હું પોતે ઊંડો ઊતર્યો પણ તેનો નિર્ણય કરી શક્યો નથી. એ ખરેખર કેવી રીતે કર્યું હશે ?

તેમની સાથેની વાતચીતમાં જાણી શક્યો કે તેમના દાદા વગેરે અકબર બાદશાહ આદિના ખાસ વિશ્વાસુ હતા અને તેઓ જંત્ર વગેરે કરી આપતા, અને તેનો ચમત્કાર પણ બતાવતા.

ત્યાર બાદ ભાવતાલની ચિઠ્ઠી મળી પણ તે ખોલતાં કોરી નીકળી.

પેલાએ આશ્ચર્ય બતાવ્યું. પ્રયોગ કરવાની તૈયારી બતાવી. એવામાં મુંબઈમાં હિંદુ-મુસ્લિમ હુલ્લડ ફાટ્યું અને નવ મહિના સુધી જામલી મહોલ્લામાં જવાયું નહિ.

દરમિયાન મૌલવીજી ત્યાંથી ક્યાંક ચાલ્યા ગયા હતા, તેની કોઈને ખબર પડી નહિ.

મેં પૂરા રૂ. ૪૦૦ ખરચીને આ તમાશો જોયો.

પછી વિશેષ તપાસ કરતાં જણાયું કે તેઓ રેસના ઘોડા બાબત પણ પ્રથમ આ રીતે ખાતરી કરાવી આપતા. કાગળ કોરો હોય તેના પર બધા ઘોડા જીતના ક્રમ પ્રમાણે લખેલા નીકળતા. પછી જ્યારે તે ચિઠ્ઠી આપતા ત્યારે તેમાં રમવા માટેનું કાંઈ પણ નીકળતું નહિ અર્થાત્ કોરું જ નીકળતું !

આમ ભાવ ઊઘડ્યા પછી કે રેસ રમાયા પછી જે વસ્તુ લખાઈ જતી, તે જ મોટો ચમત્કાર હતો, પરંતુ બનતા પહેલાં કહેવાની શક્તિ ન હતી. એટલે આ પ્રમાણે લોકોને છેતરતા !

ગમે તેમ પણ યંત્રની આવી ચમત્કારિત શક્તિ મેં પ્રત્યક્ષ જોઈ છે. અને ખરી ઇંદ્રજાળ કેવી હોય છે, તેનો પણ અનુભવ કર્યો છે.

સને ૧૯૪૧-૪૨ની આ ઘટના છે.

આવી જાણીતી છતાં અજાણી વસ્તુ બતાવનાર આ પત્રલેખક પોતે આજે તંત્ર-મંત્રના ખાસ જ્ઞાતા છે. છતાં આ ઇંદ્રજાલ વિદ્યાનો ભેદ પામી શક્યા નથી. સહુ સહુની આગવી આ વિદ્યાઓ હતી. તે માણસના જવા સાથે 'એ' ચાલી જતી.

□



૧૯. શનિનું નંગ

આ કહાણી ભારતને સ્વરાજ મળ્યા પહેલાંની છે. સૌરાષ્ટ્રમાં ગોહિલવાડ જિલ્લામાં ભાવનગર રાજ્યની જ્યારે હકૂમત હતી, ત્યારે ભાવનગરથી સુરેન્દ્રનગર સુધીની રેલવે પણ એની જ માલિકીની હતી.

આ રેલવે લાઇનમાં ધોળા જંક્શન અને ભાવનગર વચ્ચે સોનગઢ સ્ટેશન છે.

એક ઝવેરી પોતાનું ઝવેરાત લઈ મુસાફરી કરતો કામકાજે સોનગઢ ઊતર્યો. સ્ટેશન માસ્તર સાથે સંબંધ હતો, એટલે ત્યાં રાત રોકાયો. ઝવેરીએ પોતાનું ઝવેરાત દેખાડ્યું, સાથે નવગ્રહનાં રત્નો – નંગો પણ હતાં. એમાં એક શનિનું વાદળી આકાશી રંગનું પણ નંગ

હતું. એ ઘણું સુંદર, ચમકદાર અને તેજસ્વી તેમ જ કીમતી હતું.

આ નંગ આશરે પાંચસોએક રૂપિયાની કિંમત ઉપરનું હતું. સ્ટેશન માસ્તરને પસંદ પડ્યું. કિંમત પૂછી. ઝવેરીએ અઢીસો રૂપિયા કહ્યા. વળી ઝવેરીએ ઉમેર્યું કે તમે ભાવનગર આ નંગ મોકલી સારા જાણકાર ઝવેરી પાસે કિંમત અંકાવો અને જો પાંચસો રૂપિયાની કિંમતનું આ નંગ હોય તો મને અઢીસો આપજો.

આ રીતે સોદો નક્કી થયો. શનિનું નંગ ખરીદાઈ ગયું. સ્ટેશન માસ્તરે લીધું.

સ્ટેશન માસ્તર રાત્રે વાળુ કરી બીડી પીતા રૂમમાં બેઠા હતા. પી રહ્યા પછી સળગતી બીડી બુઝાવ્યા વગર બારીમાંથી બહાર ફેંકી. તે મકાનના છાપરા નીચે ઓટલા ઉપર બાળકોને બેસવાની બાબાગાડી ઉપર પડી.

સ્ટેશન માસ્તર અને ઘરનાં સૌ સૂઈ ગયાં. રાત્રે મોડેથી સળગતી બીડીના સ્પર્શથી બાબાગાડીની ગાદી, એનો હાથો અને પછી લાકડાં વગેરે સળગ્યું. મોટો ભડકો થયો, અને મકાનના છજા સુધી પહોંચ્યો. છાપરાનાં નેવાંને અડ્યો.

રેલવે ક્વાર્ટરનાં છાપરાં બહુ નીચાં હોય છે. આગ લાગતાં સ્ટેશન માસ્તર અને ઘરના સૌ જાગી ગયાં અને તરત જ પ્રયત્ન કરી આગને કાબૂમાં લઈ ઓલવી નાખી.

પણ સ્ટેશન માસ્તરને શનિના નંગ ઉપર વહેમ આવ્યો, કારણ કે જો શનિનું નંગ અપશુકનિયાળ કે દાગવાળું હોય તો નુકસાન કરે છે, અને શુકનિયાળ હોય તો લાભ કરે છે, આવી માન્યતા છે.

હવે આ શનિનું નંગ સ્ટેશન માસ્તરે પડોશમાં રહેતા રેલવેના બાબુસાહેબને બતાવ્યું, અને પોતાને વેચી દેવું છે એમ કહ્યું. એમને પણ ખબર તો હતી જ; કારણ કે આ શનિનું નંગ ખરીદાયું ત્યારે બાબુસાહેબ પણ ત્યાં હાજર હતા. પરંતુ લગભગ પાંચસો રૂપિયાનું નંગ અઢીસોમાં મળે ત્યારે એ લેવા કોણ તૈયાર ન થાય ?

બાબુસાહેબ જરા ઉદાર વિચારના હતા. આ બનાવને એક અકસ્માત ગણી વહેમ રાખ્યા વગર સ્ટેશન માસ્તર પાસેથી એ શનિનું નંગ એમણે વેચાતું લીધું.

ત્યાર પછી બનવા કાળે એવું બન્યું કે એક વાર બાબુસાહેબ લાઇનમાં જતા હતા. ચાલતી ગાડીએ ચડવા માટે ડબ્બાનું હૅન્ડલ પકડવા જતાં હાથમાંથી છટકી ગયું અને પ્લૅટફૉર્મ ઉપર પટકાયા. સારું થયું કે પાટાથી દૂર પડ્યા; નહિ તો કપાઈ જ જાત !

આ બનાવથી બાબુસાહેબને પણ શનિના નંગ ઉપર વહેમ આવ્યો. એટલે એમણે એ નંગ રેલવેના ઉપરી અમલદારને બતાવ્યું. એમને એ ગમી ગયું અને રાખી લીધું.

ત્યાર પછી એમની ઉપર જીવલેણ હુમલો કોઈએ કર્યો. પરંતુ સદ્ભાગ્યે બચી ગયા. રેલવાળાની કોઈ યુવાન સુંદર કુમારિકાના શરીર સાથે ચેડાં કરવાના પ્રયત્ન બદલ આવું બન્યું હતું.

હવે રેલવેના અમલદારને પણ આ ગોઝારા શનિના નંગ ઉપર વહેમ આવ્યો. પરંતુ એમણે એ કોઈને વેચી ના દેતાં સોનગઢ-ભાવનગર વચ્ચે બાજુડ ગામનું પાટિયું – ફ્લૅગ સ્ટેશન તરીકે આવે છે, ત્યાંથી પસાર થતી રેલવે લાઇન નજીક એક કૂવો હતો, એમાં પધરાવી દીધું.

થોડા સમય પછી રેલવે હદની પાકી માપણી આવી. એમાં એ કૂવો રેલવેની હદમાં નીકળ્યો, એટલે રેલવે ખાતાએ પૂરી દેવાનો હુકમ કર્યો. અને એ પ્રમાણે સદરહુ કૂવો બૂરી દેવામાં આવ્યો. એમાં આ શનિનું અપશુકનિયાળ નંગ દટાયેલું પડ્યું છે.

આ રીતે જે કૂવામાં એ નંગ પધરાવ્યું એ કૂવો પણ બુરાઈ ગયો અને જે ખેડૂતનો એ કૂવો હતો એણે પોતાની બાકીની હદમાં બીજો પોતાને ખર્ચે નવો કૂવો ખોદાવી બંધાવવો પડ્યો.

આ રીતે આ અપશુકનિયાળ શનિનું નંગ જેની જેની પાસે ગયું અથવા સીધી કે આડકતરી રીતે સંસર્ગમાં આવ્યું એ સ્થાવર, જંગમ અને જડચેતન સૌને ઓછેવધતે અંશે નુકસાન તો થયું જ.

આ કરુણ કહાણીને બીજી દૃષ્ટિએ પણ જોઈ શકાય તેમ છે. આ શનિનું અપશુકનિયાળ નંગ સ્ટેશન માસ્તર, બાબુસાહેબ અને અમલદાર એમ ત્રણની પાસે ગયું. હવે જો આ સૌનાં જીવન ધર્મપરાયણ, નીતિપરાયણ, પ્રામાણિક, સદાચારી હોત તો ? એમને શનિનું નંગ શું કરી શકત ?

કેટલીક વાર ગમે તેવાં અપશુકનિયાળ નંગો ધર્મપરાયણ ભગવાનના ભક્તોને કશું કરી શકતાં નથી. ગમે તેવા ક્રૂર પાપગ્રહો પણ નડી શકતા નથી. પ્રભુની દયા હોય તો કશું જ થતું નથી. એટલે આ વિષયને બીજા દૃષ્ટિકોણથી જો જોઈએ તો એનાથી ડરવાની પણ જરૂર નથી. હિરણ્યકશ્યપનો ત્રાસ ભક્ત પ્રહ્લાદને કશું કરી શક્તો નથી. દુર્વાસાનો શાપ ભક્તરાજ અંબરીષને જરાય હાનિ કરી શક્તો નથી. જે માનવી ધર્મપરાયણ હોય, જેની ઉપર ભગવાનની દયા હોય તેને કશું થતું નથી. સઘળું દુઃખ તો પાપીજનો અને દુરાત્માઓને જ નડે છે, કારણ કે એમની પાસે સર્વશક્તિમાન પ્રભુની કૃપામય રક્ષણશક્તિ હોતી નથી.

□



૧૩. શ્રી ધરણેન્દ્ર પદ્માવતી

મણિમંત્ર ને ઔષધિઓના પરમ જ્ઞાતા માનનીય યતિમંડળ વચ્ચે બેસીને આ વાત સાંભળી છે. અતીન્દ્રિય વસ્તુની આંતરગવાહી મુશ્કેલ છે. એમાં આંખે જોયેલું સત્ય અસત્ય નીવડે છે; ને નજરે નહિ દીઠેલા આભાસો સત્ય નીકળે છે. સગી આંખ છેતરાય એવો ઘાટ ત્યાં ચાલે છે.

બંગાળની વાત છે.

અંગ્રેજો અને બંગાળના નવાબોની મુઠભેડની વેળા હતી.

નવાબોના ખજાના ખાલી થતા હતા.

અંગ્રેજો રૂપિયાના યાર હતા. બંને પક્ષોને પોતાનું લશ્કર આપી લડાવતા અને ન લડે તેને ભંભેરતા અને આંતરયુદ્ધો સદા ચાલુ રાખતા.

દેશનો ખજાનો ખાલી થતો જતો હતો.

દયાદાનના સંસ્કારો લુપ્ત થયા હતા. સહુ કહેતા કે કામ તો કરી દઈએ, પણ અમારું શું ?

એ વખતે એક મહાયતિ બંગાળમાં ઘૂમે. મણિમંત્ર ને ઔષધિના પરમ જ્ઞાતા. ભલભલા રાજામહારાજા એના સેવકો. પણ પોતે તો દો રોટી ને એક લંગોટીવાળા.

માનનીય જતિજી ધરણેન્દ્ર પદ્માવતી કલ્પના ભારે જ્ઞાતા. શ્રી ધરણેન્દ્રની સાધના એટલી જબ્બર કે ધાર્યાં નિશાન તોડી પાડે. ધાર્યાં કામ કરાવે.

પણ ત્યાગી ને નિઃસ્પૃહ પુરુષને શું કામ ને શું નિશાન ! એના મનમાં તો એક જ વાત કે ધર્મનો પ્રચાર થાય. દયા અને દાનનો પ્રવાહ વહેતો રહે.

આમ કરતાં ઉંમર થવા આવી. શ્રી ધરણેન્દ્રને પદ્માવતી મંત્રનો પોતાના જેવો પ્રખર આરાધક કોઈ ન મળ્યો. ને જીવતરનાં છેલ્લાં વર્ષો વીતવા લાગ્યાં.

અહીં દેશ દેવાળિયો થતો ચાલ્યો, ને માણસો સ્વાર્થી બનતા ચાલ્યા. યતિજી એક એવો પુરુષ નિર્માણ કરવા માગતા હતા, જેના મન–ખજાનામાં દેશભરને જિવાડી શકે તેટલું સુવર્ણ પડ્યું હોય.

ફરતાં ફરતાં તેઓ મુર્શિદાબાદ આવ્યા. અહીં એક મોટી પેઢી ચાલતી હતી.

પેઢીના માલિક બે ભાઈ હતા. દયા-દાનના ભાવવાળા હતા, પણ ત્રણ સાંધે ત્યાં તેર તૂટતા હતા.

આ બે ભાઈની પેઢીમાં બદરી નામનો એક નોકર હતો. હતો તો ગરીબ પણ હૈયું દયાધર્મવાળું હતું.

જીવનની સંધ્યા ઝડપથી બેસતી હતી. કામ ત્વરિત પતાવવું હતું. જતિજીએ બંને ભાઈ પાસે આવાસ માગ્યો. આવાસ આપ્યો : એટલે બે દહાડા ભોંયરું માગ્યું.

ભોંયરું આપ્યું એટલે ૨૯ દિવસ પોતાને તેમાં પૂરી દેવા કહ્યું ને નાના ભાઈને રોજ બપોરે દૂધ પહોંચાડવાનું સૂચવ્યું.

બરાબર વ્યવસ્થા થઈ ગઈ.

જતિજીએ કહ્યું કે બરાબર ઓગણત્રીસમા દહાડે બંને ભાઈ આવજો. કંઈક આપીશ.

ભોંયરામાં જતિજી ગયા. તાળું મરાયું. ૨૮ દિવસ પસાર થયા.

૨૯મા દિવસનું પ્રભાત ઊઘડે એ પહેલાં તે રાતે મોટા ભાઈનો દીકરો એકાએક ફાટી પડ્યો. સવારે તો આખું ગામ સ્મશાને ઊપડ્યું.

નાના ભાઈને દૂધની વાત યાદ હતી. એણે નોકર બદરીને કહ્યું કે નિયત વેળાએ દૂધ આપી આવજે.

બદરી ભાવુક હતો.

એ દૂધ લઈને ભોંયરામાં ગયો.

ઓગણત્રીસમો દિવસ વીતતો હતો. ભૂમિગૃહનો એક એક અણુપરમાણુ મંત્રપૂત થઈ ગયો હતો. વિદ્યુતપ્રવાહોથી આખું સ્થળ પ્રકાશિત હતું.

'ક્યાં ગયા તારા શેઠ ?' યતિજી આવેશમાં હતા.

'દીકરો ગુજરી ગયો. સ્મશાને ગયા.'

'ભાવિભાવ. બદરી ! વિધાતાની કલમના અક્ષરો જુદા લાગે છે. આવી જા તું ને આસન પર બેસી જા. નિર્ભય છે ને ?'

'ગુરુજી ! ભય જીવનમાં જાણ્યો નથી.'

'જો શ્રી ધરણેન્દ્રનો મંત્ર આપું છું. બાકીની બધી તૈયારી મેં કરી છે. હવે તું ફક્ત એકસો આઠ વાર જપજે. પણ ધ્યાન રાખજે કે એક સર્પ આવશે. તારા શરીર પર ઘૂમશે. તારા મસ્તકે ચડશે. ઉપર ચડી જીભ કાઢશે. સાપને બે જીભ હોય. તારી જીભનો છેડો આ બે જીભોને સ્પર્શ કરવો જોઈએ. તો તારો બેડો પાર થશે. બોલ, છે હિંમત ?'

બદરી કહે : 'ગુરુની હાજરીમાં હિંમત શા માટે ન હોય ?'

બદરી આસન પર બેસી ગયો.

સર્પ આવ્યો. શરીરે ભરડો દઈ ઉપર ચડ્યો. માથે જઈ નૃત્ય કર્યું.

બદરી મંત્ર જપતો સ્થિર હતો.

જતિજી પણ મંત્રો ઉચ્ચારી રહ્યા હતા.

સાપે ડોકું નીચું કર્યું. હવે એ ડોકાને જોવું પુરુષાતનની પરીક્ષા હતી.

અને સાપે જીપ કાઢી.

જીભ સાથે જીભ જોડવી મહા મુશ્કેલ હતી.

બદરી આંખ મીંચી ગયો.

થોડી વારે સર્પ ચાલ્યો ગયો.

જતિજી નિરાશ થઈ ગયા અને બોલ્યા :

'ભાવિ કોઈ દિવસ કોઈથી ફરતું નથી. વિધિના લેખ એવા હશે કે તું રાજા ન થા, અને એમ થયું. વારુ, એક પંજો જમીનમાંથી બહાર નીકળશે. હાથ મિલાવજે.'

જતિજી સાધનામાં બેઠા.

થોડી વારે જમીન પર પોતાનો દંડ પ્રહાર્યો.

જમીન ફાટી.

અંદરથી અજબ જેવો પંજો બહાર આવ્યો.

બદરીને પહેલાં તો થયું કે આ પંજા સાથે પંજો કેમ મિલાવાય ? કદાચ પાતાળમાં ઘસડી જાય તો ?

પણ બદરીએ સાહસ કર્યું.

પંજાથી પોતાનો પંજો મિલાવ્યો.

એક ધડાકો થયો ને શેષનાગની જીભ જેવી જીભ બહાર નીકળી આવી !

થોડી વાર મંત્ર ભણતા બંને ચૂપ રહ્યા.

આખરે જતિજી બોલ્યા :

'બદરી ! તને હું દાનધર્મી રાજા બનાવવા ચાહતો હતો. પણ વિધિનું વિધાન જુદું જ છે. તું હવે લક્ષ્મીપતિ બનીશ. નગરશેઠમાંથી જગતશેઠ બનીશ. નવાબો, સુલતાનો તારા ચોપડે દેણદાર થશે. પણ બેટા ! શેષનાગની જીભ જુદું કહે છે. આખરે તો ધર્મ તરશે.'

જતિજીએ ભોંયરું ખોલાવ્યું ને ચાલ્યા ગયા. એ પછી એ કોઈ દિવસ ન મળ્યા.

કહેવાય છે કે જીવનનું છેલ્લું કામ આ રીતે પૂરું કરી પોતે નદીકાંઠે જઈને યોગસમાધિ લઈ લીધી હતી.

વાત પૂરી કરતાં મુનીન્દ્રે કહ્યું કે બાદશાહ અકબરના પ્રતિસ્પર્ધી હેમુ પાસે આવો જ કોઈ જતિનો મંત્ર હતો, એમ એ કાળના મહાન દરબારી લેખક આઝાદે લખ્યું છે.

□



૧૪. કાન્હો ભટ્ટ

બનારસમાં એક ગલી છે.

કાન્હો ભટ્ટની એ ગલી કહેવાય છે.

થોડા વખત પહેલાં ત્યાં એક સાદી ઓરડી હતી. એ કાન્હો ભટ્ટની કુટિયા કહેવાતી.

કાન્હો ભટ્ટ ક્યાંના હતા, ક્યારે આવ્યા, ને ક્યારે ગુજરી ગયા, એનો પત્તો નથી. એનો પત્તો આપનાર કોઈ મોજૂદ પણ નથી. પણ એટલી વાત નક્કી છે કે કાન્હો ભટ્ટ વેદવિદ્યામાં પારંગત હતા. અનુલોમ યા પ્રતિલોમ ક્રમથી વેદની ચારે સંહિતાનું પારાયણ કરી જવું, એમને મન રમત વાત હતી.

કાન્હો ભટ્ટ પ્રખર કર્મકાંડી હતા : ને ભારે વિદ્વાન હતા. દેશદેશાવરના પંડિતો એમની પાસે વિદ્યા શીખવા આવતા, અને વિદ્યાની યાચના કરતા બેસી રહેતા. ન જાણે ક્યારે ભટ્ટજીની કૃપા એમના પર થતી : ને તેઓ વેદપાઠ પામતા.

કાશી – બનારસ જેમ ભગવાન વિશ્વનાથનું ધામ છે, એમ પવિત્ર વિદ્યાધામ પણ છે. આ નગરીમાં એક દહાડો એકલા, એકાકી કાન્હો ભટ્ટ આવ્યા હતા. અનેક સદાવ્રતોમાંથી એકનો આશ્રય લઈ એક ટંક જમ્યા હતા : ને એક પૈસાની દક્ષિણામાંથી તેલ અને દાળિયા લાવ્યા હતા.

એક પૈસાના એરંડિયાનો દીવો બે દહાડાના પઠન પૂરતો પ્રકાશ પાથરતો. એક પૈસાના શેકેલા ચણા બે દહાડા માટે સાંજે વાળુ કરવાના કામમાં આવતા.

કાન્હો ભટ્ટ અહીં ભણીને વિદ્વાન થયા, ને અહીં જ શાસ્ત્રાર્થમાં પોતાના ગુરુને હરાવ્યા. ગુરુ ભદ્ર પુરુષ હતા, ને વિદ્યા આપવામાં કશો પણ સંકોચ રાખ્યો નહોતો. શિષ્યના હાથે થયેલા આ પરાજય પછી, ગુરુની સ્થિતિ સારી રહી નહિ. સારા સારા વિદ્યાર્થીઓ કાન્હો ભટ્ટ પાસે ભણવા જતા, યજમાનો પણ ગુરુને બદલે શિષ્યને ખોળતા.

કાન્હો ભટ્ટ પોતાના ગુરુના પરાજયમાંથી એક વાત શીખ્યા કે શિષ્ય ગમે તેવો સુશીલ ને સંનિષ્ઠ હોય, પણ કોઈને પૂરી વિદ્યા આપવી નહિ !

કાન્હો ભટ્ટ માટે કહેવાતું કે એમણે ઘણા શિષ્યોને લીંબડે લટકાવ્યા છે : ને વિદ્યાનું ગુપ્ત રહસ્ય આપ્યું નથી. આ ઉપરથી ઘણા વિદ્યાર્થીઓ રાતદિવસ ભૂલી એમની સેવા કરતા : પણ તેઓય વિદ્યાનું ગુપ્ત રહસ્ય પામી શકતા નહિ.

કાન્હો ભટ્ટ વૃદ્ધ થયા ને મૃત્યુના ઓળા ઊતર્યા. એ વખતે એમના દિલમાં ભારે અજંપો થવા લાગ્યો. તેમને થયું કે મારા માથે ગુરુઋણ છે. ગુરુની આપેલી વિદ્યા હું કોઈને ન આપું તો મારી મુક્તિ થાય નહિ ! મારા ગુરુનો ભલે દુન્યવી રીતે પરાજય થયો,

પણ મને વિદ્યા આપીને એ ગુરુઋણમાંથી મુક્ત થયા, ને સદ્‌ગતિને વર્યા. મારી હવે નક્કી અવગતિ થશે !

રેતીના રણમાં પડેલો મગર જેમ અકળામણ અનુભવે, એમ કાન્હો ભટ્ટ અકળામણ અનુભવી રહ્યા. છેલ્લે છેલ્લે તેઓએ શિષ્યોને તેડ્યા, પણ લકવાનો એક હુમલો આવ્યો, ને બોલવું જ બંધ થઈ ગયું.

થોડે દિવસે ભટ્ટજી ગુજરી ગયા. એમની પૂરેપૂરી અંત્યેષ્ટિ ક્રિયા થઈ, પણ એ વખતે તાર-ટપાલનો બહુ વ્યવહાર નહિ, એટલે બીજે સ્થળે તેમના મૃત્યુના સમાચાર પહોંચ્યા નહિ.

દેશ-દેશાવરથી વિદ્યાર્થીઓ વેદાભ્યાસ માટે કાન્હો ભટ્ટ પાસે ચાલુ રીતે આવતા. આ વિદ્યાર્થીઓ ગંગાસ્નાન કરી સદાવ્રતમાં જમતા, ને પછી કાન્હો ભટ્ટની કુટિયા શોધવા નીકળતા.

એ વખતે એક માણસ એમને મળતો. એ કહેતો કે ચાલો, હું કાન્હો ભટ્ટની કુટિયા પાસે રહું છું, તમને કુટિયા બતાવું.

બધા વિદ્યાર્થીઓ તેને અનુસરતા. પેલો માણસ દૂરથી કુટિયા બતાવી દેતો. સહુ આગળ વધતા તો પાછળથી પેલો ચાલ્યો જતો.

કુટિયાનું દ્વાર સામાન્ય રીતે વાસેલું રહેતું. વિદ્યાર્થીઓ ત્યાં પહોંચતા કે અંદરથી ખોંખારો સંભળાતો ને દ્વાર ખૂલતું.

બે બાજુ બે પિત્તળની દીવીઓ વચ્ચે કાષ્ઠાસન પર પૂરી ઊંચાઈના પડછંદ કાન્હો ભટ્ટ બેઠેલા નજરે પડતા. એમની મોટી ધોળી પાંપણો ઠેઠ ગાલ પર પડતી : ને માથાની શિખા ભૂમિને સ્પર્શતી.

અનુનય કે વિનયના ઉપચાર વગર તરત ભટ્ટજી પોથી ગ્રહણ કરતા ને ધડાધડ ભણાવવા લાગી જતા. લગભગ બેક ઘડી પઠનપાઠન ચાલતું. પછી સહુને વિદાય મળતી. કેટલાક વિદ્યાર્થીઓ ગુરુસેવા માટે ત્યાં જ રહેવા માગતા. ભટ્ટજી એનો ઈન્કાર કરતા.

એક તરફ કાન્હો ભટ્ટની વિદ્યાગુરુ તરીકે પ્રશંસા થતી, ત્યારે બીજી તરફ લોકો એમના સ્વર્ગવાસની વાત કરતા. પણ બેમાંથી એકેય પક્ષ ખાતરી માટે વિશેષ કંઈ કહેવા તૈયાર નહોતો.

કાન્હો ભટ્ટજી કોઈ વાર બ્રાહ્મમુહૂર્તે ગંગાના બ્રહ્મઘાટ પર પણ ફરતા જોવાતા. એ વખતે તેઓ વિદ્યાર્થીઓને એકત્ર કરતા : ને વિદ્યાદાન આપતા. પણ લોકોમાં એમની ચેષ્ટા, એમના હાવભાવથી જાતજાતના તર્કવિતર્ક થતા. કાન્હો ભટ્ટ આંખ ઉઘાડીને કોઈની આંખ સાથે આંખ મિલાવતા નહિ.

છેલ્લા વખતમાં દક્ષિણ ભારતનો એક વિદ્યાર્થી તેમની પાસે આવ્યો હતો. ખૂબ જ ચતુર વિદ્યાર્થી હતો, ને મર્યાદા જાળવીને જેટલું લઈ શકાય તેટલું લેતો હતો. કાન્હો ભટ્ટ ગમે તેવાને પોતાના ભોજન વખતે કે નિત્યક્રિયા વખતે હાજર રહેવા દેતા નહિ.

આ તરફ તડામાર અભ્યાસ ચાલતો હતો, બીજી તરફ કેટલાક બ્રાહ્મણો કાન્હો ભટ્ટની પૂરેપૂરી તપાસ કરવા આજુબાજુ ઘૂમ્યા કરતા. તેઓને શક હતો કે, ભટ્ટ તો ગુજરી ગયા. આ એમનું પ્રેત છે.

કાન્હો ભટ્ટ પણ આ છિદ્રાન્વેષીઓથી સાવધ હતા. જે કોઈ બ્રાહ્મણ તેઓની પરીક્ષા કરવા ત્યાં આવતો, તેની દાનદક્ષિણા ગુમ કરી દેતા. જનોઈના કકડા કરી નાખતા. કેટલાકની ચોટલીઓ કપાઈને હવામાં ફગફગતી દેખાતી ! ધીરે ધીરે બ્રાહ્મણોએ ડરીને કાન્હો ભટ્ટની ગલીમાં આવવું-જવું છોડી દીધું.

પણ કાન્હો ભટ્ટ હવે ભણાવવામાં ખૂબ ઝડપ કરવા લાગ્યા. પેલા મદ્રાસી બ્રાહ્મણકુમાર નિજલિંગમને તો પોતાની કુટિયામાં ને કુટિયામાં રાખવા માંડ્યો, ને સવાર-સાંજ ભણાવવા માંડ્યો. રખેને બહાર નીકળે અને બ્રાહ્મણોની વાતોમાં આવી જાય તો ! કદાચ ભય પામીને ભાગતો થાય.

છતાં નિજલિંગમ સાવ અજાણ્યો નહોતો ! પોતાના ગુરુ માનવ નથી, તેવી શંકા તેને થઈ હતી : ને ગુરુઋણ અદા કરવા પોતાની પ્રેતયોનિમાંથી છુટકારો મેળવવા તેઓ પ્રયત્ન કરી રહ્યા છે : એમ પણ એ માનતો હતો.

એક રાતે ગુરુ શિષ્યને ભણાવતા ભણાવતા આરામ લેવા આડા પડ્યા. શિષ્ય પણ ભીંતના ટેકે ઝોકે ચડી ગયો, ને દીવાની વાટ બળી જવા આવી.

કાન્હો ભટ્ટે આ જોયું, તેઓએ માન્યું કે શિષ્ય સૂતો છે. તેની નિદ્રામાં દખલ સારી નહિ. તેમણે તરત સૂતાં સૂતાં હાથ લાંબો કર્યો. દીવો પાંચેક ગજ પર હતો. હાથ એટલો લાંબો થયો, ને દીવાની વાટ સંકોરી પાછો હાથ હતો તેવો નાનો થઈ ગયો.

શિષ્ય નિજલિંગમ ખરેખર ઝોકે ચડ્યો નહોતો. એ જાગતો હતો ! એણે લાંબો થયેલો હાથ જોઈ લીધો, ને સવારે ગુરુને પોતાના સમ આપી પ્રશ્ન કર્યો.

કાન્હો ભટ્ટ બોલ્યા : 'વત્સ ! મારું વિદ્યાઋણ ને ગુરુઋણ ચૂકવાઈ ગયું. હું કાન્હો ભટ્ટનું પ્રેત છું, પિશાચ છું. મેં તને ખાસ પૈશાચી ભાષા શીખવી છે. તું હવે તારા ઘેર જજે. મારા પ્રસ્થાનનો સમય પાકી ગયો છે, મારી અંતિમ ક્રિયા સારી રીતે કરજે.'

ને આટલું બોલતાં બોલતાં કાન્હો ભટ્ટ શાલ ઓઢીને લાંબા થઈને સૂઈ ગયા. એમની પડછંદ કાયા આખી કુટિયા રોકીને પડી હતી. ડાઘુઓ એકત્ર થયા, ને શાલ ખસેડી તો ત્યાં ફક્ત ફૂલોનો ઢગલો હતો.

દક્ષિણ હિંદમાં કાન્હો ભટ્ટના શિષ્ય નિજલિંગમે પૈશાચી ભાષાનો પ્રચાર કર્યો. પ્રાકૃતની ચાર ભાષાઓમાંની એક એ ભાષા છે !

આ રીતે વિદ્યાઋણ ફેડ્યા પછી જ કાન્હો ભટ્ટ જેવા વિદ્વાનનો પણ પ્રેતયોનિમાંથી છુટકારો થયો.

□



૧૫. મારણમંત્ર

સૂર્ય વિના આભની જે હાલત થાય તે મુનીન્દ્ર વિના અમારી મંડળીની હતી. ઘણી ઘણી મુસાફરીઓ કરીને મુનીન્દ્ર ઘણે વખતે આવ્યા હતા. આજે તેઓની સાથે એક દરજીગોર હતા.

ગોરપદું બ્રાહ્મણને વરેલું હોય છે. જે દરજીનું ગોરપદું કરે, તે દરજીગોર ! મોચીનું ગોરપદું કરે તે મોચીગોર ! આ હતા દરજીગોર ! નામ વનપ્રસાદ !

આ દરજીગોર તો અવસ્થાના આરે હતા. આંખોની આસપાસ કાળાં કૂંડાળાં વળી ગયાં હતાં. મોં પરની કરચલીઓ કોઈ કરુણ કાવ્ય કથતી હતી. ફક્ત અંદરની બે પીળી કીકીઓ નવનવા ભાવે ચમકતી હતી. એમાં ઈતિહાસ ભંડાર્યો હતો.

પ્રથમ દર્શને અમને આ વ્યક્તિ કોઈ ભેદી લાગી. પણ મુનીન્દ્રની સાથે હોવાથી અમે બીક અનુભવી શક્યા નહિ.

મુનીન્દ્રે કહ્યું : "કોઈ અંધારી ગેબની ગુફામાં નિરાશાના દિવસો પૂરા કરતા ચિત્તા-દીપડા જેવા આ માનવીને અહીં તમારી વચ્ચે લાવ્યો છું. સંસારની સાંકળોમાં જકડાયેલા આ પુરુષસિંહે પેટ ખાતર પિંજર સ્વીકાર્યું, ને ઈચ્છા નહોતી તોય ખેલ ભજવવા પડ્યા. એક ભયંકર પશ્ચાત્તાપ એ એના શેષ જીવનનો સરવાળો છે."

મુનીન્દ્રની આ અવળવાણીમાં અમે વિશેષ કંઈ સમજી શક્યા નહિ. અમે કહ્યું :

"જરાક સ્પષ્ટ કરો !"

"જે વિષય સ્પષ્ટ કરવા તમે કહો છો તે સ્પષ્ટ કરવા જતાં જ અસ્પષ્ટ બન્યો છે. છતાં કહું છું." ને મુનીન્દ્રે પોતાની કમર પરથી એક ફૂલ કાઢ્યું, ને એ દરજીગોર વનપ્રસાદ સામે ધર્યું !

વનપ્રસાદે અર્ધમીંચી આંખે ફૂલ સામે જોયું ને ધ્રુજારી અનુભવી. આંખોમાં હિંગળોક છલકાવા લાગ્યું. રે ! જાણ્યું છતાં સાવ અજાણ્યું !

મુનીન્દ્રે વનપ્રસાદની પીઠ પંપાળતાં પાંચ-પંદર વાર સોહમ્‌નો ઉચ્ચાર કર્યો. એક વાર ગાયત્રીમંત્ર ભણ્યો.

વનપ્રસાદ સ્વસ્થ થતો ચાલ્યો. થોડી વારે મુનીન્દ્રે એને આજ્ઞા કરી :

"પત્રકાર-ચિત્રકારના વિગ્રહપ્રસંગનું બયાન કરો. ડરશો મા. મારી આ જિજ્ઞાસુ મંડળી છે."

વનપ્રસાદ સ્થિર હતો. ફક્ત એની આંખો બોલી રહી હતી. બેક પળ મુનીન્દ્ર ને વનપ્રસાદ આંખોથી વાર્તાલાપ કરી રહ્યા ને એકાએક અલીબાબાએ જેમ મંત્રથી ગુફા ઉઘાડી હતી એમ કોઈ મંત્ર સાથે વનપ્રસાદની મનગુફા ખૂલી ગઈ. એ બોલવા લાગ્યો. અવાજમાં ભયંકરતા હતી :

"એક પચ્ચીસી પહેલાંની વાત છે. સાવ સાચી છે. એક મોટો પત્રકાર હતો. એની પાસે એક કુશળ ચિત્રકાર હતો. પત્રકાર ને

ચિત્રકાર રજભરી ધરતીનાં કુસુમ હતા. પણ સંસારમાં કુસુમના દેહે પણ કાંટા હોય છે." વનપ્રસાદે વાતનો આરંભ કર્યો.

"ભારતનું મોટું નગર. હજારોની આવજા. ધર્મ કરતાં અર્થ પર લોકોનું ચિત્ત વિશેષ ! લક્ષ્મીનારાયણમાંથી નારાયણને નસાડી મૂકી, સૌ લક્ષ્મીજીની લાલચમાં ફર્યા કરે. એક વાર એવું થયું કે પાણીમાંથી જ આગ લાગી. પત્રકાર ને ચિત્રકાર દૂધ-પાણી જેવા હતા. એમાં ભેદ પડ્યો, ને બંને સામસામા મેદાને પડ્યા. મેદાને પડ્યા તે કેવા પડ્યા ? એકબીજાની આંખો લડે !"

વનપ્રસાદ થોભ્યો. એ ચારે તરફ નજર ફેરવી રહ્યો. પછી થોડી વારે વાત આગળ ચલાવી :

"ચિત્રકારે પત્રકારને કોરટમાં લીધો. આક્ષેપો એવા મૂક્યા કે સિદ્ધ થાય તો પત્રકારને સજા થાય, આબરૂ જાય ને રચેલો આખો માંડવો કડડભૂસ પડી જાય.

"રસાકસી ચાલી. કોર્ટમાં ધમધમાટ શરૂ થયો. આ વખતે એક હિતૈષીએ ન શહેર ન ગામડું એમાંથી મને શોધી કાઢ્યો.

"કોણે મને શોધી કાઢ્યો, કોના માટે શોધી કાઢ્યો એની મને કશી ખબર નહિ.

"હું માંત્રિક હતો.

"હું તાંત્રિક હતો.

"નવો જાદુગર નાના નાના ખેલ કરે એમ નાના નાના ખેલ કર્યા કરતો ને તક મળે તો મોટો ખેલ કરવાની હોંશ હતી.

"મેં મારણવિદ્યા પણ શીખી લીધી હતી, ને એના બળથી માણસનું અશુભ કરી શકું એમ હું માનતો હતો.

"સોનું જોઈ હું ચળી ગયો.

"ન્યાયનીતિ જોયા વગર એક અખતરો કરવા બેસી ગયો. આ એકવીસ દિવસનો પ્રયોગ હતો ને એકવીસ દિવસમાં હરીફ ખલાસ થાય તેવી તેમાં શક્તિ હતી.

"ભૂંડાં દેવી-દેવતાને આમાં નિમંત્રવાનાં હોય છે, ને જે જાણતાં માણસ ધ્રૂજી ઊઠે એવા આચાર કરવાના હોય છે."

વનપ્રસાદ થોડી વાર ચૂપ થઈ રહ્યો.

અમે કહ્યું : "અમને બધી હકીકત કહો. અમે એ મારણમંત્ર વિશે પૂરતું જાણવા ઈચ્છીએ છીએ."

વનપ્રસાદ બોલ્યો : "આપ આગ્રહ ન કરશો. મેં મંત્રવિસર્જન કરી દીધો છે. હું મારા શત્રુને પણ એ શીખવીશ નહિ. આપ વાત સાંભળો.

"મારો પ્રયોગ શરૂ થયો. દિવસ પર દિવસ વીતવા લાગ્યા. મને આમંત્રી લાવનારને મેં કહ્યું કે, બબ્બે દહાડે–છાશવારે આ મંત્રની અસર મને જણાવતા રહેશો.

"આપ એટલું યાદ રાખશો કે, હું પત્રકારના પક્ષવાળા તરફથી બેઠો હતો. પત્રકાર જાણતો હશે કે નહિ, મને તેની ખબર નથી.

"એક દહાડો સમાચાર આવ્યા કે, ચિત્રકારને ઝાડામાં લોહી પડવા માંડ્યું છે.

"મેં મુક્ત હાસ્ય કર્યું ને પાછો ભોંયરામાં પુરાઈ ગયો. ચાર દહાડે વળી સમાચાર આવ્યા કે, રોજના વીસ વીસ ઝાડા લોહી-પસના થાય છે. શત્રુ ખતમ !

"મારો ઉત્સાહ વધ્યો.

"દશ દહાડે સમાચાર આવ્યા કે કોર્ટમાં કેસ ધમાધમ ચાલી રહ્યો છે, ને પેલા ચિત્રકારને ઝાડા બંધ છે.

" 'ઝાડા બંધ થયા છે ? એ ખાટલે પડ્યો નથી ?' મેં ચીસ પાડી. 'નક્કી, એ ગાયત્રીમંત્ર ભણતો હશે. ઝટ તપાસ કરો. કંઈક અશુચિ એના ઘરમાં નાખો.'

"એ દહાડે મેં મારી વિષ્ટાનો આહાર કર્યો. આંગળીથી લોહી કાઢીને પીધું, કારણ કે મેં મારો આખો દેહ મેલા દેવોને સમર્પી દીધો હતો.

"થોડે દહાડે સમાચાર આવ્યા કે ચિત્રકાર હરતાંફરતાં ને સૂતાં ગાયત્રીમંત્ર જપ્યા કરે છે ! અશુચિ નાખવાનો કોઈ ઉપાય નથી. એના મિત્રો ચોકી કરે છે.

"મેં પુરજોશથી પ્રયોગ આગળ ધપાવ્યો.

"એકવીસ દિવસ પૂરા કર્યા, તોય બહાર નીકળ્યો નહિ.

"એક દહાડો ખબર આવી કે પત્રકારની વિરુદ્ધનો મોટો પુરાવો નષ્ટ થયો છે. પત્રકાર નિર્દોષ છૂટી ગયો છે.

"મને ઈનામ મળ્યું. હું રવાના થઈ ગયો. પણ મારું મન પાછું પડી ગયું હતું ! રે ! આ માનવશિકારનો ધંધો કેવો ?


"એક દહાડો મારો એકનો એક દીકરો માંદો પડ્યો ને બલિ, બલિ કરતાં મૃત્યુ પામ્યો. એના માર્ગે મારી પત્ની ગઈ ! લોકોનું ભૂંડું વાંછનારનું ભગવાને ભૂંડું કર્યું ! દેવોએ જ દીકરાપત્નીનો ભક્ષ કર્યો. ભૂંડા દેવોને કોણ પોતાનું કે કોણ પારકું ?

"મેં મારી વિદ્યા એક દહાડો વિસર્જન કરી નાખી. પણ આ પ્રપંચીલું જગત મારો કેડો છોડતું નથી. જગતમાં સહુને શત્રુને મારવો છે, મિત્રને રાખવો છે. એનું નિમિત્ત મને બનાવવો છે ! શાન્તિઃ ! શાન્તિઃ ! અશાન્તિ અંતરમાં એવી છે કે દરિયાનું પાણી કે સ્મશાનની ચિતા પણ એ બુઝાવી શકશે કે કેમ ?

"ભાઈઓ ! તમે તો સારું કરજો. ભૂંડું ભગવાનના હાથમાં સોંપજો."

ને મુનીન્દ્રની પછેડીમાં મોં ઘાલીને વનપ્રસાદ પડ્યો રહ્યો. અમને લાગ્યું કે જખમી વાઘ બોડમાં મોં નાખીને પડ્યો છે !

□



૧૬. આકાશના ગ્રહો - પૃથ્વીના પથ્થરો

મુનીન્દ્ર એક કલાત્મક કંકોતરી જોઈ રહ્યા હતા. એક શ્રીમંત શેઠની કંકોતરી હતી. સોનુંરૂપું જેટલું નખાય તેટલું શાહી વાટે એમાં રેડ્યું હતું.

મુનીન્દ્ર એમાં ઉલ્લેખેલા માંગલિક પ્રસંગો વાંચી રહ્યા હતા, અને એકાએક એ ખડખડાટ હસી પડ્યા.

"હસવાનું કંઈ કારણ ?" મંડળીના એક સભ્યે પ્રશ્ન કર્યો.

"આ કંકોતરીના મંગલ પ્રસંગોએ 'ગ્રહ'ના બદલે 'ગૃહ'શાંતિ લખ્યું છે. એથી હસવું આવ્યું. અહીં ગૃહ નથી પણ ગ્રહ છે. ને જો ગ્રહ સારો ને શાંત હોય તો ઘર કે બહાર શાન્તિ જ રહે છે. એ

ગ્રહ જો વંકાયેલો હોય તો બધે અશાન્તિ જ રહે છે. એ માટે કોઈ પણ સારા કામમાં ગ્રહશાન્તિ કે ગ્રહપૂજા પહેલી કરવામાં આવે છે."

"ગ્રહો કેટલા છે ?"

"ગ્રહો સામાન્ય રીતે નવ કહેવાય છે. આ જૂના વખતની માન્યતા હતી. અત્યારે એમાં પણ ફેરફાર થયો છે.

"જૂના કાળમાં સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ ને કેતુ એમ નવ ગ્રહો ગણાતા.

"હાલની શોધ મુજબ બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ, નેપ્ચૂન ને પ્લૂટો એ ગ્રહો તરીકે ગણાય છે.

"ગ્રહો નાનામોટા ગોળાઓ છે, ને તે સૂર્યની આસપાસ ઘૂમે છે. ઈ. સ. ૧૯૩૦માં સૌથી છેલ્લો ગ્રહ શોધાયો છે, જેનું નામ પ્લૂટો છે.

"ગ્રહોમાં સહુથી મોટો ગુરુ છે.

"ગ્રહોમાં સહુથી નાનો બુધ છે.

"જગત અને જીવન તમને આશ્ચર્યજનક લાગશે. પણ એથીય આશ્ચર્યજનક આકાશ છે. જગત અને જીવન પર આકાશનો અજબ પ્રભાવ છે.

"આકાશપુરુષ જ્યારે સૂર્યરૂપી નેત્રથી નિહાળે છે ત્યારે પ્રકાશ થાય છે, સૂતેલું જીવન જાગે છે, જીવનમાં ગતિ અને વિકાસનો સંચાર થાય છે. સૂર્યથી દુનિયા કંઈની કંઈ લાગે છે.

"સૂર્યના રથને સાત ઘોડા જોડેલા છે. ઈન્દ્રધનુમાં સાત રંગો દેખાય છે એ રંગજ્યોતિ (કિરણો) માનવના જીવનમાં પ્રત્યક્ષ ને પરોક્ષ ઘણો ભાગ ભજવે છે.

"આકાશપુરુષનું સૂર્યરૂપી એક નેત્ર છે, તો સોમરૂપી બીજું નેત્ર છે. એ ઔષધિ અને વનસ્પતિઓમાં અમૃતનો સંચાર કરે છે. જીવમાત્રને સુખદ નિદ્રા આપે છે.

"આકાશરૂપી મહાકાલનું ત્રીજું નેત્ર ગ્રહ, નક્ષત્ર ને તારાઓ છે. સૂમસામમાં પ્રાણીઓના કર્મના લેખ એ લખે છે.

"આ ગ્રહો જ્યારે જગત પર પોતાની કળા પ્રસારે છે, ત્યારે કેટલાકને તેની અનુકૂળ અને કેટલાકને પ્રતિકૂળ અસર થાય છે.

"અનુકૂળ અસરોમાં માણસનું ખાસ લક્ષ ખેંચાતું નથી; પણ પ્રતિકૂળ સંજોગોમાં માણસ કારણો શોધવા નીકળે છે : ને તેમાં તેને ગ્રહપીડા એક કારણ તરીકે કહેવામાં આવે છે.

"આ ગ્રહપીડા શમાવવાના ઉપાયો જાણવા એ વખતે પ્રયત્ન કરવામાં આવે છે : ને એનું કારણ રંગજ્યોતિનો અભાવ કલ્પવામાં આવે છે. આ પ્રસંગે જે ગ્રહની પીડા કલ્પવામાં આવે છે, તે ગ્રહને પસંદ રંગવાળો રત્ન-પથ્થર પહેરવાનું કહેવામાં આવે છે. સામાન્ય રીતે નીચેના ગ્રહો માટે નીચેનાં પથ્થરરત્નો વાપરવાનું કહેવામાં આવે છે :

સૂર્યની પીડા માટે માણેક.
ચંદ્રની પીડા માટે મોતી.
મંગળની પીડા માટે પરવાળું.
બુધની પીડા માટે પન્નાં.
ગુરુની પીડા માટે પોખરાજ.
શુક્રની પીડા માટે હીરો.
શનિની પીડા માટે નીલમ.
રાહુની પીડા માટે ગોમેદ.
કેતુની પીડા માટે લસણિયો.

"પુરાણમાં એક કથા છે. એક દિવસ અસુર બલિ ઈન્દ્રલોકને જીતવા ગયો. ત્યાં દેવતાઓએ તેને યજ્ઞપશુ બનવાની પ્રાર્થના કરી : તેણે એ વાતનો સ્વીકાર કર્યો. પછી તો એ યજ્ઞપશુ બનેલા અસુર બલિનાં હાડકાંમાંથી હીરા ઉત્પન્ન થયા. દાંતોમાંથી મોતી ખર્યાં. લોહીમાંથી માણેક બન્યું. પિત્તમાંથી પન્નાં થયાં. આંખોમાંથી નીલમ મળ્યાં. હૃદ્રસથી વૈદૂર્ય પેદા થયું. મજ્જાથી કર્કેતન રત્ન ઊપજ્યું. નખોમાંથી લસણિયા રત્ન થયાં. મેદ સ્ફટિકમાં પરિવર્તિત થયો. માંસમાંથી પરવાળાં મળ્યાં. ચામડામાંથી પોખરાજ પડ્યો ને તેના વીર્યમાંથી ભીષ્મરત્ન મળ્યું."

"ભારે અચંબાભર્યું પુરાણ કહેવાય. આવી વાત ઉપર વિશ્વાસ કેમ બેસે ?" મિત્રે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"પુરાણોની બધી વાતો એવી નથી. એમાંથી વાર્તાતત્ત્વ ગાળી નાખી સારતત્ત્વ ગ્રહણ કરવું જોઈએ. આમાં પંચભૂતની વાત સારરૂપે છે.

"પછી એ અસુર બલિના શરીરમાંથી નીકળેલાં રત્નોમાં સૂર્યગ્રહે પમીરાગ લીધો. ચંદ્રે મોતી લીધું. મંગળે પરવાળાં ગ્રહણ કર્યાં. બુધે પદ્મ પ્રાપ્ત કર્યું. બૃહસ્પતિ પોખરાજ પામ્યો. શુક્રે હીરા હાથ કર્યા. શનિએ નીલમ પસંદ કર્યું. રાહુએ ગોમેદ ગ્રહ્યું, ને કેતુએ વૈડૂર્ય મેળવ્યું.

"ઉપર કહ્યું તે પ્રમાણેનાં રત્નો ધારણ કરનાર તે તે ગ્રહોથી પીડા પામતા નથી. ચોખ્ખાં રત્નો ઋદ્ધિદાયક છે ને દોષવાળાં રત્નો દરિદ્ર બનાવે છે.

"કેટલાક રત્નશાસ્ત્રીઓ તો માને છે કે, મનુષ્ય, સર્પ અને દેડકાંનાં મસ્તકમાં પણ મણિ થાય છે. વરાહમિહિરે તો સર્પમણિની ઓળખ આપતાં કહ્યું છે કે તે ઘેરા નીલા રંગનો અને ખૂબ ચમકદાર હોય છે."

"મારે ગ્રહોની જીવન ઉપર પડતી અસરો વિષે જાણવું છે તે કહો." મિત્રે સ્પષ્ટપણે જણાવ્યું.

"શાસ્ત્રમાં કહ્યું છે કે દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર આદિ સર્વે પ્રાયઃ ગ્રહોની દુષ્ટ અસરથી પીડાય છે, તો મનુષ્યની વાત જ શી કરવી ?

"ગ્રહોની અસર મનુષ્યના જીવન પર ખૂબ જ થાય છે. તેથી કહેવાયું છે કે ગ્રહો રાજ્ય આપે છે, ગ્રહો રાજ્ય લઈ લે છે. ગ્રહોની અસર વિશ્વવ્યાપી છે. તેથી દુષ્ટ ગ્રહોની શાંતિ કરવી લાભદાયક છે.

"આ તો બધી શાસ્ત્રીય વાત થઈ. પણ મનોવિજ્ઞાન અને શરીરવિજ્ઞાનના આધારે હવે જણાવું તે સાંભળો.

"મનુષ્યનું જીવન અને શરીર તેમ જ કાર્યો પર ગ્રહોનો પરોક્ષ પ્રભાવ હોય છે. પરંતુ રત્ન ધારણ કરવાથી એ પ્રભાવ પ્રત્યક્ષ થાય છે. જેણે રત્ન ધારણ કર્યું હોય તે વ્યક્તિ અને રત્નો વચ્ચે વિદ્યુતશક્તિ સંબંધ જોડાઈ જાય છે.

"વિજ્ઞાનનો નિયમ એવો છે કે, મનુષ્યની આંગળીઓ અને શરીરનાં બીજાં અંગોમાં જ્યાં રત્ન ધારણ કરવામાં આવ્યાં હોય ત્યાં દેહગત વિદ્યુત અને રત્નગત વિદ્યુતનું સંક્રમણ થતાં એક એવી વિદ્યુતશક્તિ પેદા થાય છે જે મનુષ્યના જીવનની અનેક માનસિક તેમ જ શારીરિક પ્રવૃત્તિઓ તેમ જ ક્રિયાઓમાં પરિવર્તન લાવી દે છે.

"આપણું આ શરીર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વોનું બનેલું છે. આ તત્ત્વોની સાર્વભૌમ સત્તા સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. નક્ષત્રો વગેરે બધાંયે આ તત્ત્વોનાં જ અંગ છે. એટલે દેહગત કોઈ તત્ત્વ ઓછું થાય ત્યારે શરીર આધિ, વ્યાધિ અને ઉપાધિથી આક્રાંત બની જાય છે. ઉદાહરણ તરીકે સમજાવું કે, જો કોઈ મનુષ્યનો મંગળ ગ્રહ ખરાબ હોય તો સમજવું કે તેનામાં પૃથ્વીતત્ત્વની કમીના આવી છે. તેને માટે જ્યોતિષી કે તાંત્રિક પરવાળાની વીંટી ધારણ કરવાની સલાહ આપે છે.

"જો સૂર્ય ગ્રહ ખરાબ હોય તો અગ્નિતત્ત્વની ખરાબી અગર વિકૃતિ થઈ છે એમ સમજવું. એટલે તે વિકૃતિને દૂર કરવા રક્તમણિ અગર સૂર્યકાંતમણિ ધારણ કરવો જોઈએ.

"બુધ ગ્રહનો સંબંધ મન અને મસ્તકના સૂક્ષ્મ તંતુઓ સાથે હોય છે. મસ્તકના સૂક્ષ્મ તંતુઓ નિર્બળ બની જતાં માણસની વિચારશક્તિ, દૂરદર્શિતા આદિમાં દુર્બળતા આવી જાય છે. એટલે જ તે માનવી જો નીલા રંગનું પન્નું ધારણ કરે તો એ જ દુર્બળ તંતુઓ સબળ બને છે અને ઉન્નતિનો માર્ગ બતાવે છે.


"વળી, પથ્થર અને રત્નોનો પ્રભાવ કેવળ અવ્યક્ત જ નથી હોતો પરંતુ તે વ્યક્ત પણ થયા કરે છે. જેમ કે કોઈ માનવી લસણિયાની વીંટી ધારણ કરે તો જ્યાં ભૂગર્ભમાં નિધિ મળે તેમ

હોય ત્યાં આંગળીમાંથી નીકળીને વીંટી તે સ્થળ ઉપર પડે છે.

"એ જ રીતે પેટના વિકારવાળો માનવી જો ઈરાની પથ્થર (દહાને ફિરંગ) ધારણ કરે અને હંમેશાં તેને પાણીમાં ડુબાડીને પાણી પીએ તો નિઃસંદેહ સ્વસ્થ બની જાય છે. તેનાથી રોગમુક્ત થવાનું સૌથી મોટું પ્રમાણ એ છે કે તે પથ્થર વચ્ચેથી ફાટી જાય છે.

"દહાને ફિરંગ, ગાવરી આદિ ઈરાની પથ્થરો ખૂબ સામાન્ય કોટિના હોય છે, છતાં એના પ્રભાવ પ્રત્યક્ષ હોય છે; ત્યારે હીરા, પન્નાં, નીલમ, પોખરાજ જેવાં રત્નોનો પ્રભાવ કેટલો મહાન હશે તે તો અનુભવથી જ ખબર પડે."

□



૧૭. માયાબીજ હ્રીંકાર

એક નાનીસરખી ટેકરી ઉપર સુંદર ગુફા બનેલી હતી. આ ગુફામાં શિવજી પદ્માસન લગાવીને નિત્યનિયમ મુજબ ધ્યાન કરી રહ્યા હતા.

શિવજી ધ્યાન પૂરું કરી લે ત્યાં સુધીમાં પાર્વતીએ એ બગીચામાંથી પુષ્પો ચૂંટીને એકઠાં કરવા માંડ્યાં. આ પુષ્પોનો એક મજેદાર હાર તેમણે તૈયાર કર્યો.

શિવજી ધ્યાન પૂરું કરવાની તૈયારીમાં હતા. ત્યાં પાર્વતી આ હાર લઈને તેમની ગુફા પાસે આવી ઊભાં રહ્યાં.

શિવજીએ ધ્યાન પૂરું કરતાં છેવટે 'હ્રીં' એવો ઉચ્ચાર કર્યો ને પાર્વતીએ એ હાર એમના ગળામાં નાખ્યો.

પાર્વતીએ પૂછ્યું : "એ હ્રીં શું છે ?"

"એ મહાશક્તિશાળી બીજમંત્ર છે. એનાથી ધર્મ, અર્થ અને કામની સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે." શિવજીએ કહ્યું.

"એનું માહાત્મ્ય અને રહસ્ય મને કહો." પાર્વતીજીએ જિજ્ઞાસાથી કહ્યું.

"દેવી ! આનું રહસ્ય ગુપ્ત છે. એ કોઈને આપી ન શકાય. બ્રહ્મા અને ઈન્દ્ર પણ એનું રહસ્ય પામી શક્યા નથી. મેં માત્ર વિષ્ણુને જ એનું રહસ્ય આપ્યું છે. એ માટે પાત્ર બનવું જોઈએ." શિવજીએ વાત ટાળવા કહ્યું.

"દેવ ! હું શું એ માટે પાત્ર નથી ? તમારે માટે હું પાત્ર બની તો મંત્ર માટે નહિ ? આજે તો તમારે મને એનું રહસ્ય કહેવું જ જોઈશે." પાર્વતીએ હઠ લીધી.

શિવજીએ પાર્વતીની હઠ ખાતર એનું રહસ્ય કહેવા માંડ્યું :

"સુંદરી ! સાંભળો. હ્રીંકારને માયાબીજ કહે છે. એની શક્તિ એટલી બધી છે કે તેને બધા મંત્રનો રાજા કહેવામાં આવ્યો છે.

"આ હ્રીંકારનો ૧૦,૦૦૦નો જાપ કરવાથી ભૂતો વશ થાય છે. ૨૦,૦૦૦નો જાપ કરવાથી પ્રેતો સિદ્ધ થાય છે. ૩૦,૦૦૦નો જાપ કરવાથી વેતાલો, ૪૦,૦૦૦નો જાપ કરવાથી પિશાચો, ૫૦,૦૦૦નો જાપ કરવાથી યક્ષો અને રાક્ષસો, ૬૦,૦૦૦નો જાપ કરવાથી ગંધર્વો, ૭૦,૦૦૦નો જાપ કરવાથી કિન્નરો વશ થાય છે. ૮૦,૦૦૦નો જાપ કરવાથી કાવ્ય બનાવવાની શક્તિ આવે છે; ૯૦,૦૦૦નો જાપ કરવાથી તો બધાયે દેવો આજ્ઞા ઉઠાવવા ખડે પગે તૈયાર રહે છે. એક લાખ જાપથી ઈષ્ટ સિદ્ધિ મળે છે.

"હ્રીંકાર એ મોટી શક્તિ છે. વિષ્ણુએ આ માયાની શક્તિથી જ લોકોને મુગ્ધ બનાવ્યા છે. વિષ્ણુની માયા એ હ્રીંકારની શક્તિનું પ્રમાણ છે.

"આનું ધ્યાન કરનારને કોઈ પ્રકારનાં અનિષ્ટ-આપત્તિ આવી પડતાં નથી.

"આનું નાસાગ્રચિત્તે સમાધિપૂર્વક ધ્યાન કરવાથી સ્થાવર કે જંગમ એવું કોઈ પણ ઉગ્ર વિષ, વિસ્ફોટક, શીતળા, વાયુવિકારના રોગો, ઉત્કટ તાવ, તેર જાતના સંનિપાત, વધ, બંધન વગેરે વ્યાધિઓ તેમ જ સિંહ, વાઘ, ચોર વગેરેના ઉપદ્રવો શમી જાય છે.

"આ હ્રીંકારનું વર્ણાનુસારી ધ્યાન કરવાથી શાંતિ, પુષ્ટિ, ઉચ્ચાટન, વશીકરણ, મારણ વગેરે કર્મો સિદ્ધ કરી શકાય છે.

"એ વર્ણો મુજબનું ધ્યાન આ રીતે છે : હ્રીંકારનું સ્ફટિક જેવું નિર્મળ અને બરફ જેવું શ્વેત ધ્યાન કરવાથી ગમે તેવા વિષનો નાશ થાય છે. બંધનમાંથીયે મુક્તિ મળે છે.

"એનું યોનિના મધ્ય ભાગમાં લાલવર્ણી ધ્યાન કરવાથી ઉર્વશી અને રંભા જેવી દેવીઓ આકર્ષિત થાય છે; તો પછી બીજી સ્ત્રીઓનું તો કહેવું જ શું ? અરે ! અંતઃપુરની રાજરાણીઓ પણ વશ થાય છે.

"એનું કંઠમાં પીળા વર્ણનું ધ્યાન કરવાથી સ્તંભન, ક્ષોભ અને ભારે વિષાદ પણ દૂર થાય છે.

"એનું નાભિપ્રદેશમાં શ્યામવર્ણી ધ્યાન કરવામાં આવે તો ગમે તેનું મારણ કરી શકાય.

"હ્રીંકારનું માહાત્મ્ય આવું છે. અને તે બ્રાહ્મણોના તંત્રશાસ્ત્રમાં જણાવેલું છે. પણ જૈનોએ એનાં યંત્ર, મંત્ર અને ધ્યાનની રીત જુદી રીતની બતાવી છે. એ પણ જાણવા જેવી છે. એ સાંભળી લો.

"જૈનોનાં તંત્રશાસ્ત્રોમાં એક 'ઋષિમંડલ' નામે યંત્ર છે. એ યંત્ર જ હ્રીંકારનું સ્વરૂપ છે." શિવજીએ હકીકતનો આરંભ કર્યો.

"પણ ઋષિમંડલને હ્રીંકાર કેમ કહેવાય ? હ્રીંકારથી ઋષિઓ કેવી રીતે સમજાય ?" પાર્વતીએ જિજ્ઞાસાથી પૂછ્યું.

"ઋષિઓ એટલે તીર્થંકરો. એ ચોવીસ તીર્થંકરોની એમણે હ્રીંકારમાં સ્થાપના કરી છે." શિવજીએ કહ્યું.

"આ એક વર્ણમાં ચોવીસની સ્થાપના કેવી રીતે થાય ?" પાર્વતીએ પૂછ્યું.

"બસ, એ જ યંત્ર અને મંત્રની ખૂબી છે. વિસ્તારને ટૂંકું રૂપ આપવું અને ઘટ્ટ બનાવવું એને જ મંત્ર કહે છે. એનું ધ્યાન યંત્ર દ્વારા થઈ શકે." શિવજીએ ખુલાસો કર્યો.

"એ મંત્ર અને યંત્રનું ટૂંકું સ્વરૂપ સમજાવો." પાર્વતીએ ટૂંકથી પતાવ્યું.

"સુંદરી ! સાંભળો. હ્રીંકારમાં પાંચ અવયવો એમણે કલ્પ્યા છે. એ પાંચે અવયવો જુદા જુદા રંગના છે, એવી એમની માન્યતા છે.

"હ્રીંકારનો પહેલો અવયવ તે હ અને ર એવા બે વ્યંજનો. બીજો બિંદુ, ત્રીજો અવયવ કલા, ચોથો નાદ અને પાંચમો અવયવ દીર્ઘ ઈકાર સ્વર છે.

"તેમાં હ અને રનો વર્ણ પીળો માન્યો છે. બિંદુ શ્યામવર્ણી છે. કલા જે ચંદ્રની રેખા જેવી હોય છે, તેને લાલવર્ણી જણાવી છે. નાદ જે ચંદ્ર સમાન ગોળ આકૃતિનો હોય છે તેને શ્વેતવર્ણી બતાવ્યો છે અને દીર્ઘ ઈકારને નીલ વર્ણનો કહ્યો છે.

"એ જ રીતે ચોવીસ તીર્થંકરોના વર્ણો એમણે કલ્પ્યા છે : ૧ ઋષભદેવ, ૨ અજિતનાથ, ૩ સંભવનાથ, ૪ અભિનંદન, ૫ સુમતિનાથ, ૬ સુપાર્શ્વનાથ, ૭ શીતળનાથ, ૮ શ્રેયાંસનાથ, ૯ વિમલનાથ, ૧૦ અનંતનાથ, ૧૧ ધર્મનાથ, ૧૨ શાંતિનાથ, ૧૩ કુંથુનાથ, ૧૪ અરનાથ, ૧૫ નમિનાથ, અને ૧૬ મહાવીર સ્વામી. આ સોળ તીર્થંકરો પીળા વર્ણના છે. તેમની સ્થાપના હ અને ર એવા બે વ્યંજનોમાં કરી છે.

"૧ મુનિ સુવ્રતસ્વામી અને ૨ નેમિનાથ એ બંને શ્યામવર્ણી છે. તેમની સ્થાપના બિંદુમાં કરી છે.

"૧ પદ્મપ્રભસ્વામી અને ૨ વાસુપૂજ્યસ્વામી એ બંને રાતા વર્ણના છે. તેમની સ્થાપના કલામાં કરી છે.

"૧ ચંદ્રપ્રભસ્વામી અને ૨ સુવિધિનાથ એ બંને શ્વેતવર્ણી છે. તેમની સ્થાપના નાદમાં કરી છે.

"૧ મલ્લિનાથ અને ૨ પાર્શ્વનાથ એ બંને નીલ વર્ણના છે. તેમની સ્થાપના ઈકાર એવા સ્વરમાં કરી છે.

"આ પ્રકારના વર્ણો વિશે એક કવિતા પણ છે :

પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય દોય રાતા કહીએ,
ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ દો ઉજ્જ્વલ લહીએ;
મલ્લિનાથ ને પાર્શ્વનાથ દો નીલા નીરખ્યા,
મુનિ સુવ્રત ને નેમનાથ દો અંજન સરીખા,
સોળે જિન કંચન સમા ધીર વિમલ પંડિત તણો,
નય પ્રણમે નિશદિન."

"ખરેખર, ભારે ખૂબીભરી કલ્પના કરી છે !" પાર્વતીએ આશ્ચર્યચકિત થતાં કહ્યું.

"અરે ! જૈનોએ તો આ હ્રીંકારની કલ્પનાને ખૂબ વિકસાવી છે. બ્રાહ્મણ અને જૈન તંત્રને જોતાં એમ જરૂર કહી શકાય કે ૐકાર માટે બ્રાહ્મણોએ જે વિવિધ કલ્પનાઓ કરી છે તેવી ને તેટલી જૈનોમાં નથી. એ જ રીતે જૈનોએ જે હ્રીંકારની કલ્પનાનો વિસ્તાર અને વ્યવસ્થા કરી છે એવી બ્રાહ્મણ તંત્રોમાં નથી." શિવજીએ પોતાના વિશિષ્ટ જ્ઞાનનો મર્મ સમજાવતાં કહ્યું.

"જૈનોએ એ હ્રીંકારની ધ્યાનપ્રણાલી કેવી બતાવી છે ?" પાર્વતીએ ઉત્સુકતાથી પૂછ્યું.

"તેની ધ્યાનવિધિ પણ વિશિષ્ટ છે. સાંભળો. આ પૃથ્વીમાં જંબુદ્વીપ છે. તેની આસપાસ લવણ સમુદ્ર વીંટાયેલો છે. તે દ્વીપની આઠે દિશાઓ અરિહંત આદિ આઠથી શોભાયમાન છે. તે જંબુદ્વીપના મધ્યભાગમાં મેરુ પર્વત અનેક નાનાં નાનાં શિખરોથી અલંકૃત છે. તેની ચારે બાજુએ અત્યંત સુશોભિત અને તેજસ્વી એવાં જ્યોતિશ્ચક્ર પરકમ્મા કરી રહ્યાં છે. એ મેરુ પર્વત ઉપર પોતે સાધક બેઠેલો હોય અને તેના લલાટ પ્રદેશમાં હ્રીંકારનું અધિષ્ઠાન હોય. એ હ્રીંકાર ચોવીસે તીર્થંકરોના એકમાત્ર સર્વસાધારણ એવા અરિહંતના પ્રતિબિંબરૂપ છે એવું ધ્યાન કરવાનું હોય છે."

"સાચે જ એમની ધ્યાનવિધિ પણ રસભરી છે." પાર્વતીએ આનંદ વ્યક્ત કરતાં કહ્યું.

"અને આ હ્રીંકારના ધ્યાનનું ફળ પણ જાણવા જેવું છે. તે સાંભળો.

"એ ફળનું વર્ણન તો ખૂબ વિસ્તારભર્યું છે. પણ ટૂંકમાં એનો તમને ખ્યાલ આપું.

"ઉપર જણાવેલ ધ્યાનની છાયામાં રહેનારને ડાકિની, રાકિની, લાકિની, કાકિની, શાકિની, હાકિની, યાકિની, સર્પ, હાથી, રાક્ષસ, અગ્નિ, સિંહ, દુષ્ટ અને રાજા જોઈ શકતા નથી. એટલે તે સાધકને કોઈ ઉપદ્રવ કરી શકતા નથી.

"આ હ્રીંકારના સાધકને રાજ્યદરબારમાં માનપાન મળે. અગ્નિનો ઉપદ્રવ સતાવે નહિ. પાણીનું સંકટ સંભવે નહિ. સ્મશાનભૂમિ કે જંગલમાં જતાં કોઈ ભય ઉપસ્થિત થતો નથી. ચોરાયેલું ધન પણ પાછું મેળવી શકે.

"ટૂંકમાં, આ મંત્ર તેના સાધકની સર્વ રીતે રક્ષા કરે છે." શિવજીએ યંત્રમંત્રસાધનાનું ફળ જણાવ્યું.

"આ યંત્રનું આલેખન શેમાં કરવું ?" પાર્વતીને હ્રીંકારની સાધનામાં જાણે રસ પડ્યો હોય એવી જિજ્ઞાસાથી તેમણે પૂછ્યું.

"હા, એની વિધિ પણ તેમણે બતાવી છે. આ યંત્ર સોના, ચાંદી કે કાંસાના પત્.રા ઉપર આલેખવો, અને તેની ઘરમાં એક સ્થળે સ્થાપના કરી રોજ પૂજા કરવી. એમ કરવાથી ઘરમાં સિદ્ધિઓનો વાસ થાય છે.


"વળી, આ યંત્રને ભોજપત્ર ઉપર લખી તેને માદળિયામાં રાખવું ને તે ગળામાં અગર બાજુબંધમાં બાંધવું - એમ કરવાથી તેને કોઈનો ડર સતાવતો નથી. નિર્ભય થઈને રહી શકે છે.

"આ યંત્ર ગમે તેવા માનવીને આપવું નહિ. એની પાત્રતા વિષે પણ ઠીક ઠીક વિવેચન કર્યું છે. એની તપસ્યાવિધિ પણ એમણે બતાવી છે. એમણે આ મંત્રનો અધિષ્ઠાયક એવો જે મંત્ર બતાવ્યો છે તેનો ૧૦૮ વાર રોજ જાપ કરવાનું વિધાન કર્યું છે.

"આવો જાપ નિરંતર કરવાથી આઠ મહિના પછી એ સાધક અરિહંતનું તેજોમય બિંબ જોઈ શકે અને પોતાના જીવનમાં શાંતિ અને સુખભરી સ્થિતિનો અનુભવ કરી શકે." શિવજીએ ઉપસંહાર કરતાં જણાવ્યું.

"આ હ્રીંકારની ધ્યાનવિધિ અને તેની સાધનામાં મને રસ જાગ્યો છે. મારે આ વિષયની ઝીણવટભરી માહિતી પણ મેળવવી જોઈએ." પાર્વતીએ આ હ્રીંકારની સ્થૂલ રૂપરેખા ધ્યાનમાં રાખી પોતાનો હર્ષ વ્યક્ત કર્યો.

□



૧૮. જપમાલા

મરણ ન હોત તો સ્મરણ ન હોત. અને જ્યાં સ્મરણ છે, ત્યાં તેનું સાધન માળા છે જ. આજે સંસારમાં જાતજાતની માળાઓ વપરાય છે : પણ એ માટે વિદ્વત્તાપૂર્ણ એક અભ્યાસલેખ ગુજરાતના જાણીતા મંત્રવિદ ને શતાવધાની પંડિત ધીરજલાલ શાહે પોતાના નમસ્કારમંત્રસિદ્ધિમાં લખ્યો છે. શતાવધાની પંડિત લખે છે કે મંત્રની સાધના કરનારે રોજ ઈષ્ટ મંત્રનો અમુક વાર જપ કરવાનો હોય છે. તેની સંખ્યા ૫૦૦થી તો ઓછી થતી જ નથી. વિશેષ જપ શક્તિ મુજબ થાય છે.

એટલા જપની ગણના કરમાલાથી કરવાનું કામ કઠિન છે અને તેમાં ભૂલ પડવાનો સંભવ છે. તેથી તેમાં પારા કે મણકાની

બનેલી માળાનો ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે તેને 'માલા' જ કહેવામાં આવે છે. પણ અલંકાર રૂપી માલાથી તેની જુદાઈ બતાવવા માટે શાસ્ત્રકારોએ તેનો સંકેત 'જપમાલિકા' કે 'જપમાલા' તરીકે કરેલો છે. તે અંગે કેટલીક વિચારણા કરીએ.

ભારતના લગભગ બધા જ ધર્મસંપ્રદાયોએ પ્રભુસ્મરણ તથા મંત્રજપ કરવા માટે માલાનો સ્વીકાર કરેલો છે. ઈસ્લામ તથા ખ્રિસ્તી ધર્મમાં પણ આવા જ હેતુસર અમુક પ્રકારની માલાઓ રાખવામાં આવે છે. આ પરથી એટલું તો નક્કી જ કે ઈષ્ટસ્મરણ તથા મંત્રજપ કરવા માટે જપમાલા એક અતિઉપયોગી સાધન છે.

કોઈ એમ કહેતું હોય કે અમે વર્ષો સુધી માલા ફેરવી, પણ કંઈ પરિણામ આવ્યું નહિ તો એમાં માલાનો કંઈ દોષ નથી; દોષ આપણા મનનો છે. જો મનને પવિત્ર તથા સ્વસ્થ કરી વિધિપૂર્વક માલાનો ઉપયોગ કરીએ તો તેનું પરિણામ જરૂર આવે અને તે ધાર્યા કરતાં પણ ઘણું વધારે આવે.

સાધનમાં તો એટલું જોવાનું કે તે સારું હોવું જોઈએ, યોગ્ય હોવું જોઈએ. બાકી તેનો ઉપયોગ કેમ કરવો તે વાપરનારના હાથની વાત છે. જો તેનો કુશળતાપૂર્વક ઉપયોગ કરે તો તેનાથી ધાર્યું પરિણામ મેળવી શકે અને આવડતની ખામી હોય તો સારું સાધન પણ નકામું જાય.

જપમાલાઓ ૨૭ મણકાની બને છે, ૩૬ મણકાની બને છે, તેથી ઓછાવત્તા મણકાની પણ બને છે અને ૧૦૮ મણકાની પણ માલા બને છે. તેમાં ૧૦૮ મણકાની માલા સર્વ કાર્ય સિદ્ધ કરનારી મનાયેલી છે.

જપમાલાના બે છેડા બાંધતી વખતે ત્યાં ત્રણ મણકા બીજા મૂકવામાં આવે છે અથવા એક જુદી જાતનો મોટો મણકો મૂકવામાં આવે છે, તે મેરુ કહેવાય છે.

જપ કરતી વખતે આ મેરુનું ઉલ્લંઘન કરવું નહિ એવો શાસ્ત્રકારોનો આદેશ છે, એટલે ત્યાં મંત્રજપ કરવામાં આવતો નથી.

પણ ત્યાંથી માળાને ફેરવી લેવામાં આવે છે અને જપનું કામ આગળ ચાલે છે.

જપમાલા અનેક વસ્તુઓની બને છે. તેમાં તાંત્રિક ષટ્કર્મ કે અષ્ટકર્મ પરત્વે સ્ફટિક, પ્રવાલ, કમલબીજ, સુવર્ણ, પુત્રજીવક તથા મુક્તામણિ એટલે મોતી તથા મણિની માળાનો વિશેષ ઉપયોગ થાય છે. શ્રી સાગરચંદ્રસૂરિપ્રણીત અતિ પ્રાચીન 'શ્રીમંત્રાધિરાજચિંતામણિ બૃહત્કલ્પ'માં કહ્યું છે કે :

'દ્દષત એટલે સ્ફટિક, પ્રવાલ, અમ્બુજ એટલે કમલ-કમલબીજ, સુવર્ણ અને પુત્રજીવકની માલાઓ અનુક્રમે મોક્ષ, અભિચાર (ઉચ્ચાટન-મારણ વગેરે), શાંતિ, વશીકરણ અને આકર્ષણકાર્યમાં અંગૂઠા આદિ આંગળીઓથી ફેરવવી.'

મંત્રવ્યાકરણના છેડે દીપનાદિ પ્રકારયંત્ર આપેલો છે, તેમાં અષ્ટકર્મ પરત્વે નીચે મુજબ માલાનો પ્રયોગ કરવાનું સૂચન છે :

૧ વશીકરણ – પ્રવાલ
૨ સ્તંભન – સુવર્ણ
૩ આકર્ષણ – પ્રવાલ
૪ શાંતિક – સ્ફટિક
૫ પૌષ્ટિક – મુક્તામણિ
૬ મારણ – પુત્રજીવક
૭ વિદ્વેષણ – પુત્રજીવક
૮ ઉચ્ચાટન – પુત્રજીવક

અહીં કયા કર્મમાં કઈ માલા ફેરવવી તેમાં સંપ્રદાયભેદ છે. પણ માલાઓ તો લગભગ એ જ વસ્તુની બતાવેલી છે.

પ્રથમમાં મુક્તામણિનો ઉલ્લેખ નથી, જ્યારે બીજા સંપ્રદાયમાં કમલબીજનો ઉલ્લેખ નથી. શાંતિક કર્મ સ્ફટિકની માલાથી કરવું એ બાબતમાં બંનેનો મત સમાન છે. હવે નમસ્કારમંત્રની સાધના એ એક પ્રકારનું શાંતિક કર્મ છે, તેથી તેમાં સ્ફટિકની માલાનો ઉપયોગ કરવો જોઈએ એમ આ ઉલ્લેખો પરથી સમજાય છે.

શ્રી લબ્ધિમુનિકૃત 'નોકારવાલીગીત'માં બીજી પણ કેટલીક માલાઓનો ઉલ્લેખ થયેલો છે, જેમ કે

સંખપ્રવાલા સ્ફટિક મણિ,
પત્તાજીવ રતાંજણી સાર,
રૂપ્ય સોવન રયણ તણી,
ચંદનાગર ને ઘરસાર,
સુંદર ફલ રુદ્રાક્ષની,
જપમાલિકારે રેશમની અપાર,
પંચ વર્ણ સમસૂત્રની વલી,
વિશેષૈ સૂત્ર તણી ઉદાર.

થોડા વિવેચનથી આ વસ્તુ સ્પષ્ટ કરીશું.

સંખ – શંખ – શંખલા. નાના નાના શંખલાઓ જે શ્વેત વર્ણના હોય છે, તેને વીંધીને બનાવેલી માલા શંખની માલા કહેવાય છે. જેમાં શ્વેત રંગની માલા ફેરવવાની કહી હોય તેમાં આ માલાનો ઉપયોગ કરી શકાય.

પ્રવાલા – પ્રવાલ. પ્રવાલ દરિયાઈ બેટોમાં થાય છે. તે લાલ રંગનાં હોય છે અને ઔષધિપ્રયોગ માટે, વીંટીઓમાં નંગ તરીકે જડવા માટે તથા માલા બનાવવા માટે કામ આવે છે. તેને હિંદીમાં 'મુંગા', ફારસીમાં 'મિરજાન' અને અંગ્રેજીમાં 'રેડ કોરલ' કહે છે. જીવવિચારપ્રકાશિકા પૃ. ૧૦૭ પર તેનું વધારે વિવેચન જોઈ શકાશે. તેની માલાનો વશીકરણ આદિમાં ઉપયોગ થાય છે અથવા આસન, વસ્ત્ર વગેરે બધી વસ્તુઓ લાલ વાપરવાની કહી હોય ત્યાં આ માલા ઉપયોગમાં લઈ શકાય છે.

સ્ફટિક – રત્નની એક જાતિ છે તથા આ નામનો પારદર્શક પથ્થર પણ આવે છે. તેનો ઉપયોગ મૂર્તિ, આસન તથા માલા બનાવવામાં થાય છે. કોઈ વસ્તુને અતિ નિર્મલ કહેવી હોય તો સ્ફટિકની ઉપમા અપાય છે. અંગ્રેજીમાં તેની ગણના 'Crystal and Quartz' વર્ગમાં થાય છે. તે આમ શ્વેત લાગે છે, પણ આજુબાજુ

જેવા રંગની વસ્તુઓ હોય તે રંગની તેના પર છાયા પડે છે. આ માળા શાંતિકર્મ માટે ઉત્તમ છે.

મણિ – મણિનો સામાન્ય અર્થ રત્ન થાય છે, પણ વ્યવહારમાં તેની ગણના જુદી થાય છે. એ રીતે અહીં મણિ શબ્દથી ચન્દ્રકાન્ત, સૂર્યકાન્ત વગેરે સમુદ્રોત્પન્ન રત્નો સમજવાં. આ માલા પૌષ્ટિક કર્મમાં ઉપયોગી છે.

પત્તાજીવ – સંસ્કૃતમાં જેને પુત્રજીવક, પુત્રજીવ કે પત્રજીવ કહેવામાં આવે છે, હિંદીમાં જેને જીયાપોતા, પુતજીઆ કે પતજીવ કહેવામાં આવે છે, અને ગુજરાતીમાં જે પ્રાયઃ 'જીયાપોતો' તરીકે ઓળખાય છે, તેનો ઉલ્લેખ અહીં પત્તાજીવ તરીકે કરવામાં આવ્યો છે. આ ઝાડ મોટું વધે છે અને તે કોંકણ તથા ઘાટના પર્વતો વગેરે સ્થળે વિશેષ થાય છે. તેનાં બિયાંની માલા બને છે, તે પુત્રજીવકની માલા કહેવાય છે. સ્ત્રીઓ પુત્રની પ્રાપ્તિ માટે તથા તે જીવતા રહે તે માટે તેનો ઉપયોગ કરે છે. આ માલા વિદ્વેષણ, ઉચ્ચાટન આદિમાં ઉપયોગી છે.

રતાંજણી – રંતાદલી તે ચંદનનો જ એક પ્રકાર છે. હિંદીમાં તેને લાલ ચંદન કહેવામાં આવે છે. તના લાકડામાંથી રમકડાં બને છે અને મણકા પાડી માલા પણ બનાવી શકાય છે. મંત્રાનુષ્ઠાનમાં દિક્કુમારિકાઓ તથા પોતાના કપાલે તિલક કરવામાં તેના ઘસારાનો ઉપયોગ થાય છે. જ્યાં રાતા રંગની માલા કહેલી હોય ત્યાં આ માલા કામમાં લઈ શકાય છે.

રૂપ્ય – રૂપું. તેના નક્કર મણકા બનાવીને અથવા લાકડાના પારા પર રૂપું મઢીને માલા બનાવવામાં આવે છે. આ માલા નમસ્કારમંત્રના જપ માટે ઉપયોગી છે, પરંતુ ચાંદીના પોલા મણકામાં જો મીણ કે લાખ જેવી અશુદ્ધ વસ્તુ ભરેલ હોય, તો ઉપયોગમાં લેવા યોગ્ય ગણાય નહિ.

સોવન – સુવર્ણ – સોનું. સોનાના નક્કર મણકા બનાવીને અથવા લાકડાના પારા પર સોનું મઢીને અથવા માત્ર પોલા મણકા બનાવીને તેની માલા બનાવી શકાય છે. તેનો ઉપયોગ ઉપર કહ્યું તેમ વશીકરણ કે સ્તંભનમાં થાય છે.

રયણ – રત્ન. પ્રાચીન શાસ્ત્રકારોએ તેના ચૌદ પ્રકારો માન્યા છે : (૧) ગોમેદક, (૨) રુચક, (૩) અંક, (૪) સ્ફટિક અને લોહિતાક્ષ, (૫) મરકત અને મસારગલ્લ, (૬) ભુજચોચક, (૭) ઇન્દ્રનીલ, (૮) ચંદન, ગેરિક અને હંસગર્ભ, (૯) પુલક, (૧૦) સૌગન્ધિક, (૧૧) ઇન્દ્રપ્રભ, (૧૨) વૈડૂર્ય, (૧૩) જલકાંત અને (૧૪) સૂર્યકાંત.

આજે રત્ન શબ્દથી મુખ્યત્વે માણેક, પોખરાજ, નીલમ, પન્નાં, ગોમેદ (લસણિયું), શનિ વગેરે સમજાય છે. કોઈ શ્રીમંત, રાજા કે મહારાજા તેની માલા બનાવી મંત્રજપનો લાભ લઈ શકે છે. પરંતુ તેના કરતાં ઇન્દ્રાક્ષ વગેરેની માલાથી વધારે લાભ થાય છે. તે અંગે અગ્નિપુરાણમાં કહ્યું છે કે :

'સુવર્ણ, રત્ન અને મણિની માલા વડે જપ કરવાથી સોગણો લાભ થાય છે. ઇન્દ્રાક્ષની માલા વડે જપ કરવાથી હજારગણો લાભ થાય છે. કમલબીજની માલા વડે જપ કરવાથી દસ હજારગણો લાભ થાય છે. રુદ્રાક્ષની માલા વડે જપ કરવાથી લાખગણો તથા ભદ્રાક્ષની માલા વડે જપ કરવાથી દસ લાખગણો લાભ થાય છે. અને પુત્રજીવકની માલા વડે જપ કરવાથી ફલસંખ્યા કહી શકાય તેવું નથી.'

તાત્પર્ય કે વ્યવહારમાં સુવર્ણ, રત્ન અને મણિનું મૂલ્ય ઘણું હોય છતાં મંત્રસાધનામાં ગુણ પરત્વે ઇન્દ્રાક્ષ વગેરે માલાનું મહત્ત્વ વધારે છે.

ચંદન – સુખડ. તેની અનેક વસ્તુ બને છે, તેમ માલા પણ બને છે. તેનો રંગ ગોરાડુ (સહેજ પીળો) હોય છે, પણ શાંતિકર્મમાં તેનો ઉપયોગ થઈ શકે છે.

અગર – અગરુચંદન. આ વૃક્ષ ખાસ કરીને ધૂપ માટે અતિ ઉપયોગી છે. તે અગરબત્તી બનાવવાના કામમાં આવે છે અને તેના ધૂપથી મનને ઘણો આનંદ થાય છે. તેના કૃષ્ણાગરુ, દાહાગરુ વગેરે ઘણા પ્રકારો છે. પરંતુ તેનું લાકડું વહેલું સડી જાય છે. અને એ રીતે સડે છે ત્યારે જ સુગંધ આવે છે, એટલે કોઈ એક વિશિષ્ટ

પ્રયોજને જ તેનો ઉપયોગ થતો હશે. અન્ય તંત્રગ્રંથોમાં તેની માલાનો ઉલ્લેખ જોવામાં આવ્યો નથી.

ધનસાર – ધનસારનો પ્રસિદ્ધ અર્થ કપૂર છે, પણ માલા બનાવવામાં તેનો ઉપયોગ થતો નથી. આ શબ્દ ઘણસરી વૃક્ષના અર્થમાં વપરાયો હોય તો તેનાં ફલબીજ કે લાકડામાંથી માલા બને છે કે કેમ તે જાણી શકાયું નથી. કદાચ ધવસાર એવો પાઠ હોય તો ધવનાં વૃક્ષો મોટાં થાય છે અને તેનું લાકડું ઈમારતી કામમાં [illegible] છે, એટલે તેની માલા જરૂર બની શકે, પણ તેનો ઉલ્લેખ અ[illegible] જોવામાં આવ્યો નથી. એથી આ પાઠ સંશોધન માગે છે.

રુદ્રાક્ષ – રુદ્રાક્ષનાં મોટાં વૃક્ષ થાય છે. તેનાં ફલમાં જે બીજ થાય છે, તેને પણ રુદ્રાક્ષ જ કહેવામાં આવે છે. તેમાં શાર પાડી તેની માલા બનાવી શકાય છે. અહીં રુદ્રાક્ષની માલાને સુંદર ફલ આપનારી કહી છે, તેનું એક કારણ એ છે કે તે ભૂતબાધા તથા ગ્રહબાધાનો નાશ કરનારી છે. કેટલાક લોકો રુદ્રાક્ષને ચાંદી કે સોનામાં ગંઠાવી તેની માળા ગળામાં પહેરે છે.

રેશમની માલા – એ ઘણી જાતની થાય છે, તેથી અહીં અપાર શબ્દનો પ્રયોગ કરેલો છે.

પંચવર્ણી સમસૂત્રની માલા – પાંચ રંગના સૂતરના દોરાને વણીને તેના આધારે બનાવેલી માલાને પંચવર્ણી સમસૂત્રની માલા કહેવામાં આવે છે.

સૂત્રની માલા – સૂતરના દોરા ગૂંથીને મણકા બનાવવામાં આવે છે અને તેનાથી માળા બનાવાય છે. આ માલા પણ નમસ્કારમંત્રના જપમાં ઉપયોગમાં લઈ શકાય પરંતુ કેટલાંક જૂનાં કપડાં પર દોરા ગૂંથી મણકા બનાવે છે, તેની માલા ઉપયોગમાં લેવી યોગ્ય નથી.

આજે પ્લાસ્ટિક અને રેડિયમની માળાઓ બનવા લાગી છે અને ઘણા લોકો તેનો ઉપયોગ કરે છે. પણ તે કામમાં લેવા જેવી નથી, એવો વિદ્વાન મુનિરાજોનો અભિપ્રાય છે.

તાત્પર્ય કે આ માલાઓમાંથી સ્ફટિકની, રૂપાની તથા સૂતરની માળા નમસ્કારમંત્રના જાપ માટે કામમાં લઈ શકાય.

માલાના બધા મણકાઓ સરખા હોય, ત્યાં તેની આકૃતિ અંગે વિચાર કરવાનો રહેતો નથી, પણ બધાં ફલબીજો સરખા કદનાં હોતાં નથી, તેમાં ચડઊતરપણું અવશ્ય હોય છે. તેમાં ઉપર મોટું બીજ, પછી નાનું એમ ક્રમશઃ નાનાં બીજો મણકા તરીકે પરોવવામાં આવે છે, ત્યારે ગોપુચ્છ એટલે ગાયના પૂંછડા જેવી આકૃતિ થાય છે અને વચ્ચે મોટાં બીજ અને આજુબાજુ અનુક્રમે નાનાં બીજ મણકા તરીકે પરોવવામાં આવે છે, ત્યારે સર્પાકૃતિ એટલે સાપના જેવી આકૃતિ થાય છે. આ આકૃતિ પરત્વે તેનું વિશેષ મહત્ત્વ નથી.

માળા બનાવવા માટે રેશમ તથા સૂતર એ બંનેના દોરા વાપરી શકાય છે. તેમાં શાંતિકર્મ માટે ધોળા દોરાનો, વશીકરણ માટે રાતા દોરાનો તથા અભિચાર એટલે ઉચ્ચાટન, મારણ વગેરે માટે કાળા દોરાનો ઉપયોગ થાય છે. નમસ્કારમંત્રનો જપ તો શાંતિકર્મ માટે જ છે, તેથી તેમાં ધોળા દોરાનો ઉપયોગ કરવો જોઈએ.


આગળના જમાનામાં મંત્રસાધકો મંત્રજપ માટેની માલા જાતે જ બનાવતા કે જાતે જ દેખરેખ નીચે બનાવડાવતા અને તે વખતે જે વસ્તુની માલા બનાવવી હોય તે વસ્તુને સાફ સ્વચ્છ પવિત્ર બનાવીને જ તેને કામમાં લેતા. તેઓ એ માલા બનાવતી વખતે સતત ૐનો ઉચ્ચાર કરતા અથવા વર્ણમાતૃકાના દરેક અક્ષરને અનુસ્વાર લગાડી તેનો મંત્રાક્ષર તરીકે પ્રયોગ કરતા અથવા તો પંબીજનું ઉચ્ચારણ ચાલુ રાખતા. આ રીતે તેને પ્રથમથી જ પવિત્ર મંત્રોના સંસ્કાર આપવામાં આવતા અને જ્યારે તે માલા તૈયાર થાય ત્યારે તેની પ્રતિષ્ઠાની વિધિ કરવામાં આવતી તથા ત્યાર બાદ ગુરુના હસ્તે તેને ગ્રહણ કરતા અને પછી તેનો જપમાં ઉપયોગ કરતા.

આપણે ત્યાં આચારદિનકર ગ્રંથમાં માલાપ્રતિષ્ઠાની વિધિ બતાવેલી છે, પણ તે આજે પ્રચારમાં નથી. આપણા પૂજ્ય આચાર્યોને કદી એમ લાગ્યું હોય કે નમસ્કારમંત્રની સાધના બને તેટલી સાદી રાખવી, એટલે કે તેનાં વિધિવિધાનોને વધારે જટિલ ન બનાવવાં

તેથી પણ આમ બન્યું હોય. પરંતુ અમને અનુભવથી એટલું તો લાગે જ છે કે જો સૂતરની કોકડીઓ ઘર પર લાવીને તેને તથા ગૂંથવાના સોયાઓને નમસ્કારમંત્રથી અભિમંત્રિત કરીને તેની માલા ગૂંથી હોય અને તે વખતે ઐં બીજનો જપ ચાલુ રાખ્યો હોય તો તે માલા વિશિષ્ટ કોટિની બને અને તેને ધૂપ વગેરેથી વાસિત કર્યા પછી ગુરુના હાથે ગ્રહણ કરવામાં આવે તો સાધકની ભાવનાસૃષ્ટિમાં ઘણું પરિવર્તન થઈ જાય અને તેથી સાધના ઉજ્જવલ કોટિની બને.

અહીં એટલું સ્પષ્ટ કરવું ઉચિત ગણાશે કે આ પ્રકારે જે માલા તૈયાર થાય, તેનો ઉપયોગ માત્ર નમસ્કારમંત્રની સાધના માટે કરવો જોઈએ. તેનો ઉપયોગ અન્ય કોઈ જપ કે મંત્રસાધનામાં કરી શકાય નહિ. આ માળાને ચાંદી કે સુખડની ડબ્બીમાં મૂકી રાખવી જોઈએ અને જ્યારે જપ કરવો હોય ત્યારે જ ઉપયોગમાં લેવી જોઈએ. તેને બીજાનો સ્પર્શ થાય એ ઇચ્છવા યોગ્ય નથી.

□



૧૯. વિદ્યાઓ કોઠામાં સડસડી ગઈ

'ભારતવર્ષમાં વિદ્યા અને ઇલમની પરંપરા લાંબી ચાલતી નથી. ચમત્કારિક ઔષધિઓ, કાનમાં કહ્યું તેવા સફળ ટુચકાઓ, ધારી અસર કરે તેવા મંત્રો અને તંત્રો આ દેશમાંથી જોતજોતામાં વિલીન થઈ ગયા છે.' લાલા વિશ્વેશ્વરે હૈયાની વરાળ કાઢી.

'સર્વાંશે એવું નથી. યુગજૂના વેદમંત્રો આજે હયાત છે. અને કેટલાક મંત્રો, વિદ્યાઓ અને ઇલમો ઝડપથી પોતાની હસ્તી મિટાવી ગયાં પણ છે.' મુનીન્દ્રે સ્વાભાવિક રીતે કહ્યું.

'અરે, આપણા ગઈ કાલના મહમદ છેલ ને નથ્થુ મંછા જેવા જાદુગરો, ચોથિયો ને એકાંતરિયો તાવ ઉતારવાના ટુચકા જાણનારા

કાકાઓ, વાને ફૂંકનારી ડોશીઓ પોતાની પાછળ પોતાની વિદ્યા કોઈને આપતાં ગયાં નથી. મર્યા પાછળ બધું મરી ગયું. વિદ્યાઓ કોઠામાં જ સડસડી ગઈ.' ભાઈ દીનબંધુએ ઉમેર્યું.

'એ કેટલીક વાર ઉચિત પણ હોય છે. જો તલવાર વાપરવાનો વિવેક ન હોય, એનાથી પોતાનો મહિમા વધારવાનો જ આશય હોય, રક્ષકને બદલે ભક્ષક બનવાની ખ્વાહિશ હોય, તો એક રીતે એ તલવાર અને તેને વાપરવાની કળા નષ્ટ થાય તે જ ભાવિ માટે ઈષ્ટ છે. એ વિદ્યા કે ઈલમ માણસ નષ્ટ નથી કરતો, યુગનો અધિષ્ઠાતા દેવતા કરે છે. ને જ્યારે તેની જરૂર પડે છે ત્યારે વળી તેનું પ્રાકટ્ય સ્વયમેવ થઈ જાય છે.' મુનીન્દ્રે હવે વાતમાં રસ લેવાનો પ્રારંભ કર્યો, અને પ્રારંભ કર્યો એટલે પછી ગાડી ચાલી.

'હું તમને એ વિષે એક ઐતિહાસિક ઘટના કહીશ. આજથી આશરે બે હજાર વર્ષ પહેલાંની વાત છે.

'એ કાળ યોગબળ અને મંત્રબળનો હતો. જીવન માટે પણ યોગનો આધાર લેવાતો. મૃત્યુ માટે પણ યોગબળનો આશ્રય લેવાતો. દવા, દારૂ, ઓસડ ને વૈદ-દાક્તરની હાયમોંકાણ એ વખતે નહોતી. પથારીમાં પડ્યા રહેવા કરતાં માણસ દેહ બદલવો ઈષ્ટ લેખતો. યુદ્ધમાં પણ આજે જેમ અણુશક્તિ વપરાય છે, એમ એ વખતે પ્રકૃતિનાં તત્ત્વોનો વિનિયોગ થતો. ગર્દભિલ્લ રાજાની ગર્દભીવિદ્યા પ્રસિદ્ધ હતી. મોટી સેનાઓ ગર્દભીવિદ્યા પાસે હતાશ થઈ જતી.

'કાળ વીતી ગયો. ને જેમ સારી વસ્તુનો દુરુપયોગ થાય છે તેમ, આજે જ આપણી આંખે કરકસર માટે યોજાયેલી ખાદી માત્ર આડંબરી પોશાક ને રેંટિયો સ્વદેશીના બદલે સ્વાર્થના દેખાવ પૂરતો ફેરવાય છે, તેવું તે વખતે બન્યું.

'યોગ અભિચાર ને વ્યભિચાર માટે અને મંત્રો જીવનની ક્ષુદ્ર લાલસાને સંતોષવા માટે વપરાવા લાગ્યા. એવો એક દાખલો નોંધાયેલો છે કે એક માતાએ શૌચ ગયેલા પુત્રને પખાળવા દેવોને મંત્રાક્ષરથી આવાહિત કરેલા. કિંવદન્તી પ્રમાણે સુવર્ણના પાત્ર વગર સિંહણનું દૂધ રહી શકતું નથી; એમ આવા હલકા, તકસાધુ અને ક્ષુદ્ર

સ્વાર્થવાળા લોકોની વચ્ચેથી સાચા મંત્રો, તંત્રો ને યોગશક્તિઓ ઝડપથી ચાલી ગઈ. હલકી કોટિના મંત્રો, યંત્રો અને હલકી કોટિના દેવતાઓનું સામ્રાજ્ય વ્યાપી ગયું. જેમ કૂતરું રીઝે તો પગ ચાટે અને ખીજે તો પગ કાટે, એવો આજનો પ્રકાર છે, તેવો જ પ્રકાર ત્યારેય બન્યો. આજની યોગસિદ્ધિ ને મંત્રસિદ્ધિ માણસને આત્માના વૈભવમાં આગળ વધારતાં નથી. ફક્ત વિલાસ-વૈભવમાં આળોટાવે છે. પરિણામે પ્રાકૃત જનો કરતાંય તે સિદ્ધિ મેળવનારની દુર્દશા થાય છે.

'આવી સ્વાર્થી ને હલકી ભાવનાઓ જ્યારે યુગવર્તી બનેલી નિહાળતા, ત્યારે મંત્રના અધિષ્ઠાતાઓ તેનો લોપ કરી નાખતા. એનું અધ્યયન-અધ્યાપન બંધ કરી નાખતા. શક્તિઓ નષ્ટ થાય તે ઉચિત માનતા : પણ તેનો દુરુપયોગ થાય તેને અનુચિત લેખતા.

'બે હજાર વર્ષ પહેલાંની એક વાત છે :

મહારાજ ચંદ્રગુપ્તનું રાજ હતું. એ કાળે નેપાળ અને તિબેટમાં એક મહાન આચાર્ય ફરતા હતા. એ મહાન યોગી હતા, ને રોજ નવનવાં ધ્યાન આરંભતા ને પૂરાં કરતા.

એ કાળે ઉપરાઉપરી ભયંકર દુકાળો પડ્યા. માણસને પેટ ભરવાના સાંસા પડ્યા. વિદ્યા, સંસ્કાર, સંસ્કૃતિ બધું ભર્યા પેટની ચીજો છે. હજારો માણસો મૃત્યુ પામ્યાં, એમાં મંત્રવિદો, ધ્યાનીઓ અને જ્ઞાનીઓ પણ કરાળ કાળનો ભોગ બન્યા.

ફરી સારાં વર્ષ આવ્યાં. બીજી બધી વ્યવસ્થા થયા પછી જ્ઞાનયોગની શાખાઓનો વિચાર થયો. નેપાળ અને તિબેટમાં ફરતા મહાયોગીને નિમંત્રણ આપીને બોલાવવામાં આવ્યા, ને યોગ, મંત્ર ને તંત્રના જે મહાન ગ્રંથો હતા તે ભણાવવાની વિનંતી કરવામાં આવી.

જ્ઞાની આચાર્યે જોયું હતું કે ભૂખના દુઃખે ને જીવવાની લાલસાએ જીવનનાં મૂલ્યોને હલકાં પાડી દીધાં હતાં. માણસનું મહાન સૂત્ર હું અને મારું બન્યું હતું. છતાં લોકસમુદાયની ઇચ્છાને માન આપી કાર્ય શરૂ કર્યું.

આ વિદ્યાઓ એટલે મીણના દાંતે લોઢાના ચણા ચાવવાના હતા. એમાં લાગવગ, ચોરી કે ભરભલામણ ચાલતી નહોતી.

મંત્રવિદ્યાના ચૌદ ગ્રંથો હતા. બે ગ્રંથો પૂરા થતાં થતાં એકત્ર થયેલા વિદ્યાર્થીઓ રવાના થઈ ગયા. એમને તો ઉતાવળે પાકે એવા આંબાની જરૂર હતી.

ચાર કે છ ગ્રંથો પૂરા થતાં બીજા બધા છાત્રો ચાલ્યા ગયા. રે ! જીવનની સર્વ શક્તિઓ અને સર્વ આનંદોના ક્ષય કરનારી આ વિદ્યાથી શું સર્યું ! આ વિદ્યા વૃદ્ધત્વે પ્રાપ્ત થશે, ને ત્યારે પોતાના ભલા કરતાં પારકાના ભલા માટે જ વાપરવાની રહેશે. આવો ખોટનો ધંધો કોણ કરે ?

સાત, આઠ ને નવ ગ્રંથો પૂરા કરતાં ફક્ત એક જ શિષ્ય મોજૂદ રહ્યા, રે ! સો શિયાળ કરતાં એક સિંહ સારો, એ ન્યાયે ગુરુ એને ભણાવી રહ્યા. શિષ્ય પણ મહાન ત્યાગી, તપસ્વી, જ્ઞાની ને ધ્યાની હતા. યુવાવસ્થામાં એક પ્રખ્યાત નૃત્યાંગના પર પોતે આશક હતા. વાતવાતમાં વૈરાગ્ય થતાં સાધુ થયા હતા ને નૃત્યાંગનાને પણ સાધુતાના માર્ગે વાળી હતી. આચાર્ય પોતાના આ શિષ્યની સો જિહ્વાએ સ્તુતિ કરતા.

દસ ગ્રંથો પૂરા થયા. ગુરુ તો એક જ હતા, શિષ્ય પણ એક જ રહ્યો. તમામ ગ્રંથો મંત્ર અને યોગથી ભરેલા હતા. અષાઢના આભમાં કુંવારી વીજળી જેવું જોર કરે, એવું જોર આ વિદ્યાઓ કરી રહી.

એક વાર આ મહાન શિષ્ય નગરમાર્ગે જતા હતા. એક પરિચિત સજ્જન મળ્યો. નિમંત્રીને પોતાના ઘેર લઈ ગયો. ઘરમાં જોયું તો સાક્ષાત્ દરિદ્રતાનું સામ્રાજ્ય પ્રવર્તે. મહાન શિષ્યથી ન રહેવાયું. એમણે કહ્યું :

'આ થાંભલો કોરી કાઢ. ધન મળશે.'

થાંભલો કોર્યો ને ધનનો ઢગલો થઈ ગયો. આખા ગામમાં મહાન શિષ્યની વાહ વાહ થઈ રહી. સ્વાર્થી જગતે તો એને બીજો ભગવાન કહ્યો.

મહાન ગુરુને ખબર પડી ત્યારે તેમણે કહ્યું :

'મહેરબાની કરતાં મહેનત સારી. એને મહેનતનો માર્ગ ચીંધ્યો હોત તો એનું અને તારું કલ્યાણ થાત. યાદ રાખો કે કોઈ એવી ધરા નથી, જેમાં ધન નથી; કોઈ એવી વનસ્પતિ નથી જેમાં ઔષધિ નથી; કોઈ એવું દૂધ નથી, જેમાં પોષણ નથી; ને કોઈ એવો પહાડ નથી, જેમાં રત્ન નથી. પણ તમામ મહેનતથી મેળવવું સારું.'

મહાન શિષ્યને ગુરુનો ઉપદેશ ન રુચ્યો, પણ ગુરુની વાણી વિવેકથી અવધારણ કરવાનું એ શીખ્યા હતા.

મહાન શિષ્યની ખ્યાતિ ગુરુ કરતાં વધી ગઈ. ધન દે, ધાન્ય દે, ધાર્યું દે એ મહાન ! પછી ગુરુ હોય કે શિષ્ય ! ગુરુની કોઈ ગણતરી રહી નહિ. ચેલાનાં ચાર ખંડમાં વખાણ થવા લાગ્યાં. સ્વાર્થી લોકો તો એને ભગવાન બનાવી મંદિર ખડું કરવા તૈયાર હતા.

એક દહાડો મહાન શિષ્યની બહેન ભાઈને મળવા આવી. એણે ગુરુને પૂછ્યું :

'મારો ભાઈ ક્યાં છે ?'

'યક્ષમંદિરની પાછળ ધ્યાનમાં છે.'

બહેન દોડતી વીરાને ભેટવા ગઈ પણ જેવી ગઈ તેવી પાછી આવી. એ ગભરાયેલી હતી. આવીને બોલી :

'ગુરુદેવ ! ત્યાં તો કોઈ વાઘ બેઠો છે. કદાચ મારા ભાઈને ખાઈ ગયો હોય.'

ગુરુ એક પળ આંખ મીંચી ગયા ને બોલ્યા :

'કોઈ વાઘસિંહ જેવું જાનવર તારા ભાઈને ખાઈ શકે તેમ નથી : પણ અહંતારૂપી વાઘે એને ખાધો છે. જા, મારા વચને નિર્ભય બનીને ત્યાં જા ! તારો ભાઈ તને મળશે.'

ગુરુવચનમાં શ્રદ્ધા ધરાવનારો એ યુગ હતો.

બહેન ફરી ત્યાં નિઃશંક રીતે ગઈ.

મહાન ગુરુનો મહાન શિષ્ય, સંસારનો સમર્થ જ્ઞાની, પોતાનો ભાઈ ત્યાં બેઠો હતો. બહેન સમજી ગઈ કે ભાઈએ પોતાની શક્તિનો પરચો બતાવવા સિંહવાઘનું રૂપ ધારણ કર્યું હતું.


બીજે દિવસે ગુરુએ શિષ્યને આગળ ન ભણાવતાં કહ્યું :

'ચૌદ મંત્રગ્રંથોમાંથી દસ તને મેં શીખવ્યા. હવે ચાર મારા કોઠામાં જ રહેશે. સ્ત્રી રૂપનું પ્રદર્શન કરે, ધનવાન ધનનો મહિમા ગાય, જ્ઞાની જ્ઞાનનું અભિમાન કરે, એ બધું કુત્સિત લેખાય છે. તને મળેલી વિદ્યાનો ધર્મ માટે ને જનસમાજ માટે ઉપયોગ કરજે. ચાર ગ્રંથો હવે મારી સાથે જલીને ભસ્મ થશે.'

મહાન શિષ્યે ગુરુ સામે ફરિયાદનો એક પણ બોલ કહેવાનો નહોતો.

એ સાપરાધ ભાવે ગુરુને વંદી રહ્યો.

□



૨૦. માધવનો મંત્ર

જ્યારે આશાનાં બારે વહાણ ડૂબી ગયાં, વિશ્વાસનું એક પણ હલેસું હાથ ન રહ્યું, દવાઓ મૃગજળ સમી નીવડી ને દાક્તરો પડછાયાથી વધુ પ્રબળ ન નીવડ્યા – ત્યારે આ પ્રત્યક્ષ સંસારમાં, ભરેલા જગતમાં માણસે શું કરવું ?

આપઘાત ?

ના, ના. શાસ્ત્રો કહે છે કે આખા સંસારની દવાઓ, ઉપચારો, સૅનેટોરિયમો નાકામયાબ નીવડે ત્યારે પ્રભુસ્મરણ કામ કરે છે.

અમારા મિત્ર શ્રી નંદલાલ દવેએ કહેલી એક સત્યઘટના એ વાતની ગવાહી આપતી અહીં રજૂ થાય છે :

સાતેક વર્ષ પહેલાંની વાત છે.

રાજકોટમાં એ ભાઈએ ટાઈપરાઈટિંગ ક્લાસ ખોલેલો. જાતે બ્રાહ્મણ. ઉંમર વર્ષ આશરે ૨૫થી ૩૦. મહેનત અને ખંતથી તેઓ ક્લાસનું સંચાલન સારી રીતે કરતા. અનાયાસે મારે એમની સાથે મિત્રાચારી થઈ અને પંદર દિવસે, મહિને અમે એકબીજાને મળતા પણ ખરા.

એ પછી ત્રણચાર વર્ષ પસાર થઈ ગયાં.

હું મારી ઑફિસમાં બેઠો હતો.

બપોરના બે વાગ્યા હશે. એક ભાઈ બે હાથ જમીન પર ટેકવી ઢસડાતા ઢસડાતા આવ્યા અને આમતેમ જોવા લાગ્યા.

મેં તેમની સામે જોયું. ચહેરો પરિચિત લાગ્યો અને મનમાં યાદ આવતાં હું બોલી ઊઠ્યો : 'અરે ગમનભાઈ ! તમારી આ સ્થિતિ ?'

તેઓ નિરુત્તર જ રહ્યા, જેથી તેમને ઊંચકીને મેં મારી પાસેની ખુરશી પર બેસાડ્યા. ઠંડું પાણી પાઈ તેમનો થાક હળવો કર્યો.

તેઓ નિરુત્તર જ રહ્યા; તેથી મેં તેમને પૂછ્યું : 'તમારા આ બન્ને પગે ખોડ કેમ આવી ?'

તેઓ એક ધીમા નિસાસા સાથે બોલ્યા : 'દુનિયામાં સુખદુઃખ સૌને ભોગવવાં પડે છે. હું પણ કોઈ કર્મોના બંધનથી આ સ્થિતિમાં આવી પડ્યો છું.'

આટલા શબ્દો માંડ માંડ બોલી શક્યા. તેમની આંખો અશ્રુથી ભરાઈ ગઈ. થોડો સમય શાંત રહ્યા બાદ તેઓએ વાત શરૂ કરી :

'અઢી વર્ષ પહેલાં મને તાવ આવ્યો હતો. સામાન્ય તાવ સમજી ડૉક્ટરોની દવા શરૂ કરી. . . પાંચછ દિવસ સારું રહે, ફરી તાવ આવે. લાગલાગટ એકાદ મહિનો આમ ચાલ્યું. પણ મને તબિયતમાં સુધારો દેખાયો નહિ.

'શહેરના સારા સારા ડૉક્ટરો પાસે તબિયત બતાવી. તેઓએ બતાવ્યા મુજબના બધાય ઉપચારો કરી ચૂક્યો. એ ને એ સ્થિતિમાં આઠથી દસ મહિના પસાર થઈ ગયા. હું મારા પગના ચેતનની ૫૦ ટકા શક્તિ ગુમાવી બેઠો હતો. દુનિયામાં એકલોઅટૂલો. ન કોઈ આવે, ન કોઈ મારા ખબરઅંતર પૂછે. ચોતરફ અંધકાર જ દેખાતો હતો. મારા જીવનની જે મૂડી હતી, સાધનસરંજામ હતો એમાંથી સાઠ ટકા તો દવાદારૂમાં વપરાઈ ચૂક્યા હતા.

'નિરાશ થઈને જેમતેમ કરી મારું જીવન પસાર કરતો હતો. ત્યાં મારા એક દૂરના સ્નેહીને મારી ખબર મળતાં મને તેઓ જામનગર લઈ ગયા. છએક મહિના પાસેના બીજા શહેરમાં પસાર કર્યા. મારી રહીસહી મૂડી ખલાસ કરી નાખી. જે સગા મને તેડી ગયેલા એમને પણ હું ભારરૂપ થતો હતો, એટલે ત્યાંથી નીકળી આજે અહીં આવ્યો છું.'

આટલી વાત પૂરી કરતાં એ માણસ ફરી વાર રડી પડ્યો.

ગમનભાઈની વાત સાંભળીને મારા હૃદયે ખૂબ વ્યથા અનુભવી. અઠ્ઠાવીસ વર્ષના એ જુવાન માનવીની કાયા નિષ્કાર્ય બની ગઈ હતી. તેમને મેં હિંમત આપી. આંસુ લૂછ્યાં અને કહ્યું : 'પ્રભુમાં વિશ્વાસ રાખો. પ્રભુમાં વિશ્વાસ રાખનારા કદી નાસીપાસ થતા નથી અને સાચા માનવીનાં સઘળાં કાર્યોમાં પ્રભુ મદદરૂપ થાય છે. તમે અત્યારે અપંગ થયા છો. ઘેરથી બીજે ચાલીને જઈ શકતા નથી. તો ત્રણ વરસ સુધી ડૉક્ટરની દવા કર્યા છતાં જે રોગે યારી ન આપી, એ રોગ પ્રભુકૃપાએ જરૂર દૂર થશે જ.' એમ કહી નીચેના મંત્રનો જાપ કરવાનું તેમને સૂચવ્યું :

'મૂકં કરોતિ વાચાલમ્
પંગું લંઘયતે ગિરિમ્,
યત્કૃપાત્તમહં વંદે
પરમાનંદમાધવમ્.'

ગમનભાઈને બે કલાક બેસાડી, ખૂબ જ આશ્વાસન આપી, ઉપર જણાવેલ જાપ કરવાથી તમારી અપંગાવસ્થા જરૂર પ્રભુ દૂર

કરી દેશે, એવો વિશ્વાસ આપ્યો.


આ વાતને એક વરસ ને આઠ મહિના પસાર થઈ ગયા. અચાનક મારા ઘરનું સરનામું પૂછતો પૂછતો કોટ-પાટલૂન-નેકટાઈ પહેરેલ એક યુવાન મારા ઘેર આવ્યો. આવતાંવેંત જ એ યુવાન પગમાં પડી ગયો.

'કોણ, ગમનભાઈ, તમે ?'

'હા, ભાઈ ! તમોએ આપેલ મંત્રશક્તિનું પ્રત્યક્ષ પરિણામ છે. તમને બતાવવા તમારી પાસે આવ્યો છું. મને પ્રભુએ નવું જીવન બક્ષ્યું છે.'

આ ભાઈ હાલ મુંબઈ તરફ સરસ રીતે ધંધો ચલાવે છે.

□



૨૧. જ્ઞાનયોગીનું નવનીત

ચમત્કાર.

માનવમનને આકર્ષે છે ચમત્કાર. કોઈ જ્ઞાનયોગી એના સત્યાસત્યની ખોજ કરવા નીકળે છે. એવા એક જ્ઞાનયોગી હતા શ્રી ચંદુભાઈ. એમના મેળાપે અનેક લોકોનાં જીવનની દૃષ્ટિ પલટી નાખી. વ્યવહાર અને પરમાર્થ વચ્ચે કેટલાયને મેળ બેસાડતા કરી આપ્યા.

આવા જીવનશોધક ચંદુભાઈની સાથેના કેટલાક પ્રસંગો અહીં આલેખીએ છીએ.

એક જિજ્ઞાસાભર્યો સાધક પોતાની જિજ્ઞાસા રજૂ કરતાં કહે છે કે, "એક નૂતન વર્ષને દિવસે એ સાધક એક વૃદ્ધ માજીને પ્રણામ

કરવા જાય છે. માજી પૂજામાં હતાં અને મૌન પાળતાં હતાં. દસેક મિનિટ મારે થોભવું પડ્યું.

"માજી બહાર આવ્યાં. મને આશીર્વાદ આપ્યા ને વાતો ચાલી. સામાન્ય વાતો પછી માજી કહે છે : 'આ ગાંધી મહાત્મા છે, એ મહાત્મા ખરા પણ હજી જરા કાચા છે. અમારા . . . ના જેવા પૂર્ણ મહાત્મા ન ગણાય. જુઓ અમારા . . . કેટલા ચમત્કારો કર્યા હતા ? એમાંનું કંઈ ગાંધી મહાત્માએ કર્યું સાંભળ્યું નથી.' મેં તો પેલાં માજીને અપાય એવો જવાબ આપ્યો, પણ એમણે કહેલી ચમત્કારની વાતો મારા મગજમાંથી ખસી નહિ. અનુકૂળ પ્રસંગ મળતાં શ્રી ચંદુભાઈ સાથે એ સંબંધી ચર્ચા કરી :

'આજકાલ ભણેલા કે અભણ પોતાને કેળવાયેલા કહેવડાવનાર કે બીજાઓ જેમને બિનકેળવાયેલા કહે છે તેઓ, નાનાંમોટાં સ્ત્રીપુરુષો સૌ ચમત્કારની વાતો કરે છે. કોઈ સંત કે મહાપુરુષની વાતો સાંભળીએ છીએ તો એમની આસપાસ ચમત્કારની વાતો સંકળાયેલી હોવાની જ. પેલાં માજી તો એમાંનાં એક હતાં પણ મોટા મોટા વિદ્વાનો પણ ચમત્કારની વાતોથી અલિપ્ત નથી. આપણા ધર્મમાં જ ચમત્કારની વાતો આવે છે એમ નથી. જગતના તમામ નાનામોટા ધર્મો કે સંપ્રદાયો પણ ચમત્કારની જાળ સાથે ગૂંથાયેલા છે. સૌ ઈશ્વરદર્શન કે આત્મદર્શન થાય ત્યારે ચમત્કારો કરવાની શક્તિ આવે છે એમ માને છે. અને જેઓ ચમત્કાર નથી કરી શકતા તેમને દંભી, પાખંડી, ઢોંગી કહી તેમના ઉપર ત્રાસ વર્તાવવામાં આવે છે.

'નરસિંહ મહેતાને પણ જૂનાગઢના રા'એ કહેલું કે તને સાચો ત્યારે જાણું કે જ્યારે કૃષ્ણની મૂર્તિ તને હાર પહેરાવે. આમ કહી નરસિંહ મહેતાને અલગ ઓરડામાં કેદ કર્યા'તા. આ તો આપણા ધર્મના ભક્તની વાત થઈ. એથી વધારે જુલમ ગુજાર્યાની વાતો પણ જાણીતી છે. આમ ચમત્કારોની આટલી મહત્તા ગણાઈ છે કે એ ક્યાં સુધી બરાબર ગણાય ?

'આધ્યાત્મિક જ્ઞાન થાય ત્યારે ચમત્કાર કરવાની શક્તિ પણ આવી જાય ખરી ? દરેક સંતમહાત્મા ચમત્કારો કરી શકે ખરા ? ચમત્કારો ન કરે તો નકામો ગણાય ? પરમાત્મદર્શન અને ચમત્કારનો સંબંધ બતાવો તો સારું. મને તો લાગે છે કે ચમત્કારોની વાતો એ નર્યા જૂઠાણા સિવાય બીજું કશું નથી : આવી વાતો પોતાના સંપ્રદાય વધારવા પૂરતી જ યોજી કાઢેલી હશે.'

'જો ભાઈ,' શ્રી ચંદુભાઈએ ખૂબ પ્રેમપૂર્વક શરૂ કર્યું : 'ચમત્કારની બધી વાતો ખોટી છે એમ માનવું એ બરાબર નથી અને દરેક વાતને માની લેવી એ પણ ઠીક નથી.

'થોડાં વર્ષ પહેલાંની જ વાત છે. પૂ. ગાંધીજીએ આશ્રમમાં હરિજનને દાખલ કર્યા. આશ્રમને મદદ કરનાર શ્રીમંતોને આ વાત ન ગમી. એ લોકોએ મદદ કરવી બંધ કરી. આશ્રમમાં અનાજ ખૂટ્યું, સ્વ. શ્રી મગનલાલ ગાંધીએ બાપુને કહ્યું કે આઠ દિવસ ચાલે એટલો જ અનાજનો જથ્થો છે.

'ગાંધીજીને શાંતિ હતી. પ્રજાનો આશ્રમ છે. પ્રજાને જરૂર લાગશે તો નિભાવશે, ઈશ્વરને મારી દ્વારા કે આ આશ્રમ દ્વારા સેવા અપાવવી હશે તો તે જ આશ્રમને નિભાવશે, નહિ તો બંધ થશે. એ નિર્ભય હતા. કૂવાવાળાએ કૂવો વાપરવા દેવાની ના પાડી. આશ્રમનો સૌ બહિષ્કાર કરશે કે શું એમ લાગ્યું. છતાં ગાંધીજી દૃઢ રહ્યા. એમને શ્રદ્ધા હતી કે હું સાચો છું. ઈશ્વરની ઇચ્છા પ્રમાણે જ સૌ થશે.

'મજૂરી કરીને ખાઈશું પણ સિદ્ધાંત તોડીને મિત્રોની મદદ નહિ લઉં' એવો એમનો અફર નિર્ણય હતો. શ્રી મગનલાલે ચેતવણી આપ્યા પછી બીજે કે ત્રીજે દિવસે એક ગૃહસ્થ આવ્યા. ગાંધીજીએ અગાઉ એ ગૃહસ્થને જોયા ન હતા તેમ આ ગૃહસ્થ પણ ગાંધીજીને ન ઓળખે. ગાંધીજી પિત્તળનો તાંબડો લઈ પાણી ભરતા હતા. ઉઘાડું શરીર, ટૂંકું પંચિયું અને ખભા ઉપર પાણીનું વાસણ એવા ગાંધીજીને જેમણે એકાદ વખત જોયા હોય તે પણ ન ઓળખી શકે. તો આ સદ્ગૃહસ્થ પણ ન ઓળખે એ નવાઈ જેવું નથી.

'પેલા ગૃહસ્થે આ પાણી ભરતા માણસને પૂછ્યું : 'અલ્યા, ગાંધી મહાત્માનો આશ્રમ આ કે ?' પેલાએ હા પાડી.

'મારે ગાંધી મહાત્માને મળવું છે. અંદર છે ને ?'

પાણી ભરનાર ગાંધીજીએ જ 'હા, અંદર આવો' કહી અંદર બોલાવ્યા. ગાંધીજી પાણીનો ઘડો એની જગ્યાએ મૂકી પહેરણ પહેરી ઓરડામાં આવ્યા. પેલા ગૃહસ્થે કહ્યું : 'મારે ગાંધી મહાત્માને મળવું છે.'

ગાંધીજી બોલ્યા : 'બોલોને, શું કામ છે ? હું જ ગાંધી છું.'

પેલા ગૃહસ્થ જરા શરમાયા. પછી બોલ્યા : 'મહાત્માજી, તમારા આશ્રમને કોઈ મદદ આપે તો તમે સ્વીકારો ખરા ને ?'

'જરૂર સ્વીકારું,' ગાંધીજી બોલ્યા.

'ત્યારે હું કાલે આવીશ,' એમ કહીને ઘેર ગયા. બીજે દિવસે આશ્રમની બહાર મોટર આવી. એક પણ શબ્દ બોલ્યા વિના પેલા ગૃહસ્થે ગાંધીજીના હાથમાં તેર હજાર રૂપિયા મૂકી દીધા. ગાંધીજીએ નામ પૂછ્યું પણ નામ આપવાની પરવા કર્યા સિવાય પેલા ગૃહસ્થ ચાલ્યા ગયા. આ ગૃહસ્થ કદી આશ્રમમાં આવેલા નહિ. આશ્રમને આર્થિક ભીડ હશે એની પણ એમને ખબર ન હોય. એમને સ્ફુર્યું અને એ મદદ કરી ગયા. ગાંધીજીએ પોતે આ વાત આત્મકથામાં લખી છે.

ગાંધીજી લખે છે કે, "આવું તો ઘણે પ્રસંગે બન્યું છે. બધા જ ઉપાયો અજમાવી ચૂક્યો હોઉં, કામ બંધ થવાની તૈયારી હોય અને મને મદદ મળી છે." આ તો આપણી દૃષ્ટિ સમક્ષ બનેલી હકીકત છે. નરસિંહ મહેતાનો જમાનો હોત તો એની કથા બનત, મોટરવાળા શેઠને બદલે શામળશા શેઠ બનત, ગાંધીજી ભજન ગાત અને શામળશા મદદે આવત.

ભવિષ્યની પ્રજા કદાચ ગાંધીજીની પાછળ પણ ચમત્કારોની ફૂલગૂંથણી કરે તો નવાઈ નહિ. આમ આવા પ્રસંગોને ચમત્કાર ગણી શકાય તો આવા પ્રસંગો સંત–મહાત્માઓના જીવનમાં આવે જ છે. સંતની પ્રેમદૃષ્ટિ, દયાવૃત્તિ, સત્ય ઉપરનો અવિચળ વિશ્વાસ અને

નિર્મળ જીવનથી આવા પ્રસંગો આપોઆપ બને જ છે. એને માટે સંતોને પ્રયત્ન નથી કરવો પડતો.

કેટલીક વખતે માણસની શ્રદ્ધા ફળે છે. હું કાંઈ દાક્તર કે વૈદ્ય નથી છતાં દાક્તર અને વૈદ્યોથી કંટાળેલાં ભાઈબહેનો પણ અહીં આવી ચડે છે. મારી દવા તો તમે જાણો જ છો. એ દવા આપું છું અને સારું થઈ જાય છે ! આમાં શ્રદ્ધા અને પ્રેમ બંને કામ કરે છે. દવા લેવા આવનારની શ્રદ્ધા મુખ્ય છે. ક્વચિત્ 'કાગનું બેસવું અને તાડનું પડવું' એમ પણ થઈ જાય છે ! થવાનું હોય અને સંતોના મુખથી પણ એવું જ નીકળી પડે, આમ પણ બને છે. પાછળથી પેલા સંતનો શિષ્યસમુદાય પોતાના ગુરુની મહત્તા વધારવા ખાતર આવા પ્રસંગો અતિશયોક્તિ સાથે રજૂ કરે છે, અને ગૂંચવણ ઊભી કરે છે.

*

સંતો કે મહાત્માઓ સૌ કોઈને મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે. એમનું જીવનચરિત્ર લખનારાઓ સંત–મહાત્માઓના જીવનની મુશ્કેલીની નોંધ નથી લેતા, સારું સારું અને ચમત્કારિક લાગતું જ લખે છે. એટલે સામાન્ય લોકો ભુલાવામાં પડે છે.

સૌને લાગે છે કે આત્મજ્ઞાન થયું હોય તેને મુશ્કેલી તો આવતી જ નથી. એને સુંવાળી શય્યા પર સૂવાનું મળે છે. આપણે સૌ સંતોનાં જીવનચરિત્રો વાંચતાં વાંચતાં વિચાર કરતા રહીએ અને એમના જીવનનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કરતા રહીએ. અમેરિકામાં ને આપણા દેશમાંયે કેટલાક વિચારોનો પ્રવાહ રેડીને દૂર દૂર રહીને પણ રોગો સારા કરવાના પ્રયોગો કરે છે. ક્વચિત્ સફળ પણ થાય છે પણ સર્વત્ર સર્વકાળે સફળ થતા નથી.

સાચા સંતો આવી ઝંઝટમાં પડતા નથી. માંદાને સારા કરવા માટે તે દવા અગર બીજા કુદરતી ઉપચારો સૂચવે છે. બનતા સર્વ ઉપાય કરી છૂટે છે. છતાં ન જ સારો થાય તો ઈશ્વરની ઇચ્છા સમજે છે. સંતોને ચમત્કાર કરીને મરેલાને જીવતા કરવાનું નથી ગમતું. એ માને છે કે 'ઈશ્વરના નિયમોમાં દખલ કરનાર હું કોણ ?'

સંતો તો આ સંસારમાં સ્વર્ગ બનાવવાને આતુર હોય છે. એનો સર્વ પ્રયત્ન મનુષ્યને ઉત્તમ મનુષ્ય બનાવવા માટે હોય છે. પાપી માણસ પવિત્ર થાય, જગતમાં વેરઝેર ઓછાં થાય, સર્વત્ર શાંતિ, સમતા અને પ્રેમનું વાતાવરણ થાય એ માટે એમનો પ્રયત્ન હોય છે. ચમત્કારો કરવાથી માણસને આત્મદર્શન થાય છે, એની વિવેકબુદ્ધિનો વિકાસ થાય છે કે શાંતિ અને આનંદ મળે છે, એવું કશું નથી.

આત્મદર્શન માટે ચમત્કારો કરવાની શક્તિ આવવી જોઈએ એવું પણ નથી. ઊલટું હું ચમત્કાર કરું છું એવું ભાન તો સાધકનું પતન કરે છે. યાદ રાખજો, સ્થૂળ અહંકાર દૂર કરવો સહેલો છે, પણ 'હું અમુક સંત છું', 'હું ચમત્કાર કરી શકું છું', 'હું સિદ્ધિવાળો છું' આવો સૂક્ષ્મ અહંકાર દૂર કરવો એ મુશ્કેલ છે. એવાઓ પણ આવા સૂક્ષ્મ અહંકારથી મુક્ત નથી હોતા.

સાધના કરનારાઓ તો હજારો હશે, પણ અંતિમ લક્ષ્યને પામનારા તો અમુક જ હોય છે. એનું આ જ કારણ છે. જાણ્યે કે અજાણ્યે હું કાંઈક છું, મેં કંઈક મેળવ્યું છે એવી વૃત્તિ આવી જ જાય છે. સાધક સિદ્ધિની પાછળ પડે છે અને મૂળ લક્ષ્ય ચૂકે છે. દોસ્ત, જરા આત્માના પ્રદેશમાં ઊડી તો જો, સિદ્ધિની બધી જ વાતો એ આત્માની સિદ્ધિની આગળ તરણા જેવી જણાશે.

હું શરીર નથી, મન નથી, બુદ્ધિ નથી, અહંકાર નથી, પણ આત્મા છું એવો નિશ્ચય થવો એ જ પરમ સિદ્ધિ છે. આ સાડા પાંચ ફૂટ (શરીર) જ હું છું. હું આટલો જ છું, આવો છું, એ વિચારને દૂર કર. જ્યાં શરીરનો વિચાર જતો રહ્યો, ત્યાં મન સંકલ્પશૂન્ય અને શાંત થઈ જાય છે. શાંત મન એ જ સ્થિર મન છે : સંકલ્પવિકલ્પરહિત, શાંત અને સ્થિર મન એ જ શુદ્ધ મન છે. અને શુદ્ધ મન એ આત્મા સિવાય બીજું નથી. સંકલ્પવિકલ્પરહિત, શાંત, સ્થિર અને શુદ્ધ મન, કેવળ બ્રહ્મ, શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, પરમાત્મા કે આત્મા એક જ છે.

હું દેહ છું એ માણસની સામાન્ય અવસ્થા છે. એ પરમ અવસ્થામાં વારંવાર રહો, લાંબો વખત રહો, નિયમિત રહો, પછી જુઓ

કે તમારી શી દશા થાય છે. એક એવી પરમ આનંદઅવસ્થા તમે અનુભવશો કે કોઈ પણ સિદ્ધિ તમને તુચ્છ લાગશે. જ્યાં તમે પ્રત્યક્ષ આનંદ અનુભવો ત્યાં તમારે બીજા કયા પુરાવાની જરૂર રહે ? જે વડે દુઃખ જતું રહે, અને મન આનંદસ્વરૂપ બની રહે એ સિવાય બીજી વધારે સિદ્ધિ કઈ હોઈ શકે ? લોકો ભલે તને ઢોંગી માને, માર્ગ ભૂલેલો માને તેની તારે શી પડી છે ? એ અનુભવ તું કહી ન શકે.

સ્વામી વિવેકાનંદ કે સ્વામી રામતીર્થ માફક વ્યાખ્યાનો નહિ આપી શકે કે લેખો ન લખી શકે પણ એથી તારો અનુભવ ભૂલભરેલો નહિ ગણાય. શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા અમેરિકામાં જઈને વ્યાખ્યાનો નહિ આપી શકે, કેમ કે એ કામ શ્રી વિવેકાનંદનું હતું. છતાં શ્રી વિવેકાનંદ, શ્રી રામકૃષ્ણની પ્રશંસા કરતાં થાકતા નહિ. એ કહેતા : મારામાં જે છે તે મારા ગુરુના સોમા ભાગની પણ બરાબરીનું નથી. એ તો મહાન, મહાનથીયે મહાન હતા.

શ્રી વિવેકાનંદ જેવાં લાંબાં વ્યાખ્યાનો ન કરી શકે માટે એ ઊતરતી કોટિના ન ગણાય. તમારાં બહેન (શ્રી ચંદુભાઈનાં પત્ની શ્રી ગોદાવરીબહેન) લંડન આવ્યાં હતાં. એમણે ત્યાંનો વિખ્યાત બાગ જોયો છે, એનું વર્ણન ન કરી શકે એટલા માટે એણે એ બાગ જોયો નથી એમ ન કહેવાય, કોઈ હઠ કરે અને કહે કે તમે બાગ જોયો જ નથી. તો એ શી રીતે સિદ્ધ કરી શકશે ? હસશે ને કહેશે કે તમે ભલે ના કહો, પણ મેં બાગ જોયો છે તે નથી જોયો થવાનું નથી.

સંતોને કોઈ ચમત્કારિક કહેશે તો તે ફુલાઈ નથી જવાના અને દંભી કહેશે તો શાપ નથી આપવાના. બહુ થાય તો હસશે. સંસારની ઉપાધિમાં કે ઉપાધિરહિત સ્થિતિમાં જે આત્મસ્વરૂપમાં લીન રહી શકે છે તે સાચો સિદ્ધ છે. પ્રયત્ન કર્યા વિના જ કે ઓછા પ્રયત્ને જે સ્વરૂપમાં જઈ શકે છે તે સાચો સિદ્ધ છે. વ્યવહારનાં સર્વ કામ કરવા છતાં બીજી જ પળે જે સ્થિરતા, શાંતિ અને સમતા અનુભવી શકે છે, હૃદયમાં કશીયે રગડઝઘડ નથી અનુભવતો તે જ સાચો સિદ્ધ છે.



૨૨. શ્રીવિદ્યાના ઉપાસક

વિદ્યા જાણવી એક વાત છે અને એનો અનુભવ મેળવવો બીજી ચીજ છે.

અગમ્ય વિદ્યા તરફ કુતૂહલ ધરાવનારા ઘણા મળશે. એના ગ્રંથોનું ગહન વાચન કરનારા પણ મળી આવશે. એ વિદ્યાને વૈજ્ઞાનિક દૃષ્ટિએ શોધનારા પણ જડી આવશે. પરંતુ એનો સાક્ષાત્ અનુભવ કરનારા જૂજ જ મળશે.

આ વિદ્યાનો પ્રયોગ કરીને એને બુદ્ધિની કસોટીએ કસનારા લોકોમાં એક સ્વ. શ્રી ચતુર્ભુજ પૂજારા હતા. એમણે જીવનમાં શ્રીવિદ્યાની ઉપાસના કરી હતી. અસાધ્ય બીમારીઓ મટાડી હતી.

એમણે પ્રેતસૃષ્ટિ વિશે રજૂ કરેલા વિચારો સહુ કોઈને વિચારતા કરી મૂકે છે.

દૃશ્ય જગત અસંખ્ય કોટિના અનેક શરીરધારી જીવોથી પૂર્ણ છે, તેવી જ રીતે અસંખ્ય અદૃશ્ય જીવોની પણ સૃષ્ટિ છે એ માન્યતા દરેક કાળમાં, દરેક દેશમાં, ઓછાવત્તા પ્રમાણમાં પ્રચલિત રહેતી આવી છે. આ માન્યતાના દોષો, વહેમ, દંભ, પ્રત્યક્ષ સાબિતીનો અભાવ વગેરેને લઈને અમુક સંપ્રદાયોએ આ સૃષ્ટિમાં માનવા કરતાં ન માનવામાં વધારે શ્રેય છે એમ માનીને એનો નિષેધ કરેલો જોવામાં આવે છે. તથાપિ તેમના અનુયાયીઓ વ્યક્તિગત રીતે આ વિષયની નિગૂઢતાને લઈને તથા તેની અસરનો લાભ મળતો જાણી તેમાં માનતા જોવામાં આવે છે. આ રીતે લગભગ દરેક મતને અનુસરનાર આ અગોચર સૃષ્ટિ તરફ ભયમિશ્રિત માનની નજરથી જુએ છે.

વિજ્ઞાન તો પ્રાયોગિક સાબિતી વગર કશું પણ તથ્ય સ્થાપિત કરવાની ચોખ્ખી ના પાડે છે. તેથી આ વિષયને અસત્ય માને એ દેખીતું છે. છતાં સર આર્થર કોનન કોઈલ કે સર ઑલિવર લૉજ જેવા અગ્રગણ્ય વિદ્વાન ભક્તો મોટા પ્રેતવિદ્યાવિદ બનેલા આપણે જોઈએ છીએ. પ્રેતાત્માસંશોધન સંસ્થાઓ કેટલાયે દેશોમાં સ્થપાયેલી આપણે સાંભળીએ છીએ, અને સાહિત્યગ્રંથો અને વર્તમાનપત્રોમાં અસંખ્ય કિસ્સાઓનાં વર્ણનો વાંચીએ છીએ.

ધર્મ, વિજ્ઞાન અને સાહિત્ય આ રીતે પ્રેતસૃષ્ટિને સમર્થન આપી રહ્યાં છે.

આત્માનું અસ્તિત્વ માનવું એ તર્કમિશ્રિત શ્રદ્ધાનો વિષય છે. ભારતના દરેક ધર્મનું સાહિત્ય આત્માનું અસ્તિત્વ પોકારીને કહે છે. ચાર્વાક સિવાય દરેક મત એને અનુમોદન આપે છે. છતાં એ ઈન્દ્રિયગમ્ય વસ્તુ નથી, તેથી સૃષ્ટિ હોવી તે પણ શ્રદ્ધા વિના માનવું અસંભવિત નથી.

ભગવદ્‌ગીતાની દલીલ 'અસતનો ભાવ કદાપિ હોતો નથી અને સતનો અભાવ કદી સંભવતો નથી' – એ પ્રમાણે જો આપણે

આત્માનું અસ્તિત્વ સ્વીકારીએ તો મૃત્યુ પછી એ સતનો અભાવ અસંભવિત છે. તેથી એ આત્મા કોઈ સ્વરૂપે વિદ્યમાન રહે છે.

મૃત્યુ સમયે નીકળતો આ વાસનામય જીવાત્મા (સિવાય કે કર્મો નષ્ટ સાથે મુક્તિ પામેલો આત્મા) તુરત જ બીજું શરીર ધારણ કરે છે કે કેટલો કાળ જીવરૂપે રહે છે એ પ્રશ્ન વિચારણીય છે.

કારણ કે જો એ તુરત જ બીજું શરીર ધારણ કરી લેતો હોય, તો પ્રેતાવાહનના સઘળા પ્રયોગો જે અહીં થઈ રહ્યા છે તે નિષ્પ્રયોજન અને જૂઠા સાબિત થાય. મૃત્યુ પછી 'તુરત જ' એ અન્ય દેહ ધારણ કરે છે એમ માનવું આ રીતે સપ્રમાણ ન ગણાય. આવા વાસનાયુક્ત આત્માઓ તત્કાળ સ્થૂળ શરીર નહિ પરંતુ આપણાં શાસ્ત્રોમાં વર્ણવેલાં યક્ષ, કિન્નર, ગંધર્વ, પિશાચ કે ગુહ્યક શરીર ધારણ કરે છે અને કાલાન્તરે અન્ય સ્થૂળ શરીર પામે છે. પ્રેતાગમન આ રીતે સયુક્તિક બને.

આ યોનિઓ અદૃશ્ય છે. પુરાણોમાં, ખાસ કરીને ગરુડ પુરાણમાં, પ્રેતાત્માને વાસનાને લઈને અમુક સમય આ દૃશ્ય સૃષ્ટિ સાથે સંબંધ રાખતા વર્ણવેલા તેમ જ ગંધર્વાદિ અર્ધ દેવરૂપો ધારણ કરી સ્થળમાં કે વૃક્ષમાં વાસ કરતા કલ્પેલા છે. વળી જેમાં પ્રેતાત્માના સંપર્કથી કેટલીક ચમત્કારિક રીતે પ્રાપ્ત થતી વિગતો આપણે મેળવીએ છીએ એવા આધુનિક પ્રયોગો પણ આ સત્યતા પુરવાર કરે છે, તેથી તત્કાળ અન્ય દેહપ્રવેશ માનવા યોગ્ય નથી.

સર ઑલિવર લૉજ પોતે લખેલા 'રેમન્ડ' નામક ગ્રંથમાં પોતાના મૃતપુત્ર રેમન્ડના પ્રેતાત્મા સાથે સંપર્ક સાધતાં પ્રેતાત્માની સૃષ્ટિનું વિસ્તૃત વર્ણન કરે છે. તેની વાસનાઓ કેવી છે, તેની સ્થિતિ, ઉત્કટ કે મંદ અભિલાષાઓ વગેરે કેવાં હોય છે એ બાબતો પર તે નિર્ણયાત્મક પ્રકાશ ફેંકે છે.

આ પ્રેતાત્માઓ અન્ય જીવતાં શરીર કે જડ વસ્તુઓમાં પ્રવેશ કરી પોતાની અધૂરી વાસનાઓ તૃપ્ત કરવા પ્રયત્ન કરે છે, એ માન્યતા ભૂતપ્રવેશ, વળગાડ, ચોટ, ગૃહવાસ, વૃક્ષવાસ, સ્થળવાસ વગેરેના મૂળમાં છે. આ બાબતોમાં અતિશય માનવાને લઈને એક

સદી પહેલાંના આપણા સમાજમાં ડરપોકપણું અને વહેમ એટલાં બધાં વધી પડ્યાં હતાં કે આપણા સુધારકોએ અને વિચારકોએ 'મનસા ભૂત અને શંકા ડાકણ' કહી ભૂત-ભૂવાઓને પડકાર ફેંક્યા હતા.

આ હકીકત પણ વસ્તુસ્થિતિનો બીજો છેડો બતાવે છે. અતિશય માન્યતા અને અત્યંત અવિશ્વાસ એ બન્નેની વચ્ચે આ વસ્તુ ઉપર યોગ્ય વિચાર થવો ઘટે.

સ્મશાનમાં ભડકા થવા, અંધારામાં પાછળ આવતું બકરું લાંબું લાંબું થઈ અતિશય મોટું થઈ જાય, ઝાડની નીચે સફેદ 'મામા'નું દર્શન થવું, ઘરના ખૂણામાં ખવીસ દેખાવો કે તળાવની પાળે અવળી પાંસળીઓવાળી ડાકણ દેખાવી આ સઘળું ખોટા વહેમનું અને વિકૃત કલ્પનાનું પરિણામ છે.

અશરીરી પ્રેતાત્મા ઇચ્છા પ્રમાણે દૃશ્યશરીર ધારણ કરી શકતો નથી, તેથી આવું માની લઈ ભયભીત થવું એ જરૂર નબળાઈ છે. આવી નબળાઈભરી ભડક હૃદયને અને લાગણીના તંત્રને નુકસાન કરી વિચિત્ર રોગો પણ ઉત્પન્ન કરે.

પરંતુ ઉપર વર્ણવેલી બાબતો ખોટી છે તે સાથે પ્રેતાત્માઓની બીજી પ્રવૃત્તિઓ તેટલી જ સાચી છે. પોતાની વાસનાતૃપ્તિ માટે તે સજીવ કે નિર્જીવ વાહન શોધે છે અને તેમાં પ્રવેશે છે એ હકીકત છે. સજીવન વાહન તે પ્રાણીશરીર અને નિર્જીવ વાહન તે અન્ય જડ વસ્તુઓ. સ્ત્રી કે પુરુષોને થતો ભૂતપ્રવેશ કે વળગાડ એ અત્યારના દાક્તરી વિજ્ઞાનમાં હિસ્ટીરિયા અને એવાં બીજાં નાડીતંત્રને લગતાં કે માનસિક દર્દોમાં સમાવી લેવામાં આવ્યા છે, પરંતુ આ દર્દો અને ભૂતપ્રવેશ એ તાત્ત્વિક દૃષ્ટિએ તદ્દન જુદી બાબતો છે.

સ્વાનુભવમાં આવેલા કેટલાયે સુધરેલા દર્દીઓનું નિદાન મેં આ ભેદદૃષ્ટિને લક્ષમાં રાખી કરેલું છે અને તેનું સુંદર પરિણામ આવેલું જોયું છે. વિસ્તારભયે અને વ્યક્તિગત દાખલાઓ અસ્થાને ગણી હું ટૂંકમાં જ કહીશ કે ભૂતપ્રવેશ વગેરે શારીરિક કે માનસિક

રોગોથી ભિન્ન વસ્તુ છે અને તેની યોગ્ય ચિકિત્સાથી તે નાબૂદ થાય છે.

મૂઢતા, ઘેલછા, ઉન્માદ, મનોનાશ, મનોવિભ્રમ, માનસવિકૃતિ દ્વિતીય વ્યક્તિત્વ વગેરે નામોથી આધુનિક વૈદક ગ્રંથો અને માનસશાસ્ત્ર આ ભૂતવ્યાપારને ઓળખાવે છે અને તેમના સિદ્ધાંત અનુસાર તેનો રદિયો આપે છે. પરંતુ પ્રવેશ-બિના આપણા જૂના તત્ત્વગ્રંથોમાં, વૈદક ગ્રંથોમાં તેમ જ મંત્ર અને તંત્રગ્રંથોમાં અનેક પ્રસંગોએ વર્ણવેલી પડી છે, અને તેના ક્રિયોપચાર, તંત્રોપચાર પણ નિર્દેશેલા છે. અથર્વવેદ તો આને લઈ 'વેદ' નામ પણ કેટલાક સમય સુધી નહોતો પામ્યો. સુશ્રુત આદિ વૈદક ગ્રંથોમાં 'ભૂતસંચાર', 'ભૂતવિદ્યા' વિશેનાં પ્રકરણો આ હકીકતને પુષ્ટિ આપશે.

*

એક મોટું રહસ્ય છે પ્રેતાત્માઓની દુનિયાનું.

પ્રેતાત્માઓનું શરીર કેવું છે ? એમનો નિવાસ ક્યાં છે ? એવી ઘણી બાબતો જવાબ માગે છે.

બીજી બાજુ કેટલીક ઘટનાઓ એવી છે જે માત્ર વિકૃત કલ્પનાને કારણે સર્જાઈ હોય છે. માનવમનની નબળાઈ એમાં કારણભૂત બનતી હોય છે. એક ખોટી માન્યતા કે વહેમ ધીરે ધીરે મોટું સ્વરૂપ ધારણ કરે છે.

કેટલાકને સ્મશાનમાં ભડકા દેખાય છે.

કોઈને ભૂતપ્રેત કે ડાકણ દેખાય છે.

આમાં સાચી હકીકત કઈ ? આવી અનેક વ્યક્તિને પોતાની પ્રત્યક્ષ સારવારથી અને મંત્રસાધનાથી સ્વ. ચતુર્ભુજ પૂજારાએ સ્વસ્થ કરી હતી. તેઓની માન્યતા પ્રમાણે પ્રેતાત્માઓ પોતાની વાસનાતૃપ્તિ માટે સજીવ કે નિર્જીવ વાહન શોધે છે અને તેમાં પ્રવેશે છે એ હકીકત છે.

સજીવ વાહન તે પ્રાણીશરીર અને નિર્જીવ વાહન તે અન્ય જડ વસ્તુઓ.

કોઈ મનુષ્યમાં આવો પ્રેતાત્મા પ્રવેશ પામે છે ત્યારે તેની ઇન્દ્રિયો અને શરીરનો બાહ્ય વ્યાપાર અસામાન્ય બનતો આપણે જોઈએ છીએ. શરીરમાં કંપ, આંખોમાં અકુદરતી વિકાસ અને તેજ, અસામાન્ય બળ, અપરિચિત સ્વરયુક્ત ભાષા અને અસંબદ્ધ વાણી-વિષય વગેરે તેનામાં જોવામાં આવે છે. અકારણ હાસ્ય કે રુદન પણ તેમાં સામેલ થાય છે. આ ચિહ્નો વિશે એટલું કહેવું યોગ્ય છે કે પ્રવેશ કરનાર પ્રેતાત્માને પણ અદૃશ્ય ઈશ્વરમય સૂક્ષ્મ શરીર અને તેનો આકાર હોય છે. અન્ય શરીરમાં પ્રવેશતી વખતે તે શરીરને પોતાને અનુરૂપ તેને બનાવવું પડે છે.

જીવંત શરીરના સર્વ ઇન્દ્રિયવ્યાપારને પોતાને વશવર્તી કરવા પડે છે અને શરીરની અંદર રહેલા સચેતન પણ નબળા આત્માને સુષુપ્ત કરવો પડે છે. ટૂંકામાં, તેને પોતાને અનુકૂળ સઘળી ગોઠવણ કરવી પડે છે. છતાં તે ગોળ કાણામાં ચોરસ ખીંટી ખોસવા જેવો કૃત્રિમ પ્રયાસ છે, તેથી ઉપર વર્ણવેલાં સઘળાં ચિહ્નો ઉદ્‌ભવે છે. જીવંત મનુષ્ય આ રીતે તેનું વાહન બને છે. જો ધીમે ધીમે આ વાહન તેને બંધ બેસતું થઈ જાય તો તે તેમાં ચિરકાળ વાસ કરી રહે અથવા ઇચ્છાનુસાર સહેલાઈથી ગમનાગમન કર્યા કરે. વર્ષો સુધી ટેવાઈ ગયેલાં આવાં વાહન પ્રેતમુક્ત કરવાં મુશ્કેલ બને છે. પ્રેતાવાહન માટે કેટલાક મનુષ્યો સ્વેચ્છાએ પણ આવા વાહન બનવાની પ્રવૃત્તિ કરે છે. મિસિસ ગેરેટ – જગતની સર્વશ્રેષ્ઠ વાહન તરીકે જાણીતી આ બાઈનો આવો એક પ્રસંગ વર્ષો પહેલાં નેશ પત્રમાં પ્રસિદ્ધ થયો હતો.

અમેરિકાની એક પ્રેતાત્મ-સંશોધન સંસ્થાની પ્રયોગશાળામાં તે સંસ્થાના પ્રમુખ, આ પત્રનો પ્રતિનિધિ અને એક શૉર્ટહૅન્ડ ટાઇપિસ્ટ મિસિસ ગેરેટ સાથે હાજર હતા. (સર આર્થર કોનન ડોઇલનું મૃત્યુ થોડા સમય પહેલાં થયું હતું. અને તેના પ્રશંસકોએ તેના પ્રેતાત્માને બોલાવવાનો પ્રયાસ કર્યો હતો.)

મિસિસ ગેરેટ ઘડીમાં અવાચક બની અને તેના મુખમાંથી શબ્દો નીકળવા લાગ્યા. મિસ્ટર ડોઇલનો કોઈ ઓળખીતો ત્યાં હોય

તો જરૂર તે મિ. ડોઈલનો જ અવાજ છે એમ ખાતરીપૂર્વક કહી શકત. એવો એ પુરુષઅવાજ હતો. પાસે રહેલાઓએ તેને વિવિધ પ્રશ્નો પૂછ્યા – તેમના વર્તમાન વાસ, આ પૃથ્વી સાથેની તેમની આસક્તિ, તેમના પુત્રનું ભાવિ, તેમનાં પત્નીની પ્રવૃત્તિઓમાં તેમની સહમતતા વગેરે. આ સર્વના તેમને યોગ્ય ઉત્તરો મળ્યા.

પરંતુ પછી તુરત જ એ અવાજ બદલાયો અને તદ્દન જુદો જ અત્યંત ઝડપવાળો વાણીપ્રવાહ શરૂ થયો. એટલો ઝડપી કે શૉર્ટહેન્ડ રાઈટર પણ તે પૂરેપૂરો પકડવા અશક્ત બન્યો. જે ત્રુટક બિના તે લખી શક્યો તે તે સમયે ઇંગ્લન્ડથી ઊપડેલા અને ફ્રાંસની નજીક તૂટી પડેલા આર. ૧૦૧ નામક વિમાનના મૃત મુખ્ય યંત્રસંચાલકની હતી.

કેવી રીતે યંત્રમાંની ચોક્કસ ખામીને લઈને તે અકસ્માત બનવા પામ્યો તેનું તે બારીક વર્ણન હતું. યંત્રો અને તેની ક્રિયાઓને લગતા એવા પારિભાષિક શબ્દોમાં તે અપાયેલું હતું કે મિસિસ ગેરેટ પણ ભાગ્યે જ તેના અર્થ સમજી શકે !

આવા પ્રયોગો અને તેને માટે તૈયાર થતાં વાહનોમાં આપણે કેટલો વિશ્વાસ મૂકવો એ સ્વશ્રદ્ધાનો વિષય છે.

સાથે સાથે આપણે જડ વાહનોનો પણ વિચાર કરી લઈએ. પ્યાલા, પ્રાઈમસ, લાકડાની ઘોડી, તે જ આકારનાં મોટાં ટેબલ, ખાસ તૈયાર થતા પ્લૅંચેટ વગેરે પ્રેતાવાહન માટે વપરાતી સામાન્ય વસ્તુઓ પર ધ્યાન કેંદ્રિત કરી પ્રેતાત્માઓને બોલાવવામાં આવે છે. અને તેમાં વિવિધ પ્રકૃતિનાં પ્રેતો દાખલ થઈ નિયત કરેલી ભાષામાં આપણા પ્રશ્નોનો ઉત્તર આપે છે. આવા અસંખ્ય પ્રયોગોને અંતે મેં તારવેલી હકીકતોમાંથી કેટલીક નીચે પ્રમાણે છે :

૧. પ્રેતોને આવવાનો કોઈ સમય નક્કી નથી. ગમે તે સમયે તેમનો પ્રવેશ શક્ય છે. પરંતુ રાત્રિ વધારે અનુકૂળ છે.

૨. સજાતીય માનસવાળા અથવા એક જ લોહીના માણસોથી તે વધારે સહેલાઈથી બોલાવી શકાય છે.

૩. કેટલીક વખત તે અમાનુષી બળ દેખાડે છે.

૪. માનવ-સુલભ વેર, પ્રેમ, વિવેક, થાક વગેરે લાગણીઓ તે વ્યક્ત કરે છે.

૫. તે અકલ્પ્ય સાબિતીઓ આપે છે.

૬. આદર્શ વાતાવરણ વચ્ચે તે નિર્ભેળ સત્ય ભાવિ કહી શકે છે, પરંતુ અસત્ય ભાવિકથન વધારે પ્રમાણમાં આવતું હોઈ, સત્ય ભાવિ અવિશ્વસનીય બને છે.

૭. ત્રિપાદ ઘોડી કંઈ પણ આલંબન વગર ત્રણ ફૂટ સુધી ઊંચે હવામાં લઈ જઈ શકાય છે.

પાશ્ચાત્ય દેશોમાં બીજા પ્રકારની પ્રેતબેઠકો પણ ગોઠવાય છે જેમાં આત્મજ્યોત ત્યાં બેઠેલા તેમનાં પૃચ્છકો કે સગાંઓ પાસે જઈ વિરામે છે. પરંતુ તે સમયે અંધકાર હોઈ તથા ત્યાં જમા થતા આવાહકો શ્રદ્ધાપૂર્ણ માનસવાળા હોઈ અનેક યુક્તિઓનો આશ્રય લેવામાં આવે છે.

અને પરિણામે સત્યને બદલે સત્યાભાસ જાહેરાત પામે છે. અનેક પ્રકારની સ્વાર્થસાધના માટે પ્રેતાવાહનને એક પ્રકારનું બહાનું પણ ત્યાં બતાવવામાં આવે છે, તેથી શાસ્ત્રીય સત્યાન્વેષણ કરવું દુર્લભ બને છે. ચેતન વાહનોની બધી સગવડ આપી શકે તેવાં યંત્રવાહનો ભવિષ્યમાં શોધાય તો આ વિષય પર હજુ વિશેષ પ્રકાશ પડશે.

આ સઘળું વિચારતાં આપણે જોઈ શકીએ છીએ કે જૂના સમયથી આપણા સમાજમાં થાણાં જમાવી પડેલાં વહેમનાં જાળાં અને ભૂતની ભડક એ ફેંકી દેવાની બાબત છે. ન સમજાય તેવો રોગ થાય કે ન સમજાય તેવું દૃષ્ટિએ પડે તો અજ્ઞાનથી આપણે તેમાં ભૂતપ્રેતનું આરોપણ કરી દઈએ છીએ અને પરિણામે ભૂવા, જતિઓ, મંત્રતંત્ર જાણવાનો ઢોંગ કરનારાઓ અને મેલી વિદ્યાના મોટા ઉપાસકો ભેગા મળી તેને કાગનો વાઘ બનાવી દે છે. અંધશ્રદ્ધાભર્યો આસ્તિકવાદ આ માટે જવાબદાર છે. તેવી જ રીતે ખરા કિસ્સાઓમાં દેખાડાતો નાસ્તિકવાદ પણ તેટલો જ હાનિકારક છે. માનસિક રોગ કે હિસ્ટીરિયાને ભૂતસંચાર કહી ભૂવાઓ પોતાનું

વેતન મેળવી જાય છે. તેવી જ રીતે ભૂતસંચારના ખરા બનાવોને ડૉક્ટરો પણ મિથ્યા ઉપચાર કરી છોડી દે છે. શુદ્ધ, સમજણપૂર્વકનો આસ્તિકવાદ જ આનો યોગ્ય નિકાલ આણી શકે.

□



૨૩. મહાજ્ઞાની અને પરમ ધ્યાની

એક મનીષી અને બીજા વિભૂતિ.

આ બેનો મેળાપ એટલે ભારતના પ્રકાંડ પંડિત ગોપીનાથ કવિરાજ અને પૂ. મા આનંદમયીનો મેળાપ.

સંસ્કૃત ભાષા-સાહિત્યના સમર્થ વિદ્વાન ગોપીનાથ કવિરાજ દર્શનશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, ઈતિહાસ, સંસ્કૃતિ, ખગોળશાસ્ત્ર, તંત્રવિદ્યા જેવા અનેક વિષયોના વિશેષજ્ઞ હતા.

તાંત્રિક દર્શનમાં તો પં. ગોપીનાથ કવિરાજની એટલી દક્ષતા હતી કે સમગ્ર ભારતના તાંત્રિકો એમને 'આચાર્ય' માનતા હતા. બનારસ, કલકત્તા અને અલ્લાહાબાદ યુનિવર્સિટીઓએ પં.

ગોપીનાથને ડી.લિટ.ની માનદ પદવી આપી અને ભારત સરકારે પદ્મવિભૂષણનો ઈલકાબ આપીને એમનું બહુમાન કર્યું હતું.

વિશેષ નોંધપાત્ર વસ્તુ તો એ છે કે, આવી પદવી કે ઈલકાબો સ્વીકારવા માટે પં. ગોપીનાથ કવિરાજ ક્યારેય સ્વયં ઉપસ્થિત રહ્યા નહોતા તેમ જ એનો અસ્વીકાર કરવાનો અવિવેક પણ એમણે દાખવ્યો ન હતો.

પોતાની આંતરિક અનાસક્તિ અને ઉદાસીનતાને લીધે તેમણે પ્રત્યક્ષ ઉપસ્થિત થઈ અલંકૃત થવાનું ઉચિત ગણ્યું ન હતું. જાગતિક મહત્તા અને મહાનતા પરત્વે આ મહાનુભાવ – આ મનીષી સંપૂર્ણ અલિપ્ત હતા.

આંતરપ્રકાશથી સભર ગોપીનાથ કવિરાજ બાહ્ય જગતનાં માનાપમાન, હાનિ-લાભ, સુખ-દુઃખ, નિંદા-સ્તુતિથી પર હતા. તેમની નિર્લેપાવસ્થાનો એક પ્રસંગ અત્રે નોંધપાત્ર છે.

ગોપીનાથજીનો એકનો એક પુત્ર ભરજુવાનીમાં પોતાની બે નાની પુત્રીઓ અને એક નાનો પુત્ર તથા જુવાન પત્નીને તેમની પાસે મૂકી સ્વર્ગવાસી થયો. આ વજ્રાઘાત સમયે પણ તેઓ વ્યગ્ર, વિચલિત કે વિષાદગ્રસ્ત નહોતા થયા. પોતાની આંખોમાં એક ટીપું આંસુ આવવા દીધું ન હતું. ગંગાકિનારે સ્મશાનઘાટ પર જ્યારે પુત્રનું શબ ચિતા પર મૂકવામાં આવ્યું અને દાહક્રિયા થઈ ત્યારે થોડી જ વારમાં ત્યાં ગોપીનાથજી અધ્યાત્મચર્ચામાં પરોવાઈ ગયા હતા.

એમની વિદેહવૃત્તિ જોઈ સ્મશાન પર હાજર મિત્રો અને મુરબ્બીઓ અવાક બની ગયા હતા. નીલકંઠની જેમ વિષપાન કરી તેમનું શિવત્વ ત્યારે પૂરેપૂરું પ્રગટેલું સૌએ નિહાળ્યું હતું. બે માસ પછી પુત્રવધૂ પણ દિવંગત થઈ. પણ પંડિતજીએ આ અને આવા બધા જ હૃદયવિદારક પ્રસંગોને ઈશ્વરેચ્છા તરીકે સ્વીકારી અને પૂરેપૂરી સમતા જાળવી. કર્તવ્યકર્મમાં ક્યાંયે શિથિલતા કે રસહીનતાની ભાવના આવવા દીધી ન હતી.

ખરેખર ગોપીનાથજી 'સ્થિતપ્રજ્ઞ' દશાના મહાપંડિત હતા. ભારતવિખ્યાત ગવર્નમેન્ટ સંસ્કૃત કૉલેજ વારાણસીના પ્રાચાર્ય, પરીક્ષાનિયામક, કુલસચિવ ઈત્યાદિનાં પદ તેમણે શોભાવ્યાં હતાં. ૧૯૩૭માં તેઓ બધાં સાંસારિક મોભાનાં પદ ત્યાગી, આનંદમયીના શ્રીચરણોમાં સમર્પિત થયા. સાધનાનું જીવન શરૂ કર્યું અને માના સતત સાન્નિધ્યમાં નિવાસ કર્યો. આજ્ઞાંકિત અનુચર-સમું અશેષ આત્મસમર્પણ કરી એ માના ચરણોમાં વારાણસીમાં ૧૯૭૬માં દેવલોક પામ્યા.

કવિરાજ મૂળે વિશુદ્ધાનંદજીના શિષ્ય હતાં. તેમની કૃપા, શક્તિ અને આશીર્વાદથી તેઓ આધ્યાત્મિક વિકાસ સાધી શક્યા હતા અને અકલ્પ્ય સિદ્ધિઓ તથા શક્તિઓ પ્રાપ્ત કરી શક્યા હતા. સ્વામી વિશુદ્ધાનંદજીમાં તો લોકોત્તર શક્તિઓ વિદ્યમાન હતી. પોતાના 'સૂર્ય-વિજ્ઞાન' દ્વારા એ એવા ચમત્કાર સર્જી શકતા હતા કે જેને જોઈ કોઈ પણ વ્યક્તિ તેમને નમ્યા વિના રહી શકતી ન હતી. પંડિત ગોપીનાથના આ ગુરુએ ૧૯૩૭માં દેહત્યાગ કર્યો.

૧૯૨૮ના વર્ષની વાત છે. મા ત્યારે ઢાકા હતાં. કુંજમોહન મુખોપાધ્યાયે કાશીમાં પોતાને ત્યાં પોતાના પુત્ર મનુના જીવન-દાન નિમિત્તે માની હાજરીમાં પૂજાનો કાર્યક્રમ યોજવાનું નક્કી કર્યું. માને કાશી પધારવા ઉપરાઉપરી કાગળ લખવા માંડ્યા. માને પૂજામાં હાજર રહેવાનો 'ખ્યાલ' આવ્યો અને કુંજબાબુના નિમંત્રણનો તેમણે સ્વીકાર કર્યો. ભોળાનાથ, ભાઈજી, ગુરુપ્રિયા દીદી ઈત્યાદિને સાથે લઈ મા કાશી પધાર્યાં. કુંજબાબુને ત્યાં ઊતર્યાં માના આગમનથી આનંદિત થઈ તેમણે ભવ્ય કાર્યક્રમ યોજ્યો. તેમાં માને સમાધિ આવી ગઈ. તે લાંબા સમય સુધી સમાધિમાં રહ્યાં. પરિણામે ભોળાનાથે પૂજાવિધિ પતાવ્યો. ત્યાર બાદ સંકીર્તનનો કાર્યક્રમ થયો. આ પ્રસંગે કુંજમોહન મુખોપાધ્યાયને ત્યાં પં. ગોપીનાથ પણ હતા. ત્યારે તેમણે પ્રથમ વાર માનાં દર્શન કર્યાં. તેમણે આ પ્રથમ દર્શનનો પોતાનો અનુભવ આ પ્રમાણે શબ્દબદ્ધ કર્યો છે.

"૬ સપ્ટેમ્બરનો દિવસ હતો. ૧૯૨૮નું વર્ષ હતું. એક દી હું કૉલેજ જવાની તૈયારી કરતો હતો. ત્યાં મહામહોપાધ્યાય પં. પદ્મનાથ 'વિદ્યાવિનોદ' આવી ગયા. તેમણે મને કહ્યું કે ઢાકાનાં આનંદમયી મા આવ્યાં છે અને કુંજમોહન મુખોપાધ્યાય(સ્વામી તુરીયાનંદજી)ને ત્યાં ઊતર્યાં છે. તેમણે મને કુંજમોહન બાબુની લખેલી મા વિષેની પરિચય-પુસ્તિકા આપી. તેમાં કુંજબાબુએ માની એક ચમત્કારિક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો કે કેવી રીતે તેમનો પુત્ર મનુ માની કૃપાથી સર્પદંશમાંથી ઊગરી ગયો.

પંડિત પદ્મનાથે મને એમ પણ કહ્યું કે સમાધિમાં માનું સ્વરૂપ અતિ દિવ્ય હોય છે. તમે શક્ય હોય તો માનાં દર્શન કરી આવજો. આ ભલામણ એક એવી વ્યક્તિની હતી જે કોઈ પણ માણસમાં કદીયે સારું તત્ત્વ જોતી ન હતી અને ગમે તેની ભૂંડી ટીકા કરવાનો પોતાનો અધિકાર માનતી હતી. એનાં અઢારે અંગ વાંકાં હતાં. એવી વ્યક્તિએ જ્યારે મા માટે પ્રશંસાના ઉદ્‌ગાર પ્રગટ કર્યા ત્યારે હું પ્રભાવિત થયો અને દર્શન કરવા જવાનું મનોમન નક્કી કર્યું.

કાશીના રામાપુરા લત્તામાં કુંજમોહન મુખોપાધ્યાય રહેતા હતા. ત્યાં ભોળાનાથ તથા અન્ય ભક્તો સાથે મા ઊતર્યાં હતાં. તે જ દિવસે સાંજે હું ત્યાં ગયો. કુંજબાબુ અને તેમના મોટાભાઈ શશાંક બાબુ (સ્વામી અખંડાનંદજી) હાજર હતા. તેમણે ભોળાનાથની સાથે મારો પરિચય કરાવ્યો અને પછી મને નીચેની એક નાનકડી ઓરડીમાં દોરી ગયા.

ત્યાં મા આનંદમયી સમાધિ અવસ્થામાં હતાં. પાસે ભક્તસમુદાય બેઠો હતો. ભોળાનાથ માને સમાધિમાંથી બહાર લાવવા મથતા હતા. પણ એ વ્યર્થ થયું. મા સમાધિમાંથી બહાર ન આવ્યાં. હું મા સામે ત્રણ કલાક બેઠો. ફરી આવવાનું નક્કી કરી ઘરે ગયો.

બીજે દિવસે મને માનાં દર્શન પ્રાપ્ત થયાં. એ હતો ૭ સપ્ટેમ્બર, ૧૯૨૮નો દિવસ. માનાં પ્રથમ દર્શનથી જ હું કૃતાર્થ થઈ ગયો. મને એવું લાગ્યું કે જાણે હું જગજનનીનાં દર્શન કરું છું. એ

મા એવાં છે જેનું ઘર સમગ્ર સંસાર છે. માનવજાતિ એમની પોતાની જ છે. એ સદા ઈશ્વરના ભાવમાં રહી સંસારમાં સર્વત્ર ઈશ્વરની લીલાનું જ નિરીક્ષણ કરે છે.

પ્રથમ દર્શન પછી હું દરરોજ બે વાર મા પાસે જવા લાગ્યો. મા ૧૨ સપ્ટેમ્બર, ૧૯૨૮ સુધી કાશીમાં રોકાયાં. તેમની પાસે માણસોની ઠઠ જામેલી રહેતી. લોકો માને પ્રશ્નો પૂછતા અને મા તેમના મનનું સમાધાન કરતાં. માને મળવા વિધવિધ પ્રકારના માણસો આવતા. કોક કેવળ કૌતુક ખાતર, તો કોક સાચા ભાવથી માનાં દર્શન કરવા આવતું. નગરના અતિ પ્રતિષ્ઠિત લોકોનીયે મા પાસે ભીડ ઓછી નહોતી રહેતી.

મા બધાના આકર્ષણનાં કેન્દ્ર હતાં. સૌને એ આવકારતાં, સૌ ઉપર પ્રેમ વરસાવતાં અને સૌને આત્મીયતાનો અનુભવ કરાવતાં. માનું વ્યક્તિત્વ વિરાટ હતું. જીવન દિવ્ય હતું. પ્રતિભા અલૌકિક હતી.

"એક દિવસ મારી હાજરીમાં ભારત ધર્મ મહામંડળના સ્વામી દયાનંદ મા પાસે આવ્યા. ભક્તિભાવથી મા સમક્ષ સ્થાન લીધું. ત્યાં ત્યારે બીજા કેટલાક પુરુષો પણ હતા. વાર્તાલાપ ચાલતો હતો. હું સ્વામી દયાનંદની પડખે જ બેઠો હતો. તેમણે ધીમેથી મને કહ્યું : "મા આનંદમયીના રૂપે જગતનું કાર્ય કરવા માટે સાક્ષાત્ દેવી અવતર્યાં છે. મેં હા પાડી. પછી પ્રશ્નોત્તરી દરમ્યાન સ્વામીજીએ માને પ્રશ્ન કર્યો :

'મા, આપ કોણ છો ?'

માએ સામો પ્રશ્ન કર્યો : "હું શું કહું ? તમે જે સમજો છો તે જ હું છું."

સ્વામીજીએ ફરી પૂછ્યું : "મા, જ્યારે આપ સમાધિમાં હો છો ત્યારે આપની એ સમાધિ નિર્વિકલ્પ હોય છે કે સવિકલ્પ ?"

માએ કહ્યું : "હું આનો શી રીતે વિચાર કરી શકું ? હું તો સમાધિમાં હોઉં છું. આ તો તમારો પ્રશ્ન છે. મારી એ સમાધિ છે કે નહિ ? મારી સમાધિ ક્યા પ્રકારની છે ? આને વિષે તમે પોતે

જ વિચાર કરો. હું શું કહું ? હું તો ભણેલી નથી. હું ફક્ત એટલું જ કહી શકું કે હું સદા એક જ અવસ્થામાં રહું છું. સમાધિ આવવી, સમાધિ પૂરી થવી. આ પ્રકારની વાતો તમે લોકો કરો છો. મારા માટે તો એ બન્ને એક જ છે. મારી એ સ્થિતિને શું નામ આપવું એનો નિર્ણય તમે કરો."

મા આનંદમયીની વાત સાંભળી સ્વામીજી નિરુત્તર બની ગયા. એટલામાં એક જણે પૂછ્યું : "મા, આપની એ દશા સ્થિતપ્રજ્ઞની તો નથીને ?" માએ કહ્યું : "એનો વિચાર પણ તમે પોતે કરો."

મા આનંદમયી પાસે આ ગાળા દરમ્યાન અનેક લોકોની અવરજવર થતી. પરંતુ મા વિષે નિશ્ચિત અભિપ્રાય કોઈ આપી ન શક્યું. કોઈ એમ કહેતું : મા આનંદમયી તો મહાકાલીનો અવતાર છે. વળી કોઈ માનો સંબંધ દેવીની દસ મહાવિદ્યાઓ સાથે જોડતું. કેટલાક ભકતોએ માના શરીરમાં વિવિધ મહાવિદ્યાઓનાં સાક્ષાત્ દર્શન પણ કર્યાં હતાં.

મારી આ પ્રથમ મુલાકાત પછી તો મારા ચિત્તમાં માનું અદમ્ય આકર્ષણ પેદા થયું. જ્યારે મા કાશીમાં રોકાતાં ત્યારે હું અવશ્ય તેમના સાન્નિધ્યનો લાભ લેતો. કાશી સિવાય બીજાં કેટલાંયે શહેરોમાં માનાં દર્શન કરવા અને નિકટ રહેવા હું જવા લાગ્યો. માએ મારા પર અદ્ભુત કામણ કર્યું હતું. હું તેમનો ભક્ત, વત્સ, સેવક બધું જ બની ગયો.

પં. ગોપીનાથ કવિરાજનો મા આનંદમયી સાથે આધ્યાત્મિક સબંધ ક્રમશઃ એટલો બધો પ્રગાઢ અને પ્રકૃષ્ટ બન્યો કે તેમણે માના ચરણોમાં આત્મસમર્પણ કરી દીધું. પોતાની વિદ્વત્તા, મહત્તા, જ્ઞાન, યશ, પદ અને પ્રતિષ્ઠા બધું જ માના પાદાંબુજમાં અર્પણ કરી એ સાવ ખાલી થયા. ચિત્તમાં આનંદમયી મા સિવાય કશું જ રહ્યું નહિ. આવું અશેષ આત્મસમર્પણ વિરલા જ કરી શકે. તેઓ મનુષ્યજાતિમાં અપવાદ જ હોય છે. પં. ગોપીનાથે પોતાના આત્મસમર્પણની વાત આમ નોંધી છે : "માના ચરણોમાં મેં પૂરેપૂરું સમર્પણ કર્યું. તન અને મનથી મેં મારા પાંડિત્યને, જ્ઞાનને, પદપ્રતિષ્ઠા ઇત્યાદિને માના

ચરણોમાં મૂકી દીધાં અને સાવ હળવો ફૂલ થઈ ગયો. સંપૂર્ણ રિક્ત બની ગયો. એ મારી રિક્તતા મા આનંદમયીએ પોતાના વાત્સલ્યથી, સ્નેહથી, કૃપાથી ભરી દીધી. મારી આ ઉપલબ્ધિએ મને તારી દીધો. હવે તો મારે માત્ર એટલું જ કહેવાનું રહ્યું : જય મા."

આમ ગોપીનાથજી મામય બની ગયા. મા પણ એમને અપાર પ્રેમ આપતાં. સદા પોતાના જ ગણતાં. અને એ જ્યાં પ્રવાસ કરતાં ત્યાં શક્ય હોય તો તેમને સાથે લઈ જતાં. માના તમામ કાર્યક્રમોમાં તેમની હાજરી મોટે ભાગે રહેતી. માનું અનન્ય ભાવે શરણુ સ્વીકાર્યા પછી પંડિતજી માના અંતરલોકમાં પ્રવેશી શક્યા હતા. અને તેનો પ્રકાશ પામી શક્યા હતા. માના ભાવો, વિચારો અને પ્રવૃત્તિઓને જેટલા ઊંડાણથી એ સમજતા હતા, ભાગ્યે જ કોઈ અન્ય સમજી શકતું હતું.

મા આનંદમયીના મુખમાંથી જે ગૂઢાતિગૂઢ વાક્ય નીકળતાં તેઓ તેનું ભાષ્ય કરતા, મીમાંસા કરતા અને લિપિબદ્ધ કરતા. મા સમાધિમાં જે સ્તોત્રો બોલતાં તેમાંથી થોડાકના અર્થ ગોપીબાબુ સમજી શક્યા હતા. તેના વિશે તેઓ અભિપ્રાય આપે છે કે એ તો માની પ્રાકૃત દેવભાષા છે. મર્ત્યલોકના સંસ્કાર લઈને જન્મેલા લોકોને એ વાણી સમજાય તેવી નથી. માની એ પરાવાણીને ખરા અર્થમાં સમજનાર – સમજાવનાર અને તેને યથાર્થરૂપે રજૂ કરનાર એકમાત્ર અધિકારી પુરુષ હતા પં. ગોપીનાથ કવિરાજ. મા આનંદમયી સ્વયં તેમના અર્થઘટન તથા તારણને પ્રમાણભૂત માનતાં હતાં.

પં. ગોપીનાથ કવિરાજ માની પાસે વારાણસીમાં દિવસનો મોટો ભાગ બેસતા અને સત્સંગમાં જરૂર પૂરતું બોલતા. મા ઘણી વાર તેમના પ્રત્યે દૃષ્ટિપાત કરી વાર્તાલાપ કરતાં. ગોપીબાબુ માથું હલાવી અનુમોદન આપતા. રાત્રિના સમયે એક દિવસ એક વૃદ્ધા માતાજી મા આનંદમયી પાસે આવ્યાં ત્યારે પંડિતજી ત્યાં હાજર હતા.

એ વૃદ્ધા માતાજીએ માને કહ્યું : "મા, હું જ્યારે તમારી સામે આસન ઉપર બેસું છું ત્યારે મને એવો અનુભવ થાય છે કે જાણે

મારો સાક્ષીભાવ આવિર્ભાવ પામ્યો છે. મારી સદા એવી ઇચ્છા રહ્યા કરે છે કે હું સતત તમારી પાસે બેસી રહું. પરંતુ આખો દિવસ અહીં આવીને બેસાય તેમ નથી. તેથી મારું મન ઉદ્વિગ્ન રહ્યા કરે છે. અહીં આવ્યા બાદ મને આનંદની ઉપલબ્ધિ થાય છે. તમારા સાન્નિધ્યમાં મને સુખ મળે છે."

આ વાત સાંભળી મા હસ્યાં અને બોલ્યાં : "તમારી વાત મને નથી સમજાતી. તમે એમ કહો છો કે મારો સાક્ષીભાવ આવિર્ભાવ પામ્યો છે. સાક્ષીનો અર્થ છે દૃશ્ય. તમારી દ્રષ્ટા અવસ્થા અતિ આવકારલાયક છે. પરંતુ તમે એમ પણ કહો છો કે તમે જ્યારે અહીં આવો છો ત્યારે જ તમને આનંદ પ્રાપ્ત થાય છે. એટલે એનો અર્થ થયો કે તમને સુખ અને દુઃખ બંનેનો અનુભવ થાય છે. આ બન્નેને ભોગવવું એ તો ભોગ કહેવાય. સાક્ષીભાવમાં આ પ્રકારનો ભોગ હોય ખરો ?"

આટલી વાત બોલી મા ખડખડાટ હસ્યાં. પં. ગોપીનાથ પણ હસ્યા. પરંતુ તેની સાથે માના ગહન ગાઢ જ્ઞાનથી એ અભિભૂત થઈ ગયા.

પં. ગોપીનાથજીના દીક્ષાગુરુ વિખ્યાત સ્વામી વિશુદ્ધાનંદજી જગન્નાથપુરીમાં પણ રહેતા હતા. તેમનો એક આશ્રમ ત્યાં પણ હતો અને બીજો વારાણસીમાં હતો. બીજે સ્થળે પણ હતા. મા આનંદમયીએ વિશુદ્ધાનંદજીની શક્તિઓ વિશે પુષ્કળ વાતો સાંભળી હતી.

માને એક દિવસ એવો ખ્યાલ આવ્યો કે પોતાના પિતા બિપિન બિહારીને રથયાત્રા જોવા અને સ્વામી વિશુદ્ધાનંદજીને મળવા જગન્નાથપુરી મોકલવા જોઈએ. તેમણે ગોપીનાથજીને વાત કરી અને સાથે જવા કહ્યું. માનો પડ્યો બોલ ઝીલનાર પંડિતજી તરત તૈયાર થઈ ગયા.

બન્ને જણ જગન્નાથપુરી પહોંચ્યા. ત્યાં સ્વામીજીના આશ્રમમાં જ મુકામ કર્યો. ભવ્ય રથયાત્રા જોઈ. જગન્નાથજીનાં દર્શન કર્યાં અને સ્વામીજીનો સત્સંગલાભ મેળવ્યો. શ્રી બિપિન બિહારીને

એવો આધ્યાત્મિક લાભ મળ્યો કે એ રાજી રાજી થઈ ગયા. તેમણે પં. ગોપીનાથજીને એવું સૂચન કર્યું કે મા આનંદમયી સાથે સ્વામીજીનું મિલન થાય એવી ગોઠવણ કરો; કેમ કે બન્ને અલૌકિક શક્તિઓથી સંપન્ન છે. લોકોત્તર પ્રતિભા ધરાવે છે. પ્રત્યક્ષ મિલાપથી બન્નેને આનંદ થશે.

*

"હું જ્યારે બપોરના મા પાસે ગયો ત્યારે મા વિશ્રામ કરતાં હતાં. તેમના ઓરડાનું બારણું બંધ હતું. હું થોભ્યો. થોડી વાર પછી માની ઓરડી ઊઘડી. હું બહાર ઊભો હતો. મેં અંદર નજર કરી. મા આંખો મીંચીને આડાં પડ્યાં હતાં.

"મેં હળવે પગે ઓરડામાં પ્રવેશ કર્યો. એક તરફ ચુપચાપ બેસી ગયો. પછી માએ આંખો ઉઘાડી મારી સામે જોયું. કહ્યું : 'મેં ગોપી પિતાજીને અત્યારે સૂક્ષ્મમાં જોયા હતા. હું વારાણસી એમને ઘેર ગઈ હતી. ઘરમાં મને કોઈકે આવીને કહ્યું : 'આવો.' મેં અંદર પ્રવેશ કર્યો અને પછી દાદરો ચઢી ઉપર ગઈ. ત્યાં મેં જોયું કે ગોપી પિતાજી અને ગૌરી પિતાજી (પં. ગોપીનાથ કવિરાજના ગુરુભાઈ) જમે છે. મેં પૂછ્યું : "માતાજી નથી ?" જે ભાઈએ મને "આવો" કહ્યું હતું તેમણે એક મહિલા તરફ સંકેત કરી કહ્યું : "આ રહ્યાં" : પૂર્વે મેં ગોપી પિતાજીનાં પત્નીને કદી જોયાં ન હતાં. હું તેમને ખૂબ બારીકાઈથી જોવા લાગી પણ મને તરત સમજાયું કે એ મહિલા ગોપી પિતાજીનાં પત્ની નહોતાં. એટલામાં તમે અહીં હાજર થયા." માની વાત સાંભળીને હું તો ધન્ય થઈ ગયો.

*

મા આનંદમયી વારાણસીમાં હતાં. ત્યાં પં. ગોપીનાથ કવિરાજ નિયમિત આવતા અને મા પાસે બેસતા. માએ એક દિવસ તેમને આપણાં શાસ્ત્રો વિશે ચર્ચા કરવાનું સૂચવ્યું. ગોપીનાથજીએ તેનો સ્વીકાર કર્યો અને ઉપનિષદ, વેદ, ગીતા, ભાગવત વગેરે આપણા ઉત્કૃષ્ટ ગ્રંથોમાંથી અવતરણો ટાંકતાં મા સમક્ષ જુદા જુદા વિષયોની સમજૂતી આપવાનું શરૂ કર્યું. અલ્પ સમયમાં માને કલકત્તા

જવાનું થયું. પંડિતજી પણ મા સાથે કલકત્તા ગયા. ત્યાં એક દિવસ માએ કવિરાજને પોતાના ઢાકાના જીવન વિશે વાતો કરી. કેવી રીતે શરીરમાં નાના પ્રકારની ક્રિયાઓ થતી, સમાધિ આવતી, દેવદેવીઓનો આવિર્ભાવ થતો અને મંત્રોચ્ચાર થતો. આ બધું માએ વિગતે વર્ણવ્યું. કુંભક, યજ્ઞ, બીજમંત્ર, જપ, શૂન્ય અવસ્થા ઇત્યાદિના પોતાના અનુભવ પણ માએ કહી સંભળાવ્યા.

પં. ગોપીનાથ કવિરાજ તો શાસ્ત્રોના પ્રખર પંડિત હતા. મોટા ભાગનાં શાસ્ત્રમંત્ર કંઠસ્થ હતા. માના અલૌકિક અનુભવોને તેમણે શાસ્ત્રસંમત અને યુક્તિયુક્ત પ્રમાણિત કર્યા. તેના સમર્થનમાં તેમણે શાસ્ત્રોના મંત્રો પણ ઉદ્ધૃત કર્યા. મા બધું જ સાંભળી રહ્યાં પરંતુ પંડિતજીના આશ્ચર્યનો તો પાર જ નહોતો; કેમ કે માએ ન તો શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો કે ન શાસ્ત્રોનો પરોક્ષ રીતે પરિચય પ્રાપ્ત કર્યો હતો. છતાં માના શરીરની તમામ ક્રિયાઓ અને માના મુખમાંથી સ્વયંભૂ પ્રગટ થયેલા તમામ મંત્રોને શાસ્ત્રોનું પૂર્ણ સમર્થન મળતું હતું અને તેઓ શાસ્ત્રાનુમોદિત હતા.

પંડિતજીએ આ પ્રકારનો અનુભવ અત્યાર લગી ક્યાંય નહોતો સાંભળ્યો કે નહોતો વાંચ્યો. તેમને આશ્ચર્ય સાથે આનંદ થયો. તેમને વિશ્વાસ થઈ ગયો કે મા આદ્યશક્તિ છે. પરમેશ્વરી છે. સર્વસ્વરૂપા છે.

માએ પછી પોતાની દીક્ષાની વાત કરી તેની પંડિતજીએ દૈવી સંકલ્પના સાકાર સ્વરૂપ સાથે તુલના કરી. પછી વારાણસીના એક પ્રસંગનો એમણે મા સમક્ષ ઉલ્લેખ કર્યો. "મા, એક વાર કાશીના કુંજબાબુના બંગલાના ઉદ્યાનમાં આપ બેઠાં હતાં. હું આપની પાસે આવ્યો. વાતચીત ચાલતી હતી. અન્ય ભક્તો પણ ત્યારે હતા.

અચાનક આપે મારી સામે જોઈ કહ્યું : 'અત્યારે અહીંથી તમે બહાર ના જશો, બહારથી એ પસાર થયા છે.' આપે નામ ન આપ્યું. હવે આજે આપને પ્રશ્ન કરું છું કે તે સમયે ત્યાંથી કોણ પસાર થયું હતું, મા ?"

માએ સ્મિત કર્યું. પછી જાણે પુનઃસ્મરણ કરતાં હોય તેવી મુદ્રામાં કહ્યું : "વારાણસીમાં તે દિવસે તે સમયે અશરીરી તત્ત્વો ત્યાંથી પસાર થતાં હતાં. તેમને તેનો અનુભવ થયો હતો !"

પં. ગોપીનાથજીએ કહ્યું : "મા, શરૂઆતમાં તો મારું ધ્યાન એના પ્રત્યે નહોતું દોરાયું, પરંતુ પછીથી એક જ્યોતિ સમાન કોઈક તત્ત્વ મારી દૃષ્ટિમાં આવ્યું. તેને જોતાં જ મને રોમાંચ થઈ ગયો હતો."

માએ પ્રશ્ન કર્યો : "તમે ભયભીત થયા હતા ?"

ગોપીબાબુ માથું હલાવતાં બોલ્યા : "હા, મા, હું ભયભીત થઈ ગયો હતો."

માએ એ અશરીરી તત્ત્વો પર પ્રકાશ પાડતાં કહ્યું : "આપણે ઉદ્યાનમાં જે ભાવોની ચર્ચા કરતા હતા તે ભાવોનાં અશરીરી તત્ત્વો ત્યાં તે સમયે વણનોતર્યાં આવી ગયાં હતાં. એ પણ આપણી ચર્ચામાં જોડાયાં હતાં." આટલું કહી માએ વાત અટકાવી દીધી. પંડિત ગોપીનાથજી ઊભા થઈ પોતાના ઓરડામાં ગયા.

બીજો દિવસ ઊગ્યો. પંડિતજી મા પાસે સત્સંગ કરવા આવ્યા. માએ પુનઃ આત્મદીક્ષાનો પ્રસંગ પ્રસ્તુત કર્યો. પૂજા અને નૈવેદ્યની સામગ્રી તથા દેવદેવીઓ પોતાના શરીરમાંથી કેવી રીતે બહાર આવ્યાં હતાં, દીક્ષાની ક્રિયા શી રીતે સમ્પન્ન થઈ હતી અને બધું આપમેળે કેવી રીતે શરીરમાં સમાઈ ગયું હતું, માએ એની સવિસ્તર માહિતી આપી. આ બધું સાંભળી ગોપીનાથજીએ કહ્યું : "મા, શાસ્ત્રોમાં બરોબર આ પ્રમાણેનું નિરૂપણ છે. આપે જે કહ્યું તે શાસ્ત્રમાં ઉલ્લેખિત છે.'

પછી મા બોલ્યાં : "ત્યારે મારા મોંમાંથી મંત્ર ઇત્યાદિ પ્રગટ થતાં હતાં. પિતાજી, તમે લોકો મંત્રદ્રષ્ટા ઋષિઓની વાત ઘણી વાર કરો છો. મારો આ અનુભવ તેના જેવો છે."

પં. ગોપીનાથ કવિરાજે શાસ્ત્રોના મંત્રોનાં ઉદાહરણ આપતાં કહ્યું : "મા, શાસ્ત્રોમાં મંત્રદ્રષ્ટા ઋષિઓનો આપના જેવો જ પરિચય આપવામાં આવ્યો છે. આપનો અનુભવ તેમના જેવો જ છે." પછી

માએ વિશેષ વિવરણ આપ્યું : "આ મુખમાંથી સોઽહંનો મંત્ર પ્રગટ થયો હતો. ગુરુપ્રિયાએ તે સંભળાવ્યો હતો. આ શરીરમાંથી દેવો પ્રત્યક્ષ થઈ વરદાન આપતા, આદેશ આપતા. પિતાજી, શું કહું છું ? એ બધું અનંત છે. મહાશક્તિની ક્રિયાઓ આ શરીરમાં થાય છે. તેની ઈચ્છા ક્રિયાશીલ છે. મારી ઈચ્છાશક્તિનું કોઈ સામર્થ્ય નથી. હું તો બેઠી બેઠી જોયા કરું મંત્રદ્રષ્ટા બની."

પં. ગોપીનાથ કવિરાજે મા આનંદમયીના એક જન્મદિવસે આ પ્રમાણેના ઉદ્‌ગાર પ્રગટ કર્યા હતા :

"૧૦મી મે : આજે માની જન્મતિથિ છે. ખરેખર એક અખંડ પ્રકાશરૂપિણી મા જગતમાં પ્રગટ થઈ છે. આજે માના જન્મોત્સવ પ્રસંગે આપણે આ વાતનું સ્મરણ કરીએ છીએ. માનો વળી જન્મ કેવો ? એ તો સ્વયં પ્રકાશરૂપિણી છે. મા સમસ્ત અવરોધો દૂર કરી પોતાના ગુણોમાં પ્રગટ થાય, એવી આપણી પ્રાર્થના છે." આવા અનેક ઉત્તમ પ્રસંગોનું આલેખન આપણા સમર્થ વિદ્વાન ડૉ. રણધીર ઉપાધ્યાયે 'મા આનંદમયીની આનંદયાત્રા' પુસ્તકમાં કર્યું છે.

□

૨૪. આખરે સંધ્યા નાચી

જે જલદી ને સાદી રીતે ન સમજાય તે અગમ્ય.

બુદ્ધિ યા તર્કથી જે ગમ્ય ન થાય તે રહસ્ય.

આ અગમ્યવાદ યા રહસ્યવાદ પણ વિજ્ઞાન છે.

લેભાગુની હાટડીમાં એ વેચાતું હોવાથી એ અજ્ઞાન ને પાખંડ બન્યું છે.

અધિકારીના હાથમાં આવે, તો કદાચ બધા જ્ઞાનમાં એ મોટું જ્ઞાન છે. મન અને આત્માના મૂળ સુધી ને પ્રભુના પરિચય સુધી લઈ જાય છે.

આપણે કબૂલ કરીએ કે ન કરીએ, પણ જીવનમાં કેટલાક અનુભવો એવા થાય છે કે, નિરુપાયે કબૂલ કરવું પડે છે, કે બુદ્ધિથી

પર, તર્કથી પર કોઈ એવું તત્ત્વ કામ કરે છે, જે આપણા જીવનમાં મોટો અને અજબ ભાગ ભજવે છે.

મનુષ્યયત્ન નિરર્થક બને, બળથી કોઈ કામ ન સરે, કળની કોઈ કમાલ દેખાય નહિ, માણસના હજાર હાથ હેઠા પડે; આવે વખતે ડૂબતા માણસને કોઈ અગમ્ય તત્ત્વ જિતાવી દે છે ! મરતા માણસને એ જિવાડી દે છે. નિરાશ-હતાશ આત્માને એ ઉમંગે ઊછળતો બનાવી દે છે. નિરાશાનાં વાદળો હટાવી દે છે. આશાના સૂર્યને ચમકાવી દે છે !

દાક્તર-વૈદો ત્યાં બાઘા બની ખડા રહે છે. પહેલવાનો મોંમાં આંગળી નાખી જાય છે, ને કહે છે કે :

'આ શું થયું ? કેમ આ બન્યું ?'

બન્યું એ સાચું, થયું એ સાચું — કેમ થયું ને કેમ બન્યું એ કહેવાનું કોઈનું ગજું નથી. આનું નામ અગમ્યવાદ !

આ વાત અત્રે ખાસ તો એ માટે યાદ આવી કે થોડાં વર્ષ પહેલાં 'ઝનક ઝનક પાયલ બાજે' નામક મશહૂર બોલપટના નિર્માતા શાંતારામ અમદાવાદમાં આવેલા.

ભારતના મશહૂર કલાકાર શ્રી કનુભાઈએ આ મશહૂર બોલપટનું કલાનિર્દેશન સંભાળેલું. એમની કલાની કમાલ જોઈ અમારું મંડળ ગર્વથી ઝૂમતું હતું. જાણે એ કમાલ અમારી ન હોય !

આ વેળા શ્રી શાંતારામના સાથીદાર કલાકારોમાં ધ્વનિદિગ્દર્શક શ્રી પરમાર પણ હતા. આ ગુજરાતી ને મહારાષ્ટ્રી કલાકારોના મિલને જાણે ભૂંડી પ્રાંતીયતાને દૂર કરી નાખી હોય એમ પ્રેમથી એકબીજાને ચૂમતા હતા, એકના હાર બીજાને પહેરાવતા હતા, એકનો યશ બીજાને આપતા હતા.

શ્રી કનુ દેસાઈ, શ્રી પરમાર સાથે અમારી ઑફિસમાં આવ્યા. ચાપાણી આવ્યાં. શ્રી પરમારે ચા પીને પાન ખાતાં તેમાંથી સોપારી કાઢી નાખી. તમાકુ લઈને મેળવી. પાનનું બીડું મોમાં મૂક્યું.

અમારાથી સહેજે પ્રશ્ન પુછાઈ ગયો : 'તમાકુ ઉમેરીને સોપારી શા માટે કાઢી નાખી ? તમાકુ કરતાં સોપારી સારી !'

શ્રી પરમાર બોલ્યા : 'એની પાછળ એક ઈતિહાસ છે.'

'અરે ! અમે તો ઈતિહાસના અભ્યાસી છીએ. વાંધો ન હોય તો અમને જરૂર કહો.'

શ્રી પરમારે પોતાની વાત શરૂ કરી : અમે અમારા જીવનના ધ્યેયબિંદુ સમા 'ઝનક ઝનક પાયલ બાજે'ના શૂટિંગ માટે બહારગામના પ્રવાસે હતા. એકાએક અમારા ચિત્રનાં મુખ્ય અભિનેત્રી શ્રી સંધ્યાદેવીનો પગ મચકોડાઈ ગયો. અમારું ચિત્રપટનું કામકાજ એકાએક થંભી ગયું. સંધ્યાદેવીની સારવારમાં અમે પડી ગયા.

દર્દના નિષ્ણાતોને તેડાવવામાં આવ્યા, પણ જેમ જેમ સારવાર થતી ગઈ તેમ તેમ દર્દ વધવા લાગ્યું. નિષ્ણાતો લાંબી ગંભીર વાતો કરવા લાગ્યા અને અમારી પ્રવાસી ટુકડી અજબ મૂંઝવણમાં પડી ગઈ. લાખો રૂપિયા ખર્ચાઈ ગયા હતા. ચિત્ર માત્ર અડધી મજલ કાપી શક્યું હતું. કોઈ નવી નટી આ કામ સહેલાઈથી ઉપાડી શકે તેમ ન હતું. મહિનાઓનો શ્રમ આ નૃત્ય ને અભિનય પાછળ ખડો હતો.

અમે બધા અજબ હેરાનગતિમાં હતા. શ્રી શાંતારામ અમારા માટે માત્ર દિગ્દર્શક નહોતા, અમારા ગુરુ પણ હતા. એમની મહત્ત્વાકાંક્ષાના દીપમાં અમે અમારા તનમનનું તેલ ચઢાવવા પણ તૈયાર હતા.

એક દિવસ સંધ્યાદેવી સામે બેઠેલાં. મેં કહ્યું : દેવી ! અગર આવતી કાલે તમને આરામ થાય તો હું સોપારી ખાવી છોડી દઉં ! સોપારી સહુને પ્યારી હોય છે. પણ મને તો જાન જેટલી પ્યારી છે.'

ભગવાન એવો સસ્તો નહોતો કે એક સોપારીમાં આવડો મોટો સોદો કરે. પણ હા, પાણીમાં મગરથી પકડાયેલા પેલા હાથી — ગજેન્દ્ર — જેવી આ વાત હતી. 'નિર્બળ થઈ રામ પુકાર્યો, આયે હરિ આધે નામ ! નિર્બલ કે બલ રામ !'

બીજા દિવસની નિરાશાભરી સવાર હતી. એકાએક સંધ્યાદેવીએ કહ્યું કે મને આજે ઘણો આરામ છે.

સાંજે વિશેષ આરામ દેખાયો.

ચાર દિવસમાં તો સંધ્યાદેવી રૂમઝૂમ કરતાં થઈ ગયાં.

'આ તે વખતથી સોપારી ખાતો નથી. હવે એક યજ્ઞભોજન કરી, પછી ખાવાનો વિચાર છે.'

શ્રી પરમારની આ વાતે અગમ્યતાના વિજ્ઞાન તરફ અમને દોર્યા.

□



૨૫. બ્રહ્મરાક્ષસ જદુરામ

જેનું બીજું નામ ઉન્મત્તગંગા છે, એ પવિત્ર ઘેલો નદી જેને પાદરે થઈને વહે છે, એ પછેગામ જૂની પ્રખ્યાતિવાળું સુંદર ગામ છે. એની સઘન આમ્રકુંજોમાંથી આજેય ત્યાં થયેલાં પ્રતાપી નરનારીઓની કીર્તિગાથા સંભળાય છે.

પછેગામ ગોહિલવાડ જિલ્લામાં વલભીપુર (એક વખતની ગુજરાતની રાજધાની) પાસે આવેલું છે. જૂના વખતમાં એ ગોહિલવાડની કાશી તરીકે પંકાતું. પછેગામ એટલે આયુર્વેદના નિષ્ણાતોનું ભારતપ્રસિદ્ધ સ્થળ, પ્રખર જ્યોતિષીઓની ખાણ અને નામી કથાકારોનું ધામ ! વિદ્યા, કળા અને શક્તિમાં એકએકને આંટે એવા લાખેણા નરો અહીં જન્મ પામ્યા છે.

અહીંની પ્રશ્નોરા જ્ઞાતિ એ વખતે વિદ્યા અને વિચક્ષણતાના શિખરે પહોંચેલી હતી. એમાંથી કાશ્યપ ગોત્રવાળા ને ભટ્ટ અટકવાળા બ્રાહ્મણ વેદવિદોનું ત્યાં પરિબળ હતું. ભટ્ટવાડો એ એમનું નામાંકિત વાસ-સ્થળ હતું.

ભટ્ટવાડાની રચના પાઘડીપને હતી ને ઘર આગળના ઓટલા એ કદી વિદ્વદ્ સંમેલન તો કદી મહિલા મંડળના રંગમંચ બની રહેતા. જીવનના આરે પહોંચેલા અનુભવી વૃદ્ધોની હાજરી ને તેમની આલમની અજાયબી સમી કૌતુકમય વાતો વાતાવરણને સભર રાખતાં.

એક દહાડો સાંજ પડવા આવી હતી. તડકા ઢળ્યા હતા ને છોકરાં આજુબાજુ રમતાં હતાં. એમાં બે છોકરા તરફ એક વડીલનું લક્ષ ગયું. બંને છોકરા ભણવામાં કુશળ, બોલવામાં ચપળ અને તેજસ્વી મુખમુદ્રાવાળા હતા.

એકનું નામ ગૌરીશંકર હતું.

બીજાનું નામ જદુરામ હતું.

વડીલે આ બે હોનહાર બાળકોમાંથી એકને બોલાવ્યો ને પૂછ્યું :

'ગૌરી ! તને કોઈ કંઈ કહે ને રીસ ચડે તો તું શું કરે ?'

ગૌરી કહે : 'હું તો રાંધણિયામાં ભરાઈ જાઉં. બારણાં ભિડાવી દઉં ને ઘી, ગોળ ને લોટ કાઢી લાડવો બનાવી ખાઈને ઊંઘી જાઉં. સાંજ સુધી રાંધણિયાનાં બારણાં જ ખોલું નહિ. ભલે બધાં ભૂખ્યાં મરે ! બારણાં તોડે તો હા, બાકી હું સાંકળને હાથ અડાડું નહિ !'

વડીલે જદુરામને બોલાવ્યો, ને તેને પ્રશ્ન કર્યો : 'જદુ ! તને રીસ ચડે તો તું શું કરે ?'

જદુ કહે : 'પાણિયારાના ગોળા ફોડી નાખું. હાથ આવ્યું કંઈ સાજું રાખું નહિ.'

વડીલ કહે : 'અને એથી વધુ રીસ ચડે તો ?'

જદુ કહે : 'હું કોઈનો ગુલામ નથી કે કોઈનાં બે વેણ ખમી ખાઉં. કોઈ એવું કહે ને મારું ન ચાલે તો માથાં પટકીને મરી જાઉં. મરું અને મારું.'

વડીલે બંને બાળકોને પ્યારથી પાસે બેસાડીને કહ્યું : 'જુઓ, ક્રોધ, મોહ, માન ને લોભ બહુ બૂરાં છે. એમાંય એની અતિશયતા ભારે ખરાબ છે. ક્રોધ સૂકા લાકડા જેવો જોઈએ. ઝગ્યો ને ભડભડ થઈ બુઝાઈ ગયો. એથીય ભારે ક્રોધ બાવળના અંગારા જેવો જોઈએ. થોડો વખત રહે, ને પછી રાખ વળી જાય. ક્રોધ જે ભયંકરમાં ભયંકર કહ્યો છે તે બકરાની લીંડીના તાપ જેવો છે. ઉપર રાખ વળી દેખાય છે, પણ અંદર તો ભભૂકતો જ હોય છે. સારામાં સારા માણસના ભવોભવ ક્રોધ બગાડે છે. એમાંય જદુરામ ! તું તારા ક્રોધથી ચેતીને ચાલજે. એના જેવો તારો બીજો કોઈ દુશ્મન નથી.'

શિખામણ પર સંવતો પસાર થઈ ગઈ. વાતને ઘણો વખત વીતી ગયો. ગૌરી અને જદુ બંને જુવાન થયા. પરણ્યા. સંતાન થયાં.

જદુરામની એક દીકરી ભાલ પ્રદેશમાં પરણાવેલી. એ વખતે પછેગામથી ત્યાં જવું હોય તો પગરસ્તે જવું પડતું. રેલગાડી હજી નીકળી નહોતી.

છગનરામ કરીને એક નાગર એ તરફ જવાના હતા. જદુરામે કહ્યું કે વળતાં ગગીને (દીકરીને) એના સાસરેથી તેડતા આવજો. ઘણા વખતથી આવી નથી.

છગનરામ ભાલનો પ્રવાસ કરીને પાછા ફર્યા અને જદુરામની ગગીને સાથે તેડતા આવ્યા : પણ ગગીને એની સાસુએ કંઈ પણ ઘરેણુંગાંઠું સાથે આપ્યું નહોતું. કારણ પૂછતાં છગનરામે કહ્યું :

"દુકાળનું વરસ છે. એનો બાપ કદાચ વેચી ખાય તો ? એમ કહીને વેવાણે આપ્યું નહિ !"

છગનરામના આ શબ્દો સાંભળી જદુરામનો ચહેરો તપાવેલા તાંબા જેવો થઈ ગયો. રૂંવેરૂંવું ખડું થઈ ગયું. કોઈ સતીને પતિના મૃત્યુના એકાએક સમાચાર સાંભળી સત ચડે, એમ જદુરામ કંપવા

લાગ્યા. એમનો ક્રોધ સીમા વટાવી ગયો. થોડી વાર સૂનમૂન બેસી રહ્યા. પછી કોઈ ભૂત પોકાર કરતું હોય એમ ચીસ જેવા આર્ત્ત સ્વરે બોલ્યા :

"વેવાણને હું બ્રહ્મહત્યા આપીશ. એનો દીકરીએ પણ દીવો રહેવા દઈશ નહિ."

જદુરામ આપઘાત કરવા તૈયાર થઈ ગયા. આખા ગામનાં સગાંવહાલાં એકઠાં થઈ ગયાં. દાખલાદલીલોથી ટાઢા પાડ્યા. પણ જદુરામની આંખ ફાટી ને ફાટી રહે. સગાં પાસે બેસીને આખી રાત જાગ્યાં.

પરોઢિયે જદુરામે સહુને કહ્યું : "જાઓ, મારો ગુસ્સો શાન્ત થઈ ગયો છે. હું જરા આંખનું ઝેર ઉતારી લઉં. તમે બધાં પણ આરામ કરો."

સગાં ઊઠ્યાં. જદુરામની પત્ની પણ ઘંટીએ બેઠાં. જદુરામ પણ ઓરડામાં સૂતા.

કૂકડા બોલ્યા. જદુરામનાં પત્ની ઘંટીએથી દળીને ઊઠ્યાં ને અંદર આવ્યાં તો જદુરામને દીવાલે કાન માંડીને ઊભેલા જોયા. વહુએ કહ્યું :

"દુનિયાના મોંએ કંઈ ગળણું બંધાશે ? દીવાલે કાન દઈને ઊભા શું સાંભળો છો ? કોઈ વાંકું માણસ હોય તો વાંકું બોલે, એમાં આપણને શું !"

પણ જદુરામ તો જાણે તલ્લીન બનીને સાંભળી રહ્યા હતા. એમનાં પત્ની પાસે ગયાં, હવે બગબગું થયું હતું. થોડોક પ્રકાશ બારી વાટે અંદર આવતો હતો. એમણે જોયું તો–

જદુરામ વલોણાનું નેતરું ગળામાં બાંધી દીવાલની છત ઉપર ટીંગાઈ ગયા.

પત્નીએ ચીસાચીસ કરી. બધાં ભેગાં થયાં ને જોયું તો જદુરામે ખીંટીએ ગળે ફાંસો ખાઈ લટકી આપઘાત કર્યો હતો.

આખા ગામમાં અને ખાસ કરીને ભટવાડામાં કાળો બોકાસો બોલી ગયો. શબને પૂરતા સંસ્કાર ને વિધિ સાથે અગ્નિદાહ દીધો.

ઉત્તરવિધિ પણ સારા ને વેદવાન પુરોહિત પાસે પતાવી. સજ્જા પણ સારી ભરી.

મહિનો બે મહિના વીતી ગયા તોય હૈયાં કેમેય હેઠાં બેસે નહિ ! જાણે જદુરામનું શબ હજી સંસ્કાર વગર ભટવાડામાં પડ્યું છે, એવો સહુને અનુભવ થવા લાગ્યો. ચંડીપાઠ, ગીતાપાઠ, ગાયત્રીમંત્રનું રોજ પારાયણ થવા લાગ્યું; તોય જોઈએ તેવી શાન્તિ પ્રસરતી લાગી નહિ.

પણ જદુરામની દીકરી જ્યાં પરણાવી હતી એ ગામમાં અને એ કુટુંબમાં જદુરામના મૃત્યુ પછી સત્તરમા દિવસે એક ગાડાને અકસ્માત થયો. એ ઊંધું પડી ગયું ને દીકરીના સાસરાના બે નવજુવાન દીકરાઓનાં કરુણ મોત થયાં. બીજા અતરાળ દશ જણાંને અંગે ઉઝરડો પણ થયો નહિ.

વાયરા પણ ભૂંડા વાવા લાગ્યા. આખી રાત નવનવાં ચરીતર થાય, નળિયાં ફેંકાય, કૂતરાં રોવે, એક મોટો પડછાયો ખડકીમાંથી અસુર-સવાર આવજા કર્યા કરે.

એક દહાડે જદુરામના વેવાઈને લોહીની ઊલટી થઈ.

એક દહાડો વેવાણનો નાનો દીકરો રમતાં રમતાં ખાડામાં પડી ગયો. પગ ભાંગે એવું તો નહોતું પણ પગ ભાંગી ગયો. કેમેય સાજો થયો નહિ.

સહુ મનને મનાવતાં હતાં ત્યાં એક દહાડો પોતાની દીકરીના દેહમાં જદુરામનો આવિર્ભાવ થયો. એણે કહ્યું :

"હું પાપયોનિમાં પડ્યો છું. બ્રહ્મરાક્ષસ સરજાયો છું. વેવાણે મને જીવતાં મોત આપ્યું. મારી આ દશા કરી. હવે એને કે એના કુટુંબને હું નહિ છોડું."

એક જણાએ પ્રશ્ન કર્યો : "તમે બ્રહ્મરાક્ષસ થયા છો, તેની ખાતરી શી ?"

"એક કલાકમાં ખાતરી મળી જશે."

થોડી વારમાં એક ખેપિયો આવ્યો. એણે સમાચાર આપ્યા કે જદુરામના જમાઈ ત્રિદોષમાં ત્રણ દહાડાની માંદગીમાં ગુજરી ગયા છે, બાકી તો નખમાંય રોગ નહોતો.

દીકરીનું ચૂડાકર્મ કર્યું. થોડા દહાડા કાણમોકાણ ચાલી, પણ કોઈને એમ લાગતું નહોતું કે બ્રહ્મરાક્ષસ જદુરામનું આ કામ હોય !

એક દહાડો જાસૂદ જેવી દીકરીના શરીરમાં જદુરામ આવ્યા. લોકોએ પૂછ્યું :

"તમે તમારી સગી દીકરીને વિધવા કરી કાં ?"

"ના, ના, મેં મારી વેવાણના રળતા-કમાતા દીકરાને ખાધો. એને એ દીકરા પર અભિમાન હતું. હવે કેવી હૈયાફાટ રોતી હશે !" ખડખડાટ હાસ્ય અંતરીક્ષમાં સંભળાયું.

"તમારી ગુનેગાર તમારી વેવાણ છે. બીજાને શા માટે કનડો છો ? એને કનડો ને !"

"એને રિબાવી રિબાવીને મારીશ. સહુથી છેલ્લી મારીશ. અને જુઓ ! જેટલી વાર દીકરીને વિધવા જોઈશ એટલી વાર મારો ક્રોધ સોગણો વધશે. હું શાન્ત બેસી શકીશ નહિ. ને કંઈ ને કંઈ કર્યા કરીશ."

જદુરામની દીકરીના સાસરામાં ધીરે ધીરે માણસો ઓછાં થવા લાગ્યાં. વેવાણનો એક ભત્રીજો એ વાત બરાબર પારખી ગયો. એને કોઈએ કહ્યું કે સમગ્ર ભૂત, પ્રેત, પિશાચ, બ્રહ્મરાક્ષસ વગેરેની યોનિના નિયંતા મહાબલી હનુમાનજી છે. એ તરત હનુમાનજીનો ઉપાસક બની ગયો, ને દર શનિવારે સારંગપુરના ભીડભંજન હનુમાનની પગપાળા યાત્રા કરવા લાગ્યો.

જદુરામની વેવાણના કુળમાં આ એક ભત્રીજો સુખી થયો. જોકે એની પહેલી વારની વહુ મરી ગઈ, પણ તરત વેવિશાળ થયું. લગ્ન થયું ને દીકરો જન્મ્યો. આ પછી એ ભત્રીજો ગામ છોડી ધોળકા ચાલ્યો ગયો. ફક્ત એનો વંશવેલો વધ્યો.

આ વખતે ઈશ્વર ભટ્ટ નામના વૈદે પોતાને ત્યાં આવતા આજારીઓ અને અતિથિઓ માટે ત્રણ માળનું એક મકાન બાંધ્યું. એ મકાનનો ત્રીજો માળ કહેવાય છે કે જદુરામ બ્રહ્મરાક્ષસે ભાડે માગી લીધો. એ માળ કોઈ ઉઘાડે નહિ, ત્યાં કોઈ જાય નહિ, છતાં સાફ અને

સ્વચ્છ રહે. ઘણી વાર દાંતની કડેડાટી સંભળાય, ઘણી વાર કોઈ ઘાયલ તરફડિયાં મારતો હોય એવો અવાજ આવે. કોઈ વાર ભયંકર ચીસ કાળઘેરી રાતને ભયંકર બનાવી નાખે. કાઠા હૃદયના બેચાર જણા જોવા ચડ્યા, પણ એવા પટકાણા કે જોયેલું-જાણેલું કહી શક્યા નહિ !

બ્રહ્મરાક્ષસ જદુરામ ઘણાં વરસ સુધી ત્યાં રહ્યા, એમ મનાય છે : ને ત્યાં રહ્યા રહ્યા અનેક પરચાઓ લોકોને આપતા રહ્યા.

એક વાર પ્રશ્નોરા જ્ઞાતિનું જમણ હતું. એ વખતે જદુરામે સામે આવીને કેમ જમણ માગ્યું, એની કથા આજે પણ રોમાંચક રીતે કહેવાય છે.

બ્રહ્મતેજની શક્તિ અપૂર્વ ગણાય છે. એ શક્તિ જ્યારે રક્ષણાત્મક વલણ ધરાવે છે ત્યારે સંસાર શાંતિ માણે છે અને જ્યારે ભક્ષણાત્મક પ્રવૃત્તિ તરફ કદમ ઉઠાવે છે ત્યારે કાળો કેર વર્તાવી મૂકે છે.

ઈતિહાસમાં એવા અનેક દાખલાઓ છે. પોતાની, પોતાના કુળની કે સમાજની માનહાનિના પ્રસંગે આ બ્રહ્મતેજ ભભૂકી ઊઠે છે : એ વિધ્વંસ તરફ કદમ ઉઠાવે છે, ને પોતાની જાતની કુરબાની દ્વારા પ્રતિસ્પર્ધીની ખબર લઈ નાખે છે. રાજસ્થાનના ઈતિહાસમાં પોતાની પુત્રીની શીલરક્ષા ન કરી શકતાં, જાતને જીવતી અગ્નિમાં હોમી બ્રહ્મરાક્ષસ સરજાયાના અનેક દાખલા મળે છે. કર્નલ ટૉડે પણ એની નોંધ કરેલી છે.

આજથી લગભગ સો વર્ષ પહેલાં થઈ ગયેલા બ્રહ્મરાક્ષસ જદુરામની કહાણી આવી જ છે. લોકવાયકા પ્રમાણે ઈશ્વરજી ભટ્ટના (આ ઈશ્વરજી ભટ્ટ બોટાદનિવાસી સુપ્રસિદ્ધ 'વૈદરાજ શ્રી જટુભાઈ ભટ્ટના દાદા થાય ને આ મકાન તેમને વારસામાં મળેલું.) મકાનના ત્રીજા માળની મેડી પર બ્રહ્મરાક્ષસ જદુરામ વર્ષો સુધી રહ્યા. આ મેડી વપરાશ વગરની હતી, ને સામાન્ય રીતે બંધ રહેતી.

પોતાની વેવાણનું - એના વંશનું ધનોતપનોત વાળી નાખી છેલ્લે વેવાણને લહાણમાં લીધી. એ ડેલી ઉજ્જડ થઈ ગઈ. ધોળે દિવસે ત્યાં ઘૂડ બોલવા લાગ્યાં.

કહેવાય છે કે જે છગન ભટ્ટ જદુરામની દીકરીને તેડવા ગયેલા, તેમણે પાછળથી વાતને વાળવા કહ્યું કે વેવાણે દાગીના ન આપ્યા ત્યારે એમ કહ્યું હતું કે, દુકાળનું વરસ છે, આગળ ચોર-ડાકુનો ભો છે.

પણ વાત આગળ વધી ગઈ હતી. બ્રહ્મરાક્ષસનો ક્રોધ છગન ભટ્ટ પર ઊતર્યો : ને આવા સાલ-સંચા કરનારની પણ ખબર લઈ નાખી.

એક વાર એક જણના શરીરમાં આવિર્ભાવ પામીને જદુરામે કહ્યું કે જેને જેને હું મારું છું, એ બધાંને કચ્છમાં એકાંત સ્થળે ખીજડા પર કે લીંબડા પર લટકાવું છું. ત્યાં પ્રેતયોનિમાં તરફડતાં એ લટક્યાં કરે છે.

વેરની તૃપ્તિ થતાં જદુરામ બ્રહ્મરાક્ષસ હવે થોડા થોડા શાંત પડતા જણાયા. પણ હજી પેલી મેડી તો રહસ્યમય બની રહી હતી.

એક વાર ભાલમાં ભોળાદ (સ્વ. રામનારાયણ પાઠકનું વતન) ગામે લગ્નપ્રસંગ હતો.

કંસાર રંધાવાનો હતો.

ભાલના કાઠા ચાસિયા ઘઉં દળાયા હતા.

સારું ભગરી ભેંસોનું ઘી એકઠું કરવામાં આવ્યું હતું. કંસાર પર દળેલી ખાંડ પાથરી, ઉપરધારે ઘી પીરસાવાનું હતું.

આ સમયે બ્રહ્મરાક્ષસ જદુરામ એકાએક એક નાતીલાના શરીરમાં પ્રગટ થયા ને બોલ્યા :

"મેં ઘણા દહાડાથી આવું સારું જમણ માણ્યું નથી, એટલે આજે નાતમાં જમવા આવ્યો છું."

એક જણાએ પૂછ્યું : "તમે અહીં કેવી રીતે આવ્યા ?"

જદુરામે જવાબ દીધો : "મારા થાનકેથી હું જયંતીલાલ પાઠકની કાનની બૂટ પર બેસીને આવ્યો છું. હવે જમવાની વેળા થાય, ને પંગત પડે એટલે મારું પતરાળું પણ મૂકજો."

નાતીલાએ પૂછ્યું : "તમને અમારે ઓળખવા કઈ રીતે ? ને તમે કયા રૂપમાં આવશો ? નાતનાં સ્ત્રી-બાળક બીશે તો નહિ ને !"

જદુરામે કહ્યું : "ના રે ના ! હવે પહેલાંનો હું નથી. ભાણું પીરસાઈ રહે ત્યારે એક બાળક આવશે, ત્યાં બેસશે ને જમશે. એ જમનાર બાળકને જદુરામ તરીકે પિછાનજો."

પતરાવળી પડી. ભાણું પીરસાયું. એ વખતે ન જાણે ક્યાંકથી એક બાળક આવ્યો. ભાણા પર બેસી ગયો ને મૂંગો મૂંગો જમવા લાગ્યો. પૂરેપૂરું જમીને – આગ્રહથી થોડું વધુ જમીને – પછી ચપ દઈ, હાથમોં ધોઈ ઊભો થઈને ચાલ્યો ગયો.

આખી નાત જોઈ રહી. આ પ્રસંગ લખી મોકલનારે પોતાના વડીલો પાસેથી આ કિસ્સો સાંભળ્યો હતો : ને એ વડીલોએ નજરોનજર જદુરામને દીઠા હતા.

હવે કાળ વીતી ગયો !

બ્રહ્મરાક્ષસ જદુરામ પોતાની આ યોનિમાં મૂંઝાવા લાગ્યા હતા. એક વખત કોઈના શરીરમાં આવિર્ભાવ પામીને કહ્યું :

"હવે હું બહુ મૂંઝાયો છું. મારા પુત્રોને તમે એટલો સંદેશો પહોંચાડો કે તેઓ મારી મુક્તિ માટે પ્રયત્ન કરે. મારી શ્રાદ્ધક્રિયા સારી રીતે કરે, દાનપુણ્યાદિ કરે, તીર્થ કરે, તરવેણી નહાય. બ્રહ્મરાક્ષસની પાપયોનિમાંથી મને મુક્ત કરાવે. "

કોઈએ કહ્યું : "તો તમે સીધા તમારા પુત્રોને જ આદેશ આપો ને !"

બ્રહ્મરાક્ષસે કહ્યું : "હું તેઓના શરીરમાં પ્રવેશ કરી શકતો નથી. તેઓ સત્સંગી છે. સ્વામિનારાયણનો ધર્મ પાળે છે. હનુમાનજીની પૂજા કરે છે. એટલે તેઓના શરીરમાં મારો પ્રવેશ થઈ શકતો નથી : અને એ કારણે સીધો સંદેશ પહોંચી શકતો નથી."

આ વાત જદુરામના સુજ્ઞ પુત્રો પાસે પહોંચી. તેઓએ પણ બ્રહ્મરાક્ષસની લોકવાયકા સાંભળી હતી. કુટુંબમાં દૂરનાં કે નજીકનાં સગાંનાં અપમૃત્યુ જોયાં હતાં. તેઓએ સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈ સારા સાધુની સલાહ પૂછી.

સાધુએ કહ્યું : "ગઢડા ધામ એ તમારું કાશી ક્ષેત્ર. કારણ કે સ્વામિનારાયણ ભગવાનની આ લીલાભૂમિ છે : ને આ ઘેલો નદી

એ આપણી પતિતપાવની ગંગા. આ ઘેલો નદીના જળમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને જલવિહાર કરેલો છે. માટે ગઢડા ક્ષેત્રે, ઘેલો નદીના કાંઠે કોઈ સારા બ્રાહ્મણ પાસે શ્રાદ્ધવિધિ કરાવો. તર્પણ કરો. પિંડદાન આપો. બ્રહ્મભોજ કરો ને મંદિરમાં રસોઈ આપો. જરૂર ભગવાનની કૃપાથી તમારા વડીલનો પાપયોનિમાંથી છુટકારો થઈ જશે."

જદુરામના પુત્રોએ ઘેલો નદીને ગંગા બનાવી : અને ગઢડા ક્ષેત્રને પવિત્ર કાશી ક્ષેત્ર માનીને ત્યાં બધી વિધિ કરી.

એ પછી બ્રહ્મરાક્ષસ જદુરામના ક્યાંય વાવડ મળ્યા નહિ. એક વાર કોઈના સ્વપ્નમાં આવીને કહ્યું :

"ભગવાન સ્વામિનારાયણની કૃપાથી મારું બ્રહ્મતેજ મને પાછું મળ્યું છે. પાપયોનિમાંથી મારો છુટકારો થયો છે. મને સદ્‌ગતિ લાધી છે : ને ઊંચા પિતૃલોકમાં આજે મારો નિવાસ છે."

કાળ ગયો ને બ્રહ્મરાક્ષસ જદુરામની કહેણી રહી ગઈ. સો વર્ષ જૂની લોકકંઠમાં રમતી રહેલી કહાણીમાંથી કેટલાય અંશો ખરી ગયા હોય, ને કેટલાય અંશો નવા પ્રવેશી ગયા હોય : પણ એક વાત સાચી છે કે કોઈ પણ અવગુણની અતિ માણસને અવગતિએ લઈ જાય છે, ને તેનો આ લોક ને પરલોક બંને વણસાડે છે.

□



૨૬. મરણ અને સ્મરણ

રાજકોટના પ્રવાસની એ રાત હતી.

મચ્છરોની બીકે દીવા ઝાંખા બળતા હતા. રામકૃષ્ણ મિશન રોડ પરના એક અફલાતૂન બંગલાના પ્રાંગણમાં મિત્રોનો ડાયરો જામ્યો હતો.

વિષય હતો : જાણ્યું છતાં અજાણ્યું !

અમારા મિત્ર શ્રી નંદે પોતાની એક કહાની કહી, જે નીચે મુજબ છે :

અમદાવાદનું એ પહેલું હુલ્લડ હતું.

૧૯૩૯-૪૦ની એ સાલ હતી.

શુક્રવારનો એ ગોઝારો દિવસ હતો.

બપોરના ૨-૩૦ વાગ્યા હતા.

રીચી રોડ જુમ્મા મસ્જિદની સામે આવેલા શારદા મુદ્રણાલયમાં હું નોકરી કરતો હતો.

બપોરની રિસેસ સમયમાં ચા પીવા માટે મારા મિત્ર સાથે બહાર જવા દરવાજો ઉઘાડ્યો.

દરવાજાના ઓટા પર બેઠેલા એક વૃદ્ધ મુસ્લિમ ચાચાએ અમને બહાર નીકળતાં રોક્યા :

"ભાઈ ! બહાર રસ્તા પર ખૂનખરાબા હો રહા હૈ. બહાર મત નિકલો. વાપસ ચલે જાઓ !"

એ વૃદ્ધ મુસ્લિમનું કહેવું માન્યા વગર હું રસ્તા પર આવ્યો અને ખૂનખરાબી અને મારામારીનું જે ભયંકર દૃશ્ય મેં જોયું તેના થડકાટથી હું પાછો પ્રેસમાં ચાલ્યો ગયો. દરવાજો બંધ કરી દીધો.

પ્રેસની અંદરના ભાઈઓ બહાર હુલ્લડ ફાટી નીકળ્યાના સમાચારથી માહિતગાર થયા હતા અને 'શું કરશું ! શું થશે !' મૂંઝવણમાં હતાશ થઈ ગયા હતા.

ધીમે ધીમે સમય પસાર થતો ગયો. એમ સાંજના પાંચ વાગ્યા.

અમદાવાદનો એ રીચી રોડનો જાહેર રસ્તો વીસ-પચીસ ગુંડાઓના કબજામાં આવી ગયો હતો.

પ્રેસનો પાછળનો જે દરવાજો હતો તે રમકડા માર્કેટના રસ્તેથી પસાર થતો હતો.

એ જગા પણ બિનસલામત હતી. એના નાકા પર પણ હુલ્લડખોરોનું ટોળું જમા થયું હતું. કોઈ નીકળે તો એના પર તૂટી પડતા હતા.

આ બધી હકીકતો સાંભળીને અમે બીકથી થરથરતા અમારા પ્રેસના ત્રીજા માળે ચડીને ગુપચુપ બેસી ગયા.

ઉપર આકાશ હતું, નીચે ધરતી હતી. કોઈ કોઈ વાર કંઈક ધમધમાટ સંભળાતો; પણ એ કાળજાને વિશેષ કંપાવતો.

રાતના આઠ થયા. મારા સહકર્મચારી ભાઈઓને હું પ્રભુ પર વિશ્વાસ રાખવાનું અને હિંમત ન હારવાનું કહેતો હતો. ન જાણે કેમ, પણ આવે સમયે એના પર જ ભરોસો આવી જતો.

ધીમે ધીમે મારા સહકર્મચારી ભાઈઓ બધા નીચે ચાલ્યા ગયા. હું એકલો જ ત્રીજા માળે બેઠો હતો અને વારેઘડીએ બારીમાંથી બહાર જોતો હતો. રસ્તા પરની બત્તીઓ અમુક અમુક જગાએ થયેલી હતી અને પ્રચંડ આગ લાગી હોય અને તેનો જે પ્રકાશ દેખાય તેવો પ્રકાશ સર્વત્ર ફેલાયેલો દેખાતો હતો. થોડા થોડા સમયને અંતરે પોલીસની ગાડીઓ ઝડપભેર દોડી જતી હતી. આ બધી પરિસ્થિતિનો વિચાર કરી હવે શું કરવું તેની મૂંઝવણ મને થતી હતી. અને એ મૂંઝાયેલ અને ચિંતિત હૃદયે મેં પ્રભુનો આશ્રય લીધો અને એ ત્રીજા માળે મેં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' અષ્ટાક્ષરીનો જાપ શરૂ કરી દીધો.

રાતના સાડા અગિયારથી એક સુધી એક આસને બેસી જાપ ચાલુ રાખ્યો.

મને અંદરથી હિંમત ઊગતી લાગી. પરિસ્થિતિમાં ફેર નહોતો; પણ મન અજબ રીતે તૈયાર હતું. જાપના બળને લીધે મનમાં કૌવત આવેલું લાગ્યું.

ત્યાર બાદ મારા મિત્રો, જેઓ નીચે ચિંતિત મને બેઠા હતા, તેમની પાસે જઈને આશ્વાસન આપ્યું :

'મૂંઝાશો નહિ. ભગવાન આપણી રક્ષા જરૂર કરશે.'

પ્રેસની ઘડિયાળમાં ૧-૩૦નો ટકોરો પડ્યો એ જ સમયે હુલ્લડખોરોનું એક મોટું ટોળું પ્રેસના બારણે આવી ઊભું. તેમની પાસે આગ લગાવવાનાં સાધનો પણ હતાં. મોત સાક્ષાત્ સામે ખડું હતું.

રીચી રોડ તરફના એ દરવાજાની તિરાડમાંથી હુલ્લડખોરોએ સળગાવેલા ગાભા હું જોઈ રહ્યો. પ્રેસને આગ ચાંપવાની તૈયારી ચાલતી હતી. ગાત્ર કંપાવી નાખે તેવું દૃશ્ય હતું.

પ્રભુમાં અટલ વિશ્વાસ રાખનાર મારા મનની સ્થિરતા ડગી ગઈ. 'હે પ્રભુ ! એકે તરફ જવાનો રસ્તો નથી. હવે તો તારા ભરોસે જલતી આગમાં અમારે ભસ્મીભૂત થવાનું રહેશે ને !'

નિમિષ માત્રમાં મારતી મોટરે એક યુવાન આવ્યો. એના માથે ખુલ્લાં જુલફાં હતાં. રીચી રોડની ફૂટપાથ પર મ્યુનિસિપાલિટીના પાણીનો પાઈપ ખોલી ગુંડાઓના હાથમાં જે સળગતા ગાભા હતા તેમના પર પાણીનો મારો ચલાવી તેણે બુઝાવી દીધા. એ યુવાને આગ પર પાણી નાખતાં પડકાર કર્યો, : 'હટ જાવ યહાં સે !'

અને ટોળું વિખેરાઈ ગયું. ભગવાન શ્રીકૃષ્ણના રખોપાથી હું ને મારા સાથીદારો તથા આખું પ્રેસ બચી ગયાં.

આવેલું મોત પાછું ફરી ગયું, ને જાણે જીવને નવો શ્વાસ લીધો.

સવારના સાત વાગ્યા. હવે તો ઘેર જવું જોઈએ. સૌ પ્રભુ પર ભરોસો રાખી ઘેર જવાને નીકળી પડ્યા.

બાકી રહ્યા હું અને મારા મિત્ર અંબાલાલ બ્રહ્મભટ્ટ.

અમે પણ ઘેર જવાનો નિશ્ચય કર્યો અને પ્રેસના પાછળના દરવાજેથી નીકળી પડ્યા. રસ્તે ચાલતાં હુલ્લડખોરો નજરે પડતા હતા; પરંતુ શ્રીકૃષ્ણનું નામ લેતા અમે રસ્તો કાપતા રહ્યા.

સ્મરણ આજ જેટલું મીઠું લાગ્યું તેટલું કદી નહોતું લાગ્યું.

ચાલતાં ચાલતાં શાહપુર પહોંચી ગયા. ત્યાં પણ હુલ્લડખોરોએ દંગલ મચાવેલ. બે માણસો રસ્તા પર પડ્યા હતા. હું અને મારા મિત્ર ક્યાંય ઊભા રહ્યા સિવાય ચાલતા રહ્યા.

ત્યાં પાછળથી ત્રણ ગુંડાઓ અમારી પાછળ દોડતા આવતા દેખાયા. એ ગુંડાઓ અમારી નજીક આવી પહોંચ્યા અને ઊભા રહ્યા. તેઓએ અમને પૂછ્યું :

'કિધર જાતે હો ? પીછે ચલો !'

મેં અને મારા મિત્રે તેમને આજીજી કરી માંડ છુટકારો મેળવ્યો.

હવે તો હું ને મારો મિત્ર ચાલવાને બદલે દોડવા લાગ્યા. રસ્તો સૂમસામ. કોઈ ન મળે !

એમ ચાલતા, દોડતા અમે એલિસબ્રિજ પુલ નજીક આવી પહોંચ્યા.

અમને એમ લાગ્યું કે હવે અમે સુરક્ષિત સ્થળે પહોંચી ગયા છીએ. પણ અમારી એ માન્યતા થોડી ક્ષણોમાં જ ખોટી પડી.

અમે વિક્ટોરિયા ગાર્ડન પાસે પહોંચ્યા. રસ્તા પર ઈલેક્ટ્રિક થાંભલાઓ વળી ગયા હતા, મોટરો બળતી હતી, આખા રસ્તા પર કાચ પથરાયેલા હતા અને સો-દોઢસો ગુંડાઓની ટોળી ત્યાં ફરતી હતી. તેમનું ધ્યાન અમારા તરફ પડ્યું. અમે એ જોયું. ક્રૂર આંખોવાળું એ ટોળું અમારી તરફ આવવા લાગ્યું.

આંખો મીંચી પ્રભુનું સ્મરણ કરી લીધું અને જે સ્થિતિ આવે તે સહી લેવી તેમ નક્કી કરી, 'હે પ્રભુ ! હવે તું બચાવજે !' એવી આખરી પ્રાર્થના કરી લીધી.

મનમાં શ્રીકૃષ્ણનું નામ ઘૂંટાતું હતું. . .

ટોળું નજીક આવતું હતું. . . .

સાવ નજીક આવ્યું. . . .ત્યાં. . . .એક મોટર આવીને અમારી પાસે ઊભી રહી.

અમને ઝડપથી અંદર લઈ લીધા અને પુરઝડપે એ આસ્ટોડિયા દરવાજાની અંદર થઈ મારા મિત્રને ઘેર ઊભી રહી. અમે બન્ને મોટરમાંથી નીચે ઊતર્યા. અને મેં જોયું કે રાત્રે પ્રેસ પર આગ બુઝાવી પડકાર કરનાર એ જુલફાંવાળો યુવાન જ તે હતો. એનો આભાર માનવા જઈએ તે પહેલાં તો તેણે મોટર પુરઝડપે દોડાવી મૂકી.

— તેને મારા મિત્રના ઘરની ખબર કેવી રીતે પડેલ હશે ?


કોણ હતો એ ?

આ પ્રશ્નો હજુ મારા મનમાં ઘૂંટાયા કરે છે. ઘણા પ્રયત્નો કર્યા તેને શોધવાના, પણ હજુ તે ક્યાંય જોવા નથી મળ્યો.

પણ એટલું તો મને સમજાઈ ગયું કે પ્રભુ શ્રીકૃષ્ણે છેવટની ઘડીએ સહાય કરીને અમને બચાવી લીધા.

બે વાત મનમાં આજે પણ ઘોળાય છે. મરણ વખતે જ સ્મરણની શકિત સમજાય છે : ને જો પ્રભુ પાંસરો હોય તો ક્યાંકથી ગેબી મદદગાર આવી મળે છે. આ જાણ્યું છતાં અજાણ્યું હજુય અજાણ્યું છે.

□



૨૧. ઈસાભાઈ મેમણ

'પૃથ્વીનાં પાખંડોએ સત્યને નબળું પાડી દીધું છે; અથવા અસત્યના દીવા એટલા ઝાકમઝોળ છે કે સત્યનું કોડિયું ખોજ્યું હાથ લાગતું નથી. એટલે જાણેલી વસ્તુ પણ અજાણ્યા જેવી લાગે છે.' મુનીન્દ્રે કહ્યું.

આ હવાના માનવીના દિલમાં વિચારોના અનેક ગબારા ચડ્યા હતા.

મજલિસમાં મુંબઈવાળા શ્રી કુંવરજીભાઈ હીરજીભાઈ છેડા બેઠા હતા. માણસ ઘણા સજ્જન અને તોળીને બોલનારા. પાયધુની પર આવેલા જાણીતા મેઘરાજ જૈન પુસ્તક ભંડારના બાહોશ સંચાલક અને ઘણાના સન્મિત્ર. તેઓએ કહ્યું :

'મારા જીવનમાં બહુ ઘટનાઓ તો નથી બની. પણ એક ઘટના જે બની એનો મર્મ હજી હું પામી શક્યો નથી. એ જાણેલું મારા માટે હજી અજાણ્યા જેવું જ રહ્યું છે.'

મજલિસ આખી આ વાત સાંભળવા ઇંતેજાર બની રહી. કુંવરજીભાઈ આમ તો સંસારની ઘણી લીલીસૂકી જોઈ ચૂકેલા માણસ છે. ઝટ કોઈના કહ્યામાં આવી જાય તેવા પણ નથી. કચ્છની મરદાઈની છાંટ એમનામાં છે.

તેઓએ વાત ચલાવી :

આજથી ત્રીસ-એકત્રીસ વર્ષ પહેલાંની વાત છે. પ્રાયઃ વિ. સં. ૧૯૯૧ ચાલતી હતી.

મારાં પત્નીને અવારનવાર તાણ આવતી. ખેંચાઈને કમાનની જેમ વળી જતાં. મોઢે ફીણ આવતાં, ને પછી બેહોશ બની જતાં. લાકડા જેવું લાકડું !

ઘણા કહેતા કે હિસ્ટીરિયા આવે છે. અમે નામીઅનામી એકેય વૈદ-દાક્તરને મૂક્યા નહિ. પણ ફોગટ !

મુંબઈનો પચરંગી નિવાસ. કોઈ અગમનિગમની વાતો કરે. બાવાજતિને પણ અજમાવી જોયા. પરિણામ શૂન્યમાં. કોઈએ શિકોતરી કે ડાકણશાકણ કહી, ભૂવાનાં ડાકલાં પણ બેસાડ્યાં ! જીવન માટે માણસ તણખલું પણ પકડે છે. ઘણું કર્યું. પણ કંઈ વળ્યું નહિ. સંસારનો બાગ વેરાન થતો લાગ્યો.

કચ્છમાંથી મુંબઈ રળવા આવેલા. સવારથી સાંજ રોજગારીની ધમાલ. એમાં આ આપત્તિ ! મન દુઃખી રહેવા લાગ્યું.

અમે બધાં ખૂબ જ કંટાળી ગયાં. કોઈ જે માગે તે આપવા તૈયાર થઈને બેઠાં ! બસ દર્દ જવું જોઈએ !

એક દહાડો એક વાત સાંભળી. ઝટ શ્રદ્ધા ન બેસે તેવી લાગી. આજકાલ ઊંટવૈદોની હાલાકી ઘણી. સાધક ઉત્તરસાધક બની જમાનાને લૂંટે !

એક ભાઈએ વાત કરી.

જામનગરમાં ઈસાભાઈ કરીને એક વ્યક્તિ છે. જાતના મેમણ છે. પંચોતેર વર્ષના છે, ને ગમે તેવું અસાધ્ય દર્દ મટાડે છે. લોકો લાભ લે છે. એક પૈસો પણ લેતા નથી.

ડૂબતો માણસ તણખલાને પકડે. હું પહેલી ટ્રેનમાં પત્ની સાથે જામનગર જવા રવાના થયો.

જામનગર પહોંચ્યો ત્યારે મારા જેવા અનેક જણા ત્યાં આવ્યા હતા. સહુ શ્રદ્ધાઅશ્રદ્ધા વચ્ચે ઝોલાં ખાતા હતા. આવાં ધતિંગ આ દેશમાં ખૂબ ચાલતાં હતાં.

મેં બધી માહિતી મેળવી લીધી.

આ કાર્ય એક વંડામાં કરવામાં આવતું. એનો સમય સવારના સાતથી સાડા અગિયારનો હતો. બપોરે ત્રણથી પાંચનો હતો.

એ રાત ગામમાં ફર્યો. મોં તેટલી વાતો હતી. કોઈ કહેતું કે જામ બાપાની ગાડીમાં મુસાફરો જ હોતા નથી, ને દર વર્ષે ખોટ જાય છે. એ ખોટ પૂરવા આ તુક્કો અજમાવવામાં આવ્યો છે.

કોઈ કહેતા કે લૉજવાળાઓએ અમુક રકમ બાંધી દીધી છે. લૉજવાળા તો રોજના હજાર જમાડીને ન્યાલ થઈ જવાના. કોઈ ઘોડાગાડીવાળાઓએ આ કાવતરું કરાવ્યું છે, તેમ કહેતા.

સાથે એ વાત પણ સાંભળી કે ઈસાભાઈના પુત્ર ગર્ભશ્રીમંત છે. કાપડના સારા વેપારી છે.

અમે સવારમાં વંડામાં ગયાં.

બધા દર્દીઓને ત્યાં હારમાં બેસાડવામાં આવ્યા હતા.

વચ્ચે એક લાકડાની પાટ મૂકી હતી.

આ પાટ પાસે પાણીનાં માટલાં હતાં.

પાટની બે બાજુ બે માણસો ઊભા હતા.

જેનો નંબર આવે તે દરદીને પાટ પર બેસાડવામાં આવે; અને જે બે માણસ આજુબાજુ ઊભા હોય તે માટલામાંથી પાણી લઈને છાંટે.

થોડી વારમાં દરદી ધ્રુજારી અનુભવે, દરદીને આવેશ આવે.

બીજી પળે ફરી પાણી છાંટવામાં આવે, ને તરત જ દરદીને પાટ પરથી નીચે ઉતારી દે.

આ બધું બે મિનિટમાં બને. મોટી હારની હાર બેઠેલી હતી ને એમાં તળ જામનગર કરતાં બહારગામનાં દરદીઓ વિશેષ હતાં.

આ પ્રયોગ કરનાર ઈસાભાઈ પાટથી પંદર ફૂટ દૂર બેઠેલા હતા. હિંદુ જેવો એમનો પહેરવેશ હતો. એ ન કંઈ બોલતા, ન ચાલતા. બસ, ત્યાં શાંતિથી બેસી રહેતા. તેમની સાથે જામનગરના ત્રણચાર પ્રતિષ્ઠિત ગૃહસ્થો પણ બેઠા હતા.

ન મંત્ર, ન ક્રિયા, ન સ્પર્શ, ન ધૂપ, ન અગરબત્તી !

એક પૈસો લેવાનો નહિ, કે કોઈ રકમ ધર્માદા કરવાની પણ નહિ.

મારાં પત્ની અને હું બહાર નીકળ્યાં.

એ દિવસથી હિસ્ટીરિયાનું એ દર્દ ગયું તે ગયું. આજ અમે બંને હયાત છીએ. એ દર્દે ફરી દેહ સામે ડોકિયું પણ કર્યું નથી.

આ શું હશે તે કહેવું મારી શક્તિ બહાર છે. પણ મેં સાચેસાચ જે અનુભવ્યું ને એક હઠીલા ભયંકર ખર્ચાળ દર્દમાંથી રાહત મેળવી તેની આ સાચી વાત છે.

અમારી વાત સાંભળી, મારા કાકાની દીકરી બહેન ત્યાં ગયેલી. આ પ્રયોગ ફક્ત છવ્વીસ દિવસ ચાલુ રહેલો. એ વખતે બંધ થઈ ગયેલો.

મારી બહેન નિરાશ થઈને પાછી ફરી.

□



૨૮. રૂપિયાની રસીદ

ચાંપરાજવાળો.

માની અને દાની પુરુષ.

પાસે દેવતાઈ ઘોડી.

એક ચારણે ઘોડી માગી.

માગ્યું આપવું એ ચાંપરાજવાળાનો નીમ.

ચાંપરાજવાળાએ કહ્યું કે આવતા ચોમાસે લઈ જજો, ગઢવી !

ગઢવી આગળ ચાલતા થયા.

પણ ત્યાં તો ભર ઉનાળે લૂંટારા આવ્યા.

લડાઈ થઈ ને ચાંપરાજવાળા એમાં મરાયા.

વખત વીતી ગયો.

અસાડમાં મેઘ ગર્જવા લાગ્યા કે ચારણ આવી પહોંચ્યો. માગણી કરી કે વાયદા મુજબ ઘોડી લાવો.

ઘોડી લાવીને હાજર કરી.

પણ ચારણ કહે : 'દેનાર ક્યાં છે ?'

'દેનાર તો સ્વર્ગે ગયા. લડાઈમાં કાળ પામ્યા.'

ચારણ કહે : 'હું ભિખારી નથી. એ તો ચાંપરાજવાળા જેવો દાન દેનાર હોય તો મારો હાથ લાંબો થાય.'

સહુ કહે : 'ગઢવી ! પણ આમાં અમારું જોર શું ચાલે ?'

ચારણ કહે : 'દાનીને વચનની કિંમત હોય. એ યમરાજને પણ પાછા વાળે. મને તો ચાંપરાજવાળો હાથે દોરીને ઘોડી આપે તો ઘોડી ખપે.'

કહેવાય છે કે ચાંપરાજવાળો ઊગતા સૂરજનાં પ્રકાશમાં આવ્યો ને ઘોડી આપી ગયો.

આ વાર્તા ભારતની થઈ.

ભારતની બહાર વિજ્ઞાનસિદ્ધ દેશોમાં પણ આવી વાતો ચાલે છે, એવું નિદર્શન કરાવતી એક વાર્તા ગુજરાતના બહુશ્રુત વિદ્વાન લેખક શ્રી રમણીકલાલ જ. દલાલ યુરોપીય સાહિત્યમાંથી દેશી રૂપમાં અવતરિત કરીને મોકલે છે. વાંચીએ એ વાર્તા :

રામચંદ ઠાકોરનું નામ તો અમારી બાજુ ખૂબ જ જાણીતું છે. જૂના વખતના એ જમીનદાર. એમનો કડપ પણ ભારે. લોકો ધિક્કારે એટલા જ ભય પામે. જાણે શયતાન સાથે એમને સીધો સંબંધ. હથિયાર પણ એમને વાગે નહિ. પરન્તુ સ્વજનો સાથે એ કડવા નહોતા. એમના ખેડૂતો એમને વખાણતા. બાકી હરામખોરો ઉપર એમનો ભારે ધાક હતો. બદમાશી એમની આગળ નભે જ નહિ.

મજાના એ દિવસો હતા. હવા ચોખ્ખી હતી. વૃક્ષો લીલાં કુંજાર હતાં. અત્યારે વેરાન થઈ ગયો છે પણ ત્યારે એ પ્રદેશ રળિયામણો હતો. ત્યાં શંકર નામનો એક ખેડૂત રહેતો હતો. નાનપણમાં ભારે રઝળુ. બંસી તો એવી બજાવે કે જેનું નામ. ભલભલા એનું બંસીવાદન સાંભળી મુગ્ધ બની જાય. રામચંદ ઠાકોરને એના વિના ઘડી ન ચાલે. ઘણી વાર એને પોતાના મહાલયમાં બોલાવે ને એની બંસરી સાંભળે. એમના મુનીમ દોલતને પણ એ બંસીનું ઘેલું લાગેલું. એટલે શંકરની વાત નીકળે ત્યારે મુનીમ એના લાભમાં બે બોલ કહ્યા વિના રહે જ નહિ.

પરન્તુ કાળ કપરો આવ્યો. ભલભલા માલદારો પણ ઘસાઈ ગયા. ખેડૂતોને પણ હવે રામચંદ ઠાકોરની ઉઘરાણી કારમી લાગવા માંડી. એટલે ભરણાને દિવસે કોઈ ચૂક થવા દેતું નહિ. બધા જાણતા કે ઠાકોરનો મિજાજ ભૂંડો હતો. ઘડીમાં ભલભલાને પાણીછલ્લા કરી નાખે. કોઈને તો એ શયતાનના અવતાર લાગે.

શંકર જરા હાથનો છૂટો હતો. બચત કરવાની એને ઝાઝી ટેવ નહોતી. એટલે ઘણી વાર ઠાકોરની સાંથ ચઢી જતી. આ વખતે ઠાકોરની પહેલી ઉઘરાણી તો એણે માખણ લગાવી ટાળી. બંસી બજાવી ખુશ કર્યા. પણ પછીને વર્ષે પાંચસો રૂપિયા દેવા થઈ ગયા હતા. ઠાકોરની ઉઘરાણી આવી. હવે શંકરનો છૂટકો નહોતો.

એ ગયો લક્ષ્મણ પાસે. લક્ષ્મણ ભણ્યો હતો. બે પૈસા બચાવી જાણતો. એને પણ શંકરની બંસીનો નાદ હતો. શંકરે એની પાસે પાંચસો રૂપિયા ઉછીના લીધા. હળવા હૈયે ભારે થેલી લઈ એ ઊપડ્યો ઠાકોરની મેડીએ. હવે એના દિલમાં ઋણમુક્તિની નિરાંત હતી. બાકી ઠાકોરનો ધાક એટલો કે શુંનું શું કરી બેસે !

શંકર ઠાકોરના આવાસે પહોંચ્યો. બાર વાગ્યા પહેલાં એ હાજર થયો નહોતો : ઠાકોર ખૂબ છેડાયા હતા. એમના લોહીનું દબાણ વધી ગયું હતું. એ વિરામખંડમાં ચાલ્યા ગયા હતા. શંકરના લેણા કરતાં શંકર આવ્યો નહિ એ વાતે એમને બહુ જ અકળાવી મૂક્યા હતા. શંકરની જમીન ખૂંચવી લેવાનો વિચાર એમને માફક નહોતો.

શંકરને જોઈ દોલત ખુશ થયો. એ શંકરને ઝરૂખામાં લઈ ગયો. ત્યાં રામચંદ ઠાકોર બેઠા હતા. પડખે જ એમનો મોંએ ચઢાવેલો કૂતરો બેઠો હતો. આ કૂતરો કોઈનેય ગમતો નહિ. કાંઈ કાંઈ ગતકડાં કરતો. ભસીને આખું ગામ ગજાવી મૂકતો. ઠાકોર એને 'રાજા' કહેતા. પણ લોકોને એ અસાધારણ લાગતો. શંકરે પણ એને કદી દીઠો નહોતો. એટલે ઝરૂખામાં ઠાકોર જોડે રાજાને જોઈ એ બેચેન બન્યો.

રામચંદ ઠાકોર બેઠા હતા. કહો કે વિરામાસનમાં આડા પડ્યા હતા. વા ખાધેલો પગ એક બાજઠ ઉપર મૂક્યો હતો. ઠાકોરનું વદન શયતાન જેવું કુરૂપ બની ગયું હતું. રાજા એમની સામે બેઠો હતો. ઠાકોર દુઃખથી કણસતા તો રાજા ઘૂરકતો.

રામચંદ ઠાકોરે શંકર સામે તીખો દૃષ્ટિપાત કર્યો. એમની ભ્રૂકુટિ સંકોચાઈ. જાણે હમણાં ખાઈ જશે.

'કેમ બજાણિયા ! ક્યાં મર્યો'તો ? ખાલી હાથે આવ્યો છે ને ! બદમાશ . . .'

શંકરે બને તેટલું દયામણું મોં કર્યું. નાણાંની થેલી ઠાકોરને ચરણે મૂકી પરાક્રમ કર્યું હોય એમ ટટાર થયો. ઠાકોરે થેલી પાસે ખેંચી . . . . .

'પૂરેપૂરા ? કે ઓછા ?'

'ગણી જુઓ ને, સરકાર'

'જા, દોલત ! શંકરને પાણી આપ. હું રૂપિયા ગણી લઉં છું. રસીદ પણ બનાવું છું.'

બન્ને ઝરૂખા બહાર પગ મૂકે ત્યાં તો ઠાકોરે કારમી ચીસ પાડી. બન્ને પાછા વળ્યા. બીજા નોકરો પણ દોડી આવ્યા. ધમાલ મચી ગઈ. ઠાકોર ચીસ પર ચીસ નાખતા હતા. 'પાણી લાવ. પાણી લાવ.' પાણી લાવવામાં આવ્યું. પણ ઠાકોરે પવાલું દોલતના માથા પર છૂટું ફેંક્યું. કૂતરાએ ભસવા માંડ્યું. શંકરને શું કરવું તેની ગમ પડી નહિ. એ નીચે દોડ્યો. થેલી કે રસીદ લેવાનું એને ભાન રહ્યું નહિ. ત્યાં તો ચીસો શમી ગઈ. ઠાકોરનું પ્રાણપંખેરું ઊડી ગયું.

શંકર ઘેર પાછો વળ્યો. સારું થયું કે થેલી દોલતે જોઈ હતી. ઠાકોર સાહેબે રસીદ લખવાનું કહ્યું હતું, એ પણ તેણે સાંભળ્યું હતું.

રામચંદ ઠાકોરના પુત્ર જયંતકુમાર મુંબઈ રહેતા. એમને ઠાકોર સાથે ઝાઝું બનતું નહિ. એ વકીલ થયા હતા. સ્વતંત્ર વકીલાત કરતા હતા. ધારાસભાના સભ્ય પણ થયા હતા. પણ આ નિખાલસ યુવાન કરતાં કેટલાકને વૃદ્ધ ઠાકોર ગમતા.

ઠાકોરના અવસાનના સમાચાર મુંબઈ પહોંચ્યા. જયંતકુમાર આવ્યા. દોલત રઘવાયો રઘવાયો ફરતો હતો. ક્રિયાકારજની તૈયારીમાં પડ્યો હતો. પણ એને ચેન નહોતું. ઠાકોર સાહેબની છેલ્લી ચીસના જાણે એને ભણકારા વાગતા. જાણે ઠાકોર એને બોલાવી રહ્યા છે. રોજ એ ઠાકોર સાહેબના પડખેના ખંડમાં જ સૂતો. આજે હજી મૃતદેહ પડ્યો હતો. સવારે અગ્નિસંસ્કાર કરવાના હતા. એ ત્યાંથી ચસકી કેમ શકે ?

રાત્રિ પડી. મધ્યરાત્રિ થઈ. મહાલયમાં ચોમેર શાંતિ છવાઈ ગઈ. જાણે ઠાકોરે ચીસ પાડી. દોલત ઊભો થયો. ઊઠ્યો. મૃતદેહ નજીક આવ્યો. ત્યાં જ ફસડાઈ પડ્યો. એના પણ પ્રાણ ચાલ્યા ગયા. સ્વામીને ચરણે એ નિમકહલાલ સેવક ઢળી પડ્યો.

બીજી સવારે જયંતકુમારે બન્નેની અંત્યેષ્ટિક્રિયા પતાવી દીધી. ધીમે ધીમે બધું થાળે પડ્યું એટલે જયંતકુમાર ઠાકોર સાહેબના હિસાબ જોવા બેઠા. એક પછી એક ખેડૂતને બોલાવી પાછલી બાકી પાકી કરી લેવામાં આવી.

શંકરને ખાતે પૂરી રકમ બાકી હતી. એને બોલાવવામાં આવ્યો. જયંતકુમાર એના પિતાના વિરામાસન પર બેઠા હતા. પડખે ખાતાવહી પડી હતી - જાણે ડાઘિયો કૂતરો. હમણાં કૂદીને લોંતિયું લઈ લેશે. શંકર ધ્રૂજી ઊઠ્યો.

'આવો, શંકરભાઈ !' જયંતકુમારે શંકરને આવકાર આપ્યો.

'નમસ્કાર, બાપુ !' શંકર બોલ્યો : 'આપના બાપુજી તો દયાના સાગર હતા. અમારા પર બહુ માયા રાખતા.'

'હા શંકરભાઈ,' જયંતકુમારે કહ્યું. એક દીર્ઘ નિશ્વાસ મૂક્યો. 'એ તો અણધાર્યા ચાલ્યા ગયા. મને એમની ખોટ જરૂર સાલશે. પણ

ઘરની વ્યવસ્થા કરવાની પણ એમને ફુરસદ ન રહી. પાછળ ગૂંચવાડો મૂકતા ગયા. એ ચોખ્ખો કરવાનું મારે માથે આવ્યું. જુઓ શંકરભાઈ ! આપણે મૂળ મુદ્દા પર આવીએ. સમય થોડો ને વેશ ઘણા છે.'

જયંતકુમારે ખાતાવહી ઉઘાડી. 'જુઓને શંકરભાઈ, તમારે ખાતે હજી પાંચસો રૂપિયા લેણા ખેંચાય છે.'

'લેણા હતા, ભાઈસાહેબ ! પણ એ રકમ મેં આપના બાપુજીને ચૂકવી આપી છે.'

'રસીદ લીધી હશે ને, શંકરભાઈ ! બતાવોને જરા.'

'રસીદ લેવાનો તો સમય નહોતો રહ્યો. મેં થેલી ઠાકોર સાહેબ આગળ મૂકી : એમણે રકમ ગણવા નજીક ખેંચી. રસીદ લખવા માંડી. ત્યાં અંતિમ હુમલો આવ્યો ને એ વિદાય થયા.'

'ભારે કમનસીબ !' જયંતકુમાર ઘડીક થંભ્યા. 'પરન્તુ આપે થેલી આપી ત્યારે કોઈ હાજર તો હશે ને ! જુઓ શંકરભાઈ ! મને તો ચોખ્ખી વાત ગમે. કોઈ ગરીબ માણસને હું નાહક દંડી નાખવા નથી માગતો !'

'ખરી વાત છે, ભાઈ ! પરન્તુ એ વખતે તો એકલા દોલતભાઈ હતા. અને આપ જાણો છો, એમણે પણ શેઠની વાટ લીધી છે !'

'બીજું કમનસીબ ! શંકરભાઈ !' જયંતકુમારના અવાજમાં જરાય થડકાર નહોતો. 'તમે પૈસા આપ્યા એ માણસ ગુજરી ગયા. થેલી જોઈ એ વ્યક્તિ પણ હયાત નથી. થેલીનું પણ ક્યાંય નામનિશાન નથી. બોલો, હવે તમારી વાત શી રીતે મનાય ?'

'મનેય સમજ પડતી નથી, ભાઈસાહેબ ! હા, પણ એ રકમ હું લક્ષ્મણભાઈ પાસેથી ઉછીની લાવ્યો હતો. એ માણસ સોગંદ પર કહેશે કે હું તેની પાસેથી પાંચસો રૂપિયા લઈ ગયો હતો.'

'તમે લક્ષ્મણભાઈ પાસેથી પાંચસો રૂપિયા લીધા હશે. તમારી એ વાત માની. પણ એ રકમ મારા પિતાજીને ચૂકતે કરી, એનો પુરાવો શો ?'

'પેલી થેલી આટલામાં જ ક્યાંક હશે. આપને એ જડી નથી ? ઠાકોર સાહેબ કાંઈ સાથે ન લઈ જાય. ઘરમાં કોઈના હાથમાં આવી હોય તો !'

'આપણે ઘરના માણસોને બોલાવી પૂછીએ.'

'ખરી વાત છે, સરકાર !'

પરન્તુ રામો, બાઈ, સાઈસ, ભંગી, બધાએ સાફ ઈન્કાર કર્યો. શંકરભાઈએ વર્ણવેલી થેલી કોઈએ દીઠી નહોતી. કમનસીબે પોતે સાંથ ચૂકવવા આવ્યો છે એ વાત પણ શંકરભાઈએ કોઈને કરી નહોતી. હા, રસોઇયણ બાઈએ એમની બગલમાં કાંઈક દીઠું હતું. પરન્તુ એ ફાળિયું સમજેલી.

જયન્તકુમારે પરિજનોને ખંડ બહાર વિદાય કર્યા.

'જુઓ શંકરભાઈ ! આપણે તો ન્યાયની વાત કરવી છે. થેલી ક્યાં ગઈ એ તમારા સિવાય બીજું કોઈ જાણતું નથી. હવે કહો, મારે શું કરવું ?'

'આપને હું શું કહું ?' શંકર તંગ આવી ગયો હતો. 'હું એક પ્રામાણિક માણસ છું.'

'મને પણ પ્રામાણિકતા એટલી જ ગમે છે,' જયંતકુમારે ખુલાસો કર્યો, 'મારા ઘરનાં બધાં માણસો પણ પ્રામાણિક છે. એટલે જે વાત કહે ને સાબિત ન કરી શકે એ જ ચોર ગણાય ને !' પછી જયંતકુમાર સહેજ કડક થયા. 'જુઓ સાહેબ, મારા બાપુજીનું અણધાર્યું અવસાન થયું, એટલે અનેક ગામગપાટા ચાલે છે. એનો લાભ લઈ તમે આ દાવ અજમાવી રહ્યા છો. ઠગાઈ કરી તમે મારાં નાણાં ચૂકતે કરવા માગતા નથી. બલકે મારા પર આળ ચઢાવો છો કે નાણાં મળ્યાં છે છતાં હું ફરીથી માગું છું. બોલો, પૈસા ક્યાં છે ? મારે જાણવું જ પડશે.'

શંકરનો હવે કોઈ જ આરો રહ્યો નહિ. મહાલયનો ખૂણેખૂણો એ શોધી વળ્યો; પણ કાંઈ જ ઉત્તર મળ્યો નહિ.

'બોલો મહેરબાન !' જયંતકુમારનો દેખાવ પણ એમના બાપ જેવો જ વિકરાળ બની રહ્યો. ઠાકોર રોષે ભરાય ને ભ્રૂકુટિ સંકોચાતી

એમ જયંતકુમારની ભ્રૂકુટિ પણ સંકોચાઈ રહી. 'બોલો સાહેબ ! હું તમારા દિલની વાત જાણીને જ રહીશ. બોલો, 'આ નાણાં મારી પાસે છે ?'

'ભગવાન મને એવું ન બોલાવે.' શંકરે કહ્યું.

'મારા કોઈ માણસ પર વહેમ છે ?'

'નિર્દોષને હું દોષ કેમ દઉં ? કોઈ દોષિત હોય તો એનો મારી પાસે પુરાવો નથી.'

'તમારી વાત સાચી હોય તો નાણાં આટલામાં જ ક્યાંય હોવાં જોઈએ.' જયંતકુમાર બોલ્યા. 'બોલો, નાણાં ક્યાં છે ? સાચો જવાબ આપો.'

'મારું કરમ,' શંકર બોલ્યો. 'હું શો જવાબ આપું ? એ ગયાં આપના બાપુજી પાછળ . . . જહન્નમમાં . . . જહન્નમમાં . . . '

ને શંકર સડસડાટ નીચે ઊતરી ગયો. જયન્તકુમાર ગર્જના કરતા પાછળ રહી ગયા.

શંકર દોડતો લક્ષ્મણ પાસે ગયો. એ કાંઈ રસ્તો બતાવે. પરન્તુ લક્ષ્મણે તો ઊલટો એનો જ દોષ કાઢ્યો. હવે શંકરની ધીરજ ખૂટી ગઈ. એ પાછો વળ્યો. એ ક્યાં જતો હતો એનું એને ભાન રહ્યું નહિ. સવારનું એણે કાંઈ ખાધું નહોતું. એનું મગજ કાંઈ કામ કરતું નહોતું. 'નાણાં ક્યાં છે ? નાણાં ક્યાં છે ?' જયન્તકુમારનો અવાજ એના કાનમાં ગાજી રહ્યો હતો. એ ગામ બહાર નીકળી ગયો. રાત્રિનાં અંધારાં ઊતર્યાં. વૃક્ષોના ઓળા બિહામણા બન્યા. એના પગ કહ્યું કરતા નહોતા. નદીકિનારે સ્મશાનભૂમિ આગળ એ બાથોડિયાં મારી રહ્યો.

ત્યાં કોઈકે એના ખભા ઉપર હાથ મૂક્યો : 'કેમ છે, દોસ્ત ! શા વિચાર કરે છે ?'

'કોણ છે ? મને લૂંટી લેવા આવ્યો છે ? મારી પાસે કશું નથી. વાત કરવા આવ્યો છે ? મારામાં વાત કરવાના હોશ નથી. ભૂલો પડ્યો છે ? મને પણ માર્ગ જડતો નથી.'

'અરે ભલા માણસ ! આટલું બધું છે શું ? તને દુઃખ શું છે ? મને કહે તો ખરો. હું તને જરૂર મદદ કરીશ.'

શંકરને મદદની તો કશીય આશા નહોતી, પણ હૈયાનો ભાર હળવો કરવા એણે પેલા અજાણ્યા આદમીને અથેતિ પોતાની વાત કહી.

'ભારે મુશ્કેલી છે !' અજાણ્યો આદમી બોલ્યો. 'છતાં આપણે કાંઈક રસ્તો કાઢીશું !'

'મને પૈસા આપો. એ સિવાય મને બીજો કાંઈ જ માર્ગ દેખાતો નથી.' શંકર બોલ્યો.

'અરે ! ઘણાય રસ્તા નીકળશે,' તે બોલ્યો, 'જો હું તને પૈસા ધીરું તો તારું દેવું તો ઊભું જ રહે. તેથી કાંઈ ઠાકોર સાહેબના આત્માને શાંતિ મળે નહિ. માટે એમને અગ્નિસંસ્કાર કર્યા'તા એ સ્થળે ચાલ. કદાચ તને રસીદ મળી જશે.'

સ્મશાનની વાત આવતાં જ શંકરના માથાના વાળ ભયથી ઊભા થઈ ગયા. એના સાથીનોય એને ડર લાગ્યો. એને ડઘાયેલો જોઈ પેલો અજાણ્યો આદમી હસી પડ્યો.

'ચાલ દોસ્ત ! હું તારી પડખે છું.' ને બન્ને ચાલ્યા. એ મહાલયના દ્વારે આવી ઊભા રહ્યા. રામચંદ ઠાકોરનો આવાસ તો નહિ ! દરવાજો ઉઘાડી એમણે પ્રાંગણમાં પ્રવેશ કર્યો. આખું મહાલય દીપાવલીથી પ્રકાશી રહ્યું હતું. સંગીતના સૂરો રેલાઈ રહ્યા હતા. ઠાકોર સાહેબ જલસા કરતા, એમ નૃત્યગાન પણ ચાલુ હતાં.

'રામચંદ ઠાકોર ગુજરી ગયા એ સમણું ?' શંકર વિચાર કરી રહ્યો. અસલ બારણે ટકોરા મારતો એમ એણે ટકોરા માર્યા. અગાઉ પેઠે દોલતે દ્વાર ઉઘાડ્યું : 'ઓહ શંકર ! બંસી લાવ્યો છે ને ! ઠાકોર સાહેબ તો તારી વાટ જોઈ થાકી ગયા.'

પોતે સમણામાં નથી એની ખાતરી કરવા પેલા અજાણ્યા આદમી તરફ નજર કરી પણ એ અલોપ થઈ ગયો હતો. એણે બોલવા પ્રયત્ન કર્યો, 'ઓ દોલતભાઈ ! હજી તમે હયાત છો ?'

'અરે, મારી વાત છોડ. આમ બાવરો કેમ બની ગયો છે ? જરા નાસ્તાપાણી કર. તાજો થઈ જા.'

શંકરને નાસ્તાપાણી કરાવી દોલત પેલા સાગી ઝરૂખા આગળ લઈ ગયો. અગાઉની માફક ત્યાં મિજલસ જામી હતી. ઘણી વાર શંકરે આવી મિજલસોમાં હાજરી આપી હતી. આજે પણ બધો એવો જ રંગ જામ્યો હતો.

શંકર એક ખૂણામાં બેઠો. એના દિલમાં વિષાદ હતો. પણ ઝરૂખો તો આનંદોલ્લાસથી ગાજી રહ્યો હતો. અનેક લોકો જલસામાં હાજર હતા. પણ એમનાં વદન સામે દૃષ્ટિપાત કરતાં શંકરને ડર લાગતો હતો.

આ ભયંકર દૃશ્ય વચ્ચેથી રામચંદ ઠાકોરે શંકરને બૂમ મારી. એ વિરામાસનમાં પડ્યા હતા. એમના પગ બાજઠ ઉપર હતા. શંકરે છેલ્લા એમને જોયા ત્યારે જેવા એ હતા તેવા જ અત્યારે નજરે પડતા હતા, માત્ર પેલો કૂતરો ત્યાં નહોતો.

'કેમ, શંકર !' રામચંદ ઠાકોરે ગર્જના કરી 'મારા દીકરા સાથે હિસાબ ચૂકતે કર્યો ?'

'શી રીતે કરું ? રસીદ વિના ?' શંકરમાં એટલું બોલવાની હિંમત આવી.

'રસીદ . . . અરે રસીદ તને મળી જશે . . . પહેલાં તારી બંસી છેડ !'

'પણ હું બંસી નથી લાવ્યો.'

'અલ્યા, કોઈ છે ? શંકરની બંસી લઈ આવો.'

એક સેવક બંસી લઈ આવ્યો.

'એ નહિ ફાવે. અત્યારે દિલ પણ નથી.'

'ત્યારે જરા ખા, પી. તાજો થા.'

'પણ હું તો ખાવા નથી આવ્યો. મારા પૈસાનું શું થયું એ મારે તો જાણવું છે.' શંકરમાં હિંમત આવી. 'મારે તો ઋણમુક્ત થવું છે.'

રામચંદ ઠાકોર હસ્યા. એક લાંબી ડાયરીમાંથી રસીદ કાઢી. 'લે તારી રસીદ. સાલો કુત્તો ! ને પૈસા જોઈતા હોય તો મારા દીકરાને લઈ જૂની કોઢમાં જજે.'

શંકરે આભાર માન્યો. જવા પાછો વળ્યો.

'ઊભો રહે.' રામચંદ બોલ્યા 'આવતે વર્ષે આ જ દિવસે પાછો અહીં આવજે.'

'ભગવાનની મરજી.'

ભગવાનનું નામ દેતાં જ ત્યાં સઘળે અંધારું થઈ ગયું. એ જમીન પર ઢળી પડ્યા. જાણે એમનો શ્વાસ ઊડી ગયો. શંકરને મૂર્છા આવી ગઈ.

મૂર્છાવશ દશામાં શંકર કેટલી વાર પડી રહ્યો હશે, એ તો કોણ જાણે પરંતુ જ્યારે એ ભાનમાં આવ્યો ત્યારે એ નદીની રેતીમાં પડેલો હતો. સ્મશાનભૂમિમાં જ્યાં રામચંદ ઠાકોરના છેલ્લા અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા ત્યાં સૂર્યનાં પહેલાં કિરણો ફૂટી રહ્યાં હતાં.

કદાચ થાક ને ભૂખથી અધમૂઓ થઈ એ નદીની રેતીમાં નિદ્રાવશ થઈ ગયો હશે ને એને આ સમણું આવી ગયું હશે. પણ પેલી રસીદ એના હાથમાં હતી. રામચંદ ઠાકોરે સ્વહસ્તે લખેલી. ઠાકોર સાહેબની સહી પણ હતી. અક્ષર જરા ધ્રૂજરા હતા. લખનારને જાણે અચાનક દુઃખ થઈ આવ્યું ન હોય !

શંકરનું મગજ કહ્યું કરતું નહોતું. પહેલું કામ એણે એ ભયંકર સ્થાન છોડી દેવાનું કર્યું. સીધો એ ઠાકોર સાહેબની હવેલીએ ગયો.

'પાછો આવ્યો કે દેવાળિયા ?' જયંતકુમારે ગર્જના કરી. 'પૈસા લઈને કે ખાલી હાથે ?'

'ના, સરકાર !' શંકરે જવાબ આપ્યો. 'પૈસા તો નથી લાવ્યો પણ આપના બાપુની રસીદ લાવ્યો છું.'

'શું કહ્યું ? ઠાકોર સાહેબની રસીદ ? તું તો ના કહેતો હતો. ઠાકોર સાહેબે તને નહોતી આપી.'

'પણ આપ જુઓ તો ખરા. પાકી રસીદ છે કે બીજું કશું?'

જયંતકુમારે રસીદ લીધી. બરાબર તપાસી જોઈ. છેવટે તારીખ વાંચી. શંકરની નજર તારીખ પર નહોતી ગઈ.

'રામનિવાસ, તારીખ ૨૫ નવેમ્બર.'

'આ શું ? આ તો કાલની તારીખ . . . હરામખોર ! બનાવટ કરે છે ? આ લેવા જહન્નમમાં ગયો હતો ?'

'એ જે હોય તે. આપના બાપુએ મને એ આપી છે. પછી એ સ્વર્ગમાં હોય કે નરકમાં, કશી ખબર નથી.' શંકર બોલ્યો.

'સાલાને કોર્ટમાં ઘસડવો પડશે. જેલને જ લાયક છે.'

'ગઈ રાતે મેં જે જોયું છે એ બધું હું કોર્ટને પણ કહીશ. પછી એમને ફાવે તે ન્યાય કરે.'

જયંતકુમાર થંભ્યા. સ્વસ્થ થયા.

'શું જોયું છે ? માંડીને કહે તો.'

શંકરે અથેતિ વાત કહી સંભળાવી.

જયંતકુમાર ગંભીર બની ગયા. મૌન લાંબું ચાલ્યું. છેવટે એ બોલ્યા :

'શંકર ! તારી આ વાત પર તારી ને મારા કુટુંબની પ્રતિષ્ઠાનો આધાર છે. તારી વાત કદાચ સાચી પણ હોય. પૈસાની આપણે તપાસ કરવી જોઈએ. ચાલ, જૂની કોઢ શોધી કાઢીએ.'

મહાલયના છેક ખૂણે એક ખંડિયેર હતું. અવાવરુ પડ્યું હતું. ત્યાં કોઈનોય અવરજવર નહોતો. બન્ને કોઢ નજીક પહોંચ્યા. ત્યાં ઘુરકાટ કરતો 'રાજા' બહાર આવ્યો. જયંતકુમારે એને પટાવી લીધો. બન્ને ખંડેરમાં પ્રવેશ્યા. છેક ઊંડા ખૂણામાં થેલી જેવું કશુંક જણાતું હતું. એ રૂપિયાની થેલી જ હતી. શંકરની થેલી. આજ કેટલાય દિવસથી ગુમ થઈ ગઈ હતી એ. એમાં પૂરા પાંચસો રૂપિયા હતા.

જયંતકુમાર તો ઠંડા જ થઈ ગયા. હવે એ શંકરને શું કહે ? એને ખભે હાથ મૂકી એ મહાલયમાં પાછા ફર્યા.

'શંકરભાઈ !' જયંતકુમાર છેવટે બોલ્યા : 'તમારી

પ્રામાણિકતા માટે મેં શંકા કરી એ માટે હું ખરેખર દિલગીર છું. મને માફ કરો.'

'વળી, શંકરભાઈ !' જયંતકુમારે આગળ ચલાવ્યું, 'તમારું આ સમણું મારા બાપુજીની પ્રામાણિકતાની પણ શાખ પૂરે છે. એક પ્રામાણિક માણસ તરીકે, મૃત્યુ પામ્યા પછી પણ તારા જેવા ગરીબ માણસને ન્યાય થાય એ માટે એમને કેટલી તાલાવેલી હતી ! પરન્તુ આ તો દુનિયા છે. દોરંગી છે. મારા બાપુને જશ ન પણ આપે. માટે આપણે તારા સમણાની વાત અહીં જ દાટી દઈએ ને બધા દોષનો ટોપલો 'રાજા' પર ઢોળી પાડીએ ને આ રસીદ . . . અજબ દસ્તાવેજ ! એને અહીં જ દીવાસળી ચાંપીએ.'

'પણ સરકાર ! ગમે તેમ તોય મારું લેણું ચૂકતે થયાનો એ દાખલો છે.' શંકરને ઋણમુક્તિ ઓસરી જવાનો ભય લાગ્યો.

'અરે ભલા માણસ ! આ રૂપિયા હું મારા હસ્તાક્ષરથી જમા કરીશ ને મારા હાથદસ્તકની તને નવી રસીદ આપીશ. અત્યારે જ. પછી કાંઈ ? ને શંકરભાઈ ! હવે આ વાત વીસરી જ જવાની છે.'

'ભલે, સરકાર ! આપ કહો તે બધું જ કબૂલ. પણ એક વર્ષ પછી આપના બાપુજી પાસે મારે હાજર થવાનું છે તેનું શું ?'

'એ સ્વપ્નછાયાને મારા 'બાપુજી' ન કહીશ. આપણે એમની સદ્ગતિ માટે બધી જ ધર્મક્રિયા કરાવીશું.'

'ભલે, સરકાર !'

ને જયંતકુમારે પેલી રસીદને દીવાસળી ચાંપી દીધી.

□



૨૯. ઘરકા મકાન નહીં, તનકા ગહના નહીં

શિયાળો હજી બેઠો ન હતો.

હવામાં ઠંડીનો આછો ચમકારો હતો.

તડકામાં નાનાં કુરકુરિયાં આવીને રમતાં હતાં. ત્યાં લીમડાની નીચે એક ખાટલો નાખીને મુનીન્દ્ર બેઠા હતા.

મુનીન્દ્ર તાજેતરમાં જ ગ્વાલિયર, ધોલપુરની મુસાફરી પૂરી કરીને આવ્યા હતા. ચંબલના જળમાં નાહ્યા હતા, ને ચંબલનાં કોતરોમાં ઘૂમ્યા હતા. તેઓ પોતાની ડાયરીમાં કંઈક લખી રહ્યા હતા.

એકબે જવાનો પડખે બેઠા હતા. તેઓની નજર ડાયરીમાં મુનીન્દ્રે ટપકાવેલાં નાનાં ટચૂકડાં વાક્યો તરફ ગઈ. હિંદી ભાષામાં એ વાક્યો હતાં :

"ઘરકા મકાં નહીં, તનકા ગહના નહીં."

એક જુવાને આ વાક્ય વાંચ્યું ને તેને કુતૂહલ થયું. મુનીન્દ્રને કોઈ પણ જાતનો પ્રશ્ન પૂછવાનો હક લઈને બેઠેલા કેટલાક જુવાનોમાંનો એ એક જુવાન હતો. એણે પૂછ્યું :

"ઘરકા મકાં નહીં, તનકા ગહના નહીં; આ વાક્યનો અર્થ સમજાવો અમને."

મુનીન્દ્ર હસ્યા ને આછી ભૂરી આંખો ઘુમાવતા બોલ્યા :

"ધોલપુરનો કિસ્સો જોઈજાણીને આવ્યો છું, એની નોંધ કરી રહ્યો છું."

તમામે તમામ જુવાનોએ એકસાથે કહ્યું :

"અમને કહો, અમે એ જાણવા ઈંતેજાર છીએ."

"વાત એવી છે કે," મુનીન્દ્ર ડાયરી બંધ કરતાં બોલ્યા : "ધોલપુરના એક જુવાન રઈસ નામે સોભાગચંદ્ર. સુવાવડમાં એની પત્ની ગુજરી ગઈ. એનો બીજી વાર વિવાહ થયો. આ વખતે હરીફાઈમાં રઈસ સોભાગચંદને ઈનામ લાગ્યું. સહુએ કહ્યું કે આવનારી વહુ નસીબદાર છે. મરનારીના વખતમાં બે ટંક પેટ ભરીને જમવાનું પણ મળતું નહિ.

સોભાગચંદનાં લગ્ન થયાં, ને થોડે વખતે એણે મકાન બાંધવું શરૂ કર્યું. પણ જેવો મકાનનો પાયો નાખ્યો કે સોભાગચંદનો નાનો રળતોકમાતો ભાઈ રેલના પાટા નીચે આવી ગયો. બે પગ કપાઈ ગયા. મકાનનાં બારસાખ ખડાં થયાં કે સોભાગચંદની માતાને લકવાનો હુમલો થયો ને એ દહાડે નવી વહુના શરીરમાં કોઈનો આવિર્ભાવ થયો, ને એ બોલ્યું :

"હું લછી વહુ ! મારી તમે ખૂબ નિંદા કરો છો. હું તમને સાજા-નરવા નહિ રહેવા દઉં."

લછી વહુ એટલે સોભાગચંદની પહેલી વહુ, જે સુવાવડમાં મરી ગઈ હતી. નવી ચંદા વહુનાં પિયરિયાં પણ પોતાની દીકરીને ભાગ્યશાળી બતાવતાં જૂની વહુની નિંદા કરતાં.

લછી વહુને ખૂબ આજીજીઓ અને વિનંતીઓ થઈ. ચંદા વહુ તો વારંવાર આવેશ આવવાથી અડધી થઈ ગઈ હતી. આખરે લછી વહુએ કહ્યું કે :

"ઘરનું મકાન ચણાવશો નહિ. ઘરનું ઘરેણું ઘડાવશો નહિ. જો મારી આજ્ઞાનો અનાદર કરશો તો ફરી હેરાન કરીશ."

આ પછી ઘણો વખત શાન્તિ રહી. જ્યારે હું ત્યાં ગયો ને તેઓને ખબર પડી કે આ બાબતમાં હું થોડુંઘણું જાણું છું, ત્યારે મને બોલાવ્યો.

શ્રાદ્ધપક્ષ ચાલતો હતો. લછી વહુને ખૂબ આમંત્રણ આપીને બોલાવીને કહ્યું :

"વહુમા ! તમારો સમય પિતૃલોકમાંથી પણ જવાનો પૂરો થાય છે. મકાનની ને ઘરેણાંની રજા આપો તો સારું. કોઈ તમારી નિંદા નહિ કરે. તમારા ગુણ ગાશે. ગોખલામાં પધરાવશે. નિવેદ કરશે."

લછી વહુનો આત્મા રાજી થયો. એણે કહ્યું : "મકાન ચણાવજો, પણ ધોળાવશો નહિ. ધોળાવો તો એમાં ગળી વાપરશો નહિ. કપડાં ધોવામાં પણ ગળી વાપરશો નહિ. ને ઘરેણાં ઘડાવો તો ભલે, પણ ઘૂઘરીઓ મુકાવશો નહિ."

મુનીન્દ્રે પોતાની વાત કરતાં કહ્યું : "પાયાથી અધૂરું રહેલું મકાન પૂરું થયું ને ઘરેણાં પણ ઘડાયાં. પણ ગળી અને ઘૂઘરી બેની હજી બંધી છે. ગળીથી ઘર રંગાય તો લછી વહુને જવું પડે. ગળી પ્રેતોને ગમતી નથી."

"વિજ્ઞાનના આ યુગમાં તે આવા વહેમ ચાલતા હશે ?" એક જવાને હોઠ પર તિરસ્કાર લાવતાં કહ્યું.

મુનીન્દ્રે એટલી જ સ્વસ્થતાથી કહ્યું : "તમારા શહેરના જ એક આગેવાન કુટુંબની કહાણી હું જાણું છું. જ્યારે જ્યારે કોઈ ઈમારત ખડી કરવા ગયા ત્યારે ત્યારે કોઈ ને કોઈ આફત ઉઠાવવી પડી છે."

"તો શું એમાં લછી વહુ જેવું કારણ હશે ?"

"ના, બધામાં એવું હોતું નથી. વાસ્તુશાસ્ત્ર પણ એક અજબ અંકગણિત છે : ભૂમિ પણ એક દેવતા છે. વસનાર ને વાસો આપનાર વચ્ચે મનમેળ ન હોય તોય કંઈક અનિષ્ટ બને છે. આપણે ત્યાં ઘર બનાવનાર ઘરધણી ને જે ભૂમિ પર ઘર બને છે એનાં બંનેનાં આય, રાશિ, નક્ષત્ર, વ્યય, તારા, અંશક, ગ્રહમૈત્રી, રાશિમૈત્રી, નાડીવેધ, ગણ, ચંદ્ર, અધિપતિ વર્ગ, યોનિવેર, નક્ષત્રવેર, સ્થિતિ વગેરે જોવાનાં હોય છે. જેમ અમુક વખતે ખીલી નહિ ઠોકવાથી તે ઢીલી રહી, ને દિલ્હી વસ્યું તોય ઢીલું રહ્યું, એમ પણ બને છે."

મુનીન્દ્ર શાસ્ત્રની તરફ જો ચાલ્યા ગયા તો મૂળ વાત અડધે રહી જશે, એમ સમજી એક જુવાને કહ્યું :

"આ નગરના આગેવાન નાગરિક કુટુંબની જે કહાણી આપ કહેતા હતા તે કહો."

મુનીન્દ્ર હસ્યા ને બોલ્યા : "આ જમાનો જ એવો છે કે કોઈ ઊંડા ઊતરવા માગતું નથી. લે દેવ ચોખા ને કર અમને મોકળા ! અસ્તુ.

"જુઓ, જેઓના વિશે કહેવા માગું છું એ આ શહેરનું નામાંકિત, અગ્રગણ્ય ને સેવાભાવી કુટુંબ છે. એ કુટુંબના કુળદીપકોનાં નામ આગળ હજીય ફૂલ મુકાય છે. ત્રીસેક વર્ષ પહેલાંની વાત છે. અસહકારનો જમાનો હતો. એ કુળના શિક્ષણપ્રેમી વડીલને ઇચ્છા થઈ કે સાચું શિક્ષણ તો જ મળે જો સંસ્થાને પોતાનું આગવું મકાન હોય. અદ્યતન સગવડોવાળું ને હવા-ઉજાસવાળું મકાન ભગીરથ પ્રયત્ને શરૂ થયું. ને જ્યારે એ સુંદર મકાન તૈયાર થયું કે છ માસમાં એ મકાનનો નિર્માતા – ભગીરથ અવસાન પામ્યો.

"એ વાતને એક દાયકો વીત્યો. એ શિક્ષણપ્રેમી ભગીરથના એક પુત્રે સંસ્કાર ને રાષ્ટ્રીય જાગૃતિ માટે કલમ દ્વારા કામ શરૂ કર્યું. પ્રજામાં નવપ્રાણનો સંચાર કર્યો. એણે એક મહાન કલમ-ઘર સર્જ્યું; ને છ મહિનામાં અનિવાર્ય રીતે એનાથી એને દૂર-સુદૂર જવાનું બન્યું.

"આ ઘટનાને દશેક વર્ષ વીતી ગયાં. એ આગેવાન નાગરિકના એક પુત્રે પરાવિસ્તારમાં પોતાનું મકાન બાંધ્યું. ખૂબ શોખ ને ખૂબ દિલથી એનું નિર્માણ કર્યું. વાસ્તુપૂજાનાં કાર્ડ તૈયાર થયાં - વહેંચાયાં અને વાસ્તુક્રિયાના દિવસના સાત દિવસ પહેલાં ગણતરીના કલાકોની માંદગીમાં બે વર્ષનો એકનો એક બાબો ગુજરી ગયો. લોહીના આંધણે લાપસી રંધાયા જેવું થયું.

"એ જ કુટુંબના એક નબીરા ! પોતાના જૂના ઘરને સમરાવવાનો નિર્ણય કર્યો. જે દિવસે સુતાર ને કડિયા ઘરનો મોભ બદલી ગયા હતા, તે જ રાત્રે એ ભાઈને છાતીમાં દુખાવો થયો. બધા આવી પહોંચે તે પહેલાં દસ જ મિનિટમાં તેમનું પ્રાણપંખી દેવલોક તરફ પ્રયાણ કરી ગયું."

"ભાઈઓ !" મુનીન્દ્ર થોડી વાર થોભ્યા. એમના હૈયાની ધમણ લાગણીના વજનથી ભારે થઈ હતી. "છેલ્લી જે વાત તમને કહીશ, તેથી તમને પણ હાય દૈવ એમ થઈ જશે !

"જે નવા મકાનના વાસ્તુ વખતે એકનો એક બાબો ગુજરી ગયો, એ ઘરની ગૃહિણીને હવે ઘરમાં એકલવાયું લાગતું હતું. છોકરાં નિશાળે જાય પછી ઘરમાં ચેન પડતું નહોતું. સુશીલ ગૃહિણીએ કહ્યું કે બંગલાના કંપાઉંડમાં બે નાના ઓરડા ઉતારો તો કોઈને રહેવા આપીએ. બોલોચાલો તો રહે !

"એ બે ઓરડા ખડા થયા. હજી તેને ત્રણેક મહિના થવા આવ્યા ત્યાં તો ઘરની ગૃહિણીને માથાનો દુખાવો શરૂ થયો. દુખાવો તે કેવો ? કંઈ કળાય નહિ તેવો નહિ. વૈદ, જ્યોતિષ, બાધા, આખડી અજમાવ્યાં. શહેરના ઘણા નામાંકિત દાક્તરોની સલાહ લેવાઈ, શરીરનું એકેએક અંગ, શરીરનાં લોહી, માંસ, મેદ, મજ્જા, ઝાડા, પેશાબ, બધાનું પૃથક્કરણ કરવામાં આવ્યું. પણ રોગનું કારણ ન જડ્યું ને દવા કરતા ગયા તેમ દર્દ વધતું ગયું.

"સપ્ટેંબર મહિનો ચાલતો હતો. રાતના બાર વાગ્યા હતા. તે વખતે આજાર ગૃહિણીએ પડખે સૂતેલાને ઢંઢોળતાં કહ્યું :

'કેવી છે તમારી ઊંઘ ! ઘંટડી વાગે છે તોય જાગતા નથી ?'

પડખે સૂતેલાએ કહ્યું : 'બહેન ! અમે જાગીએ છીએ. અમે ઘંટડી સાંભળી નથી.'

'અરે ! તમે શું વાત કરો છો ! ઘંટડી વાગી. એક નહિ, બે નહિ, ત્રણ વાર વાગી. મેં ઊઠીને બારણું ખોલ્યું. દરવાજે માસી આવ્યાં હતાં. મેં આવકારો આપ્યો. તેઓ બોલ્યાં : 'તને તેડવા આવ્યાં છીએ. અમને એકલાં ગમતું નથી.' મેં કહ્યું કે હમણાં નહિ આવી શકાય. મારે થોડુંક કામ છે. એ મહામહેનતે કટાણે મોંએ પાછાં ગયાં.

"આજાર ગૃહિણી આટલું બોલતાં થાકી ગઈ ને સૂઈ ગઈ !

"શહેરના દાક્તરોની સલાહ મુંબઈ લઈ જવાની થઈ. એ માટેની તૈયારીઓ ચાલી, પણ આજાર ગૃહિણીએ કહી દીધું, 'હું મુંબઈથી પાછી નહિ આવું. શા માટે મને લઈ જાઓ છો ?'

"અને ત્યાર પછી આઠમે દિવસે સવારે એ ગૃહિણી પરલોક પ્રયાણ કરી ગઈ. કહો, કેવી વ્યથાભરી કહાણી ! હર ઇમારત આફતની એક કહાણી બની ગઈ."

મુનીન્દ્રની આંખો સજળ હતી. એ પોતાની દુઃખભારથી દ્રવિત થયેલી લાગણીઓને છુપાવવા કુરકુરિયાંને રમાડવા લાગ્યા.

□